ગુજરાત વર્નાક્યુલર સોસાયટીનો

૧૮૫૦ વિભાગ ત્રીજો ૧૯૩૩

બુદ્ધિપ્રકાશ

ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી

નો

ઇતિહાસ

વિભાગ ૩

(સન ૧૯૦૯ થી ૧૯૩૩)

સંયોજક અને પ્રકાશક,

હીરાલાલ ત્રિભુવનદાસ પારેખ, બી. એ.,

આસિ. સેક્રેટરી-ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી,

અમદાવાદ.

આવૃત્તિ પહેલી	પ્રત ૧૫૦૦

સન ૧૯૩૪	સંવત્ ૧૯૯૦

ધી ગુજરાત પ્રીન્ટીંગ પ્રેસમાં શા. સોમાલાલ મંગળદાસે છાપ્યું,
ઠે. પાંચકુવા, ચાર રસ્તા; ગાંધીરોડ—અમદાવાદ.

ઉપોદ્ઘાત.

ગુજરાત વર્નાક્યુલર સોસાઈટીના ઇતિહાસનું ત્રીજું પુસ્તક વાચકવર્ગ સમક્ષ મુકતાં આનંદ થાય છે. તેનાં પ્રથમ બે પુસ્તકો પ્રસિદ્ધ થયાં ત્યારેજ એ પ્રકાશનની ઉપયોગિતાનો સ્વીકાર સર્વત્ર થયો છે. આ પુસ્તકમાં એ ઇતિહાસ આજ પર્યન્તનો આવી જાય છે એટલે હવે ભવિષ્યમાં કેટલાંક વર્ષ પછી હવેના ઇતિહાસની પ્રસિદ્ધિની આવશ્યકતા રહેશે.

પ્રસ્તુત વિભાગમાં આપેલી હકીકતો તથા વિગતો આ જમાનાની હોઇ ઘણાને તે વિદિત હશે અને તેથી કદાપિ ન જણાએલી બાબતો તેમાં થોડી માલમ પડશે. તથાપિ સંસ્થાની સર્વ હિલચાલો તેના દફતરમાં રહેવી જ જોઇએ અને તેનું મૂલ્ય આગળ ઉપર વિશેષ ગણાશે. પ્રથમના વિભાગોમાં અગાઉની હકીકતો હતી અને તે વડે પાછલા જમાનાની અનેક પ્રવૃત્તિઓ પર નવીન પ્રકાશ પડેલો છે. વર્નાક્યુલર સોસાઇટી તે તે જમાનાની સર્વતોમુખી પ્રવૃત્તિઓનું કેન્દ્ર હતું એ પણ માલમ પડે છે. એના સંચાલકો પ્રાંતની પ્રગતિને ચાહનારા હતા અને પોતાના ઉત્સાહને હરેક પ્રકારે માર્ગ કરી આપવા માટે પ્રયત્નશીલ હતા. વર્નાક્યુલર સોસાઇટીના પુસ્તક પ્રકાશન પર ઉડતી નજર નાખતાં આ સત્ય સ્પષ્ટ તરી આવેલું દેખાશે. સામાજિક, ઔદ્યોગિક, સાહિત્યવિષયક અને બીજી અનેક દેશ ઉન્નતિના માર્ગે પ્રજાને લઈ જવામાં વર્નાક્યુલર સોસાઈટીનો ફાળો નિષ્પક્ષપાત દૃષ્ટિથી જોનારના હૃદયમાં વસ્યા વગર નહિ રહે. અર્થાત્ ગુજરાતી ભાષાનું સાહિત્ય ભંડોળ વધારવા સાથે દેશની અનેકવિધ કાર્ય-દિશા તેણે સાધી છે એની નોંધ લેવી આવશ્યક છે.

ગુજરાતી ભાષાની ઉન્નતિ સાધનાર આ સંસ્થા નાની શરૂઆતમાંથી આજે કેટલું વિશાળ સ્વરૂપ ધારણ કરે છે; તેની પ્રતિષ્ઠા કેટલી બધી છે; તે કેટલી લોકપ્રિય બની છે અને કેટલું સંગીન કાર્ય એ સંસ્થાદ્વારા થયું છે તે આપોઆપ સિદ્ધ થાય છે અને તેનો જશ તેના સંચાલકો તેમ જ ગુર્જર જનતા જે તેને સહાય સાથ આપી રહી છે તેને છે.

આ સર્વ કહેવાનું તાત્પર્ય એ નથી કે સોસાઇટીમાં કોઈ ઉણપ જ નથી. એની ઉણપો એના સુકાનીઓ કરતાં વધારે કોઇ જાણી શકે એમ નથી. પરંતુ દરેક સંસ્થાના કાર્યને મર્યાદાઓ હોય છે, અને તેની ગતિના

માર્ગ ધારીએ તેટલા મોકળા નથી હોતા. આ સત્ય સંસ્થાઓ ચલાવનાર સહુ કોઈ જાણે છે. સામાન્ય વાંચનાર–માત્ર ગુજરાતી જ ભણેલા અને જેને આમવર્ગ કહેવામાં આવે છે તેવાઓને જ્ઞાનક્ષેત્રમાં આગળ આણવા માટે તેમને લાયકનાં પુસ્તકો તેમ જ લેખોની જરૂર રહે છે. સાથે સાથે ઉચ્ચ કોટિનું–વિદ્વાનોને આકર્ષે તેવું સાહિત્ય પ્રસિદ્ધ કરવાનો અભિલાષ પણ હોવો જોઇએ; કારણ કે તે વડે જ ભાષાની અભિવૃદ્ધિ થઇ જનતા આગળ વધી શકે. આ બંનેનો સમન્વય કરવો એ ધારીએ તેટલું સહેલું નથી. એકને રીઝવતાં બીજા નિરાશ થાય છે. આ સ્થિતિમાં જેટલું કામ થાય તેટલું કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે. સોસાઇટીને નાણાંની પુષ્કળ છુટ છે એમ ઘણીવાર માનવામાં આવે છે, તેમાં પણ કાંઈક ભ્રમ થાય છે. લાખો રૂપીઆનાં ટ્રસ્ટફંડો છે તે તો તેના નિર્દિષ્ટ ઉદ્દેશ માટે જ વાપરી શકાય છે અને સોસાઈટીનાં પોતાનાં નાણાં અઢળક નથી. પોતાની મર્યાદામાં રહીને જેટલું કાર્ય થાય તેટલું કરવા સોસાઇટી હમેશ તત્પર છે અને તેને માટે જેટલી સૂચનાઓ થાય તે આવકારદાયક લેખાશે.

છેલ્લાં કેટલાંક વર્ષથી ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીએ વ્યાખ્યાન–માળાઓ, પુસ્તકાલય પ્રવૃત્તિ વગેરે કાર્યો હાથમાં ધર્યાં છે અને બીજાં હાથ ધરવા તેની ઉમેદ છે. આસિસ્ટન્ટ સેક્રેટરી ભાઇ હીરાલાલ પારેખ જણાવે છે તેમ સોસાઈટીને પોતાનું એક છાપખાનું હોવાની અગત્ય છે. વિશેષમાં સારા પ્રુફ વાંચનારા રાખી વેપારની નજર ન રાખતાં શ્રેષ્ઠ છપાઇનું કામ કરવાની ધારણા રાખવાની અગત્ય છે. તે ઉપરાંત ગુજરાતી ભાષાની જોડણીની બાબતમાં ગુજરાત વિદ્યાપીઠના જોડણી કોશનું ધોરણ સ્વીકારી એકધારી જોડણીનો પ્રચાર કરવા માટે આગ્રહ કરવો ઘટે છે. પોતાનું છાપખાનું અને સુશિક્ષિત પ્રુફ તપાસનાર વગર આ કાર્ય બને તેમ નથી. ભાઇ હીરાલાલે દર્શાવ્યું છે તેમ ચાર પાંચ સારા પગારદાર વિદ્વાનોના હાથમાં આ સંસ્થાનું કામ સોંપાય તો તેની પ્રગતિ અનેકગણી થાય એ સાચું જ છે. નાણાંનો અને બીજો વહીવટ જબરદસ્ત પ્રમાણમાં હોવાથી એક માણસ સર્વત્ર લક્ષ આપી શકે અથવા હમેશાં બધામાં નિષ્ણાત મળી શકશે એ પણ શક્ય નથી. બીજા બધા પ્રાંતોની પ્રાંતીય સંસ્થા કરતાં આપણી આ સંસ્થા જુનામાં જુની છે અને તેને આદર્શ સંસ્થા બનાવવા સર્વ ગુજરાતી ભાઈબહેનો યથાશક્તિ મદદ કરે એ માગણી છે.

ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી પાસે કેળવણી વિષયક, તેમજ સાહિત્ય વિષયક ટ્રસ્ટ ફંડો પુષ્કળ છે અને હજી હરહમેશ નવાં આવ્યે જાય છે, તે એ સંસ્થાનું સદ્ધરપણું, તેની પ્રતિષ્ઠા તથા લોકપ્રિયતાનાં સૂચક છે. ગુજરાતમાં ઘણા લોકો કેળવણી માટે દાન આપવાનું મહત્ત્વ હવે સમજ્યા છે, અને માત્ર શ્રીમંતો જ નહીં પણ મધ્યમ વર્ગના લોક પણ યથાશક્તિ આ દિશામાં દાન કરતા થયા છે એની નોંધ લેવા સાથે દાનશીલ સજ્જનોને અમારી બે વિનંતિઓ છે. એક તો હવે એ દાનનું ક્ષેત્ર માત્ર જ્ઞાતિનાં બાળકો માટે સંકુચિત ન રાખતાં, લાયક અને સાધનહીન સર્વ વિદ્યાર્થીઓને લાભ મળે તેવી ગોઠવણ કરવાનો સમય આવી લાગ્યો છે, તે લક્ષમાં લે. બીજી એ છે કે દિન પર દિન સ્ત્રી શિક્ષણનો પ્રચાર થાય છે તેમ કન્યાઓને માટે સ્કૉલરશીપોની જરૂરીઆત જણાય છે તે ધ્યાનમાં રાખી કન્યાઓ માટે પણ શિષ્યવૃત્તિઓ સ્થાપે.

એંસીથી વધારે વર્ષ થયાં શુભ નિષ્ઠાથી કામ કરનારી સંસ્થા સંવર્ધિત થઇ પોતાનો ઇતિહાસ–જે તેની પ્રગતિનું દિગ્દર્શન કરાવે છે–પ્રકટ કરે તે ખરેખર સંતોષજનક છે. છેલ્લાં લગભગ પચીશ વર્ષથી તેના આસિસ્ટન્ટ સેક્રેટરીએ સંસ્થાની તરફ નિઃસીમ પ્રેમ રાખી તેનું હિત હૈયે રાખી જે મુગી સેવા કરી રહ્યા છે તેનો ઉલ્લેખ ન કરૂં તો ખરેખર તેમને અન્યાય થાય. આ વિભાગમાં જે એક પ્રકરણ મને નથી ગમ્યું તે પણ સ્પષ્ટ કરી દઉં. મારા પોતાને લગતું પ્રકરણ, રા. ભાઇ પારેખે મુક્યું છે, જેમાં હું ખુશામદ બીલકુલ જોતી નથી, માત્ર એમનો સદ્ભાવ અને મારી તરફનું મમત્વ છે. પરંતુ એક વ્યક્તિની ઘણી નજીક હોઇ એ બાબત ભવિષ્યના કોઇ સમય પર રાખી હોત તો વધારે ઠીક પડત.

ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી સદા આગળ વધતી રહે એ શુભેચ્છા અસ્થાને નહીં ગણાય.

વિદ્યાબ્હેન ર. નીલકંઠ.

પ્રસ્તાવના.

આ ત્રીજા વિભાગ સાથે સોસાઇટીનો ઇતિહાસ સન ૧૯૩૩ ના અંત સુધી આવી પહોંચે છે.

બુદ્ધિપ્રકાશની છેલ્લાં પચાસ વર્ષની અનુક્રમણિકા તેમજ સોસાઈટીના ઇતિહાસના ત્રણ વિભાગોની સમગ્ર સૂચી ત્રીજા વિભાગના છેડે આપવાનો વિચાર રાખ્યો હતો; પરંતુ પ્રસ્તુત વિભાગ ધાર્યા કરતાં બહુ મ્હોટો થવાથી એ યોજના પડતી મૂકવી પડી છે. પણ તેનો સમાવેશ એક વધુ પુસ્તક "પુરવણી" વિભાગ કાઢી તેમાં કરવામાં આવશે.

જે સંસ્થાની સેવામાં હું જોડાયલો છું, તેનો ઇતિહાસ આલેખવાની, અને તેમાં પણ મારી કારકિર્દીનું વૃત્તાંત લખવાની અણધારી તક મને સાંપડી છે એને મારૂં સદ્‌ભાગ્ય સમજું છું.

સદરહુ કાર્યમાં કારોબારી કમિટીની અને ઑન. સેક્રેટરી લેડી વિદ્યાબ્હેનની સહાયતા અને એ સૌનો મારામાં વિશ્વાસ, એ મને બહુ મદદગાર નિવડયાં છે; અને તેઓનો હું આ સ્થાને ઉપકાર ન માનું તો કૃતઘ્નિ જ થાઉં.

શ્રીયુત મણિલાલ છબારામ ભટ્ટે અને સોસાઈટીના સ્ટૅફે પણ, વખતે કવખતે જે કાંઇ મદદ મેં માગી છે, તે તેમણે વિનાસંકોચે આપી છે, તે બદલ તેમનો પણ હું બહુ આભારી છું.

ગુ. વ. સોસાઇટી,
અમદાવાદ.
તા. ૨૪-૯-૧૯૩૪.

હીરાલાલ ત્રિ. પારેખ

અનુક્રમણિકા.

ઉપોદ્‌ઘાત ... લેડી વિદ્યાબ્હેન નીલકંઠ ... ૩ થી ૫

પ્રસ્તાવના ૬

પ્રકરણ.	વિષય.	પૃષ્ઠ.
૧	જીવન પરિવર્તન	૧ થી ૯
૨	ગુજરાતી ભાષાના કોશોનું પ્રકાશન કાર્ય... ...	૨૦ થી ૩૨
૩	ઇતિહાસ-ગ્રંથો	૩૩ થી ૪૯
૪	ભાઈશંકર ન્હાનાભાઈ	૫૦ થી ૫૫
	[સોસાઈટીના પ્રમુખ-સન ૧૯૧૩ થી ૧૯૨૦]	
	પરિશિષ્ટ ૧: ભાઈશંકર નાનાભાઈનો ગુ. વ. સોસાઈટીના લાઇફ મેમ્બરોને લખેલો પત્ર... ...	૫૬ થી ૫૮
૫	પ્રાચીન કાવ્યનું પ્રકાશન	૫૯ થી ૭૧
૬	મહિલા મિત્ર...	૭૨ થી ૭૬
	પરિશિષ્ટ ૨: સ્ત્રીશિક્ષણ અભ્યાસક્રમ વિષે વિચાર કરવા નિમાયેલી કમિટીનો રીપોર્ટ	૭૭ થી ૭૮
૭	ધર્મ અને તત્ત્વજ્ઞાનનાં પુસ્તકો...	૭૯ થી ૮૬
૮	વાર્ષિક વ્યાખ્યાન	૮૭ થી ૮૯
૯	ચરિત્ર ગ્રંથો...	૯૦ થી ૯૫
૧૦	કવિ દલપતરામ હસ્તલિખિત પુસ્તક સંગ્રહ ...	૯૬ થી ૧૦૨
	પરિશિષ્ટ ૩: ઑન. સેક્રેટરીને લખેલો પત્ર ...	૧૦૧
૧૧	સ્ત્રી જીવનના પ્રશ્નોને ચર્ચતું સાહિત્ય	૧૦૩ થી ૧૧૪
૧૨	બુદ્ધિપ્રકાશ	૧૧૫ થી ૧૨૩
૧૩	વિજ્ઞાનનાં પુસ્તકો	૧૨૪ થી ૧૩૧
૧૪	સોસાઈટીનું સુધારેલું બંધારણ	૧૩૨ થી ૧૩૫
	પરિશિષ્ટ ૪: ગુ. વ. સોસાઈટીના નિયમો ...	૧૩૬ થી ૧૪૧

પ્રકરણ.	વિષય.	પૃષ્ઠ.
૧૫	આરોગ્ય અને જનસુખાકારી	૧૪૨ થી ૧૫૦
૧૬	સર રમણભાઇ મહીપતરામ	૧૫૧ થી ૧૬૨
	પરિશિષ્ટ ૫: ઑાન. રા. બ. રમણભાઇ મહીપતરામને મળેલું માનપત્ર	૧૬૩ થી ૧૬૫
૧૭	સોસાઇટીનું પુસ્તકાલય અને પુસ્તકાલય પ્રવૃત્તિ ...	૧૬૬ થી ૧૭૦
	પરિશિષ્ટ ૬: મે. ડિરેક્ટર ઑાફ પબ્લીક ઇન્સ્ટ્રક્શન-પૂનાનો મે. એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર, ઉત્તર વિભાગનો લખેલો પત્ર તેમજ સોસાઈટીના ઑાનરરી સેક્રેટરીએ ઉત્તર વિભાગના એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટરને લખેલા કાગળો	૧૭૧ થી ૧૭૪
	પરિશિષ્ટ ૭: ગુજરાત પુસ્તકાલય પરિષદ નિવેદન; સ્વાગતનું ભાષણ...	૧૭૫ થી ૧૮૭
૧૮	ગ્રંથ અને ગ્રંથકાર	૧૮૮ થી ૧૯૧
૧૯	સોસાઇટીના મકાનમાં સુધારા વધારા	૧૯૨ થી ૨૦૩
	પરિશિષ્ટ ૮: મે. જે. એચ. ગેરેટ, કમિશ્નર સાહેબ, ઉત્તર વિભાગને લખેલો પત્ર	૨૦૪ થી ૨૧૩
૧૯અ	પ્રબોધક વાંચન સાહિત્ય*	૨૧૫ થી ૨૧૭
૨૦	દી. બ. કેશવલાલ હર્ષદરાય ધ્રુવ	૨૧૮ થી ૨૨૬
૨૧	કેળવણીને લગતાં પુસ્તકો	૨૨૭ થી ૨૩૦
૨૨	લલિતકળાનાં પુસ્તકો	૨૩૧ થી ૨૩૫
૨૩	લેડી વિદ્યાબ્હેન નીલકંઠ	૨૩૬ થી ૨૪૬
૨૪	સાહિત્યની અભિવૃદ્ધિ	૨૪૭ થી ૨૬૩
૨૫	આસિ. સેક્રેટરી	૨૬૪ થી ૨૭૪
	પરિશિષ્ટ ૯ સોસાઇટીની પ્રગતિનું માપસૂચક રેખાચિત્ર.	૨૭૫–૨૭૬

*આ પ્રકરણનો આંક બેવડાયો છે, તેથી તે પ્રકરણ ૧૯ અ એ પ્રમાણે દર્શાવ્યું છે.

છબીઓ

			પૃષ્ઠ	સામે
મણિલાલ છબ્બારામ ભટ્ટ	...	...	૨૪	,,
વિશ્વનાથ મગનલાલ ભટ્ટ	...	...	,,	,,
અમિરમિયાં હમદુમિયાં ફારૂકી	...	...	૨૫	,,
ઉત્તમલાલ કેશવલાલ ત્રિવેદી	...	...	,,	,,
વલ્લભજી હરિદત્ત આચાર્ય	...	...	૪૦	
સૂર્યરામ સોમેશ્વર દેવાશ્રયી	...	...	,,	,,
આત્મારામ મોતીરામ દિવાનજી	...	...	૪૧	,,
ચંપકલાલ લાલભાઇ મ્હેતા	...	...	,,	,,
ભાઇશંકર ન્હાનાભાઈ	...	...	૫૧	,,
અંબાલાલ બુલાખીરામ જાની	...	...	૬૪	,,
રામલાલ ચુનીલાલ મોદી	...	...	,,	,,
હિંમતલાલ ગણેશજી અંજારિઆ	...	...	૬૫	,,
જેઠાલાલ ગોવર્ધનદાસ શાહ	...	...	,,	,,
લેડી વિદ્યાબ્હેન નીલકંઠ	...	...	૭૨	,,
સૌ. શારદાબ્હેન મ્હેતા	...	...	,,	,,
સૌ. સરોજિનીબ્હેન મ્હેતા	...	...	૭૩	,,
સૌ. સૌદામિની બ્હેન મ્હેતા	...	...	,,	,,
સર મહેબુબમિયાં ઇ કાદરી	...	...	૯૨	,,
ડાહ્યાભાઈ પી. દેરાસરી	...	...	૯૩	,,
કેશવપ્રસાદ છોટાલાલ દેસાઇ	...	...	૧૨૪	,,
પોપટલાલ ગોવિંદલાલ શાહ	...	...	,,	,,
ગણેશ વાસુદેવ માવલંકર	...	...	૧૨૮	,,
ન્યાયમૂર્તિ હરસિદ્ધભાઈ વ. દિવેટીઆ	...	...	,,	,,
દી. બા. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી	...	...	૧૨૯	,,

	પૃષ્ઠ	સામે
ડૉ. હરિપ્રસાદ વ્રજરાય દેસાઇ ...	... ૧૪૪	,,
ખા. બા. ધનજીશાહ હોરમસજી મ્હેતા ...	... ,,	,,
રેવાશંકર ઓધવજી સોમપુરા ...	... ૧૪૫	,,
મણિલાલ માધવલાલ પુરાણિક ...	... ,,	,,
સર રમણભાઈ મહીપતરામ ...	... ૧૫૧	,,
સર રમણભાઇના સન્માનાર્થે સાહિત્ય સભાના મેળાવડાનો ગ્રુપ ફોટો ...	... ૧૬૦	,,
,, ,, સોસાઇટીના કાર્યવાહક મંડળનો ગ્રુપ ફોટો	... ૧૬૧	,,
દી. બા. કેશવલાલ હ. ધ્રુવ ...	... ૨૧૮	,,
મહાશંકર ઇન્દ્રજી દવે ...	... ૨૨૮	,,
દુલેરાય છોટાલાલ અંજારિયા ...	... ,,	,,
ભરતરામ ભાનુસુખરામ ...	... ૨૨૯	,,
નવલરામ જગન્નાથ ત્રિવેદી ...	... ,,	,,
નરસિંહરાવ ભોળાનાથ દિવેટીઆ ...	... ૨૩૨	,,
દી. બા. નર્મદાશંકર દેવશંકર મ્હેતા ...	... ૨૩૩	,,
સર રમણભાઇ અને લેડી વિદ્યાબ્હેન ...	... ૨૩૬	,,
પ્રો. બલવન્તરાય ક. ઠાકોર ...	... ૨૪૮	,,
દુર્ગાશંકર કેવળરામ શાસ્ત્રી ...	... ,,	,,
મોહનલાલ પાર્વતીશંકર દવે ...	... ૨૪૯	,,
અતિસુખશંકર કમળાશંકર ત્રિવેદી ...	... ,,	,,
હીરાલાલ ત્રિ. પારેખ ...	... ૨૬૪	,,
છેલ્લી પચીસીનાં સોસાઇટીનાં પ્રકાશનોનું ચિત્ર	... ૨૬૫	,,

ચિત્રો

પૃષ્ટ

(૧) નરસૈં મહેતાનાં આખ્યાનની હાથપ્રતનું એક પૃષ્ટ... ૬૩

(૨) વસન્તવિલાસની હાથપ્રતનું એક પૃષ્ટ ૬૫

(૩) જાલંધર આખ્યાનની હાથપ્રતનું છેલ્લું પૃષ્ટ ... ૬૭

(૪) ભીમકૃત હરિલીલાની હાથપ્રતનું છેલ્લું પૃષ્ટ ... ૬૯

(૫) હરિશ્ચન્દ્ર આખ્યાનનું ટાઇટલ પેજ ૭૧

(૬) 'મહિલા મિત્ર'ના પ્રથમ ત્રણ અંકોના કવર ડિઝાઇનોનું એકત્ર ચિત્ર ૭૩

(૭) "વરતમાન" અઠવાડીકનો નમુનો ૧૦૨

(૮) રાઇનો પર્વત—હાથપ્રતનું મુખપૃષ્ટ ૧૬૧

(૯) ગ્રંથ અને ગ્રંથકારનાં મુંઠાનાં ડિઝાઇનોનું એકત્ર ચિત્ર ૧૯૦

(૧૦) સરસ્વતીની મૂર્તિ—પ્રેમાભાઈ હોલની અગાસીમાં મધ્યસ્થ ભાગે ૧૯૭

(૧૧) મકાનનો પ્લાન—પશ્ચિમ બાજુના વધારાનો ... ૨૧૪

(૧૨) દી. બા. કેશવલાલ સંપાદિત 'પ' કાર શબ્દનું પહેલું પૃષ્ટ... ૨૨૧

ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી

નો

ઇતિહાસ

વિભાગ ૩

સન ૧૯૦૯ થી ૧૯૩૩

જીવન પરિવર્તન

" In the study of the nations' history a new orientation is taking place. Between the extremes of utter contempt for the past and unreasoning glorification of it, we are settling down to the view that during the chequered history of centuries there were achievements of which we might reasonably feel proud. The errors of outlook and of organisation which made for our weakness are recognised; the need for fresh effort to gather up all that is best and most vitalising is also felt; every Indian thinker of to-day draws his main inspiration from the past of the race, while he is ready to profit from the experience of other nations old or new. × × × ×

To those that can discern, the modern tendency in India, in politics and economics, in art and literature is towards a higher synthesis of matter and spirit. × × × ×

The Indian renaissance is full-blooded. Its facets are many and of remarkable splendour. The final fruition of our hopes, the realisation of the dreams of our prophets and poets is yet in the future. But, thought is power: great things are achieved in idea even before they are achieved in fact. To will and to plan greatly, to dream great dreams and see splendid visions–this is the auspicious beginning as well as the first condition of all advance.

Triveni, p. 336.

(Vo. V, No. 4–Jan.–Feb. 1933.)

સોસાઈટીના ઇતિહાસના ત્રણ વિભાગો, જાણે કે ગુજરાતી પ્રજાની જાગૃતિ, ગુજરાતી પ્રજાનો જીવનવિકાસ અને જીવન પરિવર્તનને તેઓ અનુસરતા કે બંધબેસતા ન હોય, એમ અણજાણે અને અનાયાસે પડી ગયા છે અને એક રીતે તે યોગ્ય થયું છે, કે જેથી ગુજરાતી સાહિત્ય અને સંસ્કૃતિની પ્રગતિ અને ખીલવણી અર્થે, તેમજ કેળવણી, જ્ઞાનપ્રચાર અને સમાજસુધારણાનાં કાર્યમાં, સોસાઇટીએ શા શા અને કેવા સંજોગોમાં પ્રયાસ કરેલા છે અને કેટલો હિસ્સો આપેલો છે, તે યથાસ્થિત જોઈ વિચારી શકાય અને તેનું બરોબર મૂલ્યાંકન થઇ શકે.

સોસાઇટીની સ્થાપના કરવામાં આવી ત્યારે આપણો આખોય સમાજ છિન્નભિન્ન વિખેરાયલો, ભયગ્રસ્ત, જાનમાલની ચિંતાભર્યો, અજ્ઞાન અને વહેમના ગાઢ તિમિરમાં છવાયલો હતો અને તેનું જીવન પણ એકધારૂં, સંકુચિત, રૂઢિચુસ્ત અને સ્વાર્થી બની ગયું હતું.

પરંતુ ઉષા પ્રકટતાં આશા અને આનંદ ઉદ્ભવે છે તેમ દેશમાં બ્રિટિશ અમલ દ્દઢીભૂત થઇને, શાંતિ, સલામતિ અને સુવ્યવસ્થા અને સમાન ન્યાયનું વાતાવરણ પ્રસરતાં, પ્રજાજીવન આહ્લાદિત બન્યું અને તે સાથે પ્રજામાં આરોગ્ય, શહેર સુધરાઈ, કેળવણી અને જ્ઞાનપ્રચાર સારૂ સરકાર અને લોક ઉભયના એકત્ર પ્રયાસ અને સહકારથી વિવિધ પ્રયત્નો થવા માંડયા, જેના પરિણામે પ્રજા જાગૃત થઈ અને તેનામાં સ્ફૂર્તિ આવી. એ જે હિલચાલ શરૂ થઈ તેમાં સોસાઇટી અને તેના કાર્યવાહકોએ શો

અને કેવો ભાગ ભજવ્યો છે, એનો વૃત્તાંત આપણે પાછલા બે ભાગોમાં સવિસ્તર અવલોકી ગયા છીએ.

શરીરમાં સ્ફૂર્તિ આવતાં આપણે કામ કરવાને સતેજ થઇ જઇએ છીએ. એવી રીતે આપણી પ્રજાને નવી કેળવણીનો લાભ પ્રાપ્ત થતાં અને કેળવણીના સંસ્કાર તેના પર પડતાં, પ્રજાની આંખ આગળથી અજ્ઞાન અને વ્હેમનાં પડળ ખસી ગયાં અને પ્રકાશનાં કિરણો પ્રથમ નિહાળતાં આપણે સાનંદાશ્ચર્ય પામીએ છીએ તેમ નવશિક્ષિત વર્ગ પશ્ચિમના નવા તેજમાં અંજાઇ ગયો અને તે તેજપર મોહિત થઈ પડ્યો.

એ ખરૂં છે કે તેજના અંબારમાં આંખ સામેની વસ્તુ પૂરી અને પ્રમાણસર જોઈ શકાતી નથી. એ તેજનાં ખેંચાણ અને પ્રભાવથી આંખ મીંચાઇ જાય છે અને તેના પરિણામે આસપાસની સ્થિતિનો ખરો ખ્યાલ લક્ષમાં આવતો નથી. પાશ્ચાત્ય સંસ્કૃતિનું નવું દર્શન થતાં આપણા કેળવાયલા વર્ગની એવી જ વિપરિત સ્થિતિ થઇ પડી હતી. પશ્ચિમનું સઘળું આપણને તે સમયે ઝળહળતું, પ્રકાશિત, પ્રગતિમય અને ઉન્નતિસાધક જણાવા લાગ્યું; અને તેનું અનુકરણ કરવામાં જીવનનું સાર્થક્ય દિસ્યું હતું. એ વિચાર પ્રવાહના અવરોધક કેટલાક પ્રતિબંધક બળો–જેવાં કે આર્યસમાજ, થિઓસોફી, રામકૃષ્ણ મિશન વગેરે સંસ્થાઓ ઉપસ્થિત થઇ ન હોત તો આપણે આપણું આર્ય પ્રજા તરીકેનું જુદું વ્યક્તિત્વ જરૂર ગુમાવી બેઠા હોત. એ સમયની આપણા મનની સ્થિતિ નીચેનાં અંગ્રેજી લખાણમાં યથોચિત ચિતરેલી જણાય છેઃ—

" For a century and more the minds and hearts of Indians had been turned to England. English literature, English institutions, English modes of thought and experession exercised a strange fascination. The West meant England and whatever light from other land found its way here, was invariably coloured by the English prism. " †

આ દૃશ્ય પ્રથમ દોષ તરીકે જણાતું જ નહોતું. આપણા કેટલાક આગેવાન દેશનેતાઓ હિન્દ અને બ્રિટન વચ્ચેના સંબંધને એક દૈવી સંયોગ માનતા હતા અને અંગ્રેજોના હસ્તે હિંદનું શ્રેય થયલું છે અને

† Triveni Vol. V, No. 4, Jan-Feb. 1933, p. 333.

થશે એમ માનનારો હજી પણ એક વર્ગ બંને દેશોમાં મોજુદ છે. હમણાંજ પ્રસિદ્ધ થયેલાં થોમસ અને ગેરેટનાં "Rise and Fulfilment of British Rule in India" પુસ્તકની સમાલોચના કરતા લંડન ટાઇમ્સનો વિવેચક લખે છે,—

"The moral and social prestige lost to the West by the war can never be recovered; but there is no reason why a far healthier relationship should not develop and the great sub-continent of India form part of a noble comity of nations within the British commonwealth."*

અને ઉપરોક્ત વિચારનું સ્પષ્ટીકરણ કરવામાં આવતું ન હોય એમ લંડનના ઓબ્ઝર્વર સાપ્તાહિકમાં, એજ પુસ્તક અવલોકતાં લોર્ડ લોધીઅન લખે છે,

"Yet even so, powerful as the new forces are becoming, it is certain that India cannot yet maintain its unity without British help. Can we Englishmen adapt ourselves to the political facts of the present age as we have done so often before? Can young India abandon its persuit of political illusionism and get its feet back on reality? If so the stupendous problems which confront both countries may be solved, and the glorious hopes implicit in the historic Montague Declaration of 1917 may yet be fulfilled. §

આ રસિક પણ ચર્ચાસ્પદ વિષયનો ઉલ્લેખ માત્ર બસ છે; તેના ગુણદોષમાં અહિં ઉતરવાની જરૂર નથી.

નવયુગનાં પ્રકટીકરણની જાણે કે વાટ જોતાં ન હોય એવી રીતે આગલા ઓગણીસમા સૈકાના સુધારા સાથે જેમનું ઉજ્જવળ નામ જોડાએલું છે, એવા ભલાં સામ્રાજ્ઞી મહારાણી વિકટોરિયા ૧૯૦૧નું વર્ષ બેસતાં અવસાન પામ્યાં.

* Weekly Times of the 7th June 1934 p. 670.

§ Observer, 3rd June, 1934, p. 4

અને તે પછી એકલા હિંદુસ્તાનમાંજ નહિ પણ સમસ્ત જગતમાં એવી પ્રચંડ ક્રાંતિ થવા પામી છે કે નવો સમાજ કેવું સ્વરૂપ ધારણ કરશે એની હાલ તુરત કલ્પના કરવી, એ પણ કઠિન કાર્ય થઇ પડ્યું છે.

વિકટોરિયન યુગ તેની ગંભીરતા, ઠાવકાઇ, શિષ્ટાચાર, આમન્યા, સુખ સગવડ અને મિલ્કત હક્ક અને તેની માલિકીની સલામતી માટે જાણીતો છે; અને સમૃદ્ધિ અને વૈભવસુખ પુષ્કળ વધી પડતાં સમાજ પ્રગતિની ટોચે પહોંચ્યો છે, વા પહોંચે છે, એવી સામાન્ય માન્યતા બંધાઇ, પ્રજામાં જડવાદનું પ્રાબલ્ય જામ્યું હતું. તે પછી અને ખાસ કરીને યુરોપીય મહાન યુદ્ધનાં પરિણામે સમાજજીવનમાં, પ્રજાના આચાર વિચારમાં, અભિલાપ અને આદર્શમાં એવું પ્રબલ પરિવર્તન થવા પામ્યું છે, જે પૂર્વની સમાજ રચનાને ઉથલાવી દે છે એટલુંજ નહિ, પણ એ પ્રલયમાંથી કેવી સમાજરચના અને વ્યવસ્થા ઉદ્દ્ભવશે તે, ઉપર જણાવ્યું તેમ, ચોક્કસ રીતે ભાખવું કપરી કસોટી કરનારૂં છે; તોપણ એ પ્રલયના અવશેષોમાંથી, જગતમાં જુદે જુદે સ્થળે જે જબરજસ્ત અખતરાઓ થઇ રહ્યા છે તે જોતાં ભાવિ આશાભર્યું નિવડશે એમ હાલના સમયે સમજાય છે.

આપણો હિન્દ દેશ પણ આ જગવ્યાપી પ્રલયકારી અસરમાંથી બચ્યો નથી અને તેથી તેનું સૂચક, આ પ્રકરણનું મથાળું અમે 'જીવન પરિવર્તન' એ પ્રમાણે રાખ્યું છે.

મહારાણી વિકટોરિયાનો રાજ્ય અમલ હિન્દ અને બ્રિટનને સોનાની સાંકળરૂપે જોડનારો, સુખ અને શાંતિ અર્પનારો હતો; અને એ પુણ્યશાળી મહારાણીનો પ્રભાવ પણ હિન્દી પ્રજાપર બહોળો પડ્યો હતો; એ મહારાણીનો સન ૧૮૫૭ નો ઢંઢેરો હજી ઉપકારપૂર્વક યાદ કરવામાં આવે છે; પણ એમનાં અવસાન બાદ એ પ્રતાપી પ્રભાવ ઓસરવા માંડ્યો; અને રાજ્યકર્તાઓની રીતિનીતિ હિન્દના હિત કરતાં, બ્રિટનના અને સામ્રાજ્યના લાભ અને ઉપયોગ માટે મુખ્યત્વે પ્રવર્તે છે, એ પ્રજાની નજરે ખુલ્લું થઇ ગયું.

બ્રિટિશ સામ્રાજ્યનો દોરદમામ અને સત્તાનો દાબ હિન્દી પ્રજા પર બરોબર બેસે એવા આશયથી લોર્ડ કર્ઝને સમ્રાટ સાતમા એડવર્ડ ગાદી નશીન થતાં સન ૧૯૦૨માં દિલ્હીમાં એક મ્હોટો દરબાર ભર્યો હતો; તે પહેલાં દેશ એક ભારે દુકાળમાંથી પસાર થયો હતો, એટલે પ્રજા તો નિશ્વાસ નાખીને તે તમાસો જોઇ રહી હતી; આ દેખીતા વૈભવથી પ્રજાની આંખ છેતરાઇ નહિ અને તેને દેશની પરિસ્થિતિ કાંઇક તેના યથાર્થ સ્વરૂપમાં આછી

આછી જણાવા લાગી તેમાં કેટલાક સંજોગો ભેગા આવી મળતાં પ્રજાની દૃષ્ટિ સ્વતઃ ઉઘડી ગઇ.

એ સમયે હિન્દનો હાકેમ લોર્ડ કર્ઝન હતો. તે એની સાર્વભૌમ સત્તાની રાજનીતિ (Impriallistic Policy)નો ફાંકો ધરાવતો હતો; એટલુંજ નહિ, પણ સ્વભાવે તુમાખી અને હઠાગ્રહી હતો; પોતાનુંજ ધાર્યું કરનારો હતો; કોઇનો પ્રતિબંધ એને પસંદ પડતો નહિ; અને એવી એની મતલબી નીતિરીતિ અને અહંતાભરી પ્રકૃતિને લઇને હિન્દનો એનો કારભાર નિષ્ફળ નીવડયો હતો; અને ઇંગ્લેન્ડમાં પણ પછીથી એ નામદાર વિદેશી ખાતાના પ્રધાન તરીકે નિષ્ફળ જવામાં અને ઈંગ્લાંડના વડા પ્રધાનનું પદ ગુમાવવામાં ઉપલુંજ કારણ હતું, એમ હમણાં પ્રસિદ્ધ થયેલ હેરલ્ડ નિકલ્સન રચિત Lord Curzon–the last phase–લોર્ડ કર્ઝન ધી લાસ્ટ ફેઝ એ પુસ્તક વાંચતાં ખાત્રી થાય છે.

કલકત્તા યુનિવરસિટિના ચાનસેલરની ખુરશીએથી એ નામદારે ભાષણ આપતાં હિન્દી પ્રજા પર તે અસત્યપ્રિય છે, એવો અઘટિત આક્ષેપ કર્યો હતો, તેથી પ્રજા તેની પ્રતિ પ્રથમ છેડાઈ પડી હતી; તેમજ યુનિવરસિટી સુધારણાનો કાયદો પસાર કરીને શિક્ષિત વર્ગમાં એ સાહેબે ભારે અસંતોષ પેદા કર્યો હતો; અને એટલી ઉશ્કેરણી બસ ન હોય એમ બંગાળનાં બે વિભાગ પાડતાં સમસ્ત દેશ ખળભળી ઉઠયો હતો; અને સન ૧૯૧૨ માં લોર્ડ હાર્ડિંજની ડાહી રાજનીતિને લઇને એ પ્રદેશનું સંધાન થયું ત્યારે ફરી પ્રજામાં શાન્તિ થવા પામી હતી. એ વર્ષોથી, અહિં નોંધવું જોઇએ કે, રાષ્ટ્રીય હિલચાલ મજબુત બની અને પ્રજામાં ઐક્યની ભાવના દૃઢ થઇ, જો કે હિન્દી મહાસભાની સ્થાપના છેક સન ૧૮૮૫થી થઈ હતી.

હિન્દી પ્રજા ઉપરના સંજોગોમાં ઉશ્કેરાયલી મનોદશામાં હતી, તેને તે સમયે રૂસોજાપાનીઝ યુદ્ધથી નવું ઉત્તેજન અને પોષણ મળ્યું હતું. સમસ્ત એશિયા ખંડમાં એકજ અવાજ સંભળાઈ રહ્યો હતો કે એશિયા ખંડ એશિયાવાસીઓ માટે છે. એમાં બહારનાનો પગપેસારો કે અધિકાર ન જોઇએ. એ વાતાવરણમાંથી આપણે અહીં ઉદ્દામ પક્ષ ઉદ્‌ભવ્યો હતો અને સુરતની ઐતિહાસિક કોંગ્રેસ–મહાસભા તેના એક સીમાચિહ્નરૂપ છે.

તે પછી સમસ્ત દેશે રાષ્ટ્રીય વિચારોમાં ખૂબ પ્રગતિ કરેલી છે અને પ્રજાની મનોદશા એવી સ્થિતિએ પહોંચેલી છે કે હિન્દને એક સ્વતંત્ર રાષ્ટ્ર તરીકે સ્વીકારવામાં આવે, અને તેને સંપૂર્ણ સત્તા પ્રાપ્ત થયેજ હિન્દી જનતા સંતોષ પામે એમ છે.

આ પરિસ્થિતિ આણી મૂકવામાં છેલ્લા યુરોપીય મહાન યુદ્ધે ઓછો ફાળો આપેલો નથી. ગયા સૈકાના ફ્રેન્ચ વિપ્લવ કરતાં પણ આ યુદ્ધની ભારે અને જલદ અસર થવા પામી છે. તેમાં વળી યાંત્રિક અને વૈજ્ઞાનિક અંગોમાં એટલો પ્રચંડ સુધારોવધારો થયો છે કે જે કાર્ય કરવાને અમાઉ મહિનાઓ લાગતા તે હવે અલ્પ કાળમાં થઇ શકે છે. વ્યવહારના સાધનોમાં તેમ સમાચાર મોકલવા મેળવવામાં એટલી બધી પ્રગતિ થયેલી છે કે અખિલ જગત જાણે કે એક શહેર બની રહ્યું છે; વાયરલેસ અને ટેલીફોને એટલી બધી સરળ કરી દીધી છે કે કોઈ પણ સ્થળના વૃત્તાંત જોતજોતામાં જાણી શકાય છે. વસ્તુતઃ જગત્ વાયુવેગે ગતિ કરી રહ્યું છે, એમ કહેવું ખોટું નથી; અને એ ગતિ ક્યાં જઇને અટકશે એ પણ કળી શકાતું નથી. જાણીતા અર્થશાસ્ત્રી સર આર્થર સાલ્ટર આ વસ્તુસ્થિતિ વિષે લખતાં નીચે પ્રમાણે નોંધ કરે છે:—

"Six months of absence, with the present time scale of events, is in many respects the equivalent of a decade in the last age of stability. It is at any rate, enough to give a new perspective to familiar scenes and to make one's own country and continent, when contact is renewed again, both look a little different."*

સોસાઇટીનો ઇતિહાસ સમગ્ર રીતે અવલોકતા પહેલા વિભાગને આપણી બાલ્યાવસ્થાના કાળ સાથે સરખાવી શકાય; વચલો ગાળો એ આપણી કિશોરાવસ્થાનો યુગ હતો અને ત્રીજો વિભાગ એ આપણી યુવાવસ્થાનો સમય છે, એમ હાલમાં દૃષ્ટિગોચર થતાં સર્વ ચિહ્નો પરથી કહી શકાય. યુવાનીને દીવાની કહી છે તે ખોટું નથી; અને એટલું જ એ પણ સાચું છે કે, યુવાન જેવાં સ્વપ્નો સેવે છે, જેવો પુરૂષાર્થ કરે છે, તેવી સિદ્ધિ તે પામે છે તેવું તેનું ભાગ્ય સરજાય છે.

છેલ્લાં પચીસ વર્ષમાં આપણે જીવનનાં જુદાં જુદાં ક્ષેત્રો જેવાં કે કેળવણી, સુધારો, ધર્મ, જીવનવ્યવહાર, સાહિત્ય, પત્રકારિત્વ વગેરેમાં શું શું પ્રાપ્ત કર્યું છે અને આપણે અત્યારે ક્યાં ઉભા છીએ એ હવે તપાસીશું, તેથી કયે માર્ગે આપણે વિચરીએ છીએ તે ધ્યાનમાં આવશે તેમ ભાવિ કાર્યક્રમ યોજવા ગોઠવવાનું પણ સહેલું થઇ પડશે.

---

* **Observer 23rd May, 1934.**

લાંબા સમયના સતત પ્રયાસ પછી હમણાં હમણાં શાળાઓમાં માતૃભાષાદ્વારા શિક્ષણ આપવાનું શરૂ થયું છે અને હમણાં વર્તમાનપત્રોમાં એવું વાંચવામાં આવ્યું છે કે કલકત્તા યુનિવરસિટી અંગ્રેજી સિવાય બીજા બધા વિષયોમાં મેટ્રિક્યુલેશનની પરીક્ષા હવેથી માતૃભાષામાં લેનારી છે; તેમજ માતૃભાષાના અભ્યાસને પાઠશાળામાં સ્થાન અપાયું છે, તો પણ તેને જે પ્રાધાન્ય મળવું જોઈએ અને સમગ્ર અભ્યાસક્રમમાં તેનું પ્રભુત્વ સ્થપાવું જોઇએ તેની તો હજુ ઊણપ જ છે. આવી વિચિત્ર પરંપરા ભાગ્યેજ અન્ય કોઇ મુલ્કમાં જોવામાં આવશે. પ્રસ્તુત વિષયપર વિવેચન કરતાં મદ્રાસના "હિન્દુ" દૈનિક પત્રની સાહિત્ય અને કેળવણી વિષયક પૂર્તિમાંની અગ્રનોંધનો લેખક, યોગ્ય કહે છે કે,

"It is pity that educational authorities throughout India have lacked imagination and courage in this matter. In Hydrabad the Government have from the begining, insisted upon the use of the Indian language as the medium of instruction and examination and the results have been found to be very satisfactory." †

અહિં નોંધવું જોઇએ કે માતૃભાષાના પ્રશ્નને મહાત્મા ગાંધીજીના આગ્રહભર્યા પ્રયાસ અને ચાલુ પ્રચાર કાર્યથી બહુ ઉત્તેજન અને મહત્વ મળેલું છે.

અમને બરાબર યાદ છે કે ભરૂચમાં બીજી ગુજરાત કેળવણી કોન્ફરન્સમાં, પ્રમુખપદેથી, મહાત્માજીએ પ્રચલિત પ્રથાને અવગણીને એમનું વ્યાખ્યાન ગુજરાતીમાં જ આપ્યું હતું; અને માતૃભાષાદ્વારા સઘળું કામકાજ થવું જોઇએ એ પર તેઓ હંમેશાં ભાર મૂકતા રહ્યા છે; અને તેની અસર પણ જાદુઇ નિવડી છે. આપણા ભાષાસાહિત્યને તેથી અપૂર્વ બળ અને વેગ મળ્યાં છે, એ પણ એટલી જાણીતી બીના છે.

આપણે અહિં નવી કેળવણીની શરૂઆત અમુક સંજોગોમાં થઈ હતી. નવો રાજ્યવહિવટ સ્થાપવા સરકારને નિષ્ણુતોની જરૂર પડી તેમ તેનું તંત્ર ચલાવવાને નોકરો જોઇએ તે સઘળા અંગ્રેજી ભણેલામાંથી પસંદ કરવામાં

† **19th June, 1934, Educational & Literary suppliment to the "Hindu" Madras.**

આવતા હતા, અને એ સરકારી નોકરીનું પ્રલોભન મોટું અને નોકરીની સ્થિરતા તેને લઇને ઇંગ્રેજી શિક્ષણ લેનાર વર્ગ વધતો જતો હતો, પણ એ શિક્ષણથી માતૃભાષાને નુકશાન પહોંચે છે અને માતૃભાષાને સ્થાને સર્વ શિક્ષણ અંગ્રેજીદ્વારા અપાય છે, એથી માનસિક વિકાસને હાનિ થાય છે અને એ પ્રથા અસ્વાભાવિક છે, તે પ્રતિ, દેશમાંથી બહુ થોડાકનું લક્ષ ગયું હતું.

પ્રચલિત કેળવણી વિરૂદ્ધ પ્રથમ પોકાર આર્યસમાજે કર્યો હતો, તે આપણી પ્રાચીન ગુરૂકુળની પરંપરા પુનઃ સ્થાપવા માગતી હતી, તેમ એ શિક્ષણમાં ધર્મશિક્ષણને સ્થાન મળે એવો તેનો આગ્રહ હતો.

સર સૈયદ એહેમદે અલીગઢમાં એંગ્લો મોહમેડન કોલેજ સ્થાપી તેનો આશય પણ મુસ્લીમ-ઇસ્લામી સંસ્કૃતિને અને ઇસ્લામી મજહબને શિક્ષણમાં પ્રાધાન્ય આપવાનો હતો.

સેન્ટ્રલ હિન્દુ કોલેજ બનારસમાં મિસિસ એની બિસેન્ટે કાઢી હતી, તે પણ હિન્દુ ધર્મ અને સંસ્કૃતિનો પુનરૂદ્ધાર કરવા અર્થેની પ્રવૃત્તિ હતી.

પણ એમાંની કોઇ પણ પ્રવૃત્તિમાં પ્રચલિત સરકારી શિક્ષણ પદ્ધતિમાં ફેરફાર કરવાનો ઉદ્દેશ ન હતો.

પૂર્વે જણાવ્યા પ્રમાણે દેશમાં રાષ્ટ્રીય જાગૃતિ આવી ત્યારે ચાલુ કેળવણી પદ્ધતિમાં ફેરફાર કરવા-હિલચાલ ઉદ્દભવી હતી; દેશનું ઐક્ય સાધવાને દેવનાગરી લિપિનો પ્રચાર વધારવા પ્રયત્ન કરવામાં આવ્યો હતો; હુન્નર ઉદ્યોગનું શિક્ષણ લેવા વિદ્યાર્થીઓને પરદેશ મોકલવાનો પ્રબંધ થયો હતો. અને ચાલુ વ્યવહારમાં માતૃભાષાનો વધુને વધુ ઉપયોગ કરવા ભાર મૂકાયો હતો.

પણ એ સઘળી રાષ્ટ્રીય પ્રવૃત્તિઓનું ચમત્કારિક પરિણામ તો એ માતૃભાષાના વિષયને મહાત્માજીએ હાથમાં લીધો તે પછીથી આવ્યું છે. ગુજરાત વિદ્યાપીઠની સ્થાપના એ પ્રવૃત્તિનું પ્રત્યક્ષ પરિણામ કહી શકાય. માતૃભાષાદ્વારા શિક્ષણ અને માતૃભાષાના અભ્યાસની અગત્ય એ પ્રશ્નો હાલમાં મોખરે આવ્યા છે. પણ તેનો કેવી રીતે ઉકેલ આણવો એજ નિર્ણય કરવાનું હવે રહ્યું છે.

પ્રચલિત શિક્ષણ પ્રણાલિકા બીજી રીતે પણ દોષવાળી છે એમ ઘણાને સમજાયું છે. જે શિક્ષણ શાળા-પાઠશાળામાં અપાય છે, તે સામાન્ય રીતે સાહિત્ય વિષયક, માત્ર માનસિક વિકાસને સાધનારૂં છે. પણ ધંધા હુન્નર, ખેતી, વિજ્ઞાન વગેરે જેમાંથી આજીવિકા મેળવી શકાય એવા વ્યવહારિક જ્ઞાનનો તેમાં અભાવ રહેલો છે.

દિનપ્રતિદિન શિક્ષણ લેનારાની સંખ્યા વધતી જાય છે પણ તેમને જીવનનિર્વાહનાં સાધનો મેળવવાનું મુશ્કેલીભર્યું થઈ પડ્યું છે. અગાઉ સરકારી નોકરીમાં તેમ અર્ધ-સરકારી જેવી સાર્વજનિક સંસ્થાઓમાં એ નવા ભણેલાઓનો ભાવ પૂછાતો હતો; એ માગણી પણ આજે કમી થઇ ગઇ છે, અને હજારો યુવકો યુનિવરસિટિની ઉંચી ઉપાધિઓ પામેલા, વિના રોજગારે હેરાનગતિ પામે છે.

આ પરિસ્થિતિ અસહ્ય થઇ પડી છે, અને કોનવોકેશન વ્યાખ્યાનોમાં જુદે જુદે સ્થાનેથી ચાલુ શિક્ષણપદ્ધતિમાં ઘટતા ફેરફાર અને સુધારા કરવા ઊહાપોહ શરૂ થયો છે; અને હિન્દી સરકારે તે સંબંધી તાકીદે પગલાં લેવાં ઘટે છે.×

સંસાર સુધારાનાં ક્ષેત્રમાં ખૂબ પ્રગતિ થયલી છે. પહેલાં છોકરાંઓને ઘરેણા નહિ પહેરાવવા વિષે, શીગી વિષે, ભૂત ડાકણના વહેમો વિષે, કન્યા વિક્રય અને કજોડા વિષે, ખોટાં અને દેખાદેખી જ્ઞાતિ ખર્ચો વિષે, ફટાણાં વિષે, પરદેશગમનના પ્રતિબંધ વિરુદ્ધ અને કન્યા કેળવણી આપવા વિષે ચર્ચા અને ઊહાપોહ કરવો પડતો હતો. એ પરિસ્થિતિમાં હવે પુષ્કળ સુધારો થયલો છે. બાળલગ્ન અટકાવવા પ્રથમ બહુ મુશ્કેલી પડતી, તે નવા પસાર થયલા શારડા એક્ટથી તેના પર ખીલી ઠોકાઇ છે. પરદેશ ગમન કરનારને હવે કોઈ પૂછતું નથી; અને ઔદિચ્ય સહસ્ર બ્રાહ્મણ જેવી ઉંચી બ્રાહ્મણ જ્ઞાતિએ વિધવાવિવાહને ઉત્તેજન આપ્યું છે, એ કયી દિશાએ વાયરો વાય છે, જનતાનું વલણ કયી તરફ છે, તેનું સૂચક ચિહ્ન છે. પહેરવેશમાં પણ મ્હોટો ફેરફાર પડી ગયો છે; અગાઉ પાઘડી માથે મૂક્યા વિના બહાર નિકળવું ન્હાનમભર્યું મનાતું, કૉલેજમાં અભ્યાસ કરતા

× સરખાવો:

"Where the educational system is at fault the avenues of employment are strictly limited, and no effort is made by the state to direct or otherwise assist the vast members that pass out of School and College into the wilderness; * * *

Co-operative action between Government (who may incidentally have to consider schemes (of unemployment, insurance), the legislature, Universities and public men as well as captains of industry."

The Indian Review, July 1934, p. 442.

વિદ્યાર્થીઓ પણ પાઘડી પહેરીને જતા, એવી એક છબી અમે જોઇ છે. હવે તો ટોપી સામાન્ય થઇ પડી છે, થોડાકજ પાઘડી પહેરે છે; અને ઉછરતો યુવક વર્ગ તો ઉઘાડે માથે ફરવાનું પસંદ કરે છે. એજ પ્રમાણે સ્ત્રીઓના ઓઢવા પહેરવામાં ફરક પડયો છે. તેઓ મર્દાનગીભરી કસરત કરવા અચકાતી નથી, અને કોઈક કોઇક યુવતી તો સૌભાગ્યનાં ચિહ્ન મનાતાં ચુડી ચાંલ્લાને તિલાંજલિ આપી એક હાથે રીસ્ટ વૉચ–કાંડા ઘડીઆળ ધારણ કરે છે; તેમ કુમારિકાઓમાં બોબ્ડ હેર–કાપેલા બાબરાની ફેશન દાખલ થવા પામી છે.

સામાન્ય કેળવણીનો પ્રચાર ધીમે ધીમે વધતો જાય છે; અને તેમાં ખુશી થવા જેવું એ છે કે સ્ત્રીઓએ એ લાભ સારી સંખ્યામાં લેવા માંડયો છે. સ્ત્રી ગ્રેજ્યુએટની કલ્પના કરવી એ અગાઉ આકાશકુસુમવત હતું; આજે સેંકડો સ્ત્રી ગ્રેજ્યુએટો મળી આવશે. વધારે આનંદજનક તો એ છે કે સ્ત્રીઓ સ્વાતંત્ર્ય મેળવવા માટે ઉત્સુક બનેલી છે. સ્ત્રીઓને મતાધિકાર મળે છે, એટલુંજ નહિ પણ તેઓ મેજીસ્ટ્રેટના હોદ્દા સુદ્ધાં ભોગવવા લાગી છે. પૂર્વે કુમારી સ્ત્રી શોધવી એ ચંદ્ર પકડવા જેવું હતું; અત્યારે સારી સંખ્યામાં એવી આજીવન કુમારિકા વ્રત સેવનારી સ્ત્રીઓ મળશે. સ્ત્રીઓ મ્હોટી ઉમ્મરે લગ્ન કરવા લાગી છે, તેની સાથે પસંદગી લગ્નની પ્રથા પણ દાખલ થઈ છે અને એ લગ્ન હવે કોમ કોમ કે જ્ઞાતિ જ્ઞાતિમાં સમાઇ ન રહેતાં વર્ણાન્તર લગ્નને પણ અવકાશ મળ્યો છે. "લગ્ન દિલનાં કે દેહનાં ?" એ નામના નિબંધની પ્રસ્તાવના લખતાં શ્રીમતી ઇંદુમતિ મહેતા, લગ્ન સંબંધમાં કહે છે, "લગ્નજીવનનો મુખ્ય મુદ્રાલેખ સ્વાતંત્ર્ય હોવો જોઇએ. એ સ્વાતંત્ર્ય છીનવી લેવામાં ઉભયને દુઃખજ છે. લગ્ન–જીવનમાં કોઇ પણ જાતની ફરજ ન હોવી જોઇએ. એના ઉપર જ પ્રેમની શાશ્વતતાનો આધાર છે. જીવનનાં દરેક કાર્ય કરવાની છુટ એટલુંજ નહિ પણ માતૃત્વમાં પણ પત્નીને સંપૂર્ણ સ્વાતંત્ર્ય જોઇએ. સંતતિ ક્યારે અને કેટલી એ સ્ત્રીનેજ નક્કી કરવા દેવું જોઇએ. એક બીજાનું શરીર તે મંદિર મનાય, અને પરસ્પર સન્માન જળવાય તો લગ્ન જીવન સુખી થઈ શકે."

લગ્નના પ્રશ્નમાં પુષ્કળ છૂટ લેવાઇ છે; પહેલાંનાં બંધનો તુટવા માંડયાં છે. વિધવાવિવાહ કરનારને હવે હાડમારી વેઠવી પડતી નથી તેમજ સ્ત્રીના મિલ્કત પરના હક્કોનો સ્વીકાર થવા લાગ્યો છે.

સ્ત્રી જાતિ જેવી પરાધીન સ્થિતિ આપણા મજુર વર્ગની પહેલાં હતી,

હવે કાયદાથી તેમ લોકમત જાગૃત થવાથી તેમની સ્થિતિ સુધરવા પામી છે. મજુરોનાં મહાજનો સ્થપાવાથી તેમ એકસંપથી અને સમૂહબળથી ધારેલા લાભ અને હક્ક મેળવવાને તેઓ શક્તિમાન થયલા છે. એ આ જમાનામાં જ બન્યું.

નિરાશ્રિત અને રાનટી પ્રજાને પશુની જેમ રાખવામાં આવતી. એમનો ઉદ્ધાર કરવા શ્રીયુત અમૃતલાલ ઠક્કર જેવા સમાજ સેવકો બહાર પડયા છે, અને તેમાં પણ ઘણું સંગીન કાર્ય થવા માંડયું છે.

પરંતુ સૌથી આશ્ચર્યકારક પ્રગતિ અસ્પૃશ્યતા નિવારણ પ્રશ્ને કરી છે. એનાં યુગજુનાં મૂળપર મહાત્માજીએ સખ્ત પ્રહાર કરવા માંડયા છે, અને ટુંક મુદતમાં આપણા ઉજ્જવળ હિન્દુ ધર્મને લાંછનરૂપ એવી પ્રજામાંથી અસ્પૃશ્યતાની ભાવના અને પ્રથા દૂર થશે એવી અત્યારની ચોતરફ પ્રસરી રહેલી પ્રવૃત્તિ જોતાં લાગે છે અને ગુલામોના છૂટકારાની જેમ જતે દિવસે એ અસ્પૃશ્યતાની બદી નાબુદ થઇ માત્ર ઇતિહાસનો વિષય થઇ પડશે, એવી આશા પડે છે.

પૂર્વે જાહેર કાર્યકર્તાઓ જુજબાજ મળી આવતા હતા; જાહેર હિમ્મત દર્શાવનારા થોડાકજ નિકળતા; સૌ કોઈ જ્ઞાતિના ત્રાસથી ભડકતું; પણ એ બંધનો આ યુગમાં શિથિલ થઇ પડયાં છે; સમાજ સેવકો પણ પાશ્ચાત્ય મિશનરીઓની પેઠે સમાજની સેવા અર્થે ઠેર ઠેર નીકળવા લાગ્યા છે અને લોકોપકારી સંસ્થાઓ સ્થાપી રહ્યા છે એ આપણા ઉત્કર્ષનું આશાજનક ચિહ્ન છે.

આવજા અને વ્યવહારના સાધનોમાં મ્હોટો સુધારો અને ખીલવણી થવા પામ્યાં છે. મોટરબસે તો ગામડાઓને શહેર ભેગાં કરી મૂક્યાં છે. વાયરલેસ, એરોપ્લેન અને ટેલીફોનથી દિક્ અને કાળનું અંતર તદ્દન કપાઈ ગયું છે; અને ટેલીવિઝન પ્રચારમાં આવતાં આપણે હજારો માઇલ દૂરના દશ્યો ઘેર બેઠાં જોઈ શકીશું.

આ વૈજ્ઞાનિક પ્રગતિએ સમાજ પર તેમ આપણા જીવન પર જબરી અસર કરેલી છે; બલ્કે આપણે એમ કહી શકીએ કે એ દ્વારા આપણાં જીવન પલટાઇ ગયાં છે, અને પ્રજાના સુખ સગવડ, આનંદ અને વિનોદનાં સાધનોમાં, જ્ઞાન પ્રાપ્તિ અને જ્ઞાન પ્રચારમાં, આપણે કલ્પી શકીએ નહિ એવી હેરત પમાડનારી પ્રગતિ થયલી છે, પ્રશ્ન માત્ર એ જોવાનો રહ્યો છે કે પ્રજા એ સર્વ સાધનસગવડનો કેવી રીતે ઉપયોગ કરે છે વા કરશે.

હિન્દુસ્તાન મુખ્યત્વે ખેતીપ્રધાન મૂલ્ક છે; અને અત્યારે તેની સ્થિતિ અન્ય દેશોને કાચો માલ પૂરો પાડવામાં સમાઈ રહેલી છે. હિન્દનો ઔદ્યોગિક વિકાસ બહુ મંદ રીતે આગળ વધે છે અને વેપારની હરિફાઇ વધી પડવાથી સરકારનાં કાયદેસર રક્ષણ વિના હિન્દી વેપાર હુન્નર ટકી શકે એમ નથી. તેમાં વળી વેપારની મંદી આવવાથી અને માલના ભાવ છેક નીચા બેસી જવાથી ખેડુતો તો પાયમાલ થયા છે, અને તેનું પરિણામ એ આવ્યું છે કે ગામડાંઓ ભાંગવા માંડયાં છે અને ગ્રામ્ય જીવનમાં સુખ, શાન્તિ કે સલામતી જેવું કાંઈ રહ્યું નથી. એનો વિચાર કરતાં ગોલ્ડસ્મિથની જાણીતી પંક્તિઓનું સ્મરણ થાય છે:

*તુજ ઝુંપડાં ખંડેર ખાવા ધાય એવાં થઈ ગયાં,
ખાડા પડયા, પડખાં ખવાયાં, ભીંત પર ખડ ઉગીયાં.

ડરી ત્રાસ થકી બહુ જુલમ થતાં, ભરવા નિજ પેટ બધાં બળતાં,
ધન તોર અને અધિકાર થકી, બચવા પરદેશ પળ્યાં કકળી.

લક્ષ્મી જે દેશમાં રેલે, પૂજા જ્યાં જડની થતી,
રીસાતી માણસાઇને, સડી ત્યાં જનતા જતી.

આફતો ઉભરાતી ત્યાં, વાસો દુઃખ તણો થતો,
ઘોર સંતાપની ઝાળે, હોમાઇ દેશ તે જતો.

રાજા અમીર ધનવાન ધરણી પર ઉગે ને આથમે.
પળ વિપળનાં એ પૂતળાં પળભર રમે પળમાં શમે.

ખેડુત જીવન દેશનું ના નાક કદી આવે ગયું,
સુણ્યું ન વીર સરલ પણ ફરી પ્રાણ દીધે સાંપડયું.

આમાં કરૂણાજનક તો એ છે કે શહેરી જીવનનાં આકર્ષણ અને મોહથી અંજાઇ જઇને ગામડાંમાંથી સેંકડો યુવકો શહેરમાં ધંધો શોધવાને ઘસડાઇ આવે છે, પણ પુરતી સવડ અને ધંધાને અભાવે તેમને શહેરમાં અનેક પ્રકારની હાડમારી વેઠવી પડે છે અને અહીં તેઓ રીબાઈ કચરાઇને અંતે મૃત્યુવશ થાય છે, એ થોડું શોચનીય નથી; જ્યારે ગામડાંઓ ખેતી કામમાં પૂરતા મજુરો વિના દુઃખ ભોગવે છે. એક તરફ ખેતીનો ખર્ચ અને બીજી તરફ ખેતીની પેદાશના નીચે ને નીચે ગબડતા ભાવોએ ખેડુતોને બિસ્માર સ્થિતિમાં આણી મૂક્યા છે અને આપણા હુન્નર

---

* તત્ત્વશોધ તિલક અથવા ગ્રામ્ય ગૌરવ, પાનું ૭.

ઉદ્યોગ પણ પૂરા વિકસેલા નથી એટલે દેશમાં ભુખમરાની સાથે બેકારી પણ બેશુમાર વધી પડેલી છે.

આ પ્રમાણે ખેતીના, બેકારીના અને આર્થિક સ્થિતિના પ્રશ્નોએ આપણને હાલમાં ભારે મુંઝવણમાં નાખેલા છે. એનો ખરો ચિતાર, ચાલુ વર્ષમાં હિન્દુસ્થાનનાં વ્હેપારમંડળોના સંયુક્ત સમાજની દિલ્હીમાં બેઠક થઇ હતી, તેના પ્રમુખસ્થાનેથી ભાષણ કરતાં શ્રીયુત નલિનીરંજન સરકારે, આપ્યો છે. તેઓ જણાવે છે:

"There is a pronounced lack of equilibrium between agriculture, industry and other channels of economical activities. The development of urban and rural areas is characterised by a marked disparity. Low yield per acre, uneconomic fragmentations, inadequate irrigation and enormous indebtedness of peasants have made agriculture, the most important occupation of the country, and extremely uuproductive and unprofitable industry. Industries are handicapped by insufficient capital resoures, inefficient Tecknical Service and low quality of raw materials. The policy of discriminating protection has afforded many of them a small measure of security, but unless it is supplimented by a readjustment of internal freight rates and the adoption of a more sympathetic stores purchase policy their full development will always lag behind their potentialities. Banking is still undeveloped and its structure ill balanced. A great part of our population and a large number of our smaller towns are still ill-provided with banking facilites. In the absence of Industrial, exchange and land mortgage banks our industries, foreign trade and agriculture are forced to fall back entirely upon their own resources and in many cases, face competition from foreign countries which enjoy immenselly

greater advantage in these respects. Our transport system lacks co-ordination and cost of transport is far too dear. We depend for the stability of our public finance upon very limited and inelastic sources of revenue and the expansion of benificial Governmental activities is seriously hampered by the inelasticity of their revenue. There is again growing unemployment which destroys the morale of the rising generation and has introduced into the economic structure germs of dangerous malady. While nothing seems to be done to develop our internal trade our foreign trade is facing heavy odds and shrinking rapidly."

અને તદર્થ હિન્દી રાજ્યતંત્રમાં આર્થિક શ્રેય સાધનાર મંડળ સ્થાપવા તેઓ કહે છે અને છેવટમાં આર્થિક યોજના રચવાનું સૂચવે છે, તે હાલ તુરત માટે ઉત્તમ માર્ગ જણાય છે. આપણે પ્રજા તરીકે પગભર થવું હોય તો આપણી આર્થિક ગુંચોની ઉકેલમાં જ આપણો ઉદ્ધાર રહેલો છે.

ધર્મના વિષયમાં બાહ્યાચાર અદૃશ્ય થવા માંડ્યો છે અને અંતરની શુદ્ધિ વધે જાય છે, તેમ એક બીજા ધર્મ પ્રત્યે આદરભાવ અને સહિષ્ણુતાની લાગણી મજબુત બની છે. આગળના જેવું વૈમનસ્ય કે ઝનુન પ્રજામાં હવે જણાતું નથી; ઉલટું પરસ્પર ભ્રાતૃભાવ કેળવાતો જાય છે, નીતિ અને ચારિત્રમાં પણ નવી પ્રજા અગાડી વધેલી છે. નવી ઉછરતી પ્રજા ટીલાં ટપકાં કરતી નહિ હોય, મંદિરે જતી નહિ હોય, પોતાને કોઇ અમુક સંપ્રદાય કે ધર્મના અનુયાયી કહેવડાવવાને ઉત્સુક નહિ હોય, પણ તેથી તે ધર્મ રહિત છે એમ માનવાનું કાંઇ કારણ નથી. તે ધર્મના હાર્દને બરોબર સમજે છે. સત્ય, અહિંસા, દયા, અને પ્રેમમાં દૃઢ શ્રદ્ધા ધરાવે છે, અંતરના અવાજને સાંભળે છે અને માન આપે છે. સૌ એકજ પિતાના પુત્રો છે અને ભાઇઓ છે એવી તેમની સમજ દૃઢ થતી જાય છે અને વધુમાં તેઓ નિયમિત રીતે પ્રભુ પ્રાર્થના કરે છે, એટલુંજ નહિ પણ મનુષ્ય સેવામાં તેઓ માનતા થયા છે. મનુષ્યને ઇશ્વર સ્વરૂપ સમજીને તેના ઉત્કર્ષ અને ઉદ્ધારમાં તેઓ તત્પર રહે છે.

'વસન્ત' વૈશાખ સં. ૧૯૯૦, વર્ષ ૩૩, અંક ૪.

ગયા સૈકામાં બ્રાહ્મસમાજ, આર્યસમાજ, થીઓસોફી, શ્રી શ્રેયઃસાધક અધિકારી વર્ગ વગેરે સંપ્રદાયો અસ્તિત્વમાં આવ્યા હતા પણ આ નવા યુગમાં એવો કોઈ નવો સંપ્રદાય સ્થાપિત થયલો જાણવામાં નથી; પરંતુ એવી બે પ્રભાવશાળી અને પ્રતાપી વિભૂતિઓ મોખરે આવેલી છે, જેઓ એમની તેજસ્વી પ્રભા અને ઉત્કૃષ્ટ સેવા કાર્યથી વિશ્વવંદ્ય થઇ પડયા છે અને સૌ કોઇ એમને પૂજ્ય માની, એમના ચરણે નમે છે.

એઓએ આપણને આ ધર્મ કે તે ધર્મનો આદેશ આપ્યો નથી, પરંતુ ઈશ્વરના અસ્તિત્વમાં છાપ બેસાડી, સૌને-મનુષ્ય માત્રને-સમાન ગણવા અને ભાઇ તરીકે સમજવા ઉપદેશ કરે જાય છે અને સર્વત્ર સુલેહ શાન્તિ પ્રસરે એવા પ્રયાસમાં તેઓ મચ્યા રહ્યા છે; અને વિશેષમાં મનુષ્યમાં રહેલું મનુષ્યત્વ પિછાની, તેને કેળવવા, તેને ઈશ્વર સ્વરૂપે પૂજા કરવાનો મનુષ્ય ધર્મ એઓએ આપણને શિખવ્યો છે. એ બે મહાન વિભૂતિઓ બીજી કોઈ નહિ પણ કવિવર રવીન્દ્રનાથ ટાગોર અને મહાત્મા ગાંધીજી છે. આધુનિક સંસ્કૃતિમાં એમણે આપેલો ફાળો આગળના કોઇ પણ ધર્માચાર્યથી ઓછો કિંમતી માલુમ પડશે નહિ.

ગાંધીજીનું પ્રિય ગીત "વૈષ્ણવ જન તો એને કહીએ જે પિડ પરાઇ જાણે રે" એનું પૃથક્કરણ કરીશું તો નીતિ અને ધર્મના સઘળા ઉત્તમ તત્વોનો તેમાં સમાવેશ થયલો જોવાય છે અને તે પ્રમાણે મનુષ્ય જીવન ઘટાવવામાં આવે, તે પ્રમાણે વર્તન કરવામાં આવે, તો મનુષ્ય જીવનનું સાર્થક્ય થાય અને પ્રભુનો આ જીવનમાંજ સાક્ષાત્કાર થાય એમ નિઃસંદેહ કહી શકાય. પરમાત્મા જેમ અખિલ બ્રહ્માંડમાં વસેલો છે તેમ તેનો વાસ પ્રત્યેક મનુજ હૃદયમાં છે, અને એ સંબંધમાં ગીતા વિષે પ્રવચન કરતાં પ્રિન્સિપાલ આનંદશંકરભાઇએ જે વિચારો વ્યક્ત કર્યા છે, તેમાંથી એક મહત્વનો ફકરો મનનીય હોઈ અહિં ઉતારીએ છીએ.

"જનસમાજ મનુષ્ય જાણે છે કે એ પોતે રચે છે. પણ વસ્તુતઃ જેટલે અંશ મનુષ્ય સંસ્કૃતિ પ્રભુના મહાન ઉદ્દેશને સફળ કરે છે, એટલે અંશે એ પ્રભુની જ કૃતિ છે."×

તાત્પર્ય કે મનુષ્ય સેવા એ આ યુગનું મુખ્ય લક્ષણ છે અને સાર્વજનિક સંસ્થાઓ એજ આ નવયુગનાં મંદિરો છે, એ સહજ લક્ષમાં આવશે.

× વસન્ત જેઠ સં. ૧૯૯૦, પૃ. ૧૭૧

વીસમી સદીની પહેલી પચીસીનો ઇંગ્રેજી સાહિત્યનો ઇતિહાસ આલેખનાર મી. એ. સી. વાર્ડ એ જમાનાને પ્રશ્નયુગ (Age of interrogation) કહે છે. કારણ કે નવીન લેખકો પરાપૂર્વનું જે કાંઈ જણાવવા-મનાવવામાં આવે તે શ્રદ્ધાયુક્ત સ્વીકારતા નથી અને તેને શંકાની દૃષ્ટિએ, વિરુદ્ધતાની રીતે જુએ તપાસે છે; અને નવા જુનાના દૃષ્ટિબિન્દુમાં, વિચારમાં અને ભાવનામાં પણ અત્યારે મ્હોટું અંતર પડી ગયેલું દેખાય છે.

એ સ્થિતિ આપણે અહીં પણ અનુભવવામાં આવે છે; ત્યાં જેમ ટેનીસન રસ્કીન વંચાતા ભુલાઇ ગયા છે, તેમ અહિં દલપત નર્મદનું વાચન કમી થયું છે; પણ સાહિત્યના પ્રકારોમાં નવીનતા અને વિવિધતાની સાથે વિકાસ થયલો નજરે પડે છે; એ એમાં ખુશી થવા જેવું ચિહ્ન છે.

ગુજરાતી લખાણ પર અગાઉ સંસ્કૃત સાહિત્ય અને સંસ્કૃતિની છાપ પડતી હતી અને તેનાં ધોરણ પર આપણાં કાવ્ય નાટકો લખાતાં હતાં. હવે તે સ્થિતિ પલટાઈ ગઇ છે. પ્રાચીન છંદ રચના અને અલંકાર શાસ્ત્રનો અભ્યાસ કરનાર જૂજ મનુષ્યો નીકળશે. ઘણા લેખકો વિદેશી ધોરણો અને આદર્શ ગ્રહણ કરી, તેને અનુસરતું ગુજરાતી સાહિત્ય, આપણી સમાજ સ્થિતિને બંધબેસતું કે અનુકૂળ હોય કે ન હોય એ સર્જે જાય છે અને કહેવું જોઇએ કે તે જનતામાં વંચાય છે પણ બહોળું. પણ સમાજ પર એ નવા લખાણની શી અસર થાય છે એનો નિર્ણય કરવો હાલ તુરત શક્ય નથી. નવા લેખકો જુનાં બંધનો તોડવા ઇચ્છે છે, નવીન ભૂમિકા તૈયાર કરવા તત્પર બન્યા છે અને તે પાછળ ભાવનાથી અને શ્રદ્ધાપૂર્વક મચ્યા રહ્યા છે. શ્રીયુત મુનશીના આદર્શો આપણને વખતે નહિ આકર્ષે; પણ એમનું "નરસિંહ મહેતો ભક્ત હરિનો" ચરિત્ર પુસ્તક વાંચવાને કોણ નહિ ખેંચાય? વેદયુગનું એમનું "અવિભક્ત આત્મા" ગુજરાતી સાહિત્યમાં એક અમર કૃતિ છે, કદાચ વાચકને એમનું અરૂન્ધતિનું પાત્રનિરૂપણ પસંદ ન પણ પડે! શ્રીયુત બટુ ઉમરવાડિયાનાં નાટકો, શ્રીયુત ધુમકેતુની ટુંકી વાર્તાઓ, શ્રીયુત નરસિંહરાવની વિવર્ત લીલા, શ્રીયુત રામનારાયણની દ્વિરેફની વાતો અને સ્વૈર વિહાર, શ્રીયુત વિનાયકનું નંદશંકર ચરિત્ર, મેઘાણીની રસધારો, શ્રીયુત ન્હાનાલાલનાં નાટકો—નૂરજહાન અને શાહનશાહ અકબર તેમ દલપતરામની કાવ્ય દીક્ષા; રા. વિશ્વનાથનું વીર નર્મદનું ચરિત્ર; કાકાસાહેબ કાલેલકરનાં પુસ્તકો, શ્રીયુત મહાદેવભાઇની કૃતિઓ અને મહાત્માજીની આત્મકથા અને તેમનું "હિન્દ સ્વરાજ્ય" એ નામનું પુસ્તક; શ્રીયુત ઇન્દુલાલનું

"કુમારનાં ચી રત્નો"; શ્રીયુત પુરાણી અનુવાદિત અરવિંદ ઘોષના ગ્રન્થો, નવજીવન, વીસમી સદી, કૌમુદી અને કુમારનું પ્રકાશન એ સઘળું નવું સાહિત્ય કોઈ પણ ભાષાસાહિત્યમાં માનભર્યું સ્થાન જરૂર મેળવે; અને આપણે હિંમતથી કહી શકીએ કે છેલ્લી પચીસીમાં ગુજરાતી સાહિત્ય સારી રીતે ખીલ્યું છે અને સમૃદ્ધ થયું છે; અને તેનો યશ મુખ્યત્વે નવા લેખકોને પ્રાપ્ત થાય છે.

નવા કવિઓ પણ પ્રસિદ્ધિમાં આવ્યા છે; એમની રચનામાંથી ઈંગ્રેજી કવિતાની અસર કે છાપ ઓછી થયલી છે; અને તેમાં સ્વાભાવિકતાના અંશો વધુ પ્રમાણમાં મળે છે; વળી તે કવિતા સંસ્કારી, સુશ્લિષ્ટ અને પ્રાણવંત છે. "આપણી કવિતા સમૃદ્ધિ" એ અર્વાચીન કવિતા સંગ્રહનું અવલોકન કરનાર જોઇ શકશે કે નવી કવિતાનું વહેણ હજી માર્ગ શોધતું પણ બળવાન, ઉછાળા મારતું, જીવંત, ભાવના અને આદર્શભર્યું, અને આશાવંતુ છે.

વર્તમાનપત્રો જ આજ કાલ જનતાને ઘણું ખરૂં વાચન સાહિત્ય પૂરૂં પાડે છે; આપણા સામયિક પત્રોની સંખ્યામાં મ્હોટો વધારો થયલો છે; એટલુંજ નહિ પણ પ્રત્યેક વિષયને ચર્ચનારૂં જુદું માસિક મળી આવે છે, એ થોડું આનંદજનક નથી. એ બતાવે છે કે જીવનના દરેક ક્ષેત્રમાં ગતિ થઈ રહેલી છે: અને તે પ્રવૃત્તિની પુષ્ટિના અર્થે, તેના વિકાસ સારૂ આ જાતનું વાચન સાહિત્ય તૈયાર કરવામાં આવે છે, જેને જનતા તરફથી ઉત્તેજન પણ મળે છે. નવા જમાનાના બ્રાહ્મણો—ગુરુ અને આચાર્ય—તે આપણા વર્તમાનપત્રોના લેખકો અને તંત્રીઓ છે; અને જે પ્રકારનું પ્રચાર કાર્ય—લોકમત કેળવવાનું અને રચનાત્મક—તેઓ ઉપાડી લેશે તેવું લોકમાનસ ઘડાશે એ ચોક્કસ છે. આ યુગમાં તેમનો અધિકાર જેમ મ્હોટો તેમ તેમની જવાબદારી પણ બહોળી અને ગંભીર છે.

પ્રજા જીવનના ઘડતરમાં વર્તમાનપત્રની પેઠે, નાટક, સીનેમા અને રેડીઓ પણ હાલના સમયમાં બહુ કિંમતી હિસ્સો આપી શકે એમ છે; એ સાધનોનો સુમાર્ગે ઉપયોગ થાય તો પ્રજાનો અભ્યુદય જલદી સાધી શકાય; તે દ્વારા પ્રજાને સંસ્કારી અને નીતિ પોષક, માહિતી ભર્યું અને પ્રેરક, ઉપયોગી અને અસરકારક થઈ પડે એવું સાહિત્ય સહેલાઈથી અને આનંદ સાથે આપી શકાય; અને દેશની હાલની પરિસ્થિતિ વિચારતાં માલમ પડે છે કે જતે દિવસે આ વસ્તુઓ

મહત્વનું સ્થાન પ્રાપ્ત કરશે અને તેમાંથી ઇચ્છિત પરિણામ, યોગ્ય વ્યવસ્થા અને પ્રયત્ન થયે, મેળવી શકાશે.

સોસાઇટીના કાર્યક્ષેત્રની મર્યાદાઓ છે અને ઉપલી સઘળી પ્રવૃત્તિઓને તે પહોંચી પણ શકે નહિ. એટલાં વિશાળ અને ભરપુર સાધનો પણ સોસાઇટી ધરાવતી નથી. તો પણ સોસાઇટી નવા જમાનાને અનુસરવા બનતો પ્રયત્ન કરી રહેલી છે તે એની છેલ્લાં પચ્ચીસ વર્ષમાં વિવિધ લોકોપકારી પ્રવૃત્તિઓ અને તેનાં પ્રકાશનો પરથી માલુમ પડશે; તેમ તેના મુખ્ય કાર્યકર્તાઓ દેશનાં સાર્વજનિક કાર્યોમાં, પૂર્વવત, યથાશક્તિ ફાળો આપતા રહ્યા છે, એ પણ જોવામાં આવશે.

આપણે સૌ આ પ્રવૃત્તિઓની એટલા નજદિક છીએ કે તે વિષે અભિપ્રાય બાંધવામાં ભૂલ થવાનો અથવા તો પક્ષપાત કે અતિશયોક્તિથી દોરાઈ જવાનો, ભય રહેલો છે અને તેમ કરવું અમારા માટે ઉચિત પણ નથી. કારણ કે સન ૧૯૧૦ થી સોસાઇટીના તંત્રમાં અમે જોડાયલા છીએ અને તેનાં કામકાજ અને વહિવટ માટે કેટલેક દરજ્જે જવાબદાર પણ છીએ.

આ સંજોગમાં સોસાઇટીના આ પચ્ચીસ વર્ષનાં કાર્ય વિષે અમારા તરફથી કાંઇપણ કહેવામાં આવે તેના કરતાં અન્ય કોઈ તટસ્થ વિવેચક સોસાઇટીની વિવિધ લોકોપકારી પ્રવૃત્તિઓ અને તેની સાહિત્ય સેવા વિષે અભિપ્રાય આપે, એ અમે વધુ પસંદ કરીશું.

પ્રકરણ ૨

ગુજરાતી ભાષાના કોશોનું પ્રકાશન કાર્ય

"જેમ કોશ વિના રાજ્ય બળહીન અને કમળકોશ વિના સરોવર શોભાહીન છે, તેમ ભાષા કોશ વિના દેશભાષાની રાજ્યસત્તા છૂટાં છૂટાં ને વિખરાયલાં પડેલાં અનેક અઙ્ગ તથા એઓની અવ્યવસ્થા એથી સમગ્ર એક સ્વરૂપે ન હોવાથી રચાયી બલિષ્ટ અને અને શાસ્ત્રીય સંસ્કાર વિના સુન્દર શોભતી નથી. કોશ વડેજ ભાષા સંસ્કારી થઈ તેજબળમાં વૃદ્ધિ પામે છે. ભાષાનો કોશ એ, ભાષા બોલનારા લોકોની સ્થિતિનાં સ્વરૂપનું પ્રતિબિમ્બ છે તેઓનાં જ્ઞાનૈશ્વર્યને દર્શાવનારો જયધ્વજ છે."

[કવિ નર્મદાશંકર—નર્મકોશની મુખમુદ્રા]

ગુજરાતી ભાષાનો કોશ રચાવવા સારૂ સોસાઈટીના કાર્યકર્તાઓએ સોસાઇટીની શરૂઆતથી તૈયારી કરવા માંડી હતી, તેનો સવિસ્તર અહેવાલ સોસાઇટીના ઇતિહાસ–વિભાગ ૧ માં નોંધ્યો છે;* અને તે પ્રવૃત્તિનો સાર સંક્ષેપમાં સન ૧૯૧૨ માં ગુજરાતી સ્વર વિભાગ સોસાઇટી તરફથી પ્રસિદ્ધ કરવામાં આવ્યો ત્યારે તે કામથી પુરા પરિચિત તે વખતના ઓન. સેક્રેટરી લાલશંકરભાઇએ તે પુસ્તકની પ્રસ્તાવનામાં આપ્યો છે.

ગુજરાતી કોશની રચનામાં ગુજરાતી શબ્દોની જોડણીનો પ્રશ્ન જ નડતરરૂપ માલુમ પડયો અને તેના નિવારણ સારૂ ગુજરાતી શબ્દ સંગ્રહ એકત્ર કરી તે પ્રથમ છપાવવાનો નિર્ણય થયો હતો. તદનુસાર સન ૧૮૯૭ માં ગુજરાતી શબ્દ સંગ્રહ સોસાઇટીએ બહાર પાડીને તે વિષયમાં રસ લેતા વિદ્વાનો, કેળવણી નિષ્ણાતો અને જાણીતા મહેતાજીઓને તે અભિપ્રાય અર્થે રવાના કર્યો હતો.

તે પછી શબ્દોની જોડણીના નિર્ણય સારૂ સરકારી કેળવણી ખાતાના બે પ્રતિનિધિઓ અને સોસાઈટી તરફથી બે પ્રતિનિધિઓ એમ મળીને ચાર ગૃહસ્થોની એક કમિટી નિમવામાં આવી હતી. તે કમિટીના કામકાજનો વૃત્તાંત ઉપલબ્ધ નથી પણ એમ સમજાય છે કે નવી વાંચનમાળા યોજનાર સંપાદક સમિતિએ જોડણીના જે નવા નિયમો નક્કી કર્યા તે

* ગુ. વ. સોસાઇટીનો ઇતિહાસ, વિભાગ ૧, પૃ. ૧૨૭ થી ૧૩૨.

ઉપરોક્ત કમિટીએ સ્વીકાર્યાં હતા અને તે જોડણીના ધોરણે સોસાઈટીએ **શાળોપયોગી** ગુજરાતી કોશ રચવાનો નિર્ણય કર્યો અને સોસાઇટીના હીરકમહોત્સવ નિમિત્ત કરાવવાનાં કાર્યોમાં એ ગુજરાતી કોશનો સમાવેશ કર્યો હતો.

"સાગર" નામથી સારી રીતે પ્રસિદ્ધિ પામેલ મસ્તકવિ અને લેખક શ્રીયુત જગન્નાથ દામોદરદાસ ત્રિપાઠીની, ગુજરાતી શબ્દસંગ્રહમાં નવો ઉમેરો કરવાના અને તેના અર્થ લખવાના કાર્યપર, નિમણુંક થઇ હતી. તેઓ શબ્દકોશનાં સાધનો એકત્રિત અને વ્યવસ્થિત પૂરાં કરી ન રહ્યા ત્યાં એમણે રાજીનામું આપ્યું અને તેમની જગોએ શ્રીયુત પ્રીતમલાલ ન. કચ્છીની નિમણુંક કરવામાં આવી. તેમને એ વિષયનો શોખ હતો એમ એમણે પછીથી લાંબે ગાળે સયાજી સાહિત્યમાળામાં પ્રસિદ્ધ થયેલ "તુલનાત્મક ભાષાશાસ્ત્ર" પુસ્તક પરથી માલુમ પડે છે; પણ તેઓ એ વિષયમાં ઝાઝી પ્રગતિ કરી શકેલા નહિ અને એ કામમાંથી તુરતજ નિવૃત્ત થયા હતા.

સન ૧૯૧૦માં મુંબાઈનું પાણી કુટુંબીજનોને નહિ સદવાથી "ગુજરાતની જુની વાર્તાઓ" ના લેખક શ્રીયુત મણિલાલ છબારામ ભટ્ટ, પોતાના વતન અમદાવાદમાં આવી રહ્યા અને તેઓ કોઇ સાહિત્ય પ્રવૃત્તિમાં પડવા ઇચ્છતા હતા.

સોસાઇટીમાં એમણે સન ૧૮૯૬ માં થોડાક માસ કામ કર્યું હતું; એટલુંજ નહિ પણ "બર્નિયરનો પ્રવાસ" એ નામના સુપ્રસિદ્ધ પ્રવાસ પુસ્તકનો સોસાઈટીને ગુજરાતીમાં અનુવાદ કરી આપ્યો હતો. એ રીતે સોસાઇટીના કામકાજથી એઓ પરિચિત હતા અને સોસાઈટીના કાર્યવાહકો પણ એમની શક્તિ અને લેખનકાર્યથી કેટલેક અંશે વાકેફ હતા.

આ પ્રમાણે બધા સંજોગો બંધબેસતા મળી આવતાં, સોસાઈટીએ શ્રીયુત મણિલાલને કોશના કાર્ય પર નિયત કર્યા ત્યારથી ગુજરાતી કોષનું કામ નિયમિત અને વ્યવસ્થિતરીતે થતું ચાલ્યું અને પ્રભુ કૃપાએ તે પૂર્ણ સિદ્ધિને પણ પામ્યું હતું.

શ્રીયુત મણિલાલ છબારામની ગુજરાતી સારા લેખકોમાં ગણના થયલી છે. ગરીબાઇમાં તેમની બાલ્યાવસ્થા પસાર થઇ હતી પણ એમના મામા સ્વર્ગસ્થ ભાઇશંકર ન્હાનાભાઇની હુંફથી તેઓ કંઇક સંસ્કૃતનો અભ્યાસ કરી શકયા અને પછીથી તો સ્વાશ્રયથી આગળ વધ્યા હતા. શરૂઆતથી લેખન વાંચનનો રંગ લાગેલો અને વિદ્વજ્જનોના સહેવાસમાં ઘણુંખરૂં રહેવાનું

થતું એટલે વાચનનો શોખ વૃદ્ધિ પામ્યો અને લેખ લખવાની પણ લગની લાગી હતી; એટલે દરજ્જે કે પોતાની પાસે પુરતાં સાધનો કે પૈસા નહિ તેમ છતાં મિત્રો અને સ્નેહીઓની સહાયતા અને ઉત્તેજનપર વિશ્વાસ રાખી "સમાલોચક" તથા "સ્વદેશ વત્સલ" નામે બે માસિક પત્રો તેમણે ચલાવ્યાં હતાં, અને તે વખણાયાં હતાં. "અનિલ દૂત" નામનું ખંડ કાવ્ય તેમણે તે વખતે લખ્યું હતું; તે સારી રીતે જાણીતું છે. પણ એમની ખરી નામના 'ગુજરાતની જુની વાર્તાઓ'થી થઈ, જેની જોડ હજુ બીજી મળી નથી. 'પૃથ્વીરાજ ચૌહાણ' અને 'ઝાંસીની રાણી'—એમની બીજી બે કૃતિઓ એટલો જ બહોળો લોકાદર પામી છે. એમાંની પૃથ્વીરાજ ચૌહાણની વાર્તા સન ૧૯૨૯–૩૦ માં સ્કુલ લિવિંગ સર્ટિફિકેટની પરીક્ષા સારૂ મુંબાઇ યુનિવર્સિટીએ એક પાઠય પુસ્તક તરીકે પસંદ કરી હતી. આ સિવાય એમના ગ્રંથો—સ્વતંત્ર અને અનુવાદિત—ઘણા છે; અને તેનો સહજ ઉલ્લેખ માત્ર અહિં બસ છે.

એમનું ઘણુંખરૂ જીવન પત્રકારિત્વમાં વ્યતિત થયું હતું. એટલે લખવા-ની હથોટી એમના હાથે બેસી ગઈ હતી અને એમની લેખનશૈલી સરળ અને ઘરગથ્થુ પણ એવી અસરકારક નિવડતી કે તેનું વાંચન રસમય થઇ પડતું અને તે લખાણની વાંચકપર સબળ છાપ પડતી હતી.

ચાલુ સાહિત્ય પ્રવાહથી આમ તેઓ પ્રથમથી સંસર્ગમાં હતા અને લેખન વાંચનનો મૂળથી શોખ, તેથી ગુજરાતી કોશનું સંપાદન કામ તેમને સાહજિક અને અનુકૂળ થઈ પડયું હતું.

સ્વર્ગસ્થ લાલશંકરનો ઇરાદો મ્હોટા કોશ પાછળ રહેલી અનેક મુશ્કેલીઓ ધ્યાનમાં લઇને, ગુજરાતી ભાષાનો એક શાળોપયોગી કોશ, ઉપર જણાવ્યું તેમ, તૈયાર કરાવવાનો હતો એટલે તેની સાધનસામગ્રી અને તૈયારી સર્વે મર્યાદિત હતાં.

કોશ જેવા ભગીરથ કાર્ય માટે એક માણસ તો શું પણ કોટીબંધ વિદ્વાનો ઓછા પડે! તેમ તે કાર્ય માટે પુષ્કળ નાણું ખર્ચવું જોઈએ.

નાણાંનો સંકોચ, સાધન અને સહાયકર્તાઓની ઉણપ એ વસ્તુસ્થિતિ વિચારીને શ્રીયુત લાલશંકરભાઇએ તે કાળે ગુજરાતી શાળોપયોગી કોશ કાઢવાનો વચલો પણ સલામત અને સરળ માર્ગ ગ્રહણ કર્યો હતો, એ ડહાપણભર્યું પગલું હતું અને તે પગલું અનુભવપરથી લેવાયું હતું.

ગુજરાતી શબ્દસંગ્રહની પ્રતો અમાઉં ગુજરાતી વિદ્વાનોને મોકલી સૂચનાઓ મંગાવી હતી ત્યારે "બહુજ થોડી અને એકબીજાથી વિરૂદ્ધ પડતી સૂચનાઓ આવી હતી" અને ગુજરાતી સ્વર વિભાગની નકલો અભિપ્રાય માટે મોકલી અપાતાં, એવોજ કડવો અનુભવ પ્રાપ્ત થયો હતો.

સ્વર વિભાગની પ્રતો જે અભિપ્રાય માટે મોકલી અપાય તેમાં સુધારાવધારા કે ફેરફાર સૂચવવાનું લેખકને સવડભર્યું થઈ પડે તે કારણે તે ભાગ એક જ કોલમમાં છાપી તેની ડાબી માર્જિન કોરી રાખી હતી, અને તેની લગત નીચે મુજબ પત્ર લખી મોકલવામાં આવ્યો હતો:

ગુજરાત વર્નાક્યુલર સોસાઈટી,
અમદાવાદ.

રા. રા. ________________________

મુકામ ____________

ગુજરાત વર્નાક્યુલર સોસાઈટીના ઓનરરી સેક્રેટરીની સલામ વિ. વિ. કે આજરોજ જુદા બુકપોસ્ટથી સોસાઇટી તરફથી તૈયાર થતા ગુજરાતી ભાષાના કોષના 'સ્વર વિભાગ'ની **પ્રુફ કોપી** મોકલી છે અને તેમાં સુધારા વધારા કે ઉમેરા કરવા સૂચવવાનું ફાવે તે સારૂ અડધી બાજુ કોરી રાખી છે. આપને જે સૂચનાઓ અને ફેરફાર કે સુધારા વધારા કરવા ઈષ્ટ જણાતા હોય તે આપની અનુકૂળતાએ જેમ બને તેમ જલ્દી મોકલી આપવાને વિનંતિ છે. તમામ સૂચનાઓ આવ્યા બાદ તે ઉપર ઘટતું ધ્યાન આપીને નવેસરથી કોશનું કામ ચાલશે તે આપને વિદિત થાય.

જે સૂચનાઓ કે સુધારા વધારા સૌથી પહેલા સોસાઇટીને મળશે તે બદલ કમિટીને યોગ્ય જણાય તે પારિતોષિક આપવામાં આવશે.

લી૦

લાલશંકર ઉમિયાશંકર

ઓનરરી સેક્રેટરી.

લાલશંકરભાઈ એટલે વ્યવહાર કાર્યદક્ષ પુરુષ; અને એમની પ્રકૃતિ એવી ચિવટભરી કે એકવાર ચિંતવ્યું કાર્ય તે પાર ઉતારે ત્યારે તેએ જંપે અને સંતોષ પામે.

ગુજરાતી કોશ સંપૂર્ણ થયલો જોવાને તેઓ જીવ્યા નહિ; પણ સ્વર-વિભાગ જોઇને એમને આનંદ થયો હતો.

તે વિષે અનેક દૃષ્ટિએ સૂચનાઓ લખાઈ આવે એ આશયથી સ્વર વિભાગની પ્રતો ગુજરાતી ભાષાના અભ્યાસીઓને અને ગુજરાતી પત્રો તેમજ માસિકોના તંત્રીઓને એમણે છૂટથી મોકલી આપી હતી; પણ પાંચ છ વિદ્વાનોએ જ તે પ્રત સુધારીને પાછી મોકલવા મહેરબાની કરી હતી.

તે પછી કોશનું કામ પૂર્વવત્ જે જૂજજાજ સૂચનાઓ લખાઇ આવી તે લક્ષમાં લઇને, ચાલુ રાખવામાં આવ્યું હતું.

તે કોશ કેવી રીતે તૈયાર થતો તેની હકીકત કંઇક ઉપયોગી થશે એમ સમજીને આંહી આપીએ છીએ.

શ્રીયુત મણિલાલ પ્રથમ તો જે અક્ષર લેવાનો હોય તેના મળી આવે તેટલા શબ્દો એક કોરી નોટબુકમાં ઉતારી લેતા. સોસાઇટીનો શબ્દ સંગ્રહ તેની ભૂમિકારૂપ રહેતો; તે પછી નર્મકોશ, રાણીનાનો કોશ, બેલસરેનો કોશ, લલ્લુભાઇ પટેલનો કોશ એ સર્વ કોશનાં પુસ્તકો તેઓ તપાસી જતા અને પોતાના વાચનમાં જે શબ્દો આવ્યા હોય તે નોંધી, કાચું ખોખું તયાર કરતા. તે પછી શબ્દોના અર્થ લખતા અને તે અર્થો યથાશક્તિ જેટલા સૂઝી આવે તેટલા આપતા હતા.

શબ્દોની વ્યુત્પત્તિનું કામ મૂળે કઠિન છે; અને તે કામ એકલે હાથે બરોબર થઇ ન શકે એ દેખીતું છે. તે કાર્ય સારૂ જુદી જુદી ભાષાના વિદ્વાનોનો સહકાર અને મદદ જરૂરનાં છે. તે કાર્ય એક વ્યક્તિને નહિ પણ વિદ્વાનોના જુથ–સંઘને સુલભ હોઈ શકે.

બીજું જે તે શબ્દોના અર્થો–ક્રમસર, તેના અર્થમાં થતા જતા ફેરફાર સાથે, સૈકાવાર, ઉદાહરણ સહિત અપાય એજ અગત્યનું અને એજ ધોરણ સર્વગ્રાહ્ય અને પ્રમાણભૂત થઇ પડે.

પણ તે માટે ઘણી ઘણી તયારીઓ આપણે હજુ કરવાની છે. ઓક્ષફર્ડ ન્યુ ઇંગ્લિશ ડિક્ષનેરી આપણા આદર્શરૂપ કોશ ગ્રંથ રહે. એવો ગુજરાતી કોશ તૈયાર થવા માટે એકલું પુષ્કળ નાણું જ નહિ પણ મોટી સંખ્યામાં વિદ્વાનોએ એકત્ર મળીને પ્રયાસ કરવો જોઇએ છીએ. એમાંની કેટલીક વસ્તુ સાધ્ય છે. પણ તે કાર્ય સહકાર વડે થઇ શકે એમ છે.



મણિલાલ છબારામ ભટ્ટ



વિશ્વનાથ મગનલાલ ભટ્ટ

(પૃ. ૨૪)

અંબાલાલ બુલાખીરામ જાની

રામલાલ ચુનીલાલ મોદી

(પૃ. ૬૪)

ગુજરાતી ભાષાનો કોશ આઠ ભાગમાં સોસાઇટીએ છપાવ્યો છે, તે શાળા ઉપયોગી હોવા છતાં સંપૂર્ણ છે એવો તેના પ્રયોજક વા પ્રકાશકો કોઈ પણ દાવો કરતા નથી. તે દોષવાળો છે; એટલુંજ નહિ પણ તેમાં પુનરુક્તિના દોષો, ભૂલો, અપૂર્ણતા વગેરે ખામીઓ છે અને તેથી તે દૂર કરવા સોસાઇટીએ એ કોશના રિવિઝનનું-સુધારણાનું કામ ફરી આરંભેલું છે.

ઉપરોક્ત કોશ પરત્વે એટલું કહેવું પ્રાપ્ત થાય છે કે શ્રીયુત મણિલાલ છબારામ ભટ્ટ, એકલે હાથે, મર્યાદિત સાધનો વડે, બહારના સહકાર વિના, જે કાર્ય યથાશક્તિ અને યથામતિ કર્યું છે તે જરૂર અભિનંદનને પાત્ર છે; અને એ અભિપ્રાય સાથે, અમારૂં માનવું છે કે, એ વિષયમાં જે કોઇએ થોડુંઘણું કાર્ય કર્યું છે કે કરે છે, તે સૌ સંમત થશે.

સોસાઈટીના પ્રમુખપદે દી. બા. કેશવલાલભાઇ નિમાયા પછી કોશનો પ્રશ્ન તુરતજ એમણે હાથ ધર્યો હતો. એક સારા ગુજરાતી કોશની ઉણપ લાંબા સમયથી એમને સાલ્યા કરે છે એટલુંજ નહિ પણ તે માટે તેઓ સતત્ ચિંતન કર્યા કરે છે.

પ્રથમ એ પ્રશ્ન મેનેજીંગ કમિટીમાં રજુ થયો અને યોગ્ય ભલામણો થઇ આવવા તે પ્રશ્ન સોસાઈટીની બુક-કમિટીને સોંપાયો હતો. બુક-કમિટીએ તે કાર્ય કેવી રીતે કરવું એ વિષે વિગતવાર રીપોર્ટ તૈયાર કર્યો તે નીચે ઉતારવામાં આવે છે; તે પરથી એ આખાય કાર્યની કાચી રૂપરેખા નજરમાં આવશે.

બુક કમિટીનો રીપોર્ટ

બુક કમિટીની એક બેઠક તા. ૫ મી નવેંબર સન ૧૯૨૯ને સોમવારને દિવસે સાંજના ૪॥ વાગે સોસાઇટીની ઑફીસમાં મળી હતી. તે વખતે નીચેના સભ્યો હાજર હતા અને નીચે મુજબ નિર્ણય મેનેજીંગ કમિટીમાં રજુ કરવા થયો હતો.

હાજર

રા. બ. કેશવલાલ હર્ષદરાય ધ્રુવ
રા. બ. રમણભાઈ મહીપતરામ નીલકંઠ
મિ. કેખુશરૂ અરદેશર બાલા
રા. રા. ડાહ્યાભાઇ પીતાંબરદાસ દેરાસરી
રા. રા. કૃષ્ણલાલ નરસીલાલ દેશાઇ
પ્રિન્સિપાલ આણંદશંકર બાપુભાઇ ધ્રુવ

ઠરાવ

સોસાઇટી તરફથી તૈયાર થતો ગુજરાતી ભાષાનો કોશ સંપૂર્ણ રચાઇ પ્રસિદ્ધ થયો છે. કોષની પ્રતો લાઇફ મેમ્બરોને ભેટ આપવા પૂરતીજ છપાવવામાં આવતી હતી, અને તેની બધી યોજના અને વ્યવસ્થા કામચલાઉ હતાં. હાલમાં તે કોશ માટે બહારથી પુષ્કળ માગણી થાય છે. શાસ્ત્રીય અને ઐતિહાસિક દૃષ્ટિએ ગુજરાતી ભાષાનો કોશ તૈયાર કરવાને ઘણો વખત જોઇશે, છતાં સોસાઇટી પાસે જે સાહિત્યસામગ્રી તયાર છે, તે પરથી એક વિશ્વાસપાત્ર, ચોક્કસ, અને તેટલો સંપૂર્ણ, શાળોપયોગી કોશ, જૂની આવૃત્તિ, જે હાલ પૂરી થઇ છે તે પરથી સુધારા વધારા અને ઉમેરા સાથે એક નવી આવૃત્તિ રૂપે સોસાઇટી તરફથી તૈયાર કરાવી બહાર પાડવી.

(૨) રા. બ. કેશવલાલ ધ્રુવે આ નવી આવૃત્તિનું સામાન્ય તંત્રીપદ સ્વીકારવા ઇચ્છા પ્રદર્શિત કરી છે તે બદલ કમિટી તેમનો અંતઃકરણપૂર્વક ઉપકાર માને છે.

(૩) તે સંબંધમાં કેટલીક માર્ગદર્શક નોંધ અહિં રજુ કરવામાં આવે છેઃ—

(अ) પ્રસ્તુત આવૃત્તિમાં લગભગ બધા પ્રચલિત શબ્દોનો સમાવેશ થઇ જાય તે માટે સંવત્ અઢારમા શતકથી આપણા શિષ્ટ અને પ્રસિદ્ધ કવિઓ અને લેખકોના ગ્રંથો ફરી વંચાવી તેમાંથી શબ્દ સંગ્રહ તૈયાર કરાવવો, અને તે બદલ કામ કરનારને યોગ્ય જણાય તે પારિતોષિક આપવું.

(ब) પ્રસ્તુત કોશની જોડણી બહુધા સાહિત્ય પરિષદે નોંધેલા ધોરણને અનુસરીને કરવી.

(क) જે જે શબ્દોની વ્યુત્પત્તિ ચોક્કસ માલુમ પડે તેની જુદી નોંધ કરી લેવી.

(ड) શબ્દોનો ક્રમ સંસ્કૃત કોશોને અનુસરીને રાખવો.

(इ) જે તે જરૂરી શબ્દોના ઉચ્ચાર દાખલ કરવા યોગ્ય લાગે ત્યાં કરવા.

(फ) યોગ્ય સ્થળે અર્થદર્શક ઉતારા (કોટેશન) કરવા.

(जी) સામાન્ય તંત્રીને મદદ માટે કામપુરતા રેફરન્સ પુસ્તકો ને કોશો વગેરે જે સાહિત્ય માગે તે મંગાવી આપવું.

(ए) વિચાર, સલાહ અને અભિપ્રાય માટે મદદરૂપ થાય એવા મંડળો, સ્થાનિક અને સામાન્ય નીમવાં; અને તેમાંના સભ્યોને જરૂર પડે તો યોગ્ય પારિતોષિક પણ આપવું.

સ્થાનિક મંડળો માટે નીચેનાં નામો સૂચવવામાં આવેલાં છે.

(૧) મી. બુરાનુદ્દિન અબ્દુલ્લામિયાં કુરેશી.

(૨) મી. અમીરૂદ્દીન હમદુમિયાં ફારૂકી.

(૩) મુનિશ્રી જિનવિજયજી.

(૪) પ્રો. વીરમિત્ર ભીમરાવ દીવેટીઆ.

(૫) શ્રીયુત ખરે, સંગીત શાસ્ત્રી સત્યાગ્રહ આશ્રમ.

(आइ) સામાન્ય તંત્રીને તે જણાવે તે પ્રમાણે પગારદાર લેખક સ્ટાફ આપવો.

(जे) જ્યાં જ્યાં ગુજરાતી વ્યાકરણને લગતા અવ્યય, શબ્દ પ્રયોગ વગેરે મળી આવે તેનું એક ટાંચણ કરવું.

રમણભાઈ મહીપતરામ નીલકંઠ
ઑન. સેક્રેટરી

દી. બા. કેશવલાલભાઇએ કોશનું કામ પ્રસ્તુત રીપોર્ટ મેનેજીંગ કમિટીમાં મંજુર થતાં, ઉલટ અને ખંતથી ઉપાડી લીધું હતું. બહારની મદદ એમને ઝાઝી મળી નહિ પણ આપ બળ પર અને પોતાની પાસેની સાધન તૈયારી પર અવલંબી **प** અક્ષર એમણે પૂરો કર્યો અને તે છપાવ્યો પણ ખરો. તેની પ્રતો કેટલેક સ્થળે સૂચના અને અભિપ્રાય સારૂ મોકલી અપાઇ પણ તેનો પ્રોત્સાહક ઉત્તર મળ્યો નહિ. તેમ છતાં દી. બા. કેશવલાલ એ કામમાં વળગ્યા રહ્યા અને સ્વર વિભાગના પ્રથમ **अ, आ** અને **इ**, એ ત્રણ અક્ષરોની પ્રેસ કૉપી તૈયાર કરી હતી. તે પછી આંખે મોતીઓ ઉતરવા માંડયાથી તેમજ કૉલેજના અધ્યાપક તરીકે વધુ સમય આપવો પડતો હોવાથી તે કામ, બીજી કોઈ સગવડભરી વ્યવસ્થા થતા સુધી મુલતવી રાખ્યું; જે સ્થિતિમાં તે હજુ પડેલું છે.

એ ધોરણે આખોય કોશ સુધારવાની એઓ ઉમેદ રાખે છે. અમે ઇચ્છીએ છીએ કે પ્રભુ એમની એ ઉમેદ પાર પાડો; જો કે **प** અને સ્વરના ત્રણ અક્ષર તૈયાર કરી આપીને ક્યા ધોરણે અને કેવી રીતે તે

કામ આગળ કરવું તે માર્ગ દી. બા. કેશવલાલભાઇએ સરળ અને સ્પષ્ટ કરી મૂક્યો છે.

ઉપર જણાવ્યા પ્રમાણે કોશ સુધારણાનું કામ ચાલતું હતું તે સમયે કૉલેજમાં એમને 'નંદશંકરનું જીવનચરિત્ર' શિખવવાનું ચાલતું હતું. એમાં આવતા ઉર્દુ અને ફારસી શબ્દોના બરોબર અર્થ સમજવા તેઓ પ્રસંગોપાત્ પ્રેમચંદ રાયચંદ ટ્રેનિંગ કૉલેજના રીટાયર્ડ શિક્ષક મી. અમીરમીઆં હમદુમીઆં ફારૂકીને બોલાવતા હતા. મી. ફારૂકીને શબ્દકોષનો શોખ હતો. કેટલાક વખત સુધી 'ગુજરાત શાળાપત્ર'માં એમણે ગુજરાતી-માં વપરાતા ફારસી અરબ્બી શબ્દોનો સંગ્રહ પ્રગટ કર્યો હતો. દી. બા. કેશવલાલભાઇએ એ વખતે ૫ અક્ષરનું સંપાદન કાર્ય આરંભેલું હતું તેથી તેમને ૫ અક્ષરવાળા શબ્દો એકઠા કરી આપવાનું સુચવ્યું; તે સારૂ કેટલાક ગુજરાતી પુસ્તકો ફરી વાંચી જવાની એમને ભલામણ કરી અને એ વિષયની ચર્ચામાંથી ફારસી અરબ્બી ગુજરાતી કોશની યોજના ઉદ્ભવી હતી.

એ કોશ સોસાઇટીએ બે વિભાગમાં છપાવ્યો હતો. તેમાં મૂળ શબ્દો આપવા ખાસ કાળજી રખાઈ હતી. ગુજરાતી કોશમાં સુધારણાની પ્રવૃત્તિના અંગે આપણને આમ અનાયાસ એક સારો ફારસી અરબ્બી કોશ પ્રાપ્ત થયો છે અને તે સેવા સારૂ આપણે ગુજરાતીઓએ મી. ફારૂકીને ઉપકાર માનવાનો છે.

ગુજરાતી શબ્દકોશનું કામ પૂરૂં થયું તે વખતે એ કોશની પ્રવૃત્તિ આગળ ચાલુ રાખવા નર્મ કથાકોશ જેવો એક નવો કથાકોશ તૈયાર કરાવવાનો વિચાર સોસાઇટીના કાર્યકર્તાઓને સ્ફૂર્યો હતો; અને અભ્યાસીઓ તરફથી એવા એક સારા કોશની માગણી પણ થતી હતી. દી. બા. કેશવલાલભાઈની સલાહ પૂછતાં, એ કાર્યમાં રહેલી મુશ્કેલીઓનો ખ્યાલ આપી, મૂળ સંસ્કૃત સાધનોનો શાસ્ત્રીય અને ઐતિહાસિક ધોરણે ઉપયોગ કરી જાણનાર યોગ્ય માણસ મળશે કે કેમ એ વિષે એમણે શંકા દર્શાવી, એટલે એ વિષય આગળ વધ્યો નહોતો.

દરમિયાન રા. ડાહ્યાભાઈ પીતાંબરદાસ દેરાસરીના હાથમાં ઘણાં વર્ષોપર જોયલો અને વાંચેલો પ્રાચીન ઐ તહાસિક કોશ મરાઠીમાં લખેલો આવ્યો; અને તેમને તે ગુજરાતીમાં ઉતારવાનું મન થઇ આવ્યું.

શ્રીયુત ડાહ્યાભાઈ બહુશ્રુત વિદ્વાન છે; સારા કવિ છે. એમના 'બુલબુલ' કાવ્યે કોને મુગ્ધ કર્યા નથી? તેમ એક સાહિત્યકાર તરીકે

એમણે સારી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરેલી છે. એમણે સંપાદન કરેલું "કહાન્ડદે પ્રબંધ" કાવ્ય તો જુની ગુજરાતીનો એક સુંદર નમુનો છે અને એક ઐતિહાસિક કાવ્ય તરીકે તેનું મૂલ્ય મ્હોટું છે. તે એક પાઠ્ય પુસ્તક તરીકે વંચાય છે. એમની વિદ્વત્તાથી સુપરિચિત છે અને એમની લેખનશલીની વિશિષ્ટતા એ છે કે ગમે તેવા શુષ્ક વિષયને પણ તેઓ રસિક અને સરળ કરી શકે છે.

પ્રસ્તુત 'પૈરાણિક કોશ' એ કાંઇ મૂળ મરાઠી ગ્રંથની નકલ નથી; પણ બહોળા સુધારા વધારાવાળું એક નવું પુસ્તક છે. એ વિષે તેઓ જણાવે છે:—

'આ કોશ કેવળ ભાષાન્તર નથી; તેમાં ઠેકાણે ઠેકાણે ઇષ્ટ ફેરફાર અને ઉમેરણ કરવામાં આવ્યું છે. ભાષા ગુજરાતી વાચકવૃંદને સુરૂચિકર થાય એમ રસભર કરવા તરફ ખાસ લક્ષ રાખ્યું છે. એ કોશમાં ન આપેલાં એવાં પુષ્કળ અવતરણો મૂળ સંસ્કૃત ગ્રંથોમાંથી આ કોશમાં દાખલ કર્યા છે. એ બધાની સાથે કોશના વસ્તુને વિસ્તૃત કર્યું છે. ઓઠા તરીકે લીધેલા કોશમાં માત્ર ૬૧૨૧ વ્યક્તિઓની હકીકત આપેલી છે. તેની જગાએ આ કોષમાં ૧૦૭૯૯ વ્યક્તિઓની હકીકત આપી છે, એટલે વસ્તુ પરત્વે ગ્રન્થ લગભગ બમણો બન્યો છે, એટલું જ નહિ પણ ઘણી અગ્રગણ્ય વ્યક્તિઓની હકીકતમાં ઓર વધારો કર્યો છે. ગ્રન્થ છપાઇ ગયા પછી પણ ભાગવત વગેરે અન્ય સ્થળેથી વધારે વ્યક્તિયોનો ઇતિહાસ આપવાની લાલસા થઇ આવતાં વધારાના શબ્દો નવ ફરમાની પુરવણીમાં સંગ્રહ્યા છે. ટુંકામાં ગ્રંથને પરિપૂર્ણ કરવા તરફ બનતું કર્યું છે. આવા ગ્રન્થો કાંઈ કાવ્ય કે નવલકથાની પેઠે વાચન તરીકે સાદ્યન્ત વંચાતા નથી. ઉપયોગી અને જરૂરની હકીકત સારૂ ખપનું હોય તેટલુંજ વંચાય છતાં ફુરસદની વખતે વાંચન તરીકે વાંચી શકાય એવી રીતે ઘણાં ચરિત્રો તૈયાર કરવા તરફ ખાસ લક્ષ આપ્યું છે. આશા છે કે એમ છૂટક છૂટક વાંચીને પણ વાંચકવૃંદ આનંદ મેળવશે.''*

પૈરાણિક કથાકોશનો થોડોક ભાગ તૈયાર કરીને શ્રીયુત ડાહ્યાભાઇએ સોસાઇટીને પ્રસિદ્ધિ માટે મોકલી આપ્યો. તે કાર્ય પસંદ પડવાનો પ્રશ્ન નહોતો. શ્રીયુત ડાહ્યાભાઈ જેવા સંસ્કારી અભ્યાસીએ તે કામ કર્યું હતું; અને તેની અગત્ય વિષે બે મત નહોતો એટલે તેનું પ્રકાશન તુરતજ શરૂ કરવા ઠરાવ થયો હતો. આમ એ પુસ્તક લાંબા સમયની ખોટ પૂરી પાડે છે,

* પૈરાણિક કથા કોશ, પૃ. ૧૦-૧૧.

એટલું જ નહિ પણ એક રેફરન્સ પુસ્તક તરીકે સાહિત્યના અભ્યાસીઓને તે બહુ ઉપકારક ગ્રંથ થઈ પડશે.

વિજ્ઞાનની પરિભાષાનો પ્રશ્ન લેખક અને વાંચકને લાંબા કાળથી મુંઝવે છે. સાહિત્ય, ઈતિહાસ, અર્થશાસ્ત્ર, માનસશાસ્ત્ર, તત્વજ્ઞાન વગેરે વિષયોમાં આવતા ઇંગ્રેજી શબ્દોના અર્થ ગુજરાતીમાં ઉતારવાનું કાર્ય ઓછી વિટંબણાભર્યું નથી. જુદા જુદા લેખકોએ, પ્રસંગોપાત્ લેખ લખતા જે અઘરા શબ્દો માલુમ પડેલા તેના અર્થવાહક પર્યાય શબ્દો યોજેલા; અને તેમાંનાં થોડાક ચલણી સિક્કાની પેઠે ગ્રાહ્ય થઇ પ્રચારમાં પણ આવ્યા છે. જ્યારે કેટલાક અણુવપરાયલા લખાણમાં ઢંકાઈ રહ્યા છે. શ્રીયુત વિશ્વનાથ મગનલાલ ભટ્ટ ઑનર્સ ગ્રેજ્યુએટ છે; ઇંગ્રેજી અને ગુજરાતી સાહિત્યના સારા અને માર્મિક અભ્યાસી છે, અને આપણું ગદ્ય સાહિત્ય બહુ ઝીણ- અને વિવેચકની દૃષ્ટિએ વાંચ્યું વિચાર્યું છે, તેમને એ વાચન દરમિયાન જે જે ઇંગ્રેજી શબ્દોના અર્થ ગુજરાતીમાં નવા વપરાયલા જોવામાં આવ્યા તેની નોંધ કરી, નમુના દાખલ કેટલાક શબ્દો "વસન્ત"માં પ્રસિદ્ધ થવા મોકલ્યા હતા. એ લેખ પ્રસિદ્ધ થતા, એ શબ્દ સંગ્રહની ઉપયોગિતા તરફ સૌનું લક્ષ ગયું હતું અને તંત્રી મહાશયે પણ તેની અગત્ય પર ભાર મૂક્યો હતો. તે શબ્દ સંગ્રહ સોસાઈટીએ પ્રગટ કરવો જોઇએ એવો વિચાર સ્ફૂરી આવતા અમે શ્રીયુત વિશ્વનાથને તે સંગ્રહ સોસાઇટી પર મોકલી આપવા સૂચના કરી અને કમિટી સમક્ષ તે કામ રજુ થતાં, તે સંગ્રહ પુસ્તકરૂપે છપાવવાનો નિર્ણય થયો હતો.+

શ્રીયુત વિશ્વનાથે એ કોશની પ્રસ્તાવનામાં આ પ્રકારના કોશ વિષે ચિંતનભર્યું વિવેચન કર્યું છે, તેમાંથી સદરહુ કોશની સંકલના પુરતો ભાગ અહીં ઉતારીએ છીએઃ—

+ વૈજ્ઞાનિક પારિભાષિક કોશનો પ્રારંભ આપણે અહિં પહેલવહેલો સ્વર્ગસ્થ પ્રો. ત્રિભુવનદાસ કલ્યાણદાસ ગજ્જરે તે સમયે વડોદરા કલાભુવનના પ્રિન્સિપાલ હતા-કર્યો હતો અને તે કાર્ય સારૂ ઘણી સાધન સામગ્રી એકઠી કરી હતી.

અમારા સાંભળવા પ્રમાણે તે પારિભાષિક કોશની બાંધેલી લખેલી ચોપડીઓ ભાષાંતર ખાતાના દફતરમાં પડેલી છે.

રાજ્ય તરફથી એક વૈજ્ઞાનિક પારિભાષિક કોશની બારેક વર્ષ ઉપર બહાર પડયો હતો તેની નવી આવૃત્તિ ઉપરોક્ત લખાણનો ઉપયોગ કરી, સુધારા વધારા સહિત બહાર પાડવામાં આવે છે તે ખાસ ઈચ્છવા યોગ્ય છે.

"અંગ્રેજીદ્વારા પાશ્ચાત્ય સાહિત્ય સંસ્કૃતિના સંસર્ગમાં આવતાં જે અનેક વસ્તુઓ, રીતભાતો, સંસ્થાઓ, ભાવનાઓ આદિ નવીન પદાર્થોનો પરિચય થયો છે તેને માટે યથાર્થ પદો તો ગુજરાતીમાં શોધ્યાં પણ જડતાં નથી. આથી માતૃભાષા પરત્વે તો આપણા મોટા ભાગના શિક્ષિત વર્ગની દશા મૂંગાને સ્વપ્ન થયું હોય એવી લાચાર બની ગઈ છે ને તેમાંનો જે નાનો ભાગ આ પરિસ્થિતિથી પર થઇને ભાષાન્તર, સાર લેખન કે સ્વતંત્ર ચર્ચા માટે પશ્ચિમનું જ્ઞાન આપણી ભાષામાં ઉતારવા મથે છે તેમના માર્ગમાં આવા પારિભાષિક શબ્દો પદે પદે મોટી મુશ્કેલી ઉભી કરે છે. એટલે કોઇ વ્યક્તિ અંગ્રેજી મારફતે અમુક વિષયનો પાર પામેલ હોય ને ગુજરાતીમાં પોતાનું એ રીતે મેળવેલું જ્ઞાન ઠાલવવાની ઇચ્છા પણ હોય છતાં, કેવળ આવા પારિભાષિક શબ્દોની મુશ્કેલીને કારણે હાથ જોડી બેસી રહેવું પડે, એવા પ્રસંગો પણ આપણા દેશની વિદ્વત્તાના ઇતિહાસમાં વિરલ નથી. તેથી પરિભાષા વિષયની આ મુંઝવણ ટાળવા માટે આ પ્રકારના સઘળા અંગ્રેજી શબ્દો એકઠા કરી તે દરેકને માટે અર્થવાહક પર્યાયો ગુજરાતીમાં યોજી એક સંગ્રહ પ્રકટ કરવાની લાંબા વખતથી અગત્ય જણાઈ છે. આ અગત્યને પૂરી પાડવાનો આ કોશ એ એક યતકિંચિત યત્ન છે. આમાં એવા સંગ્રહ કરતાં ભિન્નતા એટલી છે કે આમાંના પ્રતિ-શબ્દો કોઇ એકજ વ્યક્તિએ યોજેલા નથી તેમ એકી સપાટે પણ યોજેલા નથી, પરંતુ આખા ગુજરાતના છેલ્લાં પોણોસો વરસ જેટલા ગાળાના જુદા જુદા પ્રતિષ્ઠિત લેખકોએ પોતપોતાનાં લખાણમાં જરૂર પડતાં જે જે પર્યાયો પ્રસંગોપાત્ યોજેલા તે સઘળા તેમની કૃતિઓમાંથી તારવી આંહી એકઠા કરવા યત્ન કર્યો છે. આ યોજનામાં બે લાભ રહ્યા છે. એક તો એ કે એક જ વ્યક્તિ, મંડળ, કે સંસ્થા ઘડતરમાં જે મનસ્વિતા, અવિવિધતા, જડતા કે તરંગીપણું આવી જવાનો ભય રહે છે તેને માટે આમાં અવકાશ નથી, ને બીજો એ કે એક કરતાં વધુ લેખકોના પર્યાયો સાથોસાથ મુકેલા હોવાથી વિવેકપૂર્વક પસંદગી કરવાનું બહોળું ક્ષેત્ર ખુલ્લું રહે છે. એટલે એક રીતે આ કોશ ગુજરાતી પર્યાયોનો સંગ્રહ તેમ ઇતિહાસ ઉભય છે, ને તેથી પરિભાષા રસિકોને તે બેવડી રીતે ઉપયોગી થઈ પડશે એવી આશા છે."*

આ કોશની મહત્તા ઉપર દર્શાવ્યા પ્રમાણે એ છે કે એમાં સંગ્રહેલા

* પારિભાષિક કોશ, પ્રસ્તાવના, પૃ. ૩–૪.

પર્યાય શબ્દો જે તે જાણીતા લેખકના ગ્રંથ કે લેખમાંથી ઉદ્દધૃત કરેલા છે; અમે તેમ નવા શબ્દો એક હસ્તના યોજીને ભરણું કરવામાં આવ્યું નથી.

શ્રીમંત મહારાજા સર શયાજીરાવને સદરહુ પારિભાષિક કોશ સાદર કરતાં એઓશ્રીએ એજ મુદ્દા પર ખુલાસો ઇચ્છિયો હતો કે પર્યાય શબ્દોની પસંદગી કેવી રીતે કરવામાં આવી છે; તદ્દન નવા પર્યાય શબ્દો યોજીને કે તે વર્તમાન સાહિત્યમાંથી સંગ્રહીને ? અને તે સંબંધી સમજુતિ આપતાં, તેમાંના ધોરણ પ્રતિ મહારાજા સાહેબે પોતાની પ્રસન્નતા દર્શાવી હતી.

પારિભાષિક કોશનું કામ વિષયવાર હાથ ધરાય એવી વ્યવસ્થા કરવાની યોજના વિચારવામાં આવી હતી અને તે ધોરણે આગળ કામ ચાલુ રાખવા શ્રીયુત વિશ્વનાથભાઇને સૂચના કરવામાં આવી હતી; પણ કેટલીક અંગત અને વ્યવહારૂ અડચણોને લઇને તે વિષે હજુ કાંઇ ચોક્કસ નિર્ણય પર આવવાનું બની શકયું નથી; પણ એ યોજના વિચારાતાં ગુજરાતી પર્યાય શબ્દોનો સંગ્રહ તયાર કરાવવાનું નક્કી થયું હતું. સુભાગ્યે, એ વિષયમાં રસ લેતા ભાદરણનિવાસી શ્રીયુત ચતુરભાઇ પુરુષોત્તમભાઈ પટેલે એ કાર્ય કરી આપવાની તત્પરતા બતાવી.

'બુદ્ધિપ્રકાશ'માં "નાનાર્થ શબ્દો" એ શિર્ષક હેઠળ એ વિષેનું એમનું લખાણ વખતોવખત પ્રકટ થયેલું છે. તેઓ ગ્રેજ્યુએટ છે; અપભ્રંશ અને જુની ગુજરાતીનો સારો અભ્યાસ ધરાવે છે અને ગોધરા સાહિત્ય સભા તરફથી 'જુની ગુજરાતી' પર હરિફાઈ નિબંધ મંગાવવામાં આવ્યો હતો તેમાં એમનો નિબંધ ઇનામને પાત્ર જણાયો હતો.

આવો શબ્દ સંગ્રહ "શબ્દાર્થ ભેદ" એ નામથી સન ૧૮૯૪ માં સ્વર્ગસ્થ લલ્લુભાઇ પ્રાણવલ્લભદાસે બહાર પાડયો હતો. તે પછી એ જાતના પુસ્તકની જરૂર બહુ વધી પડેલી છે.

ઇંગ્રેજના લેખક વાચકને રૉજેટનો થીસારસ, (Roget's Thesaurus) નામનો શબ્દકોશ કાયમ ઉપયોગનો થઇ પડયો છે.

આ નવો પર્યાય કોશ તે ધોરણે તૈયાર થાય તો ગુજરાતી ભાષાના અભ્યાસી અને લેખકને તે બેશક ઘણો ઉપકારક થઇ પડે.

પ્રકરણ ૩

ઇતિહાસ-ગ્રંથો

" Reflection on history must be accompanied, then, by reflection on all life, in order that we may hear and hearing understand, what Confucius calls the threefold thread of time:—

Threefold is of time the tread,
Lingering comes the future pacing hither;
Dart-like is the now gone thither,
Stands the past age moveless, foot and head."

Hilda D. Oakelay.
(History & Progress).

છેલ્લાં પચીશ વર્ષમાં સોસાઈટીએ એકંદર ૧૫૭ પુસ્તકો પ્રસિદ્ધ કર્યા છે; તેમાં ઇતિહાસ ગ્રંથો મોટી સંખ્યામાં મળી આવે છે અને તે પુસ્તકો વિવિધ પ્રકારનાં તેમ ગુજરાતી વાચકોને રસ પડે અને આનંદ આપે એવાં છે. તેની પસંદગીમાં હિન્દુસ્તાનના ઇતિહાસને પ્રથમ સ્થાન મળેલું છે અને એ સઘળાં પુસ્તકો, અમારૂં નમ્રપણે માનવું છે કે, હિન્દના પ્રાચીન અને અર્વાચીન ઇતિહાસ વિષે વિશ્વસનીય તેમ સવિસ્તર વૃત્તાંત પૂરો પાડે છે.

પ્રાચીન ઐતિહાસિક પુસ્તકોમાં બિલ્હણકૃત વિક્રમાંકદેવ ચરિત્ર એક મહત્વનું પુસ્તક છે. એમાં દક્ષિણના ચૌલુક્ય રાજાઓનો ઇતિહાસ ગુંથેલો છે. સોસાઈટીએ તે પૂર્વે સોમેશ્વર રચિત "કીર્તિ કૌમુદી" જેમાં ગુજરાતના વાઘેલા વંશનો ઇતિહાસ આલેખેલો છે, એ પુસ્તકનો તરજુમો છપાવ્યો હતો. તેના પછી ઉપરોક્ત પુસ્તકનો ઉમેરો થયો એ યોગ્ય થયું હતું. દક્ષિણના ચૌલુક્યો એ વિષય પર એક સ્વતંત્ર પ્રબંધ રા. બા. ગૌરીશંકર ઓઝાએ એ અરસામાં છપાવ્યો હતો. ઇતિહાસના રસિકે આ બંને પુસ્તકો–વિક્રમાંકદેવ ચરિત્ર અને ચાલુક્યનો ઇતિહાસ જોવા જેવાં છે.

સદરહુ પુસ્તકનો તરજુમો વૉટસન મ્યુઝિઅમના તે સમયના ક્યુરેટર સ્વર્ગસ્થ વલ્લભજી હરિદત્ત આચાર્યે કરી આપ્યો હતો. ઇતિહાસ અને

પુરાતત્વના વિષયમાં એ નિષ્ણાત હતા અને સંસ્કૃતના પણ સારા જ્ઞાતા હતા. આવા વિદ્વાનને હાથે આ ઐતિહાસિક ગ્રંથનું સંપાદન અને અનુવાદ થયેલાં છે, એ ગુજરાતી વાચકનું સદ્ભાગ્ય છે.

આ પુસ્તકોથી વધારે મહત્વનાં ગુજરાતમાં મુસ્લિમ સત્તાને લગતા બે પ્રમાણભૂત ગ્રંથો મિરાતે સિકંદરી અને મિરાતે એહેમદી છે અને એ બન્ને ગ્રંથોના ગુજરાતીમાં તરજુમા સોસાઈટીએ કરાવ્યા છે, એ મગરૂર થવા જેવું છે.

મિરાતે સિકંદરીમાં ગુજરાત સલતનતનો ઇતિહાસ સન ૧૪૧૨ થી સન ૧૫૨૬ સુધીનો—ગુજરાતમાં મુસ્લિમ સત્તા સ્વતંત્ર સ્થપાઈ ત્યારથી તે મહાન અકબરે તેનો અંત આણ્યો, એ વર્ષોનો—આપેલો છે અને એ વિષય પર એજ આધારભૂત પુસ્તક મનાય છે.

ફિરિસ્તા કૃત ગુજરાત વિભાગનો ગુજરાતી અનુવાદ શ્રીયુત આત્મારામ મોતીરામ દિવાનજીએ પરિષદ ભંડોળ કમિટી સારૂ કર્યો હતો, તેમની પાસે સોસાઇટીએ મિરાતે સિકંદરીનો તરજુમો કરાવ્યો હતો; તે પૂર્વે એ લેખકે બુદ્ધિપ્રકાશમાં ગુજરાતના સુલતાનો વિષે લાગટ લેખો લખ્યા હતા.

આ પુસ્તકનો ઇંગ્રેજીમાં પણ તરજુમો થયલો છે.

ગુજરાતના મુસ્લિમ ઇતિહાસનું બીજું પ્રમાણભૂત પુસ્તક મિરાતે એહેમદી છે. એ પુસ્તકની લિથો પ્રત મળતી, તે બહુ ભૂલોવાળી અને અપૂર્ણ મળતી હતી. તેનું પ્રથમ પુસ્તક અને પૂરવણી સામાન્ય રીતે જાણીતાં હતાં.

થોડાંક વર્ષો પર ગાયકવાડ ઓરિએન્ટલ ગ્રંથમાળામાં એ પુસ્તક આખું પ્રસિદ્ધ થયું હતું. તેમાંનું બીજું પુસ્તક અત્યાર સુધી બહુ જાણીતું પણ નહોતું અને તેનો ઉપયોગ પણ ઝાઝો થયલો નહતો.

બેલીએ ગુજરાતનો ઇતિહાસ ઇંગ્રેજીમાં લખેલો છે, તે સારૂ એ લેખકે મિરાતે સિકંદરી અને મિરાતે એહેમદીના પ્રથમ ભાગ પર આધાર રાખ્યો હતો; બર્ડે મિરાતે એહેમદીનો સારાંશ ઇંગ્રેજીમાં આપ્યો છે, તેમાં પણ બીજા ભાગનો ઉલ્લેખ સરખો નથી; અને મી. નિઝામુદ્દીન પઠાણે મિરાતે એહેમદીનો પંદરેક વર્ષ પર ગુજરાતી અનુવાદ છપાવ્યો હતો, તેમાં પહેલો ભાગ અને ખાતિમા—પૂરવણીનો સમાવેશ કર્યો હતો.

ઉપરોક્ત બીજો ભાગ ઉપલબ્ધ થતાં સોસાઈટીએ એ આખા ગ્રંથનો ગુજરાતીમાં તરજુમો કરાવવાનો નિર્ણય કર્યો; પણ પહેલો ભાગ અને

ખતિમાનો તરજુમો થયલો હોવાથી તુરત બીજો ભાગ હાથમાં લીધો અને તેના તરજુમાનું કામ ફારસીના સારા અભ્યાસી આપણા જાણીતા વિદ્વાન દી. બા. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરીને સોંપ્યું; જે એમણે ઇતિહાસના પ્રેમ ખાતર, સેવાવૃત્તિથી સ્વીકાર્યું હતું.

અરાઢમા સૈકાના ગુજરાતના ઇતિહાસ પર આ પુસ્તક બહુ સારો પ્રકાશ પાડે છે અને તેનું પ્રકાશન, ખરેખર મહત્વનું છે.

હિંદનો પ્રાચીન ઇતિહાસ ક્રમસર અને સળંગ લખવાનું માન સ્વર્ગસ્થ વિન્સેન્ટ સ્મિથને પ્રાપ્ત થયલું છે, જો કે ડો. સર રામકૃષ્ણ ભાંડારકરે તે પહેલાં તેની રૂપરેખા મુંબાઈ એશિયાટિક સોસાઈટીના જર્નલમાં દોરી હતી. સ્મિથના પુસ્તકની ચાર આવૃત્તિઓ થયલી છે; અને ચોથી આવૃત્તિ એમના મૃત્યુ બાદ મુંબાઈના માજી સિવિલિયન એડવર્ડસના તંત્રીપદ હેઠળ પ્રસિદ્ધ થઈ હતી. એ આવૃત્તિનો તરજુમો સોસાઈટીએ ભરૂચના જાણીતા સમાજ સેવક અને કેળવણી નિષ્ણાત શ્રીયુત છોટાલાલ બાળકૃષ્ણ પુરાણી પાસે તૈયાર કરાવી તેનો પ્રથમ ભાગ બહાર પાડેલો છે. બીજા ભાગનું લખાણ મળી ગયલું છે અને તે નજદિકમાં પ્રસિદ્ધ થનાર છે.

હિન્દના ઇતિહાસ પર પ્રસ્તુત પુસ્તક લખાયા પછી ચાર પાંચ ગ્રંથો લખાયા છે, તો પણ એ સર્વેમાં સ્મિથનું પુસ્તક તેનું ઉંચું સ્થાન હજી સાચવી રહ્યું છે અને સોસાઈટીએ આ પુસ્તકનો તરજુમો પ્રસિદ્ધ કરીને ગુજરાતી જનતાની સુંદર સેવા કરી છે, એમ કહેવું વધારો પડતું નથી.

આ પુસ્તકમાં મુસ્લિમોનું આગમન થયું ત્યાં સુધીનો ઇતિહાસ આપ્યો છે.

તે પછીનો ઇતિહાસ, હિંદમાં મુસ્લિમ રાજ્ય સ્થપાયું ત્યારથી તે સન ૧૭૭૩ માં હેસ્ટિંગ્સનો રેગ્યુલેટિંગ એક્ટ પસાર થયો, એ સમયનો સમગ્ર ઇતિહાસ સરદેસાઇ કૃત ત્રણ ગ્રંથો, મુસલમાની રિયાસત, મરાઠી રિયાસત અને બ્રિટિશ રિયાસતમાં આવી જાય છે, અને એ ત્રણે મરાઠી પુસ્તકોનાં તરજુમા સોસાઈટીએ છપાવેલા છે.

મુસલમાની રિયાસતમાં ઇસ્લામના ઉગમથી શરૂઆત કરી હિંદમાં મોગલ સામ્રાજ્યની પડતી થઈ ત્યાં સુધીનો સવિસ્તર અને સલંગ ઇતિહાસ રસિક રીતે વર્ણવેલો છે.

મરાઠી રિયાસતમાં તેનો આરંભ મહાન શિવાજીના ઉદયથી થાય છે, જે છત્રપતિ ન્હાના શિવાજી સુધી આવીને અટકે છે. તે પછીનો મરાઠી

સત્તાનો ઇતિહાસ સરદેસાઇએ બીજા ચાર ખંડોમાં લખેલો છે અને એ પૈકીના એક ભાગનો તરજુમો વડોદરા રાજ્ય ભાષાંતર ખાતાએ શ્રી સયાજી સાહિત્યમાળામાં પ્રકટ કર્યો છે.

ત્રીજા પુસ્તક બ્રિટિશ રિયાસતમાં ઇંગ્રેજોનું હિન્દમાં આગમન થયું ત્યારથી તે સન ૧૭૭૩ માં હિન્દના રાજવહિવટ સારૂ વોરન હેસ્ટિંગ્સનો રેગ્યુલેટિંગ ઍક્ટ બ્રિટિશ પાર્લામેન્ટમાં પસાર થયો એ સઘળો વૃત્તાંત નોંધ્યો છે અને એ સમયનું સમગ્ર રીતે સમાલોચના કરતું ગુજરાતીમાં આ પ્રથમજ પુસ્તક છે.

આ પ્રમાણે સરદેસાઈનાં પુસ્તકોમાંથી હિન્દના મધ્યકાલીન ઇતિહાસ અને કંપની સરકાર હસ્તકના હિન્દના રાજવહિવટ અને રાજવિસ્તાર વિષે જાણવા જેવી અને મહત્વની સઘળી માહિતી મળી રહે છે.

મુસલમાની રિયાસતનો તરજુમો રાનડે ચરિત્રના લેખક સૂર્યરામ સોમેશ્વર દેવાશ્રયી, જેમનું બધું જીવન કેળવણી ખાતામાં વ્યતિત થયું હતું; અને લેખન વાચનનો સારો શોખ ધરાવતા હતા, એમણે કરેલો છે.

મરાઠી વાચનનો જેમને પ્રથમથી શોખ હતો અને મરાઠી ગ્રંથો 'ધર્માજીરાવનું કુટુંબ' અને 'મહાન્ અશોક' એ પુસ્તકોના અનુવાદ કર્યા હતા તેઓ-રા. જીવનલાલ અમરશી-એક વખતના સોસાઈટીના આસિ. સેક્રેટરી-ને મરાઠી રિયાસતનું પુસ્તક ગુજરાતીમાં લખી આપવાનું સોંપાયું હતું અને તે કાર્ય એમણે બહુ કાળજીથી અને ચિવટથી કરેલું છે, એમ એ પુસ્તક વાંચતાં જણાશે. સોસાઇટીમાંથી નિવૃત્ત થયા પછી જ્ઞાનવર્ધક ગ્રન્થમાળાની યોજના અમલમાં આણીને, ગુજરાતી સાહિત્યને એમણે સમૃદ્ધ કર્યું છે, એ એમની સેવા ખાસ નોંધવા જેવી છે.

શ્રીયુત ચંપકલાલ લાલભાઇ મહેતા લાંબા સમયથી સરકારી ઓરિયંટલ ટ્રાન્સલેશન ખાતામાં અધિકારી પદે છે અને સોસાઇટીને વખતોવખત ઇંગ્રેજી અને મરાઠી પુસ્તકોના અનુવાદ કરી આપીને ગુજરાતી ભાષાની એમણે બહુ સ્તુતિપાત્ર સેવા કરેલી છે.

બ્રિટિશ રિયાસત લગભગ ૮૦૦ પૃષ્ટનું પુસ્તક છે, તો પણ નામના પારિતોષિકથી શ્રીયુત ચંપકલાલે એ પુસ્તકનો તરજુમો સેવાભાવથી કરી આપ્યો હતો અને એ પુસ્તક, અમે ઉપર જણાવ્યું તેમ, હિન્દમાં ઇંગ્રેજી અમલના આરંભનો ઇતિહાસ જાણવા સારૂ જેમ માહિતીપૂર્ણ તેમ કિંમતી છે.

સદરહુ મરાઠી પુસ્તકોનો ગુજરાતીમાં તરજુમો કરવાની લેખક પાસેથી પરવાનગી માગતાં શ્રીયુત સરદેસાઇએ જે લાગણીભર્યો ઉત્તર લખી મોકલ્યો હતો તે એમના હૃદયની વિશાળતા બતાવે છે. તે પછી પૂના દફતરનું સંપાદન કાર્ય હાથ ધરી તેઓ આજ પર્યંત તેમાંથી ૪૦ ગ્રન્થો બહાર પાડવા શક્તિમાન થયા છે; અને સરકારે એમની એ સેવાની કદર રા. બા. નો ઇલ્કાબ બક્ષીને કરેલી છે, એ યોગ્ય જ થયું છે. તાજેતરમાં પટણા યુનિવરસિટિ તરફથી Main Currents of Maratta History એ વિષય પર પાંચ વ્યાખ્યાનો એમણે અગાઉ આપ્યાં હતાં, તેની બીજી આવૃત્તિ છપાઇ છે, તે મરાઠી સામ્રાજ્યના અભ્યાસીને બહુ મદદગાર થશે.

સોસાઇટીને એમણે જે ઉત્તર લખી મોકલ્યો હતો તે નીચે પ્રમાણે છેઃ-

BARODA, September 1913.

To,

The Honorable Rao Bahadur,

RAMANBHAI MAHIPATRAM NILKANTH,

B. A. LL. B.

Hon. Secretary, Gujarat Vernacular Society,

AHMEDABAD.

Sir,

It gives me a great pleasure to receive your letter No. 128 dated 29th August and to know that the Gujarat Vernacular Society appreciates my work called "मुसलमानी रियासत."

I am very happy to let the Society have my permission to translate the book into Gujarati, as requested by you, without any condition. May I request you to let me know when the translation is printed and send me five copies if you can.

My life's ambition has been to prepare a readable and uptodate history of Modern India.

Three Volumes have so far been out, and I pray God to give the strength to finish the remaining two.

Wishing the Society success in their undertaking.

I am, Sir,

Your most obedient servant,

Sd/- **G. S. Sardesai.**

સર આલ્ફ્રેડ લાયલે "Rise of the British Dominion in India" એ નામનું એક મનનીય પુસ્તક રચેલું છે; એની પહેલી આવૃત્તિ પ્રથમ બહુ મ્હોટી ન્હોતી. તેનો તરજુમો સોસાઇટીએ શ્રીયુત ચંપકલાલ પાસે કરાવ્યો હતો. અંગ્રેજી રાજ્ય હિંદમાં કેવી રીતે પગભર અને મજબુત થયું તેનું વિદ્વત્તાભર્યું વિવેચન પ્રસ્તુત લેખમાં મળે છે અને એ પુસ્તકની બીજી સુધારેલી વધારેલી આવૃત્તિ જે પછીથી પ્રસિદ્ધ થયલી છે, તેનો તરજુમો અનુવાદકે નવેસર કરી મોકલ્યો છે અને અવકાશે તે પુસ્તક છપાશે. હિંદનો બ્રિટિશ યુગનો ઇતિહાસ સમજવા માટે, ખરે તે બહુ ઉપયોગી પ્રબંધ છે.

આપણા દેશનો રાજવહિવટ રાજકર્તાઓ કેવી રીતે ચલાવે છે, તેનું જ્ઞાન જનતાને અવશ્ય હોવું જોઇએ; તેમાં જ રાજ્યની તેમ પ્રજાની સલામતી રહેલી છે.

સન ૧૯૦૪–૦૫ માં હિન્દી સરકારે હિન્દ સામ્રાજ્ય એ નામથી હિન્દ વિષે જુદી જુદી દૃષ્ટિએ અને હિન્દને લગતા અનેકવિધ વિષયો પર એ વિષયના નિષ્ણાતો પાસે લેખો લખાવીને ચાર પુસ્તકો પ્રકટ કર્યાં હતાં. સોસાઇટીએ એ ચારે ગ્રન્થોનો ગુજરાતીમાં તરજુમો કરાવવાનો નિર્ણય કર્યો હતો, અને તે માટે લેખકો પાસેથી અરજીઓ મંગાવી હતી; પણ લેખોની વિવિધતા તેમ નવીનતાને લઇને અને કેટલાક લેખોના તરજુમા તદ્દન શુષ્ક થઇ પડે તેવા હોવાથી, આવેલી અરજીઓમાંથી હિન્દ સામ્રાજ્ય પુ. ૪ નો ગુજરાતીમાં તરજુમો કરાવવાનો નિર્ણય થયો હતો અને તે કામ રાજદ્વારી કામકાજથી પરિચિત અને 'હિન્દના રક્ષિત રાજ્યો'ના અનુવાદક (Lee Warner's Protected Princes of India) રા. બા. દુર્લભજી ધરમશી વેદને સોંપાયું હતું અને ટુંક સમયમાં પોતે વયોવૃદ્ધ હોવા છતાં એક યુવક લેખક કરી શકે નહિ એટલી ઝડપે, તે લખી મોકલ્યું

હતું. એ પુસ્તક બહાર પડે તે પૂર્વે એમનું મૃત્યુ થયું હતું, તે બનાવ ખરેખર શોચનીય હતો.

પ્રસ્તુત પુસ્તક સન ૧૯૦૧ ના સેન્સસ રીપોર્ટમાં સંગ્રહાયલી માહિતીના આધારે લખાયું હતું; તે બહાર પડ્યું તે પછી હિન્દી રાજતંત્રમાં બહોળા ફેરફાર થયલા હતા અને તેમાં આપેલા આંકડાઓ પણ નકામા થઇ પડ્યા હતા. પછી તો યુરોપમાં મહાન યુદ્ધ ફાટી નિકળવાથી હિન્દમાં પણ જબરૂ પરિવર્તન થવા પામ્યું છે; એટલે હાલના ઉપયોગ માટે સદરહુ પુસ્તકનું મૂલ્ય બહુ ઓછું થઇ ગયલું છે; અને ચાલુ સંજોગોમાં હિન્દી રાજ-વહિવટનું નવું પુસ્તક લખાવવા હજી કેટલોક સમય થોભવું પડશે, કેમકે હિન્દના સમગ્ર રાજતંત્ર વિષે વાદવિવાદ અને વાટાઘાટ થઇને, તેના બંધારણની રૂપરેખા નવેસર વિચારાઇ રહી છે.

ગુજરાત અને કાઠીઆવાડ ગેઝીટીઅરનો સાર કવિ નર્મદાશંકરે ઉપજાવી કાઢ્યો હતો; આ હિન્દ સામ્રાજ્યના બીજા ત્રણ ભાગનાં તરજુમા થવા પામ્યા હોત તો તે ગુજરાતી વાચકને બહુ મહત્વની તેમ ઉપયોગી માહિતી પુરી પાડત.

હિન્દનો આર્થિક પ્રશ્ન ઓછો મુંઝવણભર્યો નથી. હિન્દની આર્થિક સ્થિતિ દિન પ્રતિદિન વધારે ને વધારે ગુંચવાતી જાય છે અને પ્રજા તેથી ચિન્તાતુર રહે છે. આ સ્થિતિ આજે નવી નથી. ગયા સૈકામાં હિન્દની ગરીબાઈ આપણા દેશનેતાઓનું તેમ સરકારનું ધ્યાન ખેંચી રહી હતી; અને દાદાભાઈની તે માટેની લડત - યાયસર અને ખરી હતી એ વિષે હવે ભાગ્યેજ બે મત સંભવે. તે વખતે હિન્દની આર્થિક સ્થિતિનો સવિસ્તર અને વિગતવાર ખ્યાલ આપવા સ્વર્ગસ્થ રમેશચન્દ્ર દત્ત-જેઓ સિવિલિયન હતા અને કમિશનરના ઉંચા હોદ્દા સુધી પહોંચ્યા હતા—સન ૧૭૫૭ થી ૧૯૦૦ સુધીનો પ્રમાણભૂત ઇતિહાસ બે પુસ્તકોમાં લખ્યો હતો અને તે પુસ્તકોનો બહોળો પ્રચાર થયો હતો એટલુંજ નહિ પણ હિન્દ વિષેનાં સર્વમાન્ય પુસ્તકોમાં તેની ગણના થઈ હતી.

આવા ઉત્તમ પુસ્તકનો ગુજરાતીમાં તરજુમો કરાવીને સોસાઇટીએ પ્રજાની સરસ સેવા કરી છે, અને તેના અનુવાદક પણ મૂળ લેખકના જેવા એક સંસ્કારી વિદ્વાન હતા. ગુજરાતી વાચકને સ્વર્ગસ્થ ઉત્તમલાલનો પરિચય કરાવવો પડે તેમ નથી. 'સમાલોચક'ના તંત્રી તરીકે વર્ષો સુધી

એમણે ગુજરાતી સાહિત્યની કિંમતી સેવા કરી હતી અને "વસન્ત"માં વખતોવખત લેખો લખીને 'વસન્ત'નું ગૌરવ વધાર્યું હતું, એમ એ પત્રના વિદ્વાન તંત્રી પણ કબૂલ કરશે. સરસ્વતીચન્દ્રની સમાલોચના જે કમનસીબે અધુરી રહેવા પામી છે અને બેન્જામીન કિડના Social Evolution સામાજીક ઉત્ક્રાન્તિ—એ પુસ્તકોનો સારાંશ એ એમના મહત્વના લેખો છે; અને એમના પ્રકીર્ણ લેખોનો તો બહુ મોટો સંગ્રહ થવા જાય, જે એક સ્વતંત્ર પુસ્તકરૂપે સંગ્રહાવાની અને છપાવાની જરૂર છે. પ્રાચીન યુગમાં આપણે અહિં રાજવ્યવસ્થા કેવી રીતે થતી હતી એ વિષે વિદ્વત્તાભર્યો નિબંધ સ્વર્ગસ્થે, ઈંગ્રેજીમાં લખ્યો હતો અને એ કોટીનું લખાણ અમારા જાણવા પ્રમાણે એમનું જ પ્રથમ હતું. લોકમાન્ય ટળકના 'ગીતા રહસ્ય'નો તરજુમો ઉત્તમલાલભાઇએ કરેલો છે, એ રીતે એ પુસ્તક સાથે એમનું નામ યાદગાર રહેશે, એ આનંદનો બનાવ છે.

સોસાઇટીને એમણે પાછલી અવસ્થામાં ત્રણ પુસ્તકો લખી આપ્યાં હતાં. હિન્દના હાકેમ ગ્રન્થમાળામાંનું અકબરનું ચરિત્ર અને રમેશચન્દ્રનો 'હિન્દનો આર્થિક ઇતિહાસ;' અને તે ઉત્તમ પુસ્તકો છે અને ઉત્તમલાલની કૃતિઓ તરીકે તે વિશેષ આદરયોગ્ય છે.

સ્વર્ગસ્થ આપણા વિદ્વાન વર્ગમાં બહુ માનભર્યું અને ઉંચું સ્થાન ભોગવતા હતા પણ એમનો શાંત અને એકમાર્ગી સ્વભાવ એમને પાછળ ખેંચી રાખતો હતો અને પછીથી વેપાર ધંધામાં ગુંચવાઇ ગયા ન હોત તો જે પ્રકારની સંગીન સેવા આપણે એમની પાસેથી, મેળવી શકત તેમાંથી આપણું સાહિત્ય વંચિત રહ્યું છે, તેમ છતાં જે કાંઇ તેઓ આપવાને શક્તિમાન થયા છે, તે માટે ગુજરાતી જનતા એમની આભારી છે.

રામાયણ મહાભારતનું વાચન ઈંગ્રેજી શિક્ષિત વર્ગમાંથી ગયા સૈકાના ઉત્તરાર્ધથી ઓછું થઇ ગયલું છે અને તેનો પદ્ધતિસર અને ઐતિહાસીક ધોરણે અભ્યાસ તો બહુ થોડાકજ કરતા માલુમ પડશે.

આ સ્થિતિ અગાઉ બહુ ગંભીર હતી. પણ સન ૧૯૦૪–૦૫ માં રા. બા. ચિન્તામણ વિનાયક વૈદ્યે, આપણાં એ સર્વશ્રેષ્ઠ અને પવિત્ર પુસ્તકો, રામાયણ અને મહાભારતનો બારીકાઇથી અને ચોક્કસાઇથી અભ્યાસ કરી, એ અભ્યાસનું પરિણામ The Riddle of the Ramayana (રામાયણનું રહસ્ય) Mahabharata-a Criticism—

સાર્વજનિક વિજય પુસ્તકાલય

વલ્લભજી હરિદત્ત આચાર્ય (પૃ. ૪૦) સૂર્યરામ સોમેશ્વર દેવાશ્રયી



આત્મારામ મોતીરામ દિવાનજી

(પૃ. ૪૬)



ચંપકલાલ લાલભાઈ મહેતા

(મહાભારતની સમાલોચના) Epic India (હિન્દનો વીરયુગ) એ ત્રણ પુસ્તકો પ્રસિદ્ધ કર્યાં તે પછી તે પ્રતિ લોકમાનસમાં બહોળો ફેરફાર થવા પામ્યો છે; અને વધુમાં હિન્દના પ્રાચીન ઇતિહાસ અને સંસ્કૃતિ પ્રતિ લક્ષ જઇને, પાઠશાળામાં તેનો અભ્યાસ થવા લાગતાં, એ પુસ્તકોનું મહત્વ અને મૂલ્ય વિદ્વદ્ વર્ગમાં સ્વીકારાયાં છે, અને તેના પરિણામે એ પુસ્તકોનું પઠનપાઠન પણ આજે શિક્ષિત તેમજ સામાન્ય વર્ગમાં વધ્યું છે, અને એ બદલાયલી મનોદશાને લઇને ભાંડારકર રીસર્ચ ઇન્સ્ટીટ્યુટે મહાભારતની એક શુદ્ધ અને વિવેચનાત્મક (critical) આવૃત્તિ શાસ્ત્રીય ધોરણે બહાર પાડવાનું કામ થોડા સમયથી આરંભ્યું છે.

એ ત્રણ પુસ્તકો, ઉપર જણાવ્યું તેમ, શિક્ષિત વર્ગમાં બહુ આદર પામ્યા હતાં અને સોસાઈટીએ પણ તે પુસ્તકોનો ગુજરાતી તરજુમો કરાવવામાં વિલંબ કર્યો નહતો.

સંજોગવસાત્ એ પકીનું 'મહાભારતની સમાલોચના' એકજ પુસ્તક પ્રસિદ્ધ થવા પામ્યું છે. અને તે અનુવાદ સારા નસીબે સંસ્કૃતના સારા અભ્યાસી અને વળી સિદ્ધહસ્ત લેખક શ્રીયુત મોહનલાલ દવેએ કર્યો છે. જેઓએ એમનાં "લેન્ડોરના કાલ્પનિક સંવાદો" એ પુસ્તકો વાંચ્યા હશે તેમને એમના અનુવાદની ખૂબી લક્ષમાં આવ્યા વિના નહિ રહે. ગુજરાતી સાહિત્ય એ પુસ્તકથી સમૃદ્ધ થયલું છે, એમ અમે કહીશું.

જો કે આ સાહિત્ય પુસ્તક હતું તો પણ તેનું નિરીક્ષણ અને વિવેચન ઐતિહાસિક ધોરણે કરવામાં આવ્યું હતું.

હિન્દના ઇતિહાસમાં વિદેશીઓના હુમલા પરાપૂર્વથી આપણું ધ્યાન ખેંચે છે. ઇસ્વી સન પૂર્વેથી તે શરૂ થાય છે; મુસલમાનોનાં આગમન પછીથી તે ઓછા થયા હતા; જો કે આજ પણ ઇંગ્રેજી હાકેમો ચ્યોક કહે છે કે બ્રિટિશનો હિન્દ પરનો અખ્તિયાર ખેંચી લેવામાં આવે તો સરહદ પર વસતી જાતો જરૂર હિન્દ પર ઉતરી આવે; અને દેશને તારાજ કરે; પણ એ જુદો પ્રશ્ન છે.

ગ્રીક, પાર્થિયન, શક, યુએચી, હૂણ વગેરે જાતિઓએ હિન્દ પર આક્રમણ કર્યું તેમાં પણ હૂણ પ્રજા તેના અત્યાચાર અને સિતમ માટે જાણીતી હતી. છઠ્ઠા સકામાં ઉત્તર હિન્દમાં એમણે જબરો અડંગો જમાવ્યો હતો. અને મહા મુસિબતે માળવાના રાજા યશોવર્મને અન્ય હિન્દુ રાજાઓની સહાયતા લઇને હૂણોને હરાવી અહિંથી હાંકી કાઢ્યા હતા.

દી. બા. કેશવલાલે મુદ્રા રાક્ષસનો ગુજરાતીમાં તરજુમો કરેલો છે, તેના ઉપોદ્‌ઘાતમાં આ વિષયને સારી રીતે અને વિસ્તારપૂર્વક ચર્ચ્યો છે, અને સોસાઈટી તરફથી વાર્ષિક વ્યાખ્યાન આપવાનું નક્કી થતાં પ્રથમ વ્યાખ્યાતા તરીકે કેશવલાલભાઈની પસંદગી કરવામાં આવી હતી. તે વર્ષ ફારબસ સાહેબની શતાબ્દીનું હતું અને એમને પ્રિય એવો ઇતિહાસનો વિષય એ પ્રસંગે લેવો એવો વિચાર થતા કેશવલાલભાઈએ "એશિયાઇ હૂણો" પર બોલવાનું પસંદ કર્યું હતું. લખેલી ટુંકી નોટસ પરથી સદરહુ વ્યાખ્યાન પાછળથી એમની પાસે સુધરાવીને પ્રસિદ્ધ કરવામાં આવ્યું હતું. પ્રાચીન ઇતિહાસમાં, ખાસ કરીને હૂણોના પ્રશ્નમાં જેમને રસ હશે, તેમને એ વ્યાખ્યાનમાંથી કેટલુંક વિચારવા જેવું મળી આવશે.

એવું વ્યાખ્યાનધારીનું "મધ્યકાલીન ભારતીય સંસ્કૃતિ" નામનું પુસ્તક છે. "રાજપુતાણાકા ઇતિહાસ" ના કર્તા રા. બા. ગૌરીશંકર હીરાચંદ ઓઝાનું નામ માત્ર હિન્દમાંજ નહિ પણ પૌર્વાત્ય ઇતિહાસ, સંસ્કૃતિ અને સાહિત્યમાં રસ લેતા સૌ કોઇને સુપરિચિત છે.

અલાહાબાદમાં નવી નિકળેલી હિન્દુસ્તાન એકેડેમીએ મધ્યકાલીન ભારતીય સંસ્કૃતિ વિષે ત્રણ વ્યાખ્યાનો આપવાનું શ્રીયુત ઓઝાજીને નિમંત્રણ કર્યું હતું અને એ લેખોનો વાચક જોઈ શકશે કે એમાં પૂર્વે નહિ જાણવામાં આવેલી એવી ઘણી માહિતી એમણે ચર્ચેલી છે અને જુદા જુદા વિષયો, જેવા કે સાહિત્ય, ઇતિહાસ, શિલ્પ, કળા, સંગીત વગેરે વિષયોમાં મધ્યકાલીન હિન્દ કેટલો આગળ વધેલો હતો તેનો તેઓ આપણને સુંદર રીતે પરિચય કરાવે છે.

પ્રો. જયસ્વાલ રચિત હિન્દુસ્તાનની રાજ્ય વ્યવસ્થા Hindu Polity એ પુસ્તકમાં પ્રાચીન કાળમાં હિન્દુસ્તાનમાં રાજવહિવટ કેવી રીતે ચાલતો હતો તેની સવિસ્તર સમાલોચના આપણા પ્રાચીન સાહિત્ય અને ધર્મગ્રંથો આધારે કરવામાં આવેલી છે.×

એ વિષય પ્રતિ પ્રથમ ધ્યાન દોરનાર એ વિદ્વાન જ હતા. ડો. સર ભાંડારકર અને પંડિત ભગવાનલાલ ઇદ્રજી પછી હિન્દના પ્રાચીન ઇતિહાસના

× આ શું બીજું કિંમતી પુસ્તક "પ્રાચીન સંઘજીવન" શ્રીયુત ભરતરામ ભાનુસુખરામે પ્રો. મજમુદારના Corporate life in Ancient India નામક અંગ્રેજી પુસ્તક પરથી લખેલું ચાલુ વર્ષમાં પ્રસિદ્ધ થનારૂં છે, એ ઉપરોક્ત "હિન્દુ રાજવહીવટ"ના અનુસંધાનમાં વાંચવા જેવું છે.

આલેખનમાં કોઈ વિદ્વાને કિંમતી ફાળો આપ્યો હોય અને જે સર્વમાન્ય થયો હોય તો તે શ્રી. જયસવાલ છે.

ગયા ડિસેમ્બર માસમાં સાતમી ઓરિએન્ટલ કોન્ફરન્સ વડોદરામાં મળી હતી, તેના પ્રમુખ તરીકે એમને ચુંટવામાં આવ્યા હતા.

તે પ્રસંગે હિન્દુસ્તાનનો ઇતિહાસ લખવાની યોજના એમણે જાહેર કરી હતી તે, આપણે ઇચ્છીશું કે, જલદી ફલીભૂત થાય.

દરમિયાન હિન્દના પ્રાચીન ઇતિહાસનું એક પ્રકરણ જે અંધકારમાં ઢંકાયલું હતું તે ભારશૈવનો ઇતિહાસ પ્રકાશમાં આણવા માટે એમને અનેક ધન્યવાદ ઘટે છે.

વડોદરાથી પટના પાછા ફરતાં એક દિવસ એઓ અમદાવાદમાં રોકાયા હતા અને સોસાઈટીની મુલાકાત લીધી હતી.

એમનું "હિન્દુ રાજ્યવ્યવસ્થા"નું પુસ્તક આટલું સસ્તું જોઇને તેમ સોસાઈટીનાં અન્ય પ્રકાશનો તપાસીને એ વિદ્વાને પોતાનો આનંદ પ્રદર્શિત કર્યો હતો, તે સોસાઈટીની પ્રવૃત્તિ અંગે નોંધવું પ્રસંગોચિત થઇ પડશે.

એ પુસ્તક દરેક હિન્દીએ વાંચવું ઘટે છે; અનુવાદકની પ્રસ્તાવનામાંથી થોડોક ભાગ આપીશું, તે પરથી એનું તારતમ્ય તુરત લક્ષમાં આવશે.

"આર્ય સંસ્કૃતિના ઉત્થાન કાળથી માંડી બ્રિટિશોના આવાગમન સુધી સુવ્યવસ્થિત રાજપદ્ધતિ અથવા રાજનીતિ જેવું કંઇ પણ તત્વ આ દેશના લોકોની જાણમાં નહોતું અને તેઓ તો માત્ર તત્વજ્ઞાનની વાતોમાં રચ્યાપચ્યા રહેતા. આ વિચાર કેટલો ભૂલભરેલો છે તે આ પુસ્તકમાં આપેલી માહિતીથી સહજ સમજાઇ આવશે."

ઇગ્લાંડ સાથે આપણને નિકટનો અને ગાઢ સંબંધ છે અને અંગ્રેજી પ્રજા હિન્દ પર રાજ્ય ચલાવે છે તે કારણે, એ દેશના રાજબંધારણ વિષે અને ત્યાંના રાજદ્વારી પક્ષો વિષે સામાન્ય જ્ઞાન હોવું જરૂરનું છે; અને એ દૃષ્ટિએ સોસાઇટીએ ઈંગ્રેજી રાજ્યબંધારણ, સંરક્ષણવાદ અને ઉદાર મતવાદ એ નામનાં ત્રણ પુસ્તકો લખાવીને પ્રસિદ્ધ કર્યાં છે.

ઈંગ્રેજી રાજબંધારણ વિષે બેજ્હોટનું The English Constitution એ પુસ્તક બહુ પ્રશંસનીય લેખાયું છે અને હોમ યુનિવરસિટિ ગ્રન્થમાળામાંનું ઇલ્બર્ટ રચિત Parliament પાર્લામેન્ટનું પુસ્તક પણ એટલું જાણીતું છે. એ બે ગ્રંથોના આધારે ઇંગ્રેજી રાજબંધારણ વિષે

માહિતી આપતું એક સ્વતંત્ર પુસ્તક રચી આપવાનું સોસાઇટીએ હેન્રી ફોસેટનું જીવનચરિત્ર અને જીવનનો આદર્શ (લેકી કૃત Map of lifeનો અનુવાદ) ના લેખક રા. જીવાભાઈ રેવાભાઈ પટેલને આપ્યું હતું અને તે પુસ્તક એમની અન્ય કૃતિઓની પેઠે સુવાચ્ય અને લોકપ્રિય નીવડયું હતું.

ઉદારમતવાદ અને સંરક્ષણવાદ એ પુસ્તકો હોમ યુનિવર્સિટી ગ્રંથમાળાના ગ્રંથો Conservatism લૉર્ડ સેસિલકૃત અને Liberelism હોબહાઉસકૃતના તરજુમા છે. મૂળ ગ્રંથો ઉત્તમ કોટિના ગણાયા છે અને તેનો અનુવાદ પણ એટલો જ સરસ થયો છે, જે માટે આપણે શ્રીયુત ચંપકલાલ લાલભાઇ મહેતાને આભારી છીએ.

એ ગ્રંથમાળામાં લેસ્કી કૃત Communism સમાજવાદ અને બાર્નસ કૃત Facism એ બે મહત્વના ગ્રંથો પ્રસિદ્ધ થયા છે; તેનો ગુજરાતીમાં અનુવાદ થઈ જાય તો હાલ પ્રવર્તતા રાજદ્વારી વિચારો વિષે જનતાને પુષ્કળ જાણવાનું મળી આવે.

નવી કેળવણીના આરંભમાં ઇતિહાસ વિષયમાં પ્રાચીન દેશો જેવા કે ઇજીપ્ત, ઈરાન, ગ્રીસ, રોમ વગેરેનું તેમ જગતના ઇતિહાસનું પ્રાથમિક જ્ઞાન અપાતું હતું; લાંબા સમયથી તે પ્રથા બંધ પડેલી છે. અગાઉ કોલેજના પ્રિવિયસના વર્ગમાં ગ્રીસ અને રોમનો ઇતિહાસ વારાફરતી શીખવાતો હતો તે વિષય પણ તેમાંથી કાઢી નાખવામાં આવ્યો છે.

યુરોપીય સંસ્કૃતિપર ગ્રીસ અને રોમના ઇતિહાસે ભારે અસર કરી છે. એ સંસ્કૃતિનો પાયો જ ગ્રીક અને રોમન જીવન અને ઇતિહાસ પર રચાયો છે; એટલુંજ નહિ પણ પ્રાચીન સમયમાં એ બે દેશોએ સાહિત્ય, ઇતિહાસ, તત્વજ્ઞાન, કળા, સ્થાપત્ય, કાયદા, રાજકારણ વગેરે વિષયોમાં પુષ્કળ પ્રગતિ કરી હતી, અને એક ન્હાના શહેરમાંથી મ્હોટા રાજ્યો સ્થાપવા તેઓ શક્તિમાન થયા હતા; તે કારણે તેમજ એ યુગની સુધરેલી પ્રજાઓ તરીકે પણ એ દેશનો ઇતિહાસ જાણવા વિચારવા જેવો છે.

અગાઉ રા. સા. મહીપતરામે ગ્રીસનો ઇતિહાસ લખ્યો હતો. પણ તે બહુ જુનો હતો અને તેમાં દોષો પણ ઘણા હતા. ગ્રીસ અને રોમ વિષે નવેસર પુસ્તકો લખાવાં જોઇએ, એમ કમિટીને ઘણીવાર થયા કરતું હતું. તે પરથી સ્કબર્ગ રચિત રોમનો ઇતિહાસ અને પ્રો. બરી રચિત ગ્રીસનો ઇતિહાસ, જે પુસ્તકો પ્રિવિયસના વર્ગમાં વંચાતાં હતાં તેના ગુજરાતી અનુવાદ કરી આપવા શ્રીયુત આત્મારામ મોતીરામ દીવાનજીને જણાવવામાં

આવ્યું હતું. એમાંનાં રોમના ઇતિહાસનું પુસ્તક પ્રસિદ્ધ થઈ ચૂક્યું છે અને તે સારી પ્રશંસા પામ્યું છે. ગ્રીસ દેશનો ઇતિહાસ પણ એમના તરફથી લખાઇને આવી ગયો છે. તે તપાસાઈ આવે, થોડા સમયમાં પ્રેસમાં મોકલવામાં આવશે.

જીવનને ઉપયોગી અને માર્ગદર્શક થઈ પડે એવા નીતિ ઉપદેશના અને ચારિત્ર ઘડતરના ઇંગ્રેજી ગ્રંથોના તરજુમા, જેવા કે જીંદગીનો ઉપયોગ, જીવનની સફલતા, જીવનનો આદર્શ, સુખ અને શાંતિ, કર્તવ્ય, સદ્વર્તન વગેરે સોસાયટીએ પૂર્વે છપાવ્યા હતા અને તેના અનુસંધાનમાં, કાંઇક ઐતિહાસિક ધોરણે લખાયલા એવા ગ્રંથો જેમકે લેકી કૃત History of European Morals, History of Rationlisism, યુરોપીય નીતિ આચારનો ઇતિહાસ, યુરોપમાં બુદ્ધિસ્વાતંત્ર્યનો ઇતિહાસ, લખાવવાને ઉચિત જણાયું; અને એ પ્રકારના વિચાર સાહિત્યની આપણે અહીંઆં આપણી લોકસ્થિતિ લક્ષમાં લેતાં, જરૂર જ હતી.

"યુરોપમાં બુદ્ધિસ્વાતંત્ર્ય" એ પુસ્તક જાણીતા આયરિશ લેખક લેકીનું લખેલું છે અને તે યુરોપમાં બહોળું પ્રચાર પામેલું છે, અને ત્યાંના સમાજ-જીવનપર પણ તેની પ્રબળ અસર થયલી છે. આવું ઉત્તમ પુસ્તક એક સંસ્કારી વિદ્વાનના હાથે ગુજરાતીમાં લખાયું એ પણ ખુશી થવા જેવું છે. તેના લેખક શ્રીયુત દુર્ગાશંકર પ્રાણજીવન રાવળ ઇન્દોર કૉલેજમાં સંસ્કૃતના અધ્યાપક હતા; એ પુસ્તક લખવાનું સ્વીકાર્યું તેને આગલે વર્ષે "હિન્દના ઉદ્યોગની પરિસ્થિતિ" એ વિષય પર નિબંધ લખીને મુંબાઈ યુનિવરસિટિનું નારાયણ પાનાચંદ ઇનામ એમણે મેળવ્યું હતું; અને એટલેથી સંતોષ નહિ પામતાં ઇન્દોરની મેડિકલ કૉલેજમાં વૈદ્યકનું રીતસર શિક્ષણ લેવાનું પણ આરંભ્યું હતું. ગુજરાતી સાહિત્યની સેવા કરવાનો ભાઇસાહેબને ભારે ઉત્સાહ હતો. પણ તેઓ કાંઇક સંગીન ફાળો આપવા શક્તિમાન થાય તે પહેલાં એમનું અકાળે અવસાન થયું હતું.

ઉપરોક્ત ગ્રંથમાં "બુદ્ધિ સ્વાતંત્ર્ય" એ શબ્દની સમજ પાડતાં અનુવાદક મહાશય પ્રસ્તાવનામાં જણાવે છેઃ

" 'બુદ્ધિ સ્વાતંત્ર્ય' એ નામનો અમુક દલીલોથી ઘડી કાઢેલો કોઇ સિદ્ધાન્ત નથી, પણ તે માત્ર એક પ્રકારનું માનસિક વલણ છે, અને તેનું લક્ષણ એવું છે કે જાદુ અને ચમત્કારી બનાવો તરફ, દૈવી શક્તિ તથા દૃષ્ટિ

ધરાવવા સંબંધી માનવીઓના ડોળા તરફ, તેમજ કહેવામાં દેવતાઈ અંતરાયો તરફ શ્રદ્ધા રાખવી નહિ. ”

યુવકબંધુઓએ આ પુસ્તક અવશ્ય વાંચવું જોઇએ એવો અમારો અભિપ્રાય છે.

એજ લેખકનું બીજું પુસ્તક ‘ યુરોપીય પ્રજાનાં આચરણનો ઇતિહાસ,’ એના પ્રથમ પુસ્તક જેટલું જ પ્રસિદ્ધિ પામેલું છે અને તેનો અનુવાદ “ કાઠિયાવાડી ” એ સંજ્ઞાથી ગુજરાતી સાહિત્યમાં પ્રસિદ્ધિ પામેલા પ્રો. નરભેશંકર પ્રાણજીવન દવેએ કરેલો છે; તેમણે વળી સેક્સપીઅરના ચાર નાટકોના તરજુમા ગુજરાતીમાં કરેલા છે. ભાવનગર શામળદાસ કોલેજમાં સંસ્કૃતના અધ્યાપક તરીકે પણ તેમની કીર્તિ બહોળી પ્રસરેલી હતી એટલે એ અનુવાદ વિષે વિશેષ કહેવાપણું હોય જ નહિ. વળી લેખકે એક વિદ્વત્તાભર્યો ઉપોદ્ઘાત ગ્રંથની શરુઆતમાં ઉમેરીને તેનું મૂલ્ય વધાર્યું છે; મૂળ લેખકનો એ ગ્રંથ લખવાનો ઉદ્દેશ સમજાવતાં તેઓ કહે છેઃ

“ આ ગ્રંથ નીતિશાસ્ત્રનો નથી પણ નીતિના ઇતિહાસનો છે એ વાત ગ્રંથ વાંચતાં વાંચનારને એની મેળે વિદિત થશે. લેકી પોતે કહે છે તે પ્રમાણે વિષય નવો નથી, પણ વિષયની વ્યવસ્થા નવી છે. ઇતિહાસને નીતિના વિકાસક્રમની દૃષ્ટિએ તપાસવાનો ઉદ્દેશ એણે રાખ્યો છે. ”

આ બે ગ્રંથમાંની વસ્તુને અનુસરતો અને ચર્ચતો પ્રો. બેરી કૃત ‘વિચાર સ્વાતંત્ર્યનો ઇતિહાસ’ History of the freedom of Thought એ નામક ગ્રંથ છે; અને તે ગ્રંથનું તાત્પર્ય અમે અનુવાદકના શબ્દોમાંજ રજુ કરીશુંઃ—

“ પ્રાચીન ગ્રીસમાં અને રોમમાં ચર્ચાસ્વાતંત્ર્ય કેવાં જોસમાં હતાં; ત્યારપછી ખ્રિસ્તીધર્મ રૂપે એક અદૃષ્ટ, હઠીલી શક્તિ આવી તેણે મનુષ્યનાં મનને કેવી બેડીઓ પહેરાવી; તેના વિચાર પર કેવા અંકુશ મૂકયા; તેના સ્વાતંત્ર્યને કેવી નિર્દય રીતે કચડી નાખ્યું; નિર્દોષ સ્વતંત્ર વિચારકો તથા ચૂડેલ ગણાતી સ્ત્રીઓ પર ધર્મરક્ષા, રાષ્ટ્રરક્ષા અને સામાજિક હિતના ઓઠાં તળે ધર્મસંસ્થાને કેવો પારાવાર અને જગતમાં જોટા વિનાનો જુલ્મ ગુજાર્યો; બુદ્ધિની ગતિ કુંઠિત કરી નાંખી, સત્યાન્વેષણના એકજ અમોઘ સાધનરૂપ મનાતા ચર્ચાસ્વાતંત્ર્યને કચડી નાખી, સત્યની સંહિતાનાં સલીલને પ્રગતિના સાગર પ્રત્યે સતત ઉછાળા મારતાં અટકાવી તેને સૂકવી; સંકુચિત કરી ૩૯

અને અંધશ્રદ્ધાના અંધ ખાબોચિયાંરૂપ કેવી રીતે બનાવ્યાં તે તથા ગુમાવેલા અને લગભગ પ્રાણશેષ, નવા સંક્ષોભક વિચારો, તત્વવિચાર, વૈજ્ઞાનિક શોધ અને ઐતિહાસિક વિવેચન જેવાં સાધનોદ્વારા મનુષ્યોએ કેવી વીરતા અને ધૈર્યથી પાછું મેળવ્યું તે હકીકત પ્રસ્તુત પુસ્તકમાં ચર્ચી છે."*

આ ગ્રંથ લખી આપ્યા પછી, અમે જણાવવાને દિલગીર છીએ કે, ટુંક મુદતમાં અનુવાદક આ ફાની દુનિયા છોડી ગયા હતા.

ગીઝોકૃત યુરોપમાં સુધારાનો ઇતિહાસ ત્રણ ભાગમાં લખાયલો છે; પહેલા ખંડમાં સુધારાના સિદ્ધાન્તોનું નિરૂપણ કરવામાં આવ્યું છે; અને બાકીના બે ભાગમાં યુરોપનો ઇતિહાસ તપાસવામાં આવેલો છે. એ ધોરણે ફ્રાન્સના જાણીતા લેખકોમાં ગીઝોનું સ્થાન ઉંચું છે અને એનું આ પુસ્તક બહુ ખ્યાતિ પામેલું છે. કેટલાક વર્ષો પર મુંબાઈ યુનિવર્સિટીએ બી. એ.,ના અભ્યાસક્રમમાં આ ઇતિહાસને એક પાઠ્ય પુસ્તક તરીકે સ્થાન આપ્યું હતું.

આ પુસ્તકનો તરજુમો આપણા જાણીતા લેખક પ્રો. અતિસુખશંકર-ભાઇએ કરેલો છે, સ્વર્ગસ્થ કમળાશંકરની વિદ્વત્તા અને સંસ્કારિતાના તેઓ પૂરા વારસ થયલા છે. કોલેજનાં કામકાજમાં તેઓ અત્યંત રોકાયલા રહે છે તેમ છતાં વખતોવખત સામયિક પત્રોમાં લેખો લખીને સાહિત્યની સેવા તેઓ કરતા રહ્યા છે. એમના લેખોના સંગ્રહ, 'નિવૃત્તિવિનોદ' અને 'સાહિત્ય વિનોદ' એ નામે પુસ્તકાકારે પ્રસિદ્ધ થયા છે અને ગુજરાતી વાંચકવર્ગમાં તે પુસ્તકો સારો આદર પામ્યાં છે.

પ્રસ્તુત ગ્રંથની પ્રસ્તાવનામાં પ્રો. અતિસુખશંકરે લેખકના સુધારાની વ્યાખ્યા સ્પષ્ટ કરતાં લંબાણથી વિવેચન કરેલું છે અને વાંચકવર્ગને તેનો કાંઇક ખ્યાલ આપવા તેમાંથી થોડોક ઉપયોગી ભાગ નીચે ઉતારીએ છીએ:

"ગીઝો ઉન્નતિ વિષે શું વિચાર દર્શાવે છે? એ પ્રશ્નપદ્ધતિનો ઉપયોગ કરી ઉન્નતિનાં અગત્યનાં અંગો નિર્ણિત કરે છે. એ કહે છે કે ધારો કે કોઇ પ્રજા એવી હોય કે તેનું બાહ્યજીવન સરળ ને રોગરહિત હોય, ધારો કે તે પ્રજાને રાજ્યમાં કર જેવું કશું આપવું પડતું ન હોય ને દુઃખમાંથી વિમુક્ત હોય, ધારો કે તેના વ્યવહારમાં ન્યાય રાજ્ય તરફથી બરાબર આપવામાં આવતો હોય. પણ તેનીજ સાથે ધારો કે માનસિક ને નૈતિક જીવન સુસ્ત ને નિરૂદ્યમી હોય. આ પ્રજા ઉન્નત છે એમ શું આપણે કહી શકીશું? નહિ જ.

---

* વિચાર સ્વાતંત્ર્યનો ઇતિહાસ–પ્રસ્તાવના.

વળી ધારો કે બીજી કોઇ પ્રજાનું વ્યવહારિક જીવન ઓછી સરળતાથી ચાલતું હોય છે, છતાં જીવનનો નિર્વાહ નિભ્યો ચાલ્યો જતો હોય, પણ આ સાથે તેમના માનસિક જીવનનો છેક અનાદર કરવામાં આવ્યો ન હોય. તેનામાં નીતિ ને ધર્મની ઉચ્ચ ભાવનાઓનાં બીજ રોપાયલાં હોય, છતાં તેની સ્વતંત્રતાના વાતાવરણમાં વૃદ્ધિ ન થવા દેવામાં આવી હોય. પણ તેનું જ્ઞાન સ્વતંત્રતાથી સંપાદન કરેલું નહિ પણ સંકુચિત ને અમુક પ્રકારનું હોય. જે જે પ્રજાના જીવનમાં ધાર્મિક તત્વોની સત્તા પૂરી જામી છે તેમાં સ્વતંત્ર ચિંતનના વિકાસનો આ પ્રમાણે અભાવ હોય છે. શું આ સ્થિતિ ઉન્નત કહી શકાશું ? નહિ જ.

હવે ધારો કે કોઈ પ્રજા એવી હોય કે તેમાં સ્વતંત્રતા હોય છતાં અવ્યવસ્થા જોવામાં આવતી હોય. આ સ્થિતિનું પરિણામ એ હોય કે નબળો માણસ દુઃખિત થાય ને નાશ પામે. યુરોપ આવી સ્થિતિમાંથી પસાર થઈ ગયું છે તે વાતથી કોઈ અજ્ઞાત નથી. શું આને ઉન્નતિ કહી શકાશે ? નહિજ.

ચોથી સ્થિતિ એવી ધારો કે પ્રજામાં સ્વતંત્રતા હોય, વ્યવસ્થા હોય પણ ધારો કે પ્રજાવર્ગના માણસો સામાન્ય રીતે ભાગ લઈ શકે એવી જનહિતની બાબતો તેમાં બહુ થોડી હોય પરસ્પર એકબીજાની શક્તિનો લાભ તેથી સમાજમાં ન મળતો હોય શું આ સ્થિતિ ઉન્નત છે ? નહિજ.

આ બધીમાંની એકકે સ્થિતિ ઉન્નત નથી તેનું કારણ એ છે કે તેમાં વિકાસને માટે અવકાશ નથી. ઉન્નતિનું અગત્યનું તત્વ પ્રગતિ, વિકાસ છે. પણ આ પ્રગતિ, આ વિકાસ તે શું છે તે જાણવું જ વિકટ છે.

આ વિકાસમાં બે તત્વો છે, એક સામાજિક જીવનમાં સુધારો, ને બીજું, વ્યક્તિ જીવનમાં સુધારો. ગીઝો કહે છે,

"Wherever the external condition of man extends itself, vivifies, ameliorates itself; wherever the internal nature of man displays itself with lustre, with grand eur; at these two signs; and often despite, the profound imperfaction of the social state, mankind with loud applause proclaims civilisation."

માણસની બાહ્ય સ્થિતિ જ્યાં વિસ્તાર પામે છે, ઉત્સાહમય બને છે, ને સુધરે છે, અને તેનું અંતર જીવન જ્યાં પ્રકાશ ને ગાંભીર્ય ગ્રહણ કરે છે; જ્યાં ઉન્નતિનાં ચિહ્નો પણ દેખીતાંજ છે. આ પ્રમાણે ગીઝો સામાજિક પ્રગતિ ને વ્યક્તિની પ્રગતિ એ બંને બાબતો ઉન્નતિને માટે અગત્યની દર્શાવે

છે, સમાજ ને વ્યક્તિ એ બન્ને બાબતો ઉન્નતિ માટે અગત્યની દર્શાવે છે, સમાજને વ્યક્તિ એ બન્નેમાં સુધારો આવશ્યક છે."×

અત્યાર સુધી ઇતિહાસના ગ્રંથોમાં રાજકીય વસ્તુઓને પ્રાધાન્ય અપાતું હતું; તેમાં રાજાઓની વંશાવળી, લડાઇઓ અને સાલવારી વગેરે માહિતી મુખ્યત્વે ધ્યાન ખેંચતી હતી. એ ધોરણ નવી સદીમાં બદલાઈ ગયું છે; અને જે તે દેશનો ઇતિહાસ પ્રજા જીવનની દૃષ્ટિએ અવલોકવામાં આવે છે; તેમાંય હમણાં જાણીતા નવલકથાકાર મી. એચ. જી. વેલ્સે 'જગતનો રેખાત્મક ઇતિહાસ' વિજ્ઞાન અને સંસ્કૃતિની દૃષ્ટિએ આકર્ષક રીતે અને સચિત્ર—નકશા સહિત રજુ કર્યો છે અને તે ગ્રંથ સારો લોકાદર પામ્યો છે.

એ ગ્રંથ પ્રસિદ્ધ થયે હજી પુરાં પાંચ વર્ષ થયાં નથી, એટલામાં તેની લાખો પ્રતો ખપી ગઇ છે, અને એની સંખ્યાબંધ આવૃત્તિઓ પણ નિકળી છે.

આખું પુસ્તક બહુ મોટું છે, તેથી સામાન્ય જનતાને તેનો લાભ મળી શકે એ હેતુથી મૂળ લેખકે જ તેની સંક્ષેપ આવૃત્તિ તૈયાર કરી હતી; અને તે આવૃત્તિનો તરજુમો સોસાઇટીએ છપાવ્યો છે.

શ્રીયુત રામપ્રસાદ કાશીપ્રસાદ દેસાઇ જેઓ એક સારા શિક્ષક અને લેખક છે, એમણે તે તરજુમો કર્યો છે; અને એ ગ્રંથનો પરિચય કરાવતાં તેઓ લખે છેઃ—

"પોતાનાં પુસ્તકમાં ગ્રંથકર્તાએ જગતની ઉત્પત્તિ વિજ્ઞાનશાસ્ત્રની દૃષ્ટિએ સમજાવી છે. જગતના જુદા જુદા સમકાલીન રાજ્યો કેવી રીતે સ્થપાયાં અને તેનો ઉદય અને અસ્ત કેવી રીતે થયો તે બરાબર વર્ણવીને કર્તાએ અમૂલ્ય માહિતી આપી છે. જગતના જુદા જુદા સમકાલીન ધર્મો, ધર્મ પ્રવર્તકો અને મહાપુરુષોનાં ટુંકાં પણ સચોટ વર્ણનો આપી દેશે દેશની સામાજીક, ધાર્મિક અને રાજકીય ઉથલપાથલોને બરાબર સમજાવી, તેમણે આપણી આગળ જગતના ભાવી ઉત્કર્ષની રૂપરેખા આંકી બતાવી છે, કર્તા ધારે છે કે જગત આગળ વધે છે, ને વધશે, જગતમાં ભ્રાતૃભાવ સર્વત્ર ફેલાશે, અને સર્વત્ર સલાહ, શાંતિ અને સુખ પ્રસરી રહેશે, એવી આશા રાખીને કર્તા વિરમે છે. કર્તાના પુસ્તકના વિચારોને જ આ અનુવાદ ગુર્જર ભાષામાં કથે છે."

સોસાઇટીનાં પ્રકાશનોની નોંધ કરવામાં અમે વર્ણનાત્મક શૈલી ગ્રહણ કરેલી છે તેના ગુણદોષમાં ઉતરવું અમારા માટે વાજબી પણ નથી, માત્ર માર્ગદર્શક થવાનો પ્રયત્ન કર્યો છે.

× યુરોપમાં સુધારાનો ઇતિહાસ, પૃ. ૩૨ થી ૩૪.

પ્રકરણ ૪

ભાઈશંકર ન્હાનાભાઈ

(સોસાઇટીના પ્રમુખ–સન ૧૯૧૩ થી ૧૯૨૦)

" अणुभ्यश्च महद्भ्यश्च शास्त्रेभ्यः कुशलो नरः
सर्वत सारमादद्यात्पुष्पेभ्य इव षट्पदः "

તદ્દન ગરીબ સ્થિતિમાંથી પણ આપ હુંશિયારી, ખંત ઉદ્યોગ અને પ્રમાનદારીથી જે પુરુષો મ્હોટાઇને પામ્યા છે અને જેમણે લોકમાં આબરૂ અને નામના મેળવ્યાં છે, તેમાં ભાઇશંકર ન્હાનાભાઇ સોલીસીટરનો સમાવેશ થાય છે.

અમદાવાદની નજદિક પૂર્વ દિશામાં ખારી નદીના કાંઠે આવેલા ભુવાલડી ગામમાં ભાઇશંકરભાઇનો સં. ૧૯૦૧ ના શ્રાવણ શુદ દશમને બુધવારના રોજ જન્મ થયો હતો. તેઓ જાતે રાયકવાળ બ્રાહ્મણ હતા, જે જ્ઞાતિ તેની સંસ્કૃત વિદ્વતા માટે જાણીતી છે. ભાઇશંકરના દાદાના દાદા મકનજી ભટ્ટે કાશીમાં રહીને છ શાસ્ત્રનો અભ્યાસ કર્યો હતો, અને એમના કાકાશ્રી ઘનશ્યામ ભટ્ટ, જેમને ભાઈશંકરભાઈ બાપા કહીને સંબોધતા–સ્વર્ગસ્થ ફિલાભાઇ, તે મેઘદૂત અને વિક્રમોવર્શીયના ભાષાન્તર કર્તાના પિતાશ્રી–પણ સારા સંસ્કૃતજ્ઞ હતા. અને તેમના પ્રોત્સાહનથી ભાઈશંકરભાઇ અમદાવાદમાં અભ્યાસ કરવા સારૂ આવી રહ્યા હતા. પણ એમના પિતાના શિરે કરજનો બોજો હતો તેથી સવારસાંજ વિદ્યાર્થીઓને ટયુશન આપીને તેમજ મિત્રોની સહાયતા મેળવીને હાઇસ્કુલમાં અભ્યાસ કરવા ભાઈશંકર શક્તિમાન થયા હતા, પણ અહિં પરીક્ષામાં નાપાસ થતાં, એમના શુભેચ્છક રા. સા. ભોગીલાલ પ્રાણવલ્લભદાસની ભલામણથી ઇન્કમટેક્ષ ખાતામાં તેમને પ્રથમ નોકરી મળી હતી, તે પછી તો એક ખાતામાંથી બીજા ખાતામાં, કોઈવાર ખાનગી પેઢીમાં તો બીજી વખતે બેન્કમાં કે રેલ્વેમાં, એમ ઉત્તરોત્તર આગળ વધતા અને દુનિયાદારીના કાંઈ કાંઇ અવનવા અનુભવ મેળવતા અને ઠોકર ખાતા તેઓ આખરે મુંબાઇમાં સોલીસીટરની પેઢી સ્થાપવાને ભાગ્યશાળી થયા હતા; જે પેઢીએ મુંબાઇમાં એક આગેવાન સોલીસીટરની પેઢી તરીકે પ્રતિષ્ઠા જમાવી હતી.



ભાઈશંકર નાનાભાઈ સૉલિસિટર

(પૃ. ૫૧)

સોલીસીટરના ધંધામાં લાંબુ જીવન વ્યતિત કર્યા પછી કેટલાક કાટુંબિક અને સાંસારિક બનાવોને લઇને તેઓ પોતાના વતન અમદાવાદમાં આવી વસ્યા, અને બાકીનું આયુષ્ય વાનપ્રસ્થ જીવન તરીકે ગાળવાનો નિશ્ચય કર્યો હતો. પણ જેમણે સતત પ્રવૃત્તિમય જીવન વ્યતિત કર્યું હોય અને રાત દિવસ કામ, કામ ને કામ કર્યું હોય તેઓ ભાગ્યેજ શાન્ત બેસી રહી શકે. એટલે એમણે શહેરની મ્યુનિસિપલ અને સાર્વજનિક પ્રવૃત્તિઓમાં રસ લેવા માંડયો.

સોસાઇટીના તેઓ આજીવન સભાસદ હતા અને સોસાઈટીના કાયદાના સલાહકાર તરીકે પણ હરિવલ્લભદાસ વીલ કેસમાં અને ફકીરચંદ લોન પ્રકરણમાં એમણે સોસાઇટીને સારી મદદ કરી હતી, અને યુવાવસ્થામાં એમણે નાટકો પણ રચ્યાં હતાં, એ સાહિત્ય શોખને લઇને સોસાઈટી પ્રતિ એમને આકર્ષણ હતું જ.

પરન્તુ એમની આસપાસના કેટલાક વિઘ્નસંતોષી અને આપમતલબી મનુષ્યોએ સોસાઇટીના ચાલુ કાર્યવાહકો વિરૂદ્ધ એમના કાન ભંભેરી મૂક્યા હતા; તેથી સોસાઈટીનું તંત્ર એમણે હસ્તગત કર્યો પછી સોસાઇટીનું વાતાવરણ શાન્ત અને સાહિત્ય પ્રવૃત્તિને સાનુકૂળ અને સહાયભૂત થવું જોઇએ તે રહ્યું ન હતું; અને તે કામ સારૂં એમને પુરતો અવકાશ પણ ન હતો.

સદ્‍ગત ઓન. સેક્રેટરી લાલશંકરના સમયમાં સોસાઈટી તરફથી પ્રસિદ્ધ થયેલ પુસ્તક "સાઠીનું સાહિત્ય" માં અમુક કોઈ વ્યક્તિની બદનક્ષી થયલી છે એ પ્રકારનો ભાઈશંકર તરફથી વાંધો લેવામાં આવ્યો હતો પણ એ વાંધામાં કાંઇ મુદ્દો કે વજુદ ન હતાં, એટલે કમિટીને તે સંબંધમાં કાંઇ પગલું લેવું વ્યાજબી લાગ્યું નહોતું.

પણ લાલશંકરના અવસાન બાદ રૂ. ૧૦૦૦૦) ની રકમ જે કેળવણી કાર્યમાં ખર્ચવાનું એમણે તેમના વિલમાં જણાવ્યું હતું અને તે કારણે એ વિમાની પોલીસી પોતે સોસાઇટીના નામ પર ચઢાવેલી હતી તે પૈસા સોસાઇટીના માલિકીના છે, એ પ્રશ્નપર ભાઈશંકરભાઇએ પારકાની શિખવણીથી બીનજરૂરી ખટપટ ઉભી કરી હતી. પાછળથી તેનો સંતોષકારક તોડ કાઢવામાં આવ્યો હતો પણ તે સમયથી સોસાયટીની કમિટીના સભ્યોનાં મન ઉદ્વિગ્ન રહેતાં હતાં.

ભાઇશંકરે દુનીઆની લીલી સુકી જોઇ હતી અને એમના ધંધાને અંગે જાતજાતના ધંધાદારીઓના સંસર્ગમાં એમને આવવાનું થતું. તેથી કોઇ કાર્યમાં અંતિમ દરજ્જે તેઓ જતા નહિ. રમણભાઇ માટે તેમને અંગત માન હતું, તેમ રમણભાઇનો સ્વભાવ એટલો બધો સરળ અને સૌજન્યભર્યો કે એ સમય દરમિયાન બન્ને વચ્ચે પક્ષાપક્ષ કે વિરોધ જેવું બહુ થોડું બન્યું હતું.

સોસાઇટીના પ્રમુખ તેઓ નીમાયા એ અરસામાં મુંબાઇમાં સ્પીસી (Specie) બેંક તુટી અને તેના લિક્વિડેટર તરીકે ભાઇશંકરને નીમવામાં આવ્યા હતા. તેઓ વળી કેટલોક સમય અમદાવાદ મ્યુનિસિપાલીટીના પ્રમુખ પણ ચુંટાયા હતા.

બેન્કના કામના અંગે તેમને ઘણુંખરૂં મુંબાઇમાં રહેવું પડતું અને મ્યુનિસિપલ મિટિંગ માટે ખાસ અમદાવાદ આવતા; અને તે દિવસે સોસાઇટીના સેક્રેટરીને મેનેજીંગ કમિટીની સભા રાખવાનું તેઓ જણાવતા.+

અને જ્યાં સુધી તેઓ સોસાઇટીના પ્રમુખ રહ્યા ત્યાં સુધી એમની અનુકૂળતાએ અને એમની સૂચનાનુસાર મેનેજીંગ કમિટીની સભા રાખવામાં આવતી હતી.

+ જુઓ એમનો એક પત્ર.

Sandhurst Road,
Dani Building,
BOMBAY, 2-2-1914.

My Dear Hiralal,

Will you please inform Rao Bahadur Ramanbhai that I shall be in Ahmedabad next Sunday and if there be any urgent work he may call the meeting of the Managing Committee on that day. I shall probably stay there on Monday but I am not sure.

Please ask Manilal to send me the draft Rules which I had given him to prepare as I wish to have them ready to place before a special meeting to be fixed here after of the Managing Committee.

Yours Sincerely,
Sd/- **Bhaishankar.**

જે કોઈ કાર્ય તેઓ ઉપાડતા, તેને પાર પાડે તેઓ છોડતા; એવી એમની પ્રકૃતિ હતી. પણ એ કાર્યમાં તેઓ નિયમનું પાલન કરવાનું કદિ ચૂકતા નહિ અને શિષ્ટતાનું પણ ઉલ્લંઘન કરતા નહિ.

કોઈએ એમને એમ સમજાવેલું કે સોસાઈટીના ટ્રસ્ટફંડોનો વહીવટ બરાબર થતો નથી. તેથી એક દિવસે તેઓ અચાનક ઓફીસમાં આવી બેઠા અને જે તે ખાતાની હકીકત પૂછવા માંડી, તેના ઘટતા ખુલાસા કરવામાં આવ્યા. પણ એટલેથી એમને સંતોષ થયો નહિ, તેથી પોતાની સાથે સોસાઈટી હસ્તકનાં ટ્રસ્ટ ફંડોની છાપેલી ચોપડી ઘેર લઇ ગયા અને બીજે દિવસે એજ સમયે, ઓડીટર માટે ખાસ તૈયાર કરી હોય એવી રીતે સોસાઇટી હસ્તકના ૧૨૫ ટ્રસ્ટ ફંડોનું ક્રમવાર તારણ કાઢી લાવી, આવ્યા હતા અને બધી વિગતો બારીકાઈથી તપાસી પોતાની ખાત્રી કરી હતી. એમણે જોઈ લીધું કે એમને જે કાંઈ કહેવામાં આવ્યું હતું તે તદ્દન નાપાયાદાર હતું.

તેઓ એવા કાર્યકુશળ કાર્યકર્તા હતા કે વિશ્વકોશ જેવું મોટું કાર્ય ઉપાડવાનું તેમણે ધાર્યું હોય તો તે પાર પાડી શકત. એવી નાણાં ઉભાં કરવાની તેમનામાં જબરી તાકાત હતી. પણ સારા સલાહકારને અભાવે અને બે પાંચ કામોમાં ગુંચાયલા રહેવાથી એમની શક્તિ છિન્નભિન્ન થઇ ખાલી વેડફાઈ જતી હતી.

એક ઉદાહરણ નોંધીશું:–

સોસાઇટીના ધારા ધોરણમાં કાંઇક ફેરફાર કરવાનું એમને સ્ફુરી આવ્યું: અને એમનો સ્વભાવ એવો દૃઢ નિશ્ચયી કે તે વિચાર તરત અમલમાં મૂકાવો જ જોઇએ. ભાઇશંકરભાઇએ એ સુધારાનો ખરડો તૈયાર કરી અમને મોકલી આપ્યો અને સૂચવ્યું કે સોસાઈટીના સર્વ આજીવન સભાસદોને તે અભિપ્રાય અને સૂચના માટે મોકલી આપવો. તે સરક્યુલર જે પરિશિષ્ટ ૧ માં આપ્યો છે તે મોકલવામાં આશરે રૂ. ૨૦૦ નું ટપાલખર્ચ થયું હતું, તે એમણે પદરનું આપ્યું હતું.

સામાન્ય સભાએ એમનો એ ખરડો નામંજુર કર્યો હતો; એમણે ઇચ્છ્યું હોત તો પ્રોક્ષીના જોરે તેઓ તે પાસ કરાવી શકત પણ તેઓ બંધારણમાં માનનારા હતા, એમ તે વખતે જણાયું હતું.

એમની યુવાવસ્થામાં સુધારાનો પ્રવાહ પૂરો જોશમાં હતો અને તે કાળે શેરમેનિયાના ઝપાટામાં ઘણા પુરુષો આવી ગયા હતા; પણ એ બંનેમાંથી ભાઇશંકર બચ્યા હતા.

આપણી તે કાળની સામાજિક સ્થિતિનું વર્ણન એમણે જે નાટકો લખેલાં છે, તેમાંથી જોવા મળે છે.

પણ અમને એમની "મારા અનુભવોની નોંધ" એ ચોપડી ખાસ ગમી છે. તેમાં ભાઈશંકરભાઇએ જાત વિતકો વર્ણવેલાં છે, અને જીવનમાં પ્રવેશ કરનારને એ અનુભવ ને જ્ઞાન, ઉપયોગી, માર્ગદર્શક અને સહાયકર્તા થઇ પડશે એવું અમારૂં નમ્રપણે માનવું છે.

એમાંનો પહેલો પ્રસંગ આપીશું:—

"સંવત ૧૯૧૨ની સાલમાં મારી ૧૧ વર્ષની ઉંમર પૂરી થતાં બારમા વર્ષની શરુઆત થઇ ત્યારે હું અમદાવાદથી પાંચ ગાઉ દૂર મારા જન્મ સ્થળ ભૂવાલડી નામના ગામમાં ગુજરાતી નિશાળે અભ્યાસ કરી મારા પૂજ્ય કાકા ઘનસ્યામ ભટ્ટ કે જે મારા પિતાથી મોટા હોવાને લીધે હું બાપા કહેતો હતો, તેમની પાસેથી સંધ્યા તથા શિવપૂજન આદિ થોડુંક ધર્મ સંબંધી જ્ઞાન મેળવી સરકારી નિશાળે અભ્યાસ કરવા અમદાવાદ આવ્યો. આ સમયે મારા કુટુંબની દરિદ્ર અવસ્થા જોઈ મને વારંવાર ચિંતા થતી. તથા ઉદાસીનતા છવાઈ રહેતી. એક સમયે તે સંબંધી ઉદ્દગાર મારી ઈચ્છા નહિ છતાં પણ, રા. રા. લાલભાઇ રૂપરામ કે જે સુરત નોરમલ (ટ્રેનીંગ) સ્કુલમાંથી પાસ થયલા મુખ્ય મહેતાજી હતા અને પાછળથી ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેકટરની પદવીએ પહોંચ્યા હતા, તેમના સાંભળવામાં આવતાં તેમણે મને જે બોધ આપ્યો હતો તે મને અતિ ઉપયોગી લાગવાથી મેં નોંધી લીધો હતો. જેમ જેમ હું મોટો થઇ સંસારની ઘટનામાં પરોવાતો ગયો અને અનુભવ મેળવતો ગયો તેમ તેમ મને ખાત્રી થઇ કે, 'મારા મહેતાજીનો ઉપદેશ બહુ ઉપયોગી છે,' તે નીચે આપું છું.

"ભાઈ! તમે હજુ બાળક છો. દુનિયાનો અનુભવ લેવા હજુ ઘણી વાર છે. આપણી જે સમયે જેવી સ્થિતિ હોય તે સમયે તેવી સ્થિતિમાં સંતોષ માનવો એ આપણો પ્રથમ ધર્મ છે. પૂર્વ કર્મોનો વિચાર નહિ લેતાં ઇશ્વરને દોષ આપવો એ ભૂલ છે. પૂર્વ કર્મોને જ સુખ દુઃખના કારણરૂપ જાણી સંતોષ ધારનારને સુખ દુઃખના અનુભવના બળથી કેટલોક ઉપશમ મેળવવાની તક મળે છે. દુઃખના સમયમાં આપણા કરતાં વધારે દુઃખવાળાઓને જોઈ, પોતાની સ્થીતિથી શોક નહિ ધરવો અને સુખના સમયમાં આપણા કરતાં વધારે સુખવાળાને જોઇ હર્ષ નહિ ધરવો. તમને તમારા

કુટુંબની દરિદ્રતાએજ અભ્યાસમાં લગાડ્યા છે, તેથી દરિદ્રતાને પણ તમારે એક જાતની ઉપકારક સમજવી જોઇએ. તમે તમારી સ્થિતિનો આટલી નાની અવસ્થાથી વિચાર કરવા શીખ્યા છો એ તમારી જીંદગીમાં તમે ઉન્નતિ પામશો તેનું શુભ ચિન્હ તમારે સમજવું. મારી પોતાની પૂર્વ સ્થીતિ તમારી હાલની સ્થીતિથી પણ ખરાબ હતી અને મારા મુરબ્બી ભોગીલાલ પ્રાણવલ્લભ કે જે હાલમાં ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર છે, તેમને તો નળીયાં ઉપર દીવો મૂકી વાંચવું પડતું હતું; તો એ દાખલાઓ ઉપરથી સુખદુઃખની દશાઓને અસ્થીર સમજી દરિદ્રતાને અસ્થિર સમજી દરિદ્રતાનો શોક નહિ ધરો. 'ઇશ્વર જે કાંઇ કરે તે સારાને માટે હોય છે' એ કહેવતને ધ્યાનમાં રાખી ઇશ્વરનો પાડ માનવો, ઉદ્યમમાં મચ્યા રહેવું, પાપથી ડરવું અને નીતિથી વર્તવું એ સર્વથા ઉન્નતિજ છે. માટે તેમ વર્તો અને આવા ગાંડા ગાંડા વિચાર છોડી દો."

નિવૃત્તિ માટે તેઓ તલસતા પણ એમની વ્યવસાયી પ્રકૃતિ એમને સદા રોકાયલા રાખતી; અને કામ ને દોડધામમાં શરીર અસ્વસ્થ થતાં તેઓ મહાબલેશ્વર હવાફેર માટે ગયા હતા. ત્યાં તા. ૬ ઠ્ઠી મે ૧૯૨૦ ના રોજ ભાઇશંકરભાઇનું અવસાન થયું હતું.

એમના અવસાનની નોંધ લેતાં સોસાઇટીની સામાન્ય સભાએ નીચે મુજબ ઠરાવ પસાર કર્યો હતોઃ

"આ સભા તેઓનાં મૃત્યુની ઉંડા ખેદ સાથે નોંધ લે છે. તેઓ એક સમર્થ પુરૂષ હતા, અને સોસાઇટીની તેમણે સંગીન સેવા બજાવેલી છે. તેમના અવસાનથી સોસાઇટીને એક બાહોશ કાર્યવાહકની ખોટ પડી છે. આ ઠરાવની નકલ તેમના કુટુંબને મોકલી આપવી."*

મારા અનુભવની નોંધ પૃ૪. * બુદ્ધિપ્રકાશ સન ૧૯૨૦, જુલાઇ.

પરિશિષ્ટ ૧

મુંબઈ તા. ૨ જી જુન ૧૯૧૪

શ્રી ગુજરાત વર્નાક્યુલર સોસાઈટીના આજીવન લાઈફ મેમ્બરો જોગ.

વિ. વિ. સાથે આપને તસ્દી આપવાની કે, આપની તરફનાં વિશેષ મતે આપે મને ગયા જુન માસમાં આપની સોસાઈટીનો પ્રમુખ નિમ્યો હતો, તેની મુદત આ માસની આખરે પૂરી થાય છે અને આપની જનરલ સભા તા. ૨૯ મી જૂન, સોમવારે બોલાવવાનું નક્કી કર્યું છે, તેની રીતસર પત્રિકા આપને મળશે; દરમિયાન આપનામાંથી જેઓ તે વખતે જાતે હાજર ના થઈ શકે, તેમની જાણને માટે હું નીચે લખેલી સૂચનાઓ મોકલાવું છું. આ પત્રમાં જે જે બાબત ઉપર આપના અભિપ્રાયની હું અભિલાષા રાખું છું તે સામે કોરી જગા રાખી છે તેમાં તે બાબતના પ્રત્યુત્તર લખી જણાવવાની કૃપા કરી મને ઉપકૃત કરશો. કારણ કે જે સૂચનાઓ કરી છે, તે જો આપને પસંદ પડે તો તે સંબંધી સોસાઈટી ઠરાવ કરે, એવી દરખાસ્ત કરવાનો મારો વિચાર છે તેમાં આપની સૂચનાઓ અત્યંત મદદ કરતા થઇ પડે અને તેમ કરવા હું શક્તિમાન્ થઇ શકું. તે માટે જો આપને યોગ્ય લાગે તો, આ સાથેના પ્રોક્સીપત્ર ઉપર આપ આપની સહી કરી તથા એક આસામીની સાક્ષી કરાવી તે મારા તરફ આ સાથે મોકલેલા બીડામાં પાછી મોકલવા તસ્દી લેશો.

૧ મારી પ્રથમ સૂચના તો એ છે, આપણી સંસ્થાની વ્યવસ્થા ઓનરરી સેક્રેટરીની મારફત થાય છે અને તેને મદદ કરવાને એક વ્યવસ્થાપક કમિટી નીમાય છે. તે નીમણુંકો માત્ર એક જ વર્ષ માટે થાય છે, તેને બદલે અમુક મુદત માટે, એટલે ત્રણ કે પાંચ વર્ષને માટે કરવામાં આવે તો તેમણે આરંભેલાં કામ તેઓ પૂરાં કરી શકે, એવી મારી સૂચના છે અને તે બાબત રજુ કરતાં અગાઉ આપનો અભિપ્રાય જાણવાની આવશ્યકતા છે.

૨ આપણી સોસાઇટીનું ફંડ જોઇએ તેટલું વધવા માંડ્યું છે અને હજુ વધે જશે એમાં શક નથી, તેમ આપણી સોસાઈટીને કેળવણીને લગતાં ઘણાં ફંડોનો વહિવટ કરવાની સુંપરત દિનપર દિન થતી જાય છે. તેથી તેને માટે કાયમના ટ્રસ્ટીઓ નિમવાની મને આવશ્યકતા લાગે છે. કારણ કે જ્યાં સુધી તેવા ખાસ ટ્રસ્ટીઓ આપણા તરફથી નિમાય નહીં, ત્યાં સુધી કાયદા પ્રમાણે વખતે વખતે જે વ્યવસ્થાપક

કમીટીના સભાસદો નિમાય તેઓ ટ્રસ્ટી ગણાય અને તેમની ફેરબદલી દર વર્ષે થાય છે, માટે તે સંબંધમાં મારી સૂચના એવી છે કે શ્રી ઓનરેબલ સરદાર સર ચિનુભાઇ માધવલાલ રણછોડલાલ બારોનેટ સી. આઇ. ઈ. અને શેઠ અંબાલાલ સારાભાઈ તથા શ્રી ઓનરેબલ રાવ બહાદુર રમણભાઇ મહીપતરામ નીલકંઠ, બી. એ. એલ. એલ. બી. એમની ટ્રસ્ટીઓ તરીકે નિમણુક કરી અને એમને એવી સૂચના કરવી કે તમામ ફંડ મુંબાઇ બેન્કમાં અથવા વખતે વખતે જે બેન્કમાં સરકારી તીજોરી રહે તે બેન્કમાં અનામત રાખી તેનું વ્યાજ વસુલ કરવા તે બેન્કના અધિકારીને પાવર ઓફ ઍટરની આપી વ્યાજ વસુલ કરાવરાવી તે વ્યાજ આપણી સોસાઇટીના વખતે વખતે જે સેક્રેટરી હોય તેના ચાલુ ખાતામાં જમા કરાવવું, કે જેથી જ્યારે સોસાઇટીના કામ માટે તે રકમ જોઇએ ત્યારે ઓનરરી સેક્રેટરી ચેક લખી તે મંગાવી શકે અને સેક્રેટરી સાહેબને ખાસ ભલામણ કરવી કે જે ફંડનું વ્યાજ તુરત ઉપયોગમાં લેવાય તેમ ના હોય, તે સેવીંગ બેન્કમાં પોતાને નામે જમા કરાવી તેનું વ્યાજ ઉપજાવવું.

૩ લાઈફ મેમ્બર થનાર પાસેથી રૂ. ૫૦ લેવાય છે, તેમાં કંઇક વધારો કરવો, કારણ કે સોસાઇટી તરફથી પ્રસિદ્ધ થતાં પુસ્તકો તેમને રૂ. ૧) ની કીંમત સુધીનાં મફત મોકલવામાં આવે છે તેથી સોસાઇટીને ઘણો ખરચ થાય છે. મારો અભિપ્રાય એવો છે કે હાલ તુરત રૂ, ૧૦૦) ની કરવી. બાનુઓ પાસેથી તેમજ મહેતાજીઓ અને લાયબ્રેરીઓ પાસેથી જે લવાજમ લેવાય છે તે થોડું છે, તો પણ તેમને ઉત્તેજન આપવું એ જરૂરનું છે, માટે તેમાં તો કશો ફેરફારો કરવા હાલ વિચાર નથી. આ બાબત આપનો અભિપ્રાય જાણવાની અવશ્ય જરૂર છે,

છેવટ સોસાઇટીની સભામાં આપની તરફ મત આપવા માટે પ્રોક્સી-પત્ર મોકલ્યું છે, તે ઉપરથી આપની સૂચનાને અનુસરી વોટ આપવામાં આવશે, એ વિશે આપને ખાતરી આપવા જરૂર જોતો નથી. કમીટીની નિમણુક બાબતમાં પણ આપનાજ અભિપ્રાયને અનુમોદન આપવું એવો મારો નિશ્ચય છે, માટે હાલની કમીટીના સભાસદોનાં નામની ટીપ નીચે આપી છે તેના સામે આપ આપની ઇનિશિયલ અથવા × નીશાની કરવા તસ્દી લેશો. કમીટીમાં વધુમાં વધુ ૧૫ ની સંખ્યા રખાય છે, માટે તે

ટીપમાં ફેરફાર કરી બીજા કોઈ ગૃહસ્થનું નામ આપ સુચવશો તો તેને માટે પણ હું ખુશીની સાથે આપની તરફથી મત આપીશ.

હાલની કમિટીનાં મેમ્બરોનાં નામ

પ્રમુખ

રા. રા. ભાઇશંકર નાનાભાઈ

ઓનરરી સેક્રેટરી

ધી ઓનરેબલ રાવ બહાદુર રમણભાઇ મહીપતરામ નીલકંઠ

મેમ્બરોનાં નામ

ધી ઓનરેબલ સરદાર સર ચીનુભાઇ માધવલાલ રણછોડલાલ બારોનેટ

દીવાન બહાદુર અંબાલાલ સાકરલાલ દેશાઇ

રાવબહાદુર કમળાશંકર પ્રાણશંકર ત્રીવેદી (એમણે પેનશન લેઈને સુરતમાં રહેવા વિચાર રાખવાથી રાજીનામું આપ્યું છે.)

પ્રોફેસર આનંદશંકર બાપુભાઇ ધ્રુવ

રાવબહાદુર જેઠાલાલ વરજભાઇ

રા. રા. હલસુખરામ હરગોવનદાસ સાહેબા

રા. રા. બાપુજી જગન્નાથ

રા. રા. રેવાશંકર અંબારામ

રા. રા. સુલચંદ આશારામ શાહ

રા. રા. નવલશંકર નૃસિંહપ્રસાદ

ડાકટર મણિલાલ ગંગાદાસ

મી. બુરાનુદીન અબદુલ્લામીયાં

છેવટમાં મારી એટલી જ ભલામણ છે કે, ધી આનરેબલ રાવ બહાદુર રણછોડભાઇ મહીપતરામ નીલકંઠે એટલો બધો સંતોષ આપ્યો છે, કે, તેમને હમેશના ઓનરરી સેક્રેટરી નિમાયલા જોવાથી હું ઘણો ખુશી થઇશ.

લી. સેવક,

ભાઇશંકર નાનાભાઇના

સવિનય પ્રણામ.

પ્રકરણ ૫

પ્રાચીન કાવ્યનું પ્રકાશન

"The mission which poets and philosophers feel within their heart, is to take their countrymen a step forward,—a step in the line of progress and not a leap from one age to another x x x and judging by this standerd what native of Gujarat will not say that this poets have not made a gift of higher loves and cares to the countrymen? x x x But for these poets the people of Gujarat would have long since been turned into decayed and shrinken things; and if there is life left in them, the life-drops have been supplied by the poets. The poets have in fact wielded their power among the masses in the province and enriched at a time when there were no educationalists in the land, and it is upon the bases of the society as saved or raised by them that modern educationalists and writers have to construct their superstructure if they ever think of reaching the otherwise unwieldy masses.

"The Classical poets of Gujarat." p. 78-79,
(G. M. TRIPATHI.)

પ્રાચીન કાવ્યોનાં સંશોધન અને પ્રકાશન સારૂ સોસાઈટીને કવીશ્વર દલપતરામ સ્મારક ફંડ મળેલું છે અને તેના વ્યાજની સારી રકમ જમે થયે મેનેજીંગ કમિટીએ પ્રેમાનંદ રચિત નળાખ્યાન અને સુભદ્રાહરણ એ બે પ્રસિદ્ધ કાવ્યોનું નવેસર સંશોધન કરાવી તે એ ફંડમાંથી છપાવવાનો નિર્ધાર કર્યો હતો. નળાખ્યાનનું આખ્યાન વડોદરાના માજી ન્યાયાધીશ દામુભાઈ ડાહ્યાભાઇ-જેમણે અગાઉ એ કાવ્યોનો કેટલોક ભાગ, શ્રીયુત છગનલાલ ઠાકોરદાસ મોદીની સાથે સટીક સંપાદન કર્યો હતો તેમને અને સુભદ્રા હરણનું કાવ્ય, શ્રીયુત અંબાલાલ બુલાખીરામ જાની-જાણીતા ગુજરાતી સમાહિકના ઉપ-તંત્રી અને પ્રાચીન કાવ્ય સાહિત્યના માર્મિક અભ્યાસી-ને

સોંપાયાં હતાં. એ પૈકી "સુભદ્રા હરણ" તૈયાર થઈ આવ્યું, તે સન ૧૯૧૯ માં સોસાઇટીએ છપાવ્યું હતું; અને નળાખ્યાનનું પછી રહેલું કામ, પ્રાચીન કાવ્ય સંશોધન માટે પંકાયલા શ્રીયુત મંજુલાલ મજમુદારને પછીથી સોંપવામાં આવેલું છે.

પ્રાચીન કાવ્ય સાહિત્યનો વાચક અને અભ્યાસી જોઈ શકશે કે શ્રીયુત અંબાલાલ જાનીએ સુભદ્રાહરણનું સંપાદન કાર્ય બહુ કાળજીપૂર્વક અને શાસ્ત્રીય ધોરણે કરેલું છે; અને એ આવૃત્તિનું વિશેષ આકર્ષણ એ છે કે સંપાદકે એક વિસ્તૃત ઉપોદ્ઘાત લખીને તેમાં પ્રેમાનંદના પ્રશ્નને વિગતવાર ચર્ચ્યો છે; અને ટુંક સમયમાં તેની પહેલી આવૃત્તિ ઉપડી જતા લેખકે તેની બીજી આવૃત્તિ પોતા થકી કઢાવવા પરવાનગી માગી હતી તે સોસાઇટીએ તેમને બક્ષી હતી.

શ્રીયુત હિંમતલાલ અંજારિયાએ "કાવ્ય માધુર્ય" એડિટ કરીને નવી કવિતાનો ગુજરાતી જનતાને સારી રીતે પરિચય કરાવ્યો હતો, પણ નવી અને જુની કવિતાનો સંગ્રહ વાચક વર્ગને સુલભ થાય એ હેતુથી સોસાઈટીએ ઇંગ્રેજીમાં મેકે સંપાદિત ૧૦૦૧ કાવ્ય રત્નોનું પુસ્તક છે એ ઢબનું નવીન પદ્ય સંગ્રહ—અને એ ધોરણે ગદ્યસંગ્રહ પણ તૈયાર કરાવવાનો નિર્ણય કર્યો અને તેમાંનું પદ્ય સંગ્રહનું સંપાદન કાર્ય, એવાં એડિટિંગ કાર્ય માટે જાણીતા થયલા ભાઇશ્રી હિંમતલાલ અંજારિયાને, અને ગદ્ય સંગ્રહનું સંપાદન કામ નડિયાદ નિવાસી પણ સારાય ગુજરાતના પરિચયવાળા, કુશળ લેખક અને કવિ શ્રીયુત ચંદ્રશંકર પંડ્યાને, અપાયાં હતાં.

શ્રીયુત ચંદ્રશંકર ઉપર જણાવેલું ગદ્ય પુસ્તક, એમની અસ્વસ્થ તબીયતને લઇને તૈયાર કરી શક્યા નથી; અને તે પછી શ્રીયુત વિશ્વનાથ ભટ્ટે એ વિષયને હાથમાં લઇને 'ગદ્ય નવનીત' એ નામનું એક પુસ્તક ગુજરાતી જનતાને આપેલું છે, તે એ પ્રકારના ગદ્ય સંગ્રહોમાં પ્રથમ સ્થાન લે છે.

સન ૧૯૨૧ માં પદ્યસંગ્રહ—નવી જુની કવિતાનો સંગ્રહ—છપાયો હતો અને તે એકદમ લોકપ્રિય નિવડી, શાળા પાઠશાળામાં તે પુસ્તક પાઠ્ય પુસ્તક તરીકે નિયત થયું હતું અને હજી તે બહોળુ વંચાય છે એ તેની અન્ય એવા સંગ્રહોની સરખામણીમાં સર્વોપરિતા દર્શાવે છે.

સોસાઇટીના પ્રમુખ તરીકે દી. બા. કેશવલાલભાઈની સન ૧૯૨૦ના જુન માસમાં નિમણુંક થઈ, તે પછીથી એમ કહી શકાય કે પ્રાચીન ગ્રંથોનાં પ્રકાશન કાર્યને સોસાઇટી તરફથી ખાસ ઉત્તેજન મળેલું છે.

ગુજરાતી કોશની નવી આવૃત્તિ થવાની જરૂર હતી અને તેની સુધારણાનું અને સંપાદનનું કાર્ય ઉપાડી લેવા કમિટીએ દી. બા. કેશવલાલભાઇને વિનતિ કરતાં, કેટલીક અનુકૂળતા મળે, તેઓએ તે માટે ખુશી દર્શાવી હતી.

પ્રાચીન કાવ્યમાળા અને બૃહત્કાવ્યદોહનના આઠ ભાગો પ્રકટ થયા ત્યારે એમનાં કાવ્યોની પ્રતો જુજજાજ મળેલી હતી. તે પછી નવી પ્રતો સંખ્યાબંધ હાથ લાગી હતી, તેમજ એ છાપેલાં પુસ્તકોની પ્રતો પણ બજારમાં વેચાતી મળતી નહોતી.

દરમિયાન સોસાઇટીમાં જુની હાથપ્રતોના એક સારો સંગ્રહ ભેગો થયો હતો અને તેનો કોઈ રીતે ઉપયોગ થાય એમ એ વસ્તુમાં રસ લેનારા સૌ ઇચ્છતા હતા.

કોશના સંપાદનકાર્ય અર્થે પ્રથમ કોશમાં નહિ સંગ્રહાયલા એવા નવા શબ્દો એકઠા કરવાનું કામ શરૂ કરવામાં આવ્યું, તેના અંગે જુનાં કાવ્યો ફરી વાંચી જવાનું નક્કી કર્યું તે સાથે એ વિચાર દૃઢ થયો કે ભેગાભેગુ એ કાવ્યની શુદ્ધ પ્રત પણ તૈયાર કરાવવી, જે સાનુકૂળ સંજોગ આવી મળતાં પ્રસિદ્ધ કરી શકાય.

એ અરસામાં દી. બા. કેશવલાલભાઇ કોલેજમાં ગુજરાતીના અધ્યાપક નિમાયા હતા.

યુનિવરસિટીની બી. એ. ની પરીક્ષામાં ગુજરાતીના વિષયને દાખલ કર્યા પછી પાઠય પુસ્તકોની પસંદગીમાં કેટલીક મુશ્કેલી નડતી હતી અને અને પ્રિવિયસ, ઇન્ટર અને બી. એ. ઓનર્સમાં એ વિષય લેવાતા, તે મુશ્કેલી વધુ નડવા ભીતિ હતી.

યુનિવર્સિટી તરફથી બી. એ. અને એમ. એ. ની પરીક્ષામાં ગુજરાતી પુસ્તકોની પસંદગી અમુક ધોરણે થવા ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી અને ગુજરાત સાહિત્ય સભાએ દી. બા. કેશવલાલભાઈની સૂચનાથી, એક પત્ર યુનિવર્સિટી રજીસ્ટ્રારને મોકલી આપ્યો હતો; એટલુંજ નહિ પણ સર ચીમનલાલ-મુંબાઈ યુનિવર્સિટીના ચાનસેલર-કોઈ કામ પ્રસંગ અમદાવાદમાં આવેલા તેમની ડેપ્યુટેશનમાં મુલાકાત લઇને તે સંબંધી ઘટતી સગવડ કરી આપવાને એમને વિનંતિ કરી હતી.

એમ. એ. ની પરીક્ષામાં ગુજરાતીને સ્થાન અપાયું ત્યારથી એ વિષયના પરીક્ષક તરીકે દી. બા. કેશવલાલ નિમાતા હતા અને એમની એ પાઠયપુસ્તકો સંબંધીની સૂચનાઓ જેમ વ્યવહારૂ તેમ મહત્વની હતી.

ગુજરાતીમાં પાઠ્ય પુસ્તકની મુશ્કેલી આજે પણ માલુમ પડે છે પણ તે બની શકે તેટલે અંશે દૂર કરવા દિ. બા. કેશવલાલભાઈની પ્રેરણાથી સોસાઇટીએ પ્રાચીન કાવ્યનું સંશોધન અને પ્રકાશન કાર્ય, તે પછી તુરત ઉપાડી લીધું હતું અને તેનાં પરિણામે સોસાઈટી આજદીન સુધીમાં આઠેક પ્રાચીન કાવ્યનાં પુસ્તકો પ્રસિદ્ધ કરી શકી છે.

આ સંબંધમાં એ વખતે બુદ્ધિપ્રકાશમાં અમે નીચે મુજબ નોંધ લખી હતીઃ—

"મુંબઈ યુનિવર્સિટીએ બી. એ. ની પરીક્ષામાં, એમ. એ. ની જેમ ગુજરાતીને સ્થાન આપ્યું છે અને એમ આશા પડે છે કે રફતે રફતે ઇન્ટરમીડીએટ અને ફર્સ્ટ ઇયર ઇન આર્ટ્સ, એ બે પરીક્ષાઓમાં પણ તે વિષય દાખલ થઇ જશે, એટલે કે કોલેજની શરૂઆતથી માંડીને એમ. એ., પર્યંત ગુજરાતી ભાષાનો ક્રમસર (graded) અભ્યાસ કરવાની વિદ્યાર્થીઓને સુગમતા પ્રાપ્ત થશે પણ તે સાથે કોલેજ પરીક્ષાને યોગ્ય પાઠ્ય પુસ્તકો કયાં છે એ પ્રશ્ન આપણી સંમુખ ખડો થાય છે. સિવાય જે પુસ્તકો દાખલ થઇ શકે એવાં છે, તેની નકલો દુષ્પ્રાપ્ય હોય છે, અગર તો તે કાવ્યગ્રંથોનું પદ્ધતિસર સંશોધન થયલું હોતું નથી. અભ્યાસના અને વિદ્યાર્થીના દૃષ્ટિબિન્દુથી આ આખો પ્રશ્ન વિગતમાં વિચારવાની જરૂર છે. સોસાઇટીની વ્યવસ્થાપક કમિટીએ આ પ્રશ્નને જુદી દૃષ્ટિએ વિચારતાં જોયું કે પ્રાચીન કાવ્યમાળા અને બૃહત કાવ્યદોહનના ગ્રંથો પ્રસિદ્ધ થયે ઘણો વખત થઇ ગયો છે; અને તે પછી કેટલાંક નવાં કાવ્ય પુસ્તકો હાથ લાગ્યાં છે. અને કેટલાક જુનાં કાવ્યોની નવી પ્રતો પણ પ્રાપ્ત થઈ છે. પ્રાચીન કાવ્યમાળાના ગ્રંથો તો હાલમાં મળી શકતા નથી. અને બૃહત્ કાવ્યદોહનનું પુસ્તક અભ્યાસ માટે નિર્ણિત થવા જોઇએ તેવું વ્યવસ્થિત અને સંકલિત નથી. તેથી નરસિંહ મહેતાથી માંડી દલપતરામ પર્યંતના મુખ્ય અને પ્રચલિત કવિઓના જાણીતા ગ્રંથોનું નવેસર સંશોધન થઈ કવિ જીવન અને નોટસ સાથે તે તૈયાર થવાની જરૂર છે. એ રીતે નવેસર તે કામ ઉપાડી લેવાથી પ્રાચીન ગુજરાતી કાવ્ય સાહિત્યનું સમગ્ર રીતે અને ક્રમસર દિગ્દર્શન કરાવી શકાશે અને વિદ્યાર્થીઓને પાઠ્ય પુસ્તકો માટે જે કાંઇ અગવડ છે તે આ પ્રસિદ્ધિથી થોડે ઘણે અંશે દૂર થવા સંભવ છે."

બુદ્ધિપ્રકાશ, જાન્યુઆરી સન ૧૯૨૨–પૃ ૨૩, ૨૪.

પ્રસ્તુત યોજનાનું પહેલું પુસ્તક 'નરસૈં મહેતાનું આખ્યાન.' એ નામનું બહાર પડ્યું હતું. બૃહત્કાવ્ય દોહન ભા. ૮ માં નરસૈંનું ચરિત્ર વિશ્વનાથ કવિના નામે છપાયું હતું પણ અમને જે હાથપ્રત હાથ લાગી તે તપાસતાં જણાયું હતું કે નરસૈંના જીવનના પ્રસંગો જુદા જુદા કવિઓના રચેલા, કોઈ અજ્ઞાત કવિએ સળંગ રીતે ગૂંથ્યા હતા અને તેમાં વિશ્વનાથ જાનીનું મોસાળું પણ આપેલું હતું. એ પુસ્તકનું કર્તૃત્વ વિશ્વનાથને આરોપિત હતું તે બરાબર નહોતું.



નરસૈં મહેતાનાં આખ્યાનની હસ્તપ્રતનું એક પૃષ્ઠ.

નરસૈંના જીવન પ્રસંગો જાણવાને આ કાવ્ય જેમ ઉપયોગી હતું તેમ પ્રાચીન સાહિત્યની દૃષ્ટિએ પણ તેનું મૂલ્ય હતું.

બીજું પુસ્તક પંદરમા સૈકાના ગુર્જર કાવ્યોનો સંગ્રહ એ નામનું હતું. એનું સંપાદન કાર્ય દી. બા. કેશવલાલભાઇએ કર્યું હતું. એમાંના કેટલાંક કાવ્યો રણમલ છંદ, વસન્તવિલાસ, સીતાહરણ વગેરેની મહત્તા પ્રતિ એમણે પ્રથમ ધ્યાન દોર્યું હતું અને જુની ગુજરાતીમાં એ કાવ્યો એમના હસ્તે, એડિટ થયાં, એ પ્રાચીન સાહિત્યના અભ્યાસની દૃષ્ટિએ યોગ્ય થયું છે અને એ વિષયના અભ્યાસીને તે બહુ મૂલ્યવાન જણાશે. માત્ર એક ઉણપ તેમાં રહી જવા પામી છે અને તે માર્ગદર્શક નોટસની અને કઠિન શબ્દોના કોશની છે.

ભીમરચિત હરિલીલાની હાથપ્રત મૂળ કાવ્ય સં. ૧૫૪૦ માં રચાયાં પછી ત્રીસમા વર્ષે નકલ થયલી સોસાઇટીના સંગ્રહમાં હતી અને એ કાવ્ય બી. એ., ની પરીક્ષામાં અભ્યાસ માટે મુકરર પણ થયું હતું. ભાષાની દૃષ્ટિએ તેમ વિષય પરત્વે એનું પ્રકાશન અગત્યનું હતું.

ઉપર અમે જણાવ્યું છે કે શ્રીયુત અંબાલાલ જાનીનો આપણા પ્રાચીન કાવ્ય સાહિત્યનો અભ્યાસ બહુ સારો તેમ વ્યાપક છે અને હરિલીલાનું સંપાદન કાર્ય એજ વિદ્વાનને સુપ્રત થયું હતું. એમણે એકલી ટેક્સ્ટજ સારી રીતે સંશોધન કરીને સંતોષ માન્યો નથી પણ તેના અભ્યાસીને ઉપયોગી થાય એવા મહત્વનાં માર્ગદર્શક ટીપ્પણો પણ લંબાણથી નોંધયા છે અને તેમાં ખાસ આદરણીય અંગ તો એ કાવ્યના અંગે એમણે ગુજરાતમાં વૈષ્ણવ ધર્મના પ્રચાર વિષે ઐતિહાસિક ઉપોદ્ઘાત લખ્યો છે, તે છે. પ્રાચીન કાવ્ય સાહિત્યનો અને ગુજરાતમાં વૈષ્ણવ સંપ્રદાયનો ઇતિહાસ જાણવા ઇચ્છનાર વાંચકે તે અવશ્ય વાંચવો જોઇએ; તે નિબંધ એવો માહિતીપૂર્ણ અને વિદ્વત્તાભર્યો છે.

સોળમા સૈકાના કવિઓનાં આખ્યાનોની સળંગ યાદી તૈયાર કરતાં તે બહુ મોટી થઈ ગઈ, અને પંદરમા સૈકાનાં કાવ્યોની પેઠે એક ગ્રંથમાં તેનો સમાવેશ થઇ શકશે નહિ એમ લાગ્યું તે યાદી લક્ષપૂર્વક તપાસતાં એકજ વિષય પર જુદા જુદા કવિઓએ રચેલું કાવ્ય તુલનાત્મક અભ્યાસની દૃષ્ટિએ વધારે આકર્ષક થઇ પડશે એ ઉદ્દેશથી ત્રણ કવિઓનું રચિત જાલંધર આખ્યાન એકજ સંગ્રહમાં સંપાદિત કરવાનો નિશ્ચય કર્યો અને એ યુગનું જેમનું જ્ઞાન બારીક તેમ બહોળું છે, એવા કવિ ભાલણના ખાસ અભ્યાસી શ્રીયુત રામલાલ મોદીને એ કાવ્યનું સંપાદન કામ સોંપ્યું હતું. એ કાવ્યની ટેક્સ્ટ શ્રીયુત મોદીએ કાળજીપૂર્વક તૈયાર કરેલી છે, અને તે

અંબાલાલ બુલાખીરામ જાની

(પૃ. ૬૪)

રામલાલ ચુનીલાલ મોદી

હિંમતલાલ ગણેશજી અંજારિયા

(પૃ. ૬૫)

જેઠાલાલ ગોવર્ધનદાસ શાહ

કાવ્યની ઐતિહાસિક પદ્ધતિએ સમાલોચના કરી એ આવૃત્તિનું મૂલ્ય બહુ વધાર્યું છે. એ સંપાદન કાર્યથી સંતોષ પામીને આપણા એક પ્રતિષ્ઠિત સાક્ષરશ્રી બલવંતરાય ઠાકોરે જે અભિપ્રાય આપ્યો છે તે અહીં ઉતારવો બસ થશેઃ—

વસંતવિલાસનું એક પૃષ્ઠ

"રા. રા. રામલાલ મોદીએ બહુજ સારો અભ્યાસ કરીને આ પુસ્તક તૈયાર કર્યું છે. પ્રતોનો સંગ્રહ અને પાઠભેદોની નોંધ અને કવિઓની હકીકત વગેરેનું એમનું લખાણ આજ લગીના ગુજરાતના વિદ્વાનોએ એવા વિષય ઉપર કરેલાં લખાણોમાં ઉત્તમ પ્રતિનું લાગે છે અને તેમાં વિષ્ણુદાસ વિષે એમણે કરેલી ચર્ચા ઉપરથી એ કવિ પ્રથમ પહેલીવાર ગુજરાતીના શોધક વિદ્વાનોનું પુરેપુરૂં ધ્યાન ખેંચવા સમર્થ થઈ જશે એવી આશા રાખું છું. સોસાઇટીદ્વારા પ્રકટ થતા સંશોધિત સાહિત્યમાં આ પુસ્તક જરૂર ઉંચું સ્થાન લેશે."*

નડિયાદનિવાસી રત્નદાસ નામના કવિએ હરિશ્ચંદ્રાખ્યાન નામનું કાવ્ય લખેલું છે અને તે છપાયું હતું. પ્રેમાનંદનાં જીવન વિષે એ કાવ્યમાંથી કેટલીક કિંમતી માહિતી પ્રાપ્ત થાય છે, તે કારણે દી. બા. કેશવલાલભાઈને તેનું પુનઃપ્રકાશન જરૂરનું જણાયું અને તેના સંપાદન પાછળ ભારે જહેમત ઉઠાવીને એની શુદ્ધ પ્રત એમણે તૈયારી કરી આપી, તે સોસાઇટીએ છપાવી હતી; પણ એ પ્રકાશનનું મહત્ત્વ તેમાં "પ્રકાશના પરમાણું" એ શીર્ષક હેઠળ સંપાદકે જે વિચારણીય પ્રસ્તાવના લખેલી છે, તેમાં રહેલું છે, અને પ્રેમાનંદના અભ્યાસીને તે વિશેષ ઉપયોગી થશે.

ગુજરાતનો છેલ્લો કવિ-પ્રાચીનોમાં દયારામ છે; અને ગુજરાતી જનતામાં તેની લોકપ્રિયતા હજુ કાયમ છે. ગુજરાતીમાં વલ્લભી સંપ્રદાયનું વૈષ્ણવી સાહિત્ય ઉતારવાનો કોઈ ગુજરાતી કવિએ પ્રયત્ન કર્યો હોય તેમાં અગ્રસ્થાને કવિ દયારામ બીરાજે છે, અને વલ્લભ સંપ્રદાયના સિદ્ધાંતોનું પદ્ધતિસર નિરૂપણ એમનાં 'રસિક વલ્લભ' કાવ્યમાં મળી આવે છે એ પુસ્તક એમ. એ., ની પરીક્ષામાં પ્રથમ વંચાતું હતું, અને પરીક્ષક તરીકે ગોવર્ધનરામભાઈનું એ પ્રતિ લક્ષ જતાં એમણે "દયારામનો અક્ષરદેહ" એ નામક એક વિદ્વત્તાપૂર્ણ નિબંધ એ કાવ્ય પર લખ્યો હતો.

'રસિક વલ્લભ' એ કાવ્ય પ્રાચીન કાવ્યમાળામાં પ્રસિદ્ધ થયું હતું પણ તેની પ્રતો મળતી નહોતી. કવિની પ્રતપરથી એમના કોઇ શિષ્યે નકલ કરેલી પ્રત પ્રસંગવશાત્ દી. બા. કેશવલાલના જોવામાં આવી. દી. બા. કેશવલાલભાઇનો દયારામ વિષેનો અભ્યાસ કેટલો ઉંડો છે તે એમણે મુંબઇમાં શ્રી ફોર્બસ સભાના આશ્રય નીચે કવિ દયારામ વિષે જે વ્યાખ્યાન આપ્યું હતું તે વાંચતા

* જલંધર આખ્યાન-પૃ. ૨.

માલુમ પડશે. એમની સૂચનાથી રસિકવલ્લભનું નવેસર સંપાદન કરાવવાનું અને તે કામ વૈષ્ણવી વલ્લભ સંપ્રદાય સાહિત્યના ખાસ અભ્યાસી અને પ્રખર વિદ્વાન પ્રો. જેઠાલાલ ગોવર્ધનદાસ શાહને આપવાનો નિર્ણય થયો



જાલંધર આખ્યાનનું છેલ્લું પૃષ્ટ.

એમણે તે કાર્ય બહુ ઉત્સાહથી સ્વીકાર્યું અને કવિ દયારામ વિષે એ આવૃત્તિમાં લંબાણથી એક લેખ લખીને એ પુસ્તકના અભ્યાસીને મદદગાર થઈ પડે એવી પુષ્કળ વાંચન સામગ્રી એમણે પૂરી પાડેલી છે; તે બદલ સંપાદકને ખરેખર ધન્યવાદ ઘટે છે.

ગુજરાતી પ્રાચીન કવિઓમાં અખાનું નામ જેમ જાણીતું તેમ મોખરે છે; પણ એની કવિતાના વિષયની કઠિનતાને લઇને અને અજ્ઞાન લહીઆઓએ ઉતારેલી ભ્રષ્ટ પ્રતોનાં કારણે એ કવિતા સમજવાનું અઘરૂં થઈ પડે છે, અને તેથી ઘણા વાચકો તેનું વાચન અધવચ મૂકી દે છે.

આ અડચણ ટાળવાને, અને કેશવલાલભાઈ, ગુજરાતીના અધ્યાપક તરીકે કોલેજમાં એજ વિષયને શિખવતા હતા તેથી પણ, અખાના જાણીતા કાવ્યોનો સંગ્રહ, દી. બા. નર્મદાશંકરભાઈ—જેઓ વેદાંતના વિષયમાં પારંગત છે, અને થોડાક સમય પર એમણે અખા વિષે કમળાશંકર સ્મારક વ્યાખ્યાન સુરતમાં આપ્યું હતું,—એમને એડીટ કરી આપવા જણાવવામાં આવ્યું અને એ વિષયના પ્રેમથી ખેંચાઇને, અન્ય પ્રવૃત્તિઓમાં ખૂબ દબાયલા હોવા છતાં, તે એમણે સ્વીકાર્યું હતું.

એ આવૃત્તિ સર્વ રીતે સરસ જણાઇ છે.

અખાનું ઘણું સાહિત્ય અપ્રસિદ્ધ જંબુસર પાસે આવેલા કહાન્વાના મઠમાં પેટીમાં પડી રહેલું છે, એવી માહિતી મળતાં સોસાઇટીએ જાણીતા સાહિત્યકાર અને કવિ શ્રીયુત સાગર દ્વારા એ સંગ્રહ મેળવીને તેનું સંપાદન કાર્ય એમનેજ સોંપ્યું હતું; અને એ સંગ્રહ અખાકૃત 'અપ્રસિદ્ધ અક્ષયવાણી' એ નામથી પ્રકટ થયલો છે.

અખાના અભ્યાસીને તે પુસ્તક જરૂર સંતોષ આપશે; વળી અખાની અપ્રસિદ્ધ સાખીઓનું ત્રીજું પુસ્તક તૈયાર કરાવવાની તજવીજ ચાલુ છે.

અત્યાર આગમચ જે પ્રાચીન કાવ્ય ગ્રંથો પ્રકટ થઇ ગયા છે, તેની ઉપર નોંધ કરી છે, પણ અન્ય કાવ્યો જેનું સંપાદન કાર્ય સોંપાઈ ગયું છે, અને જેમાંના કેટલાકની સાફ પ્રેસ કોપી સોસાઇટી પાસે આવી ગયલી છે, તેનો પણ અત્રે ઉલ્લેખ કરવો ઘટે છે.

ઓખાહરણ—પ્રેમાનંદ, નાકર, વિષ્ણુદાસ અને કહાનનું રચેલું—નું કાવ્ય પ્રો. ગજેન્દ્રશંકર પંડ્યાએ સંશોધિત કરી આપ્યું છે; અને એ ધોરણે સગાળશા આખ્યાન—દશ કવિઓની કૃતિઓનો સંગ્રહ સુરતની

સાર્વજનિક કોલેજના એક અધ્યાપક શ્રીયુત વ્રજરાય મુકુંદરાય દેસાઇએ તૈયાર કર્યું છે, અને તે એક ઉત્તમ કાવ્ય પુસ્તક થઇ પડે તો અમે નવાઇ પામીશું નહિ. સગાળશાની વાતુ બહુ પ્રાચીન છે અને તેનો પ્રચાર ઘણા પ્રાંતોમાં જોવામાં આવે છે. લેખકે એ વિષયને લગતી ઘણી ઘણી માહિતી, જુદા જુદા સ્થળોએ તપાસ કરીને મેળવી છે; સ્વર્ગસ્થ એચ. આર. સ્કોટે


नवदशापं चदशात्रेवीसोवली[illegible]वीस निकएकत्रीसोसंद्या
तरअठइबारमशाञिहांमनायागीश्वरखुरमशदशलीलाप्र
करण[illegible]त्रीसअध्यात्रिणिशातएकत्रीसा।१७नीमनणाड।
नाग[illegible]तविचारअनुक्रमणीरमणीय अपार आस्वतणा।
प्रयादिकरी।[illegible]श्रीकलासंतोष्या हरी।।१[illegible]श्लोक।।इति[illegible]
तस्यारमणीकृता।।आस्वणानांमस्वादनानीमनानंतभोत
या।।[illegible]निश्रीहरिलीलासमाप्तः।। ।।छ।। अथकलशरागी
ता।धन्याश्री।नगतिविचारनिजवचननानावचित्रासोलक
ला[illegible]हरकेशावाकथापवित्र।।१[illegible]दा।धन्यतेपुरुष
नारीजीहरेएणसंसारि।जीणीवाणीइ[illegible]नाम
डरारि।धन्यतनरअनेकतीरथतपव्रतदान।यागकरा
ञनसमानवीतणुं[illegible]पामी।इनकृहरी।।धन्यतेरसन[illegible]गीधर
नन्नेतायाम।यजतारामा[illegible]परि[illegible]करताञ्रा[illegible]
वलवाम।धन्यतेपञ्नागतहितसदा।गा[illegible]गाअंत
कलियुगिश्रीकृष्ण[illegible]रइनामलेइंता।धन्यतेपट[illegible]तिश्री
मंद्वाविन्नुप्रीतोस्तु।। ।।संवत[illegible]वर्षेआ[illegible]दि[illegible]
यामेलिखि[illegible] ।।श्रीरस्तु।। ।।कल्याणमस्तु।। ।। ।।

ભીમકૃત હરિલીલાનું છેલ્લું પૃષ્ઠ.

સગાળશા આખ્યાનને એક ઉત્તમ કાવ્ય ગણાવ્યું હતું; અને બાઇબલના જોબની પેઠે સગાળશા શેઠની કસણી—તાવણી ગમે તેવા સખત હૃદયને પણ પિગળાવે એવી છે. આ પુસ્તક ચાલુ વર્ષમાં બહાર પડનાર છે.

આ સિવાય રત્નેશ્વરકૃત ભાગવતના ત્રણ સ્કંધ, જેની પ્રત ઉપલબ્ધ છે, તેનું એડિટીંગ કામ એ વિષયના રસિયા અને પરમ વૈષ્ણવ શ્રીયુત કેશવરામ કાશીરામ શાસ્ત્રીએ હાથ ધર્યું છે. મહાભારતનું આદિપર્વનું પુસ્તક એમણે એડિટ કરેલું જેમણે જોયું હશે તેઓ એમનાં આ કાર્યથી બહુ પ્રસન્ન થશે. નવા લેખકોમાં એમણે એમની કાર્યશક્તિ અને બુદ્ધિથી ઉંચું સ્થાન મેળવેલું છે, એમ કહેવાની ભાગ્યેજ જરૂર રહે છે.

એજ પ્રમાણે શ્રીયુત ભોગીલાલ જયચંદ સાંડેસરાએ ૧૫ મા, ૧૬ મા અને ૧૭ મા સૈકાનાં પ્રાચીન કાવ્યોની ફૂલગુંથણી કરી આપવાનું જણાવ્યું છે. એ બાઇ હજુ વિદ્યાર્થી અવસ્થામાં છે, મેટ્રિક્યુલેશનના વર્ગમાં અભ્યાસ કરે છે, પણ એમનું આપણા પ્રાચીન સાહિત્ય અને ઇતિહાસનું જ્ઞાન કોઈ સારા વિદ્વાનને માનાસ્પદ થઈ પડે એવા ઉંચા પ્રકારનું છે. એમની પાસેથી કેટલીક માહિતી મેળવવાની બાકી છે, તે મળ્યા બાદ સોસાઇટી તે સંગ્રહ વિષે છેવટનો નિર્ણય કરશે.

અંતમાં "આપણી કવિતા સમૃદ્ધિ" એ નામનો અર્વાચીન કવિતાનો એક સંગ્રહ સોસાઈટીએ છપાવેલો છે અને એ વિષયમાં તે નવીન ભાત પાડે છે. એ વિષે વધુ વિવેચન નહિ કરતાં, તેના સંપાદકના જ શબ્દો અમે રજુ કરીશું:—

વિ. સં. ૧૯૦૧ થી આજ સુધીના સાડાઆઠ દાયકાના લાંબા અરસા માટે સાધારણ કદની ચોપડીમાં કવિતા સંગ્રહ કરવો, દરેક કૃતિની સાથે વિવરણ પણ આપવું, અંગત રૂચિ અરૂચિને અલગ રાખી કૃતિના ગુણ દોષ સમજાય એમ સકારણ વિવરણ લખવું, વાદાવાદી બનતા લગી તજને પણ મત દેવામાં તો ખેંચાવું નહિ, ગોળ ગોળ પણ ન લખવું, અને મત કરતાં તેનાં કારણોને મુખ્ય ગણવાં; અલંકારો, સરખામણીઓ તથા તે માટે ઉતારા, શબ્દ વ્યુત્પત્તિ, કવિનાં સામાન્ય લક્ષણો, વગેરે વિષયોથી ન લલચાતાં ચોપડીના કદની મર્યાદાઓને વળગી રહેવું, કૃતિને અને તેના અર્થને જ પ્રધાન ગણવાં—આવાં આવાં લક્ષણોવાળો ઉદ્દેશ જામતાંજ આ ચોપડીની સંકલનામાં કેટલાક ધોરણોને દૃઢતાથી પાળવાનું પ્રાપ્ત થયું." × ××

" કવિતા કલાની જે ભાવના વિવિધ દાખલા દલીલો સાથે ગુજરાતના કવિતાભોગી વર્ગમાં ફેલાવવાના હેતુથી આ ચોપડી યોજી છે, તે ભાવનાનો સત્વર વિજય થાઓ ! "


કવિતા કલા

પ્રથમ પુષ્પ

ગુર્જર કવિ રત્નદાસકૃત

હરિશ્ચન્દ્ર આખ્યાન.

[illegible]

કીમત ૬ આના.

(સર્વ હક સ્વાધીન)

પ્રકરણ ૬

મહિલા મિત્ર

મારો આદર્શ એ છે કે સ્ત્રીઓ ભલે પોતાના હિત માટે સ્વતંત્ર રીતે વિચાર કરે, પણ તે વિચારોને કાર્યમાં મૂકવા પુરુષો સાથે હિંમતથી સહકાર કરે તો બંનેના સુખમાં ઘણો વધારો થાય અને મનુષ્ય સમાજ વધારે બળવાન અને તંદુરસ્ત થઇ શકે."

મહારાણી ચીમનાબાઈ ગાયકવાડ

સ્ત્રી કેળવણી પ્રત્યે સોસાઈટીના સંચાલકો શરૂઆતથી ધ્યાન આપતા આવ્યા છે. સોસાઇટી સ્થપાઈ કે તુરત જ પહેલવહેલું કાર્ય છોકરા છોકરીઓની ખાનગી શાળાનો વહિવટ તેના પોતાના હાથમાં લેવાનું કર્યું હતું. શહેરમાં પ્રથમ કન્યાશાળા કાઢવાનો યશ સોસાઇટીને છે અને સોસાઇટીના સંસ્થાપક ફૉર્બસ સાહેબની પ્રેરણા અને પ્રોત્સાહનથી રા. બ. મગનભાઇ કન્યાશાળા નિકળી હતી તેનો ઉલ્લેખ બીજા વિભાગમાં કરવામાં આવેલો છે, તેમ તેમાં જણાવેલું છે કે બીજી બે શહેરની જાણીતી કન્યાશાળાઓ રણછોડલાલ છોટાલાલ ખાડીયા કન્યાશાળા અને સૌ. દિવાળીબાઇ કન્યાશાળાનાં ફંડ અને વહિવટ સોસાઇટી પાસે છે અને તે બંને સંસ્થાના મુખ્ય સંચાલક અને ઑન. સેક્રેટરી લેડી વિદ્યાબહેન નીલકંઠ છે, જેમની પાસે રા. બા. મગનભાઇ કન્યાશાળાનો (હાલનાં એ. વી. સ્કુલ) ચાર્જ પણ છે.

સોસાઇટીએ માત્ર કન્યાશાળાઓનો વહિવટ કરીને સંતોષ માન્યો નથી. સ્ત્રી ઉપયોગી વાચન સાહિત્ય પુરૂં પાડવા તેને ૮ ટ્રસ્ટ ફંડો આશરે રૂ.૨૦૦૦૦નાં મળેલાં છે, જેનાં વ્યાજમાંથી વખતોવખત વિધવિધ વિષયોપર પુસ્તકો છપાવવામાં આવે છે; અને તે ઉપયોગી સ્ત્રી વાંચન પુરૂં પાડે છે. તે સિવાય તેના હસ્તક સૌ. લક્ષ્મીબાઈ સ્ત્રી પુસ્તકાલય છે, તેમાંથી પુસ્તકો સ્ત્રીઓને છૂટથી વાંચવા અપાય છે; અને છોકરીઓને ઇનામો અને સ્કૉલરશિપો આપવાનાં ટ્રસ્ટ ફંડો તો તેને મોટી સંખ્યામાં મળેલાં છે.

પરંતુ સોસાઇટીના કાર્યવાહકોને સ્ત્રી કેળવણીનું કામ કરતા માલુમ પડ્યું કે હિન્દુ બાળાઓ સમાજ બંધનને કારણે બાર તેર વર્ષની વયે પહોંચતા શાળાનો અભ્યાસ છોડી દે છે. એવી બાળાઓ વધુ અભ્યાસ

શ્રી વિદ્યાબ્હેન નીલકંઠ

સૌ. શારદાબ્હેન મહેતા

'મહિલામિત્ર' વર્ષ ૧થી૪ સુધીનાં સંપાદકો

(પૃ ૭૨)

KUMAR PRINTERY, AHMEDABAD

સૌ. સરોજિની મહેતા

સૌ. સૌદામિની મહેતા

'મહિલામિત્ર' પુસ્તક ૫ નાં સંપાદકો

(પૃ. ૭૩)

'મહિલા-મિત્ર'ના પ્રથમ ત્રણ અંકોનાં કવર ચિત્ર

કરી શકે અને તેમનું જ્ઞાન વધે એ આશયથી સોસાઇટીએ સન ૧૯૦૦ માં સ્ત્રી કેળવણીની પરીક્ષા લેવાની યોજના ઘડી હતી અને તેનો સવિસ્તર વૃત્તાંત સોસાઇટીના ઇતિહાસ વિભાગ ૨ માં આપેલો છે.*

તે પછી સ્ત્રી કેળવણીનો બહોળો પ્રચાર થયો છે અને ઘણી બાળાએ મ્હોટી ઉમ્મર સુધી શાળા પાઠશાળામાં અભ્યાસ કરે છે.

સોસાઇટીના સંચાલકોએ પાછળથી જોયું કે ઉપરોક્ત સ્ત્રી શિક્ષણ પરીક્ષા આપવા સારૂ બહુધા શાળાઓ અને ટ્રેનિંગ કૉલેજની બાળાઓ અને શિક્ષિકાઓજ આવે છે, જે તેનો ખરો આશય નહોતો; એટલુંજ નહિ પણ તેનો લાભ ઘણુંખરૂં અમદાવાદની સ્ત્રીઓ લેતી હતી.

આ બે કારણે સોસાઇટીના કાર્યકર્તાઓએ ચાલુ રૂઢિમાં થોડોક ફેરફાર કરવાનું યોગ્ય વિચાર્યું. પ્રથમ તો એ પરીક્ષામાં ગુજરાતના બીજા ભાગોની સ્ત્રીઓ સહેલાઇથી બેસી શકે તે સારૂ જુદા જુદા અને મુખ્ય શહેરોમાં તે પરીક્ષા લેવાની તજવીજ કરી; પણ તે અખતરો ફતેહમંદ નિવડ્યો નહિ.

કાર્યવાહકોએ જોયું કે તે કાર્ય પાછળ આશરે રૂ. ૩૦૦) થી રૂ. ૫૦૦) ખર્ચાય છે અને તેનો ઉપયોગ અને લાભ જેવી રીતે લેવાવો જોઇએ તેવી રીતે વ્યવહારમાં જોવામાં આવતો નથી.

સોસાઇટી સાહિત્ય અને કેળવણીની પેઠે જ્ઞાન પ્રચારની સંસ્થા છે; જો તે સ્ત્રી ઉપયોગી વાચન, જમાનાને અનુકૂળ, પૂરૂં પાડવા ગોઠવણ કરે તો તે વધારે લાભદાયી થવા સંભવ છે, એવો સામાન્ય અભિપ્રાય માલુમ પડ્યો.

તે પરથી સોસાઇટીએ સ્ત્રી વાચન માટે વ્યવહારૂ યોજના ઘડી કાઢવા એક પેટા–કમિટી નીમી તેની પાસે રીપોર્ટ માગ્યો; તે રીપોર્ટ પરિશિષ્ટમાં આપ્યો છે.

સદરહુ કમિટીની ભલામણ પરથી "મહિલા મિત્ર" નામનું એક વાર્ષિક પુસ્તક કાઢવાનું નક્કી થયું; અને તે પુસ્તક સંપાદન કરવાનું કાર્ય ગુજરાતની બે અગ્રગણ્ય સન્નારીઓ લેડી વિદ્યાબ્હેન અને શ્રીમતી શારદા બ્હેન મહેતાને સોંપવા નિર્ણય થયો અને તે કાર્ય તેમણે ખુશીથી સ્વીકાર્યું હતું.

---

* જુઓ ગુ. વ. સોસાઇટીનો ઇતિહાસ, ભા. ૨, પૃ. ૧૪૫

" મહિલા મિત્ર " વાર્ષિકના ચાર પુસ્તકો એમના તંત્રીપદ હેઠળ પ્રગટ થયાં હતાં પરંતુ કૌટુંબિક જવાબદારીઓ સાથે જાહેર પ્રવૃત્તિઓમાં એમને વધુ ને વધુ રોકાણ થતું હતું અને તેના કામનો બોજો પણ વધતો જતો હતો તેથી 'મહિલા મિત્ર' ના સંપાદનમાં વારંવાર વિલંબ થતો હતો. એવી અનિયમિતતા જાહેર કાર્યમાં ન થવી જોઈએ એવી માન્યતાથી તેઓએ કમિટીને તંત્રી પદમાં ફેરફાર કરવાનું જણાવ્યું. તે પરથી સોસાઇટીએ એમની સલાહ લઇને સર રમણભાઇ અને લેડી વિદ્યાબ્હેનની બે સુસંસ્કારી ગ્રેજ્યુએટ પુત્રીઓ શ્રીમતી સરોજિની બ્હેન મહેતા, એમ. એ.; અને શ્રીમતી સૌદામિની બ્હેન મહેતા, બી. એ., ને તે કાર્ય સુપ્રત કર્યું પણ તે બંને બ્હેનો દૂરના સ્થળે અને એક બીજાથી અલગ રહેતા હતાં અને દેશમાં એવામાં રાજકીય હિલચાલે બહુ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું અને તે માટે લેખો વગેરે મેળવવામાં બહુ મહેનત પડતી હતી; એ સંજોગોમાં એક જ પુસ્તક તેઓ સંપાદન કરી શક્યાં હતાં. પછીથી એ પ્રવૃત્તિ મંદ પડી હતી. તેનું પ્રકાશન કાર્ય હાલમાં અટકી પડ્યું છે; પણ એ પ્રવૃત્તિને ચાલુ રાખવા સોસાઇટી ઇંતેજાર છે અને તે સારૂ પ્રયત્ન પણ જારી છે.

એ પુસ્તકનું પ્રકાશન બે ત્રણ કારણે ઉપકારક હતું; એક તો તે સ્ત્રી ઉપયોગી વાચન પૂરૂં પાડતું હતું; બીજું તેના સંપાદકો સ્ત્રીઓ હતી અને ત્રીજું એમાં સ્ત્રીઓનું દૃષ્ટિબિન્દુ બરોબર રજુ થયું હતું અને તે જરૂરનું હતું.

'મહિલા મિત્ર' ના પહેલા પુસ્તકમાં જ તંત્રી બ્હેનોએ સ્ત્રી શિક્ષણના પ્રશ્ન પર ભાર મૂકતા તેમાં સ્ત્રીનું દૃષ્ટિબિન્દુ રજુ કરવાનો એમનો આશય દર્શાવ્યો હતો. અત્યાર સુધી સ્ત્રી શિક્ષણનાજ એકલા નહિ પણ સમસ્ત સ્ત્રી જીવનને લગતાં સઘળા પ્રશ્નો પુરુષોએ જ વિચાર્યા છે અને તેના નિર્ણય કરેલા છે. તેથી સ્ત્રી વર્ગને અન્યાય પણ થયલો છે. એ સ્થિતિમાં ફેરફાર આવશ્યક હતો અને તે દિશામાં એ બ્હેનોનો પ્રયાસ હતો.

એ પુસ્તકની પ્રસ્તાવનામાં જ તેમણે લખ્યું હતું કે,

" સ્ત્રીશિક્ષણ અને સ્ત્રીઓને લગતા તમામ વિચારમાં એક સિદ્ધાંત જાણે સ્વતઃસિધ્ધ હોય એમ સ્વીકારી લેવામાં આવેલો જ્યાં ત્યાં જોવામાં આવે છે. તે એ છે કે ઈશ્વર સ્ત્રીને પુરૂષના સુખને માટે ઉત્પન્ન કરે છે. માત્ર આ પત્રમાં લેખકોને ઉદ્દેશીને આ કહેવું નથી. એકંદરે જ્યાં ત્યાં સ્ત્રી

સંબંધી ચર્ચા અગર વિચાર થાય છે ત્યાં એ વાત તો તે વિચારના પાયા રૂપજ હોય છે. અલબત્ત, સ્ત્રીની ફરજ પોતાના કુટુંબીઓને સુખરૂપ થવાની હોય છે તે કોઇ ના પાડતું જ નથી. પણ સ્ત્રી એક મનુષ્ય છે, તેનું વ્યક્તિત્વ છે, જેમ પુરુષને સુખની અભિલાષા છે તેમ સ્ત્રીને પણ હોય જ એ વાતની વિસ્મૃતિ થતી જણાય છે. માનવ સૃષ્ટિમાં પુરુષ તે પ્રધાન અને સ્ત્રી તે ગૌણ એ માન્યતા સામાન્ય રીતે એટલી દૃઢ થઇ ગઈ છે કે તેમાં કાંઇ અયોગ્ય હોય એવું પુરુષોને તો શું પણ સ્ત્રીઓને પણ લાગતું નથી. સ્ત્રી શિક્ષણની યોજનામાં માત્ર એટલુંજ હોય છે કે સ્ત્રીઓને કુટુંબજીવનને યોગ્ય બનવા સાધનભૂત શિક્ષણ જોઇએ તો પણ ઠીક. પરંતુ પુરૂષના ઉત્તમ સુખ સાધનરૂપ તે કેમ બને એ લક્ષ્યબિન્દુ એકંદરે અગ્રસ્થાને હોય છે અને એ લક્ષ્યબિન્દુ સમક્ષ રાખવાથી જ સ્ત્રીકેળવણીની ઘટનાઓ સંકુચિત અને અનુદાર થાય છે.

પુરુષને પ્રભુએ શ્રેષ્ઠ સરજાવ્યો છે અને સ્ત્રીઓ તો પુરૂષો સુખ સગવડમાં રહી શકે માટે જીવન ધારણ કરે છે એ ભાવના કાંઇ આ દેશમાંજ છે એમ નથી. આખા જગતમાં સર્વ દેશોમાં, કોઇમાં થોડે તો કોઈમાં ઘણે અંશે એ માન્યતા ચાલતી આવેલી છે. સ્ત્રીઓમાં અજ્ઞાન વિશેષ ત્યાં તેમની વિશેષ અધમ દશા. બાકી પુરુષ કરતાં સ્ત્રી ઉતરતો આત્મા છે એમ પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે દરેક દેશમાં મનાય છે. શરીર બલમાં પુરુષ ચઢીઆતો છે અને સ્ત્રી જીવનનાં કુદરતી કર્તવ્યો સ્ત્રીઓને છે તેટલા પરથી માનસિક અને આત્માના વિકાસમાં તે ઉતરતી છે એમ માની લેવામાં આવ્યું છે અને સંસારની ઘટના એ શરીર બલ પર રચાઈ છે, તેથીજ સ્ત્રીનું સ્થાન ગૌણ મનાયું છે. સ્ત્રીઓમાં જ્ઞાનનો પ્રસાર થાય તોજ તેઓ પોતાનું યોગ્ય સ્થાન પ્રાપ્ત કરી શકે અને જનસમાજમાં શ્રેષ્ઠતા પ્રાપ્ત કરી શકે."

એ પ્રકાશન પુનઃ અને સત્વર પ્રસિદ્ધ થાઓ અને તે સ્ત્રી બ્હેનોના હસ્તે, એવી અમારી ઇચ્છા સાથે, સ્ત્રી જીવનના પ્રશ્નમાં રસ લેતા સૌ કોઇ સંમત થશે.

પરિશિષ્ટ ૨

સ્ત્રી શિક્ષણ અભ્યાસક્રમ વિષે વિચાર કરવા માટે નિમાયેલી કમિટીનો રિપોર્ટ

સ્ત્રી શિક્ષણ અભ્યાસક્રમ વિષે વિચાર કરવા નિમાયેલી કમિટીની એક સભા તા. ૮ મી સપ્ટેમ્બર ૧૯૨૦ ને બુધવારને રોજ સાંજના પા૫ વાગે સોસાઈટીની ઑફીસમાં મળી હતી, તે વખતે નીચેના સભાસદો હાજર હતા અને નીચે પ્રમાણે ભલામણ કરવા ઠરાવ થયો હતો.

હાજર

(૧) રા. બા. રમણભાઈ મહીપતરામ નીલકંઠ

(૨) મી. કે. એ. બાલા

(૩) મીસીસ શારદા સુમન્ત મહેતા

રા. બા. રમણભાઇને પ્રમુખપદ આપવામાં આવ્યું હતું.

સોસાઈટીએ સ્ત્રી કેળવણી, સ્ત્રીઓના શિક્ષણ માટે ભાષણ અને પરીક્ષાઓની યોજનાઓ દાખલ કરી કેટલું વહેવારૂ કાર્ય તે દિશામાં કરેલું છે અને તે પ્રયાસ બહુધા ફતેહમંદ નિવડયો હતો પણ શાળામાં શીખતી છોકરીઓ અગર ઘેર અભ્યાસ કરતી સ્ત્રીઓ તરફથી આવી પરીક્ષા માટેની ઉમેદવારી હવે ઘણી ઘટી ગઇ છે તેથી આ પરીક્ષા ચાલુ રાખવાની જરૂર નથી, એમ આ કમિટીને લાગે છે. પણ સ્ત્રી કેળવણીની અભિવૃદ્ધિ માટે નવીન માર્ગ ગ્રહણ કરવાનું કમિટીને યોગ્ય જણાય છે.

અઢીસે સ્ત્રીઓ આ સોસાઇટીની લાઇફ મેમ્બર છે અને ખાસ સ્ત્રી ઉપયોગી વાચનની તેમના તરફથી ઇચ્છા દર્શાવવામાં આવે છે તેમજ સામાન્ય સ્ત્રીઓ વાંચી શકે એવું ઉપયોગી ઉંચા પ્રકારનું સાહિત્ય પુરૂ પાડવાની જરૂર છે.

તે હેતુથી 'મહિલા મિત્ર' એ નામથી વિધવિધ વિષયનું એક વાર્ષિક Annual પુસ્તક આશરે ૧૫૦ થી ૨૦૦ પાનાનું તે સચિત્ર તૈયાર કરાવી સોસાઇટી તરફથી પ્રસિદ્ધ કરવું અને તે મેમ્બરોને અને બુદ્ધિપ્રકાશના ગ્રાહકોને બક્ષીસ આપવું, એવી આ કમિટી ભલામણ કરે છે.

આવું વાર્ષિક પુસ્તક પ્રસિદ્ધ કર્યાથી તેનો બ્હોળો લાભ લેવાશે અને સ્ત્રીઓ માટે સારૂં સાહિત્ય ઉત્પન્ન થશે.

તા. ૯ મી સપ્ટેમ્બર ૧૯૨૦.

(સહી) રમણભાઈ મહીપતરામ નીલકંઠ
પ્રમુખ
મહિલામિત્ર–વાર્ષિક

ગુજરાત વર્નાક્યુલર સોસાઈટી,
અમદાવાદ, તા. જાન્યુઆરી ૧૯૨૧.

મહેરબાન સાહેબ,

વિશેષ વિનંતિ કે, આવતા વર્ષમાં (સને ૧૯૨૧) સોસાઇટી તરફથી "મહિલા મિત્ર" એ નામથી એક સચિત્ર વાર્ષિક (Annual) પુસ્તક અમારી દેખરેખ અને તંત્રીપદ નીચે કાઢવા વ્યવસ્થા થએલી છે. તેમાં સ્ત્રીઓને લગતા, સ્ત્રીકેળવણી અને સ્ત્રી જીવનને ઉન્નત અને સુખી કરે એવા ઉંચી કોટિના અને વિચારપૂર્ણ લેખો રજુ કરવા તેમજ સ્ત્રી ઉપયોગી સંસ્થાઓ, મંડળો, માસિકો અને પુસ્તકો, સ્ત્રી કેળવણીના આંકડા અને કન્યાશાળાઓ વગેરે બાબતોને લગતી માહિતીનો સમાવેશ કરવા ધાર્યું છે.

વાસ્તે આપને વિનંતિ કરવાની કે સ્ત્રી કેળવણી અને સ્ત્રીજીવનને લગતા એકાદ વિષય ઉપર આપ લેખ લખી આપવા કૃપા કરશો અને આ સંબંધમાં જે કાંઇ ઉપયોગી સૂચના કરવી જરૂરની જણાય તે લખી જણાવવા તસ્દી લેશો.

આપ કયા વિષય ઉપર ખ લખી આપશો અને તે કેટલી મુદતમાં લખી મોકલી શકશો તે જણાવી અમને આભારી કરશો.

આ સંબંધી સર્વ પત્રવ્યવહાર ગુ. વ. સોસાઇટીની ઓફીસને સરનામે કરશો.

લી૦
સૌ. વિદ્યા રમણભાઈ
સૌ. શારદા સુમંત મહેતા
સંપાદક, મહિલા મિત્ર.

પ્રકરણ ૭

ધર્મ અને તત્વજ્ઞાનનાં પુસ્તકો

" Religion is a challange to the world of power by that of spirit. It is a summons to man to adventure, and experiment. "

Sir Radhakrishna.

(East and West in Reigion, p 114)

આજે આપણને જુદા જુદા ધર્મો વચ્ચે વિખવાદ ઓછો થયલો માલુમ પડે છે અને એક બીજા ધર્મો વચ્ચે સહિષ્ણુતા વધી છે અને પરસ્પર સમભાવ અને ઉદારતાથી જોવાય છે; પરંતુ જુદા જુદા ધર્મો વચ્ચે મત મતાંતર અને ઝગડા થતા પરાપૂર્વથી ચાલતા આવે છે. ધર્મ એ એવો વિષય છે કે જેમાં એક બીજા વિરોધી ધર્મવાળાઓને ઉશ્કેરાઇ જતાં વાર લાગતી નથી; અને ધર્મનું ઝનુન જાગે, તીવ્ર બને, ત્યારે મારામારી અને લડાઇના બનાવો અનેક પ્રસંગે અને સ્થળે થયેલા સૌના જાણવામાં છે.

એવો એક કડવો પ્રસંગ સોસાઇટીના ઇતિહાસમાં પણ મળી આવે છે.

સન ૧૯૦૫ માં "બુદ્ધિપ્રકાશ" માં શ્રીયુત શંભુપ્રસાદ શિવપ્રસાદ મહેતાએ તાબુત વિષે એક લેખ લખ્યો હતો. ઇસ્લામ ધર્મની પુરી માહિતીના અભાવે અને કાંઇક અજ્ઞાનતાને લઇને એમણે તાબુત વિષે ભૂલભરેલી માહિતી આપી હતી, તે મુસ્લિમ બંધુઓને ગુસ્સાનું કારણ થઇ પડયું; અને તેઓ રોષમાં ને રોષમાં સીધા સોસાઇટીના ઑન. સેક્રેટરી લાલશંકરભાઇના બંગલે નદી પાર પહોંચી ગયા. લાલશંકરભાઇ સોસાઇટીની પેઠે અમદાવાદ અંજુમને ઇસ્લામ સંસ્થાના પણ ઑન. સેક્રેટરી હતા અને મુસ્લિમ બંધુઓના હિત અને કેળવણી અર્થે સતત પ્રયત્ન કરતા હતા. તેમ છતાં તેમના મનનું સમાધાન કરતાં તેમને બહુ તકલીફ પડી હતી અને એ વિફરેલા મામલાને એમણે કુનેહથી સમાવી દીધો હતો. એ લેખ 'બુદ્ધિપ્રકાશ' માંથી પછીથી કાઢી નાંખવામાં આવ્યો હતો અને તેને બદલે નવું લખાણ મૂકવામાં આવ્યું હતું. તે વિષે જે હકીકત બુદ્ધિપ્રકાશમાં તે વખતે છપાઇ હતી તે અહિં આપીએ છીએઃ—

બુદ્ધિપ્રકાશનો વધારો.*

" ગયા ફેબ્રુઆરી માસના અંકમાં પૃષ્ઠ ૪૦ થી ૪૪ ઉપર "તાજીઆ વિષે ટુંક હકીકત" એ વિષય છાપેલો છે. તે ઉપરથી કેટલાક મુસલમાન ભાઈઓનાં દીલ દુખાયાં છે એમ અમારા જાણવામાં આવ્યું છે; અને તેથી દિલગીર છીએ.

"બુદ્ધિપ્રકાશ" માં કોઇ પણ ધર્મનો વિષય લેવો નહિ એવો સખ્ત નિયમ છે, અને રા. શંભુપ્રસાદ શિવપ્રસાદ મહેતા, બી. એ. એ મોકલેલો વિષય ધર્મનો ન હોવો જોઇએ એમ સમજીને ભૂલથી સોસાઇટીના નિયમ વિરૂદ્ધ છાપવામાં આવ્યો છે, તે આથી રદ કરવામાં આવે છે."

તા. ૮-૩-૦૫ ઉમેદભાઈ લખાભાઈ પટેલ

એડીટર—"બુદ્ધિપ્રકાશ"

સૂચના.

ગયા ફેબ્રુઆરી માસના અંકમાં "તાજીઆ વિષે ટુંક હકીકત" એ મથાળાનો લેખ પ્રસિદ્ધ થયો હતો, જે અમે ગયા માર્ચ માસના અંક સાથે વધારો પ્રસિદ્ધ કરી રદ કર્યો છે; એ રદ કરેલાં પૃષ્ટ ૩૯ થી ૪૪ સુધીની જગ્યાએ આ પૃષ્ટ દાખલ કરવાં.

આની અગાઉ "દશ અવતાર" વિષે એક લેખ 'બુદ્ધિપ્રકાશ' માં છપાતાં મતભેદ પડયો હતો અને તેથી 'બુદ્ધિપ્રકાશ' માં ધાર્મિક વિષયો નહિ લેવા એવો ઠરાવ કમિટીએ ત્યારે કર્યો હતો.×

સોસાઇટીના મુખ્ય કાર્યકર્તાઓમાં આપણે અગાઉ જોયું છે કે તેઓ પ્રાર્થના સમાજીસ્ટો અને ચુસ્ત સંસાર સુધારકો હતા અને કારોબારી કમિટીમાં પણ સર્વ ધર્મના અને વર્ણના સભ્યો માલુમ પડતા; અને કયા ધર્મના પુસ્તકને પસંદગી આપવી એ ગુંચવણભર્યો પ્રશ્ન થતો. તેથી ધર્મના પુસ્તકનું પ્રકાશન કાર્ય સોસાઇટીએ તે સમયે નહિ હાથ ધરવામાં અખત્યાર કરેલી રીતિ વાજબી હતી એમ કહેવું પડશે.

પણ સુજ્ઞ પુરુષો જાણે છે કે ધર્મ વિના મનુષ્ય જીવન નિરર્થક છે. ઘી વિનાનો કંસાર, મીઠા વિનાનું ભોજન, તેમ ધર્મ વિહોણો સંસાર,

---

* બુદ્ધિપ્રકાશ, માર્ચ ૧૯૦૫.

× બુદ્ધિપ્રકાશ, વર્ષ ૧૮૭૪, પૃ. ૧૪૪ ની સામે પુંઠા પર.

નીરસ અને શુષ્ક થઈ પડે છે; તે આનંદ રહિત અને ભ્રૂર રૂપ નિવડે છે, જ્યારે ધર્મના પાલનથી મનુષ્યને આશ્વાસન ને શાન્તિ મળે છે. ધર્મ જ મનુષ્ય જીવનને ઉત્તેજે છે, તેનો ઉત્કર્ષ કરે છે અને તેને ઉન્નતિની ટોચે પહોંચાડે છે. આત્માની મુક્તિ અર્થે જ નહિ પણ સમાજના હિત ખાતર ધર્મ આવશ્યક છે. ધર્મ કોને કહેવો એની તકરારમાં અમે નહિ ઉતરીએ; પણ જે સત્યો સર્વ ધર્મોમાં માન્ય છે, જે સનાતન છે, તેને આચારમાં મૂકવાં તેનું નામ જ ધર્મ અમે માનીએ છીએ. ધર્મ એ જાણવાનો વિષય નથી પણ તે અનુભવવો જોઇએ; તેને આચારમાં મુકવો જોઇએ.

यत्त्वार्याः क्रियमाणं प्रशंसन्ति स धर्मो यद्गर्हन्ते सोऽधर्मः ॥ +

અર્થાત્ જે કરવાથી આર્ય કિંવા શ્રેષ્ઠ લોક પ્રશંસા કરે તે ધર્મ અને જેની નિંદા કરે તે અધર્મ.

તેથી નિઃસ્પૃહ, બુદ્ધિમાન, સુવિચારી અને સદાચારી લોકોની ક્રિયા, આચાર—જે સત્ય, દયા, શમ, દમ, દાન ઈત્યાદિ નૈતિક ગુણો પર અવલંબે છે, તેનું અનુકરણ કરી આ લોક પરલોકનું કર્ત્તવ્ય કર્મ જાણવું એજ તરણોપાય છે; એજ ધર્મ છે; એજ મોક્ષનો માર્ગ છે.

સોસાઇટીની બુક-કમિટીમાં પ્રો. આનન્દશંકર ધ્રુવ જ્યારથી દાખલ થયા ત્યારથી તેનું પુસ્તક પસંદગીનું ધોરણ સર્વદેશી અને વિશાળ દૃષ્ટિવાળું બન્યું હતું. પ્રો. આનન્દશંકરભાઈની વિદ્વત્તા અને બહુશ્રુતતા સુવિદિત છે અને તેમનો હિન્દુ ધર્મ—વસ્તુતઃ સનાતન ધર્મ પ્રત્યેનો અનુરાગ સૌ કોઇનું ધ્યાન ખેંચે છે.

એમના તરફથી નવાં પુસ્તકોની યાદીમાં એરિસ્ટોટલ કૃત નીતિશાસ્ત્રનું પુસ્તક ઉમેરવામાં આવ્યું હતું, જે તે વખતે બી. એ. ના વર્ગમાં તત્ત્વજ્ઞાન અને (logic) પ્રમાણશાસ્ત્રના ઐચ્છિક વિષયમાં એક પાઠ્ય પુસ્તક તરીકે વંચાતું હતું; અને તે પુસ્તક ગુજરાતીમાં ઉતારી આપવા જેઓએ માગણી કરી તેમાં સ્વર્ગસ્થ મણિશંકર રત્નજી ભટ્ટ પણ હતા. કમિટીની પસંદગી એમના ઉપર ઉતરી અને પ્રો. આનન્દશંકરભાઇએ તેમની પાસે એ અનુવાદના પુસ્તકમાં ખાસ ઉપોદ્ઘાત લખાવવાનું સૂચવ્યું હતું. સંજોગવશાત્ તેઓ એ લેખ લખી ન શક્યા; પણ એમના અન્ય બે ગ્રંથો 'શિક્ષણનો ઇતિહાસ' અને 'લિંકનનું ચરિત્ર' ની પેઠે એરિસ્ટોટલનું નીતિશાસ્ત્ર પણ ગુજરાતી

+ હિન્દુ ધર્મ દીપિકા, કર્તા ઋગ્વેદી (મરાઠી), પૃ ૫.

સાહિત્યમાં સુન્દર ભરતી કરે છે. બીજી આવૃત્તિ કાઢવાનો પ્રસંગ પ્રાપ્ત થયો હોત તો પીટર્સના અનુવાદ ઉપર આધાર રાખી પ્રસ્તુત અનુવાદ કર્યો હતો તે ઉપરાંત, બીજા અનુવાદોના ઉપયોગથી તે ભાષાન્તરને વધારે સરળ અને સાચું બનાવવાની તેમના દિલની ઉમેદ હતી.

ડ્યુશેન કૃત ' Philosophy of the Upanishads ' એ નામનું ઇંગ્રેજી પુસ્તક હિંદી તત્ત્વજ્ઞાનના અભ્યાસીઓને સુપરિચિત છે. ઉપનિષદ્‌નો પરિચય કરાવતું એકકે પુસ્તક ગુજરાતીમાં નહિ હોવાથી કમિટીએ તે પુસ્તક ગુજરાતીમાં લખાવવાનું નક્કી કરી પ્રો. મોહનલાલ પાર્વતીશંકર દવેને તે કામ સુપ્રત કર્યું. ' લૅન્ડોરના કાલ્પનિક સંવાદો ' નો એમનો અનુવાદ શ્રેષ્ઠ જણાયો છે. સંસ્કૃત વિષયના તો તેઓ સુરતની સાર્વજાનિક કૉલેજમાં અધ્યાપક છે અને સાહિત્ય પરિષદની ભંડોળ કમિટી સારૂ એમણે મેકડોનલકૃત ' સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ ' લખી આપ્યો હતો. કૉલેજના રોકાણ અને અસ્વસ્થ પ્રકૃતિના કારણે આજ પર્યંત તેઓ એ પુસ્તક તૈયાર કરી શક્યા નથી; પરંતુ જ્યારે તેઓ એ પુસ્તક આપશે ત્યારે ખચિત્ તે એક ઉપયોગી કૃતિ થશે, એવું અમારૂં માનવું છે.

સદરહુ પુસ્તક મેળવવામાં વિલંબ થયો તેથી દી. બા. નર્મદાશંકરભાઈ અખા કૃત કાવ્ય ભા. ૧ સંપાદિત કરી છુટકારાનો દમ ખાતા હતા તેમને સોસાઇટીએ ઉપનિષદ્ પર એક સ્વતંત્ર ગ્રંથ લખી આપવાની વિનંતિ કરી.

તત્ત્વજ્ઞાનના વિષયમાં એમના જેવા સમર્થ અને નિષ્ણાત વિદ્વાનો ગુજરાતમાં ગણ્યાગાંઠ્યા છે; અને જેઓએ એમને ઉપનિષદ્ પર પ્રવચન કરતા સાંભળ્યા છે તેઓ એમના જ્ઞાનથી મુગ્ધ જ થયલા છે; અને એ કથનમાં અતિશયોક્તિ નથી એમ એમનું ' ઉપનિષદ્ વિચારણા ' નું પુસ્તક વાંચનાર કોઈપણના લક્ષમાં સહેજે આવશે.

લેખકના શબ્દોમાં જણાવીએ તો પ્રસ્તુત ગ્રંથમાં નથી ઉપનિષદ્‌નું ભાષાંતર કે નથી ઇંગ્રેજી તત્ત્વજ્ઞાનના ઇતિહાસની પદ્ધતિ; પણ તેમાં ઉપનિષદોના બહિરંગ અને અંતરંગની પરીક્ષા કરી તેના પ્રતિપાદ્ય વિષયોની સમાલોચના કરવામાં આવી છે.

ઉપનિષદ્‌ની પ્રવેશિકા તરીકે તેનું મૂલ્ય વિશેષ છે; જો કે ઉપનિષદ્‌નો રસાનંદ માણવા સારૂ મૂળ ગ્રંથો–વિવરણ સહિત અવલોકવા જોઇએ; અને તે રસ જિજ્ઞાસા સતેજ કરવામાં દી. બા. નર્મદાશંકરનું પુસ્તક ખરેખર માર્ગસૂચક થઇ પડે છે.

તે પૂર્વે દી. બા. નર્મદાશંકરે સોસાઇટીને 'હિન્દ તત્ત્વજ્ઞાનનો ઇતિહાસ' એ નામનું પુસ્તક બે ભાગમાં લખી આપ્યું હતું.

નવીન અને ઐતિહાસિક દૃષ્ટિએ એવું પુસ્તક ગુજરાતીમાં આ પ્રથમ જ હતું.

સ્વર્ગસ્થ મણિલાલ નભુભાઈએ "સિદ્ધાંત સાર" પ્રસિદ્ધ કર્યો હતો, અને જો કે આર્ય તત્ત્વજ્ઞાનનો પરિચય કરવા સારૂ તે ઉપયોગી છે; પણ તેની રેખાઓ આછી પાતળી છે અને તે વાંચતાં સમગ્ર વિષયનું પૂરૂં અવલોકન થતું નથી. એ ખોટ દી. બા. નર્મદાશંકરનું પુસ્તકજ પૂરી પાડે છે.

ઇંગ્રેજીમાં હમણાં હમણાં હિન્દના તત્ત્વજ્ઞાન વિષે બે કિંમતી ગ્રંથો પ્રસિદ્ધ થયલા છેઃ (૧) સર રાધાકૃષ્ણકૃત હિંદના તત્ત્વજ્ઞાનનો ઇતિહાસ અને (૨) દાસગુપ્તાકૃત હિંદના તત્ત્વજ્ઞાનનો ઇતિહાસ. બંને લેખકોની નિરૂપણ શલી ભિન્ન ભિન્ન છે અને દરેક ગ્રંથનું નિરાળું વ્યક્તિત્વ છે.

દી. બા. નર્મદાશંકરે આ પુસ્તકોનું નિરીક્ષણ કર્યું હતું પણ વિશેષમાં એમાં દર્શાવેલા મૂળ ગ્રંથો પણ તેઓ વિચારી ગયા હતા; પરંતુ આખો વિષય એમણે સ્વતંત્ર રીતે ચર્ચ્યો છે.

નિર્ણીત મર્યાદામાં રહીને આ પુસ્તકની ગુંથણી કરવાની હતી; તેમ છતાં વિષયની વિશાળતા અને મહત્વ વિચારી તેનું કદ બે ગ્રંથ જેટલું થયું હતું. તેથી કેટલેક સ્થળે વિષયને ટુંકાવવો પડ્યો છે; તો પણ તેમાં ઊણપ આવવા ન દેતાં બહુ કુશળતાથી દરેક વિભાગને પુરતો ન્યાય આપવાનું તેઓ ચૂક્યા નથી; એટલુંજ નહિ પણ જુદા જુદા મુદ્દાને માર્મિક રીતે અવલોકતાં, તેનું વિવેચન કરતાં, તેઓ એમની તટસ્થતા જાળવી શક્યા છે; અને તે એ ગ્રંથની વિશિષ્ટતા છે.

અમારી જાણ પ્રમાણે આવું મૂલ્યવાન અને સ્વતંત્ર પુસ્તક હિન્દના તત્ત્વજ્ઞાન વિષે બીજું કોઇ નથી અને તે લખીને દી. બા. નર્મદાશંકરે ગુજરાતી જનતાની ઉત્તમ સેવા કરી છે.

એવું બીજું કિંમતી પુસ્તક "યજ્ઞ રહસ્ય" નામનું છે. તે પુસ્તક રામેન્દ્ર સુન્દર ત્રિવેદીએ બંગાળીમાં રચ્યું હતું અને તેનો અનુવાદ, અનુવાદ કળામાં જેઓ સિદ્ધહસ્ત નિવડયા છે, તે શ્રીયુત મહાશંકર ઇન્દ્રજી દવેએ કર્યો હતો.

યજ્ઞયાગનું મહત્વ પૂર્વે આરંભ કાળમાં જેટલું હતું તેટલુંજ આજે ટકી રહ્યું નથી. તે ક્રિયાઓ, વિધિઓ અદ્યાપિ ચાલુ છે, તો પણ તેમાં રહેલું રહસ્ય વિસરાઇ ગયું છે. એ યજ્ઞ યાગ કરવામાં શો હેતુ હતો અને તેની ક્રિયાઓ કેમ થતી એ વગેરે માહિતી બહુ થોડાને જ્ઞાત હશે. તે વિષે આ પુસ્તકમાંથી સારી માહિતી મળે છે, પણ તેની વિશિષ્ટતા એમાં ખ્રિસ્તી યાગનું વિવેચન કરી, આપણા નરમેધની સાથે તેની તુલના કરી છે તેમાં રહેલી છે. એ આખુંય પ્રકરણ વિચારણીય છે; અને એક બીજા ધર્મની અસર–અનુકરણ કેવી રીતે થતી આવે છે તેનો તાદૃશ્ય વૃત્તાંત એમાંથી પ્રાપ્ત થાય છે.

મૂળ કર્ત્તાનો પરિચય આપતાં એટલુંજ જણાવીશું કે "શ્રીયુત રામેન્દ્રસુન્દર બંગાળાના સૂક્ષ્મ દૃષ્ટિવાળા વિદ્વાનોમાંના એક હતા. તેમનો વેદશાસ્ત્રનો અભ્યાસ બહુ ઉંડો હતો. ઐતરેય બ્રાહ્મણનું બંગાળીમાં ભાષાંતર કરી એ ઉંડા અભ્યાસનું ફળ એમણે બંગાળી પ્રજા સમક્ષ રજુ કર્યું હતું. તેમના કેટલાક લેખોનો જર્મન લોકોએ બહુ સત્કાર કરેલો હતો. આવા એક બહુશ્રુત વિદ્વાનને કલકત્તા વિશ્વ વિદ્યાલયના માજી વાઇસ ચાન્સેલર દેવપ્રસાદ સર્વાધિકારીએ "યજ્ઞ" પર વ્યાખ્યાનો આપવાનું આમંત્રણ આપેલું, તે પરથી તેમણે વિશ્વ વિદ્યાલય સમક્ષ આ વિષય પર પાંચ વ્યાખ્યાનો કરેલાં તેનું ભાષાંતર પ્રસ્તુત પુસ્તકમાં આપેલું છે. તેમણે એમાં ચર્ચેલા વિષયો નીચે મુજબ છેઃ

૧. યજ્ઞ—અગ્ન્યાધાન અને અગ્નિહોત્ર.

૨. ઇષ્ટિયાગ અને પશુયાગ.

૩. સોમયાગ.

૪. ખ્રિસ્ત યજ્ઞ.

૫. પુરૂષ યજ્ઞ.

આમાંનાં છેલ્લાં બે વ્યાખ્યાનો ખ્રિસ્તી અને હિન્દુ ધર્મનો તુલનાત્મક અભ્યાસ કરનારને બહુ મદદગાર થશે.

"ધર્મ અને સમાજ" એ નામક ગ્રંથ સર રમણભાઇના ધાર્મિક પ્રવચનોનો સંગ્રહ છે. એમની હયાતિમાં જ સોસાઇટીએ એમનું "કવિતા અને સાહિત્ય" નામક પુસ્તક ફરી છપાવવાનું આરંભ્યું હતું; અને એમના અવસાન બાદ એમના અન્ય અને વિવિધ પ્રકારના લેખોનો સંગ્રહ પુસ્તક

રૂપે એમનું સ્મારક ઉભું કરવા સોસાઇટીએ ફંડ સ્થાપ્યું તેમાંથી પ્રગટ થતો રહ્યો છે. પ્રાર્થના સમાજની વેદી પરથી અનેક વખત એમણે પ્રવચનો કર્યાં હતાં; અને તેમાંના મુખ્ય અને મહત્વનાં રમણભાઇએ "જ્ઞાનસુધા" માસિકમાં પ્રસિદ્ધ કર્યાં હતાં. તે સઘળાંનો ઉપરોક્ત પુસ્તકમાં સમાવેશ કર્યો છે; બાકી રહેલાં બીજા વૉલ્યુમમાં લેવામાં આવશે.

આ પ્રકારનું સાહિત્ય આપણે ત્યાં આ નવુંજ ઉભું થતું હતું. બંગાળીની અમને માહિતી નથી પણ મરાઠીમાં રાનડે અને ડૉ. ભાંડારકરે જે ઉપદેશ કરેલો તેના સંગ્રહ છપાયલા છે અને તે સારો લોકાદર પામ્યા છે અને તેનો બહોળો પ્રચાર થવા પામ્યો છે.

રમણભાઈના ઉપદેશ પણ અસરકારક નિવડતા એમ ડૉ. હરિપ્રસાદે એમની ત્રીજી જયંતિ પ્રસંગે બોલતાં પ્રસ્તુત વિષય પર લંબાણથી વિવેચન કર્યું હતું; અને તેમાંનો સારભાગ કંઇક ખ્યાલમાં આવવા નીચે આપ્યો છેઃ

"જીવનમાંથી ન એક થાજો પ્રભુ પ્રીતિ નાશ" એ એક લીટીમાં એમનો જીવનમંત્ર સમાઈ જાય છે.

અનેક પ્રસંગે, એજ વસ્તુ એમણે બહુ રીતેથી એમના કીર્તનોમાં કહેલી મને યાદ છેઃ

"હરિ પ્રેમ સુધારસ પિયે બિના
ભવસાગર કિસ વિધ તરના હૈં ?"

એમ સન ૧૯૦૫ માં કહ્યું હતું. પછી સન ૧૯૧૨ માં

"જીનકે હૃદયે ભગવંત નહિ
ઉન નર અવતાર લિયો ન લિયો."

એ દુહા પર ઉપદેશ કર્યો હતો અને કહ્યું હતું કે,

"શુષ્ક જ્ઞાનસે કુછ નહી સુધરે,
ક્યોં લિખ લિખ પુસ્તક ધરના હૈ.
પ્રાણો માંહે મન રાખો ઉન્હે,
યદિ ભય દુઃખ શોક નિવરના હૈ."+

આપણી જુની હરદાસ કથા અને કીર્તન પ્રણાલિકા નાબુદ થતી જાય છે; આપણી આર્ય સંસ્કૃતિનું એ ઉજ્જવળ અંગ હતું. સારા

+ બુદ્ધિપ્રકાશ, વર્ષ સન ૧૯૩૧, પૃ. ૯૦-૯૧.

કીર્તનકારો અને કથાનકો પાકે અને ઉત્તેજન પામે એમ અમે ઇચ્છીએ છીએ, તેની સાથે આ નવું પ્રવચન સાહિત્ય, જે આપણી આત્મિક શક્તિઓને પોષે અને પ્રભુનું સ્મરણ કરાવે છે, એટલુંજ નહિ પણ ધર્મ વિષે મનનીય વિચાર અને ચિંતન રજુ કરે છે, તે અવશ્ય આવકારપાત્ર નિવડશે.

લંડન ટાઈમ્સ પત્રના અઠવાડિક અંકમાં ધર્મ વિષયક એક લેખ પ્રતિ વખત આવે છે અને તે એનું વિશેષ આકર્ષણ થઈ પડે છે.

અહિંની પ્રાર્થના સમાજ તેના અઠવાડિક ઉપદેશ સ્થાનિક પત્રોમાં હરહમેશ પ્રગટ કરતી રહે તો તે સંદેશો સૌને પહોંચે અને તે ઉપદેશની બહોળી અસર થવા પામે. તેના માર્ગદર્શક પ્રસ્તુત પુસ્તક થાવ એમ અમે ઇચ્છીએ છીએ.

પ્રકરણ ૮

વાર્ષિક વ્યાખ્યાન

" Lectureships have been endowed at most Universities, with a view to spreading the particular opinions of the founder and now-a-days they are attached to practically every branch of learning, though formerly they were of a theological or religious kind only."

[*Every Man's Encyclopaedia*].

શરૂઆતમાં સોસાઇટીની વાર્ષિક સામાન્ય સભા વખતે ઓન. સેક્રેટરી કે સભાના પ્રમુખ વા કોઇ સભાસદ સોસાઇટીના કામકાજ અને ઉદ્દેશ પરત્વે પ્રસંગોપાત્ વિવેચન કરતા અને એ વિવેચનમાં કેટલીકવાર મહત્વની સૂચનાઓ વા વિચારણીય મુદ્દાઓ મળી આવતા હતા, પણ પાછળથી એ સામાન્ય સભા માત્ર વાર્ષિક રીપોર્ટ અને હિસાબ મંજુર કરવા, નવી મેનેજીંગ કમિટી ચૂંટવા તેમજ ઓડિટર નિમવાનું કામ કરી વિખરાતી હતી અને તે સઘળું કામકાજ રીતસર વિધિપુરતું થતું હતું.

અમે જોયું છે કે વાર્ષિક સામાન્ય સભા ખરેખર સાડાપાંચ વાગે મળે અને પૂરો પા કલાક થયો ન હોય તે પહેલાં ખતમ થઇ ગઇ હોય, ભાગ્યેજ અડધા કલાકથી વધુ રોકાણ તેનું થતું હતું.

સામાન્ય વેપાર ઉદ્યોગની મંડળીમાં પણ તે મંડળીનો પ્રમુખ વર્ષ દરમિયાન જે કાંઇ વિશેષ પ્રવૃત્તિ થઇ હોય તેની નોંધ ચાલુ રીપોર્ટ ઉપરાંત કરે છે. તેમાં તે એકલા નફાતોટાનો હિસાબ રજુ કરતો નથી પણ તે મંડળી કયા ધોરણે અને કેવા સંજોગમાં પ્રગતિ કરી રહી છે તેનું દિગ્દર્શન પણ કરે છે.

સોસાઇટી જેવી સાહિત્ય અને કેળવણી વિષયક સંસ્થાની સામાન્ય સભામાં સાહિત્ય, ઇતિહાસ, કેળવણી, ભાષાશાસ્ત્ર વિષે કે દેશની સામાન્ય પ્રગતિ, સુધારા કે પરિવર્તન સંબંધી કે લોકજરૂરિયાતનાં સમયને અનુસરતાં લોકોપયોગી કાર્ય હાથ ધરવા વિષે કાંઇપણ ઉહાપોહ થાય તે અવશ્ય

ઉપકારક થઈ પડે. સોસાઈટીના શરૂઆતના છાપેલા રીપોર્ટો જોઇશું તો તેમાં એવી ચર્ચા થયલી માલુમ પડે છે.

મુંબાઇની સાહિત્ય સંસદ્‌ના પ્રમુખ શ્રીયુત કનૈયાલાલ મુનશી પ્રતિ વર્ષ કોઇને કોઈ સાહિત્ય કે સંસ્કૃતિ; ઇતિહાસ કે સમાજના વિષય પર વ્યાખ્યાન આપે છે, તે હંમેશાં મનનીય જણાયાં છે.

પાશ્ચાત્ય દેશોમાં એવી કેટલીય વ્યાખ્યાનમાળાની યોજનાઓ અસ્તિત્વમાં છે, જે દ્વારા પ્રજાને ચિંતન યોગ્ય નવીન વાચન સાહિત્ય ચાલુ મળતું રહે છે.

એ ધોરણ આપણા દેશમાં દાખલ થાય એ ઇચ્છવાયોગ્ય છે. મુંબઇ યુનિવર્સિટી તરફથી ઠક્કર વ્યાખ્યાનમાળાની વ્યવસ્થા થવાથી આજ સુધીમાં આપણે આપણા અગ્રેસર વિદ્વાનો પાસેથી કેટલુંક મૌલિક લખાણ મેળવી શક્યા છીએ.

સોસાઈટીની વાર્ષિક સામાન્ય સભાના પ્રસંગે એકાદ વ્યાખ્યાન અપાવવાની વ્યવસ્થા થાય, એમ અમને કેટલાક વર્ષોથી થયા કરતું; પણ તે માટે કેટલીક અનુકૂળતા નહોતી.

સન ૧૯૨૦ માં દી. બા. કેશવલાલભાઈ સોસાઇટીના પ્રમુખપદે નિમાયા અને એમના અનુમોદન અને પ્રોત્સાહનથી વાર્ષિક સભા વખતે વ્યાખ્યાનની પ્રથા દાખલ કરવાનું બની શક્યું હતું.

એ પ્રશ્ન કમિટીમાં રજુ થતાં, તે વિષે નીચે પ્રમાણે ઠરાવ પસાર થયો હતો:—

"વાર્ષિક સભા વખતે ગુજરાત કે ગુજરાત બહારના વિદ્વાનને સાહિત્ય, ઇતિહાસ કે ભાષા એવા એકાદ વિષય પર વ્યાખ્યાન આપવા નિમંત્રણ કરવું."+

પહેલું વ્યાખ્યાન ફૉર્બસની શતાબ્દી નિમિત્ત યોજવામાં આવ્યું હતું અને તે વ્યાખ્યાન આપવાનું દી. બ. કેશવલાલભાઇએ સ્વીકાર્યું હતું. "એશિયાઇ હુણો" એ વિષય એમણે વ્યાખ્યાન માટે પસંદ કર્યો હતો. ઇસ્વીસનના આરંભકાળથી એશિયાઇ હૂણોની એક વા બીજી જાતો હિન્દ પર વખતોવખત હૂમલા કરતી રહી છે, તેનો વિશ્વસનીય વૃત્તાંત આપવા એમણે પ્રયત્ન કર્યો હતો અને તે વિષય જેમ પ્રસંગોચિત તેમ ભાષણકર્તાની કીર્તિને વધારનારો હતો.

+ ગુ. વ. સોસાઇટીનો રીપોર્ટ, સન ૧૯૨૦, પૃ. ૩૧.

તેજ દિવસે તા. ૭ મી જુલાઇ ૧૯૨૧ને ગુરૂવારે વિદ્વાનો અને રસિક વિદ્યાર્થી સમૂહના મેળાવડા સમક્ષ સ્વર્ગસ્થ ફૉર્બસ સાહેબનું તૈલચિત્ર પ્રમુખના હસ્તે ખુલ્લું મૂકાયું હતું.

સદરહુ વાર્ષિક વ્યાખ્યાનની પ્રથા તે પછી સતત ચાલુ રહી છે; કોઇક પ્રસંગે ભાષણકર્તાની અડચણને લઇને તે કાર્યક્રમ બંધ રાખવામાં આવ્યો છે. આપણા પ્રાંતના ઘણાખરા જાણીતા વિદ્વાનોએ સોસાઇટીનું નિમંત્રણ સ્વીકારી, વાર્ષિક સામાન્ય સભાના પ્રસંગે એ વ્યાખ્યાનો આપ્યાં છે અને તે સર્વ આહ્લાદક અને વિચારણીય જણાયાં હતાં. તે વ્યાખ્યાનોની યાદી આજ દીન સુધીની નીચે પ્રમાણે છેઃ—

વર્ષ.	વિષય.	વ્યાખ્યાતા.
સન ૧૯૨૧	એશિયાઇ હૂણો	દી. બા. કેશવલાલ હર્ષદરાય ધ્રુવ
,, ૧૯૨૨	ગુજરાતી સાહિત્યની ખામીઓ.	દી. બા. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી
,, ૧૯૨૩	સરસ્વતીચંદ્રમાં વસ્તુની ગુંથણી	પ્રો. બલવંતરાય કલ્યાણરાય ઠાકોર
,, ૧૯૨૪	પૌરાણિક ઇતિહાસ	પ્રિન્સિપાલ આનંદશંકર બાપુભાઇ ધ્રુવ
,, ૧૯૨૫	નવીન કવિતા સાહિત્યનો ઉપઃકાળ.	શ્રી. નરસિંહરાવ ભોળાનાથ દીવેટિયા
,, ૧૯૨૬	ગતકાળનાં સાહિત્ય અને સમાજ જીવનનાં રેખા ચિત્રો	શ્રી ડાહ્યાભાઈ પી. દેરાસરી
,, ૧૯૨૭	સાહિત્યનું ધ્યેય	મી. જે. ઇ. સંજાણા
,, ૧૯૨૮	કવિ બાલ તેમનું જીવન અને સાહિત્ય સેવા	દી. બા. નર્મદાશંકર દેવશંકર મહેતા
,, ૧૯૨૯	ગુજરાતને નામ આપનારા ગુર્જરો	ડૉ. સર [illegible]ણજી જમશેદજી મોદી
,, ૧૯૩૧	ગુજરાતી ભાષાનો અભ્યાસ	લેડી વિદ્યાબ્હેન રમણભાઇ નીલકંઠ
,, ૧૯૩૩	અર્વાચીન ગુજરાતી કાવ્ય સાહિત્ય	શ્રી. રામનારાણ વિ. પાઠક

પ્રકરણ ૯

ચરિત્ર ગ્રંથો

" ....That the true biographer is like a Kodak. His business is to record facts and statements as they are, not as they might have been. Biographical writing may be likened to a faithful protrait painting. The biographer should present his subjects not as demi-Gods or super-men but as the human beings they are. When Velasquez-the Spanish master-artist painted King Philip the Fourth, he drew him just as he was; fat, ugly and repulsive. Velasquez's work was entirely objective, and so should be every biographer's.

[*Mr. Philip Guedalla.*]

(Modern Review, April 1934, p. 386).

ગુજરાતી સાહિત્યમાં ચરિત્રગ્રંથો અલ્પ પ્રમાણમાં છે. ગુજરાતી સાહિત્યનું એ અંગ વાસ્તવિક રીતે હજુ વિકસ્યુંજ નથી. જે કાંઇ પુસ્તકો છે તે બહુધા ઇંગ્રેજી, મરાઠી કે બંગાળીના અનુવાદો છે; સ્વતંત્ર કૃતિઓ અને તે મૌલિક તો ગણીગાંઠી છે—જેવી કે, મહીપતરામ કૃત કરસનદાસ મૂળજીનું ચરિત્ર, ગોવર્ધનરામ લિખિત નવલરામ ચરિત્ર, કાન્તિલાલ રચિત ગોવર્ધનરામનું ચરિત્ર, વિનાયકકૃત નંદશંકર ચરિત્ર, ભાનુસુખરામ કૃત મહીપતરામ અને ગત વર્ષમાં (સન ૧૯૩૩) પ્રસિદ્ધ થયલાં બે પુસ્તકો વીર નર્મદ અને કવીશ્વર દલપતરામ.

એક સમયે જાણીતી હિન્દના હાકેમો (Rulers of India Series) નામે ગ્રંથમાળા ગુજરાતીમાં ઉતારવા સોસાઈટી અને 'ગુજરાતી' પ્રેસ એ બે સંસ્થાઓ તરફથી પ્રયાસ કરવામાં આવ્યો હતો અને દરેકે એ ગ્રંથમાળાના ત્રણ ચાર પુસ્તકો લખાવીને પ્રસિદ્ધ કર્યાં હતાં. પણ તે આખી ગ્રંથમાળા કોઈ કારણસર બેમાંથી એકકે પૂરી કરી શક્યું નહોતું; કદાચ કોપીરાઇટનો પ્રશ્ન એમની આડે આવ્યો હોય !

એ ગ્રંથમાળાનું " અકબર " નામક પુસ્તક સન ૧૯૧૨ માં સ્વર્ગસ્થ ઉત્તમલાલ કેશવલાલ તરફથી લખેલું તૈયાર મળતાં, સોસાઈટીએ તે છપાવ્યું હતું. તે અગાઉ દત્તકૃત 'હિન્દનો આર્થિક ઇતિહાસ' ના બે ભાગો એજ લેખકે સોસાઇટીને લખી આપ્યા હતા. સ્વર્ગસ્થ એક વિચારશીલ અને બુદ્ધિશાળી લેખક હતા; અને એમના સંખ્યાબંધ લેખો છૂટક છૂટક 'વસન્ત' 'સમાલોચક' માં લખેલા મળી આવશે, જે સર્વ પુસ્તકાકારે સંગ્રહવા યોગ્ય છે. તેઓ ધંધારોજગારમાં પડી ન જતાં, સાહિત્યના ક્ષેત્રમાં પ્રવૃત્ત રહ્યા હોત તો એમની પાસેથી જનતા કંઇ કંઇ મૂલ્યવાન કૃતિઓ મેળવવા ભાગ્યશાળી થાત.

સોસાઈટીએ પૂર્વે મહીપતરામનું અકબર ચરિત્ર છપાવ્યું હતું અને તેની ત્રણ ચાર આવૃત્તિઓ થઈ ચૂકી હતી. ઉત્તમલાલ લિખિત " અકબર " બહાર પડયું તે અરસામાં બંગાળીમાંથી સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય " મહાન અકબર " નામનું પુસ્તક પ્રગટ કર્યું હતું. તેમ છતાં અકબર વિષે એક પ્રમાણભૂત અને વિસ્તૃત ચરિત્રની ઉણપ રહે છે; અને તે સ્મીથકૃત અકબરનું પુસ્તક પૂરી પાડી શકે એમ અમારૂં માનવું છે.

લૉરેન્સ બિન્યને અકબર વિષે એક ન્હાનું ચરિત્ર પુસ્તક લખ્યું છે. પણ તે એક તૈલચિત્રની પેઠે, તેની પ્રતિભા અને લાક્ષણિક ગુણો, તેની ઝીણીઝીણી વિગતોના ઉલ્લેખ સહિત, આપણી સમક્ષ રજુ કરે છે, અને એવી પ્રબળ અને સચોટ છાપ પાડતું કવિશ્રી ન્હાનાલાલનું શહેનશાહ અકબરનું નાટક ગુજરાતી વાચકને જરૂર આનંદદાયક જણાશે.

સોસાઈટીએ એજ વર્ષમાં મુસ્લિમોના હિતચિંતક સર સૈયદ એહેમદનું ચરિત્ર પ્રસિદ્ધ કર્યું હતું. ગુજરાતીમાં લખનાર મુસ્લિમ લેખકબંધુઓ જુજબાજ મળી આવે છે; તેમાં પ્રસ્તુત ચરિત્રના લેખક, ખા. બા. મહેબુબમિયાં ઇમામબક્ષ કાદરીની ગણના થાય. આ પુસ્તક લખી આપ્યા અગાઉ 'મુસલમાનોની ચડતી પડતીનો ઇતિહાસ' એમણે ઉર્દુ પરથી ગુજરાતીમાં ઉતારી આપ્યો હતો અને તે ચોપડી ઇનામ લાઇબ્રેરીમાં પુષ્કળ જતી હતી. આ પુસ્તક સર સૈયદ એહેમદે લખ્યું ત્યારે ખા. બા. મેહબુબમિયાં સબજજના હોદ્દાપર હતા અને ચાલુ વ્યવસાયમાંથી સમય મેળવી એમણે આ લેખનકાર્ય કર્યું હતું, તે ખરે પ્રશંસનીય કહેવાય. નોકરીમાંથી નિવૃત્ત થયા પછી પણ એમની કોમની સેવામાં એઓ એમનો

સર્વ સમય ગાળે છે, અને તેમાં ખુશી થવા જેવું એ છે કે એમનામાં કોમીવાદની ગંધ સરખી જણાશે નહિ, વળી હિન્દુ અને ઇતર કોમોમાંથી એવા સંખ્યાબંધ કુટુંબો મળી આવશે કે જેમની સાથે ખા. બા. કાદરીને ઘરોબો–ગાઢ સંબંધ છે. તેઓ હમણાં સોસાઇટી સારૂ 'ઉર્દુ સાહિત્યનો ઇતિહાસ' લખી રહ્યા છે. આ તો સર સૈયદ એહેમદના ચરિત્ર લેખકની આડકથા થઇ.

સર સૈયદ એહેમદે મુસ્લિમનું હિત સાચવવા અને વધારવા લોક ઇતરાજી મેળવીને પણ ઘણાં પ્રયત્નો કર્યા હતા; તેમાં અલિગઢ મહોમેદન એંગ્લો ઓરિયંટલ કોલેજની સ્થાપના એમનું જીવંત સ્મારક છે. હિન્દની બે કોમો હિન્દુ અને મુસ્લિમ દેશના બે નેત્રો સમાન છે અને તેને એક બીજાની અવગણના કરવી પરવડે એમ નથી. બંને આંખનું સમાન રક્ષણ થવું ઘટે છે, એ દૃષ્ટિએ સર સૈયદ એહેમદનું ચરિત્ર કેટલાક મહત્વના મુદ્દાઓ રજુ કરે છે અને તે સંબંધમાં "राष्ट्रीय शिक्षा का इतिहास"–શ્રી. કન્હૈયાલાલકૃત–માંથી નીચેનો ફકરો જાણવા યોગ્ય થશેઃ–

"आखिर सर सय्यद अहमदके अनवरत प्रयत्नोंने तारीख २४ मई सन १८७५ ईसवीको अलीगढके मोहमडन एङ्गलो ओरियण्टल कालेजका रूप धारण किया। सन् १८७६ से आप स्वत्तः कालेजमें रहकर उसकी देखभाल करने लगे। मुसलमानोंकी शिक्षा सम्बन्धी समस्यापर गम्भीरतापूर्वक विचार करने और तदनुसार देश भरमें शिक्षाका प्रचार करनेके उद्देश्यसे आपने सन् १८८६ ईसवींमें 'मोहेमडन एजुकेशनल् कान्फरेंस' की स्थापना की। आज तक इसके अधिवेशन प्रतिवर्ष हुआ करत है!"

સન. ૧૯૧૧ માં નામદાર શહેનશાહ પંચમ જ્યોર્જ, શહેનશાહ બાનુ મેરી સાથે હિન્દના પ્રવાસે પધાર્યા હતા અને તેમના સ્વાગત અર્થે સર્વ ભારતવાસીઓ તરફથી ઉત્સાહપૂર્વક ભારે ધામધૂમ થઇ હતી. તે પ્રસંગે નામદાર શહેનશાહ અને શહેનશાહબાનુના જીવનથી ગુજરાતી પ્રજાને પરિચિત કરવા સોસાઇટીએ તેમનાં ચરિત્ર પુસ્તકો લખાવવાનો નિર્ણય કર્યો અને તે કાર્ય આપણા બે જાણીતા સાક્ષરો શ્રીયુત



સર મહેબુબમિયાં ઈમામબક્ષ કાદરી

(પૃ. ૬૨)

ડાહ્યાભાઈ પી. દેરાસરી

(પૃ. ૬૩)

ડાહ્યાભાઈ પીતાંબરદાસ દેરાસરી અને શ્રીયુત મણિલાલ છબારામ ભટ્ટને સુપરત કર્યું. એ બંને લેખકોની કલમ કસાયલી તેમ સરલ લેખનશૈલી માટે પ્રસિદ્ધ છે અને એમનાં એ બે પુસ્તકો, જે ટુંક મુદતમાં તૈયાર થયાં હતાં, તે વાચતાં તેની સચોટ છાપ પડશે. શ્રીયુત ડાહ્યાભાઈએ 'Our Sailor King' એ પુસ્તકની ભૂમિકા પર અન્ય હકીકત ગુંથીને શહેનશાહ જ્યોર્જ પંચમનું ચરિત્ર આલેખ્યું હતું; જ્યારે શ્રીયુત મણિલાલ ભટ્ટે ક્લેમેન્ટ કિન્લોક કુકના પુસ્તકનો ઉપયોગ કર્યો હતો. મૂળ લેખક ચરિત્ર ગ્રંથ વિષે બોલતાં જણાવે છેઃ

"આ પુસ્તકમાં શહેનશાહબાનુ મેરીના જીવન ચરિત્રની બહુ જ અસંપૂર્ણ પણ ખરેખરી છબી અને ચિતાર આપવાનો યત્ન કરવામાં આવ્યો છે. કોઇપણ રીતે આ વૃત્તાંત પૂર્ણ કહેવાય તેવું નથી. જે જીવન-ચરિત્રનો અતિ અગત્યનો ભાગ હજી હવે ભજવવાનો છે એવા મહાન જીવનની આમાં બહુ તો એક દિશાજ દેખાડેલી કહી શકાય."

રા. સા. ભોગીલાલ પ્રાણવલ્લભદાસ સોસાઈટીના એક વખતે ઑનરરી સેક્રેટરી હતા; એટલુંજ નહિ પણ ગુજરાત કાઠિયાવાડમાં કેળવણીનાં બીજ નાંખવામાં એમણે મુખ્ય ભાગ લીધો હતો. એમનું તૈલચિત્ર સોસાઇટીના પ્રેમાભાઇ હૉલમાં મૂકવા કમિટીએ ઠરાવ કર્યો હતો, અને તેમની છબી માટે તજવીજ કરતા પ્રો. સાંકળચંદ જેઠાલાલ શાહ સ્વર્ગસ્થનું જીવન-ચરિત્ર એક મિત્રે લખી રાખેલું તે મેળવી આપવામાં મદદગાર થયા હતા. એ ચરિત્ર વાંચતાં જોઈ શકાશે કે અનાયાસે પ્રાપ્ત થયલો એ લાભ ખચિત્ કિંમતી હતો. એમાંથી પ્રેરણા મેળવવા જેવું ઘણું ઘણું જડશે. જે મુશ્કેલીઓમાં એમણે અભ્યાસ કર્યો તે હકીકત નિરાશ થયલાઓને પ્રોત્સાહન આપશે. પુરુષાર્થ અને નીતિ શું નથી કરી શકતું તેનો તાદૃશ્ય ચિતાર એમનું જીવન પૂરો પાડે છે અને તેનું વાંચન અચૂક બોધક અને પ્રેરક થઇ પડશે.

સદરહુ પુસ્તકનું છપામણી ખર્ચ સ્વર્ગસ્થના ઉપકાર નીચે આવેલા અમદાવાદ જીલ્લાના માજી સરકારી વકીલ રા. બા. ગીરધરલાલ ઉત્તમલાલ પારેખે આપી, સ્વર્ગસ્થ પ્રત્યેનું પોતાનું ઋણ અદા કર્યું હતું, જે રીતિ ગ્રહણ કરવા યોગ્ય છે.

મહાન સમ્રાટ અશોક વિષે ગુજરાતીમાં અગાઉ એક ન્હાનું સરખું પુસ્તક, અને તે પણ મરાઠીનો અનુવાદ, હતું; પણ સન ૧૯૨૨ માં

કલકત્તા યુનિવર્સિટી તરફથી પ્રો. દેવદત્ત ભાંડારકર લિખિત અશોક ચરિત્ર પ્રગટ થયું કે તુરતજ સોસાઈટીએ તેનો તરજુમો કરાવવાની તજવીજ કરી અને તે કાર્ય, જેમના નામે દશ બાર ગુજરાતી પુસ્તકો ચઢેલાં છે અને એક પ્રસિદ્ધ સાહિત્યકાર તરીકે જેમની ગણના થયલી છે, એવા વડોદરા રાજ્ય ભાષાંતર ખાતાના મદદનીશ શ્રીયુત્ ભરતરામ ભાનુસુખરામ મહેતાને સોંપાયું હતું અને જુજ સમયમાં તેમણે એ ગ્રંથ લખી આપ્યો હતો.

હિન્દના મહાન્ રાજકર્તાઓમાં સમ્રાટ અશોકનું સ્થાન જેમ ઉંચું તેમ અનોખું છે. બૌદ્ધ ધર્મને એણે રાજધર્મ તરીકે સ્વીકાર્યો હતો અને જેમ કોન્સ્ટાઇને ખ્રિસ્તી ધર્મને આશ્રય આપી તેનો પ્રચાર કર્યો હતો તેમ અશોકના પ્રયાસથી બૌદ્ધ ધર્મનો પ્રચાર દેશપરદેશ મિશનરીઓ મોકલીને કરવામાં આવ્યો હતો. એના ધર્મલેખોથી અશોકની કીર્તિ દેશપરદેશમાં પ્રસરેલી છે; અને એના એ શિલાલેખો એ સમયની કિંમતી માહિતી પૂરી પાડે છે એટલુંજ નહિ પણ તે લેખો માર્ય સામ્રાજ્યનો રાજ્ય વિસ્તાર અને રાજ વહિવટનો સરસ ખ્યાલ આપે છે.

ગુજરાતી સાહિત્યમાં એ પુસ્તકનો ઉમેરો વિના સંકોચે મહત્ત્વનો અને ઉપયોગી કહી શકાય.

મહાદેવ ગોવિંદ રાનડેનું નામ અર્વાચીન હિન્દના વિધાયક તરીકે મશહુર અને મોખરે છે. કીર્તનેનાં ઇંગ્રેજી ચરિત્રનો અનુવાદ સ્વર્ગસ્થ સૂર્યરામ સોમેશ્વર દેવાશ્રયીએ ગુજરાતીમાં કરેલો છે અને તે પુસ્તક વાચવા જેવું છે. તેની સાથે રમાબાઇ રાનડેએ રચેલું "અમારા જીવનની કેટલીક યાદગીરીઓ", જીવન ચરિત્ર સાહિત્યમાં કિમતી ભરણું કરે છે. એક ચરિત્ર ગ્રંથ તરીકે તેનું મૂલ્ય છે, પણ એમનું દાંપત્ય જીવન સમીપ રહીને જોવાની જે તક મળે છે તે ખરેખર અમૂલ્ય છે અને દરેક હિન્દીએ તે પુસ્તક અવસ્ય વાંચવું ઘટે છે. એ પછી પુષ્કળ હકીકત એકઠી કરીને એક પ્રમાણભૂત ચરિત્ર પુસ્તક મી. ફાટકે મરાઠીમાં લખ્યું છે અને તે પુસ્તકનો તરજુમો ગુજરાતીમાં જરૂર થવો જોઇએ છીએ.

દરમિયાન રમાબાઈ રાનડેનું ચરિત્ર આપણને ગુજરાતીમાં ઉપલબ્ધ થાય છે, એ પણ ખુશી થવા જેવું છે. મૂળ ગ્રંથ કૈલાસવાસી ઉમાકાન્તે મરાઠીમાં લખ્યો હતો. કેવા સંજોગોમાં રમાબાઇએ એમના પતિ પાસે

રહીને શિક્ષણ મેળવ્યું હતું, તેનો વૃત્તાંત એમની આત્મ કથામાં આપણને પ્રાપ્ત થાય છે. જે સંસ્કાર અને જ્ઞાન એમણે મેળવ્યાં તેનો લાભ એમણે હિન્દી સ્ત્રીઓનાં ઉત્કર્ષ અને સેવામાં ગાળ્યો છે, એ એમનાં પાછળના જીવનમાંથી જોઇ શકાય છે; અને તેથી એક મહાન હિન્દી સ્ત્રીમાં તેમની ગણના થયલી છે અને તે ઉચિત છે, એમ એમનું ચરિત્ર અવલોકતાં સૌ કોઇની ખાત્રી થશે.

આ પુસ્તકનો ગુજરાતી અનુવાદ કોલેજના બી. એ. ના વર્ગમાં અભ્યાસ કરતી એક દક્ષિણી બ્હેન કુમારિકા માલતીબ્હેન પંડિતના હસ્તે થયો છે, એ પણ ઓછું આનંદજનક નથી. એ પાસે પાસેનાં પ્રાંતોનો સંબંધ ભાષા સાહિત્યથી દૃઢ થાય, એથી વધુ સંતોષકારક બીજું શું હોઇ શકે!

ન્હ૰

પ્રકરણ ૧૦

કવિ દલપતરામ હસ્તલિખિત પુસ્તક સંગ્રહ

" પ્રાચીન કાવ્યનો શોધ કરી તેમને મદદ કરવાનો વિચાર મારા મનમાં દઢ થવાનું એક કારણ એ બન્યું કે જૂનાં પુસ્તકો, લેખ પત્રોનો દહાડે દહાડે નાશ થતો મારા જાણવામાં આવ્યો. મારા પોતાના શોખની ખાતર હું આવી બાબતોનો શોધ કરતો હતો દરમિયાન આ રાજ્યમાં આવેલાં જૂનાં મકાનો વગેરે તજવીજ કરવાનું કામ શ્રીમંત મહારાજા સાહેબ તરફથી મને સુંપરત થયું એટલે એ વિશે વધારે લક્ષ આપવાનું બની આવ્યું. કાળ જેમ વસ્તુ માત્રનો લય કરે છે તેમ અવિચારી લોકો તેને પુષ્ટિ આપતા હોય એમ દેખાય છે, આ પ્રમાણે ઉપયોગી ફરીથી ન મળી શકે એવી અસંખ્ય વસ્તુઓ જગતમાંથી નાશ પામી છે ને પામે છે. પરંતુ ચાલુ પ્રકરણને સંબંધે જે કહેવાનું છે તે આ છેઃ—

પ્રાચીન કાવ્ય પ્રકટ કરવામાં સાહાયક શાસ્ત્રી નાથાશંકર એકવાર બજારમાં જતા હતા, તે સમે કોઈ ગાંધીએ એક જીર્ણ થઇ ગએલું ને તળે ઉપરનાં થોડાં પાનાં ફાટેલાં એવું લીખિત પુસ્તક કોઇ પાસેથી પૈસાનું બશેર લેખે ખરીદું. ગાંધીને તે ખરીદ કરવાનો હેતુ શો હશે તે સર્વ કોઈ જાણે છે. પાનાં ફાડી ફાડીને તેનાં પડીકાં વાળવા સારૂં તેણે એ પુસ્તક લીધું. શાસ્ત્રીએ નજીક જઇ તે પુસ્તક જોવા માગ્યું. વાંચી જોતાં તે કવિતાનું પુસ્તક માલમ પડ્યું પરંતુ આગળ પાછળનાં પાનાં ફાટેલાં હોવાથી તે કોનું રચેલું ને શા વિષેનું છે તે સમજાયું નહીં. તો પણ આવા કવિતાના જૂના પુસ્તકનો પડીકાં વાળવા કરતાં કંઇ પણ સારો ઉપયોગ થવો જોઇએ જાણી ગાંધીની પાસેથી તે માગી લીધું. તજવીજ કરતાં તે પ્રેમાનંદકૃત લક્ષ્મણાહરણ નીકળ્યું ! "

પ્રાચીન કાવ્ય ત્રૈમાસિક, સન ૧૮૮૫, અંક ૪.

મુદ્રણ યંત્રોએ આજકાલ પુસ્તકોની રેલછેલ કરી મૂકી છે અને જનતાને વાચન સાહિત્ય પૂરૂં પાડી, જે કોઇ ઇચ્છે એવું પુસ્તક તેણે સુલભ કર્યું છે. અગાઉ એવી સવડ આપણે અહિં નહોતી. ગણ્યાગાંઠ્યા પુરુષોજ પુસ્તકોનો લાભ મેળવી શકતા; કાં તો તે પુસ્તકની જાતે નકલ કરી લેઇને વા તે પ્રત કોઇની પાસેથી પ્રાપ્ત કરીને. તે સમયે રાજા

મહારાજાઓ અને શ્રીમંત પુરુષો ધર્મ, સાહિત્ય અને ભિન્ન ભિન્ન વિદ્યા ગ્રંથોની નકલો લહીઆ કને કરાવી તે પ્રતો જુદે જુદે સ્થળે જ્ઞાનભંડારોમાં પહોંચડાવતા અને એને તેઓ ધર્મલાભ સમજતા. તે પુસ્તકોનો ત્યાં વિશેષ ઉપયોગ થતો તેમ તેના કાયમ સંગ્રહ અને સલામતી માટે પુરતી સાવચેતી રખાતી હતી.

પ્રાચીન યુગમાં આપણું સાહિત્ય એ રીતે પ્રચાર પામતું હતું પણ તે સૌ કોઇને સુલભ ન હોઇને જે તે ભણતરના ગ્રંથો જિહ્વાગ્રે કરવાની સામાન્ય પ્રથા પડી હતી.

મુસલમાની સમયમાં આપણું એ સાંસ્કૃતિક ધન લૂંટફાટ, નાશભાગ અને કાપાકાપીમાં ઘણું અસ્તવ્યસ્ત થઇને નાશ પામ્યું હતું; પરંતુ જે બચાવી રાક્યા તેને આપણા પૂર્વજોએ પોતાના પ્રાણની પેઠે રક્ષવા ખાસ સાવચેતીનાં પગલાં લીધાં હતાં. એમની એ ડહાપણભરી અને દીર્ઘદૃષ્ટિવાળી રીતિનીતિના પરિણામે જે કાંઈ સલામત રહ્યું તે વડે આપણે આપણા ધર્મ, ઇતિહાસ, વિદ્યા અને સંસ્કૃતિ વિષે થોડું ઘણું જાણવાને શક્તિમાન થયા છીએ.

પણ વચમાં દેશમાં એવી અંધાધુની અને અરાજકતા વ્યાપી રહ્યાં હતાં કે પ્રજા તેના જાનમાલ માટે સદા ભયમાં રહેતી; અને તેને લઇને લેખનવાચન અને અભ્યાસ પર મિંડું મૂકાયું હતું; અને પરિણામે જનતા પર અજ્ઞાનતાનું આવરણ ફરી વળ્યું.

પ્રાચીન જ્ઞાનભંડારો પર એવાં સિલ મૂકાયાં કે તેમાંના ગ્રંથો કદી પ્રકાશ જોવાને પામતા નહિ; અને શાસ્ત્રી તેમજ પંડિતોના ઘરના ખાનગી પુસ્તક સંગ્રહનો પણ ઉપયોગ કરનાર કુટુંબમાં કોઇ જીવતા નહિ રહેવાથી અથવા કુટુંબમાંથી જ્ઞાનનો દીપ બુઝાઈ જવાથી, જે કાંઈ પુસ્તકસંચય હોય તે બેદરકારીને લઇને ક્રીટ ઉધાઇનો ભોગ થઇ પડતો અથવા તો તે પુસ્તકોને નદી કુવામાં તેની પવિત્રતા જાળવવા પધરાવવામાં આવતા અથવા તો તે કાગળો ગાંધીને ત્યાં પડીકાં બાંધવામાં જતા હતા.

આ પ્રમાણે આપણું પ્રાચીન સાહિત્ય થોડું નાશ પામ્યું નથી.

અંગ્રેજી અમલ સ્થપાયા પછી કંઈક દેશમાં શાન્તિ પથરાઇ; જ્ઞાન પ્રકાશનાં કિરણો પ્રકટવા લાગ્યાં; પણ પહેલાંની અજ્ઞાનતા અને જડતાને લઇને પ્રાચીન પુસ્તકો વિષે લોકોમાં જે ભ્રમમૂલક વિચારો અને ખોટી માન્યતા બંધાઇ ગયાં-હતાં તેમાં ઝાઝો ફેરફાર થયો નહિ.

એમાં કિમિયા લખેલા છે; એમાં ચમત્કાર ભરેલા છે; એ ધર્મગ્રંથો છે વગેરે કારણો આગળ ધરીને જે કોઈ પાસે જુનો પુસ્તકસંગ્રહ હોય તે કોઇને બતાવતા નહિ. કદાચ કોઈ પુસ્તક વિષે ખબર પડી જાય તો તે પુસ્તક બહાર કાઢવામાં આનાકાની કરવામાં આવતી.

સોસાઈટીની સ્થાપના કરવામાં આવી તેમાંનો એક ઉદ્દેશ જુના ગ્રંથોની હાથપ્રતો મેળવી સંગ્રહવાનો હતો. પણ ઉપર વર્ણવેલી પરિસ્થિતિમાં તેના કાર્યવાહકોને તે કાળે જુનાં પુસ્તકો મેળવતાં ભારે વિટંબણા પડતી. માંડ માંડ બે પાંચ પુસ્તકો લાગવગથી કે પૈસાના પ્રલોભનથી સાંપડતાં. તેથી એનાથી વધુ સુતરો માર્ગ તે પુસ્તકોની નકલ ઉતરાવી લેવાનો ગ્રહણ કરવામાં આવ્યો હતો અને તેમાં ધીમે ધીમે પણ સારી પ્રગતિ થઇ હતી. આ પ્રમાણે જે સાધન સામગ્રી ઉપલબ્ધ થઇ તેનું દોહન કરી પ્રાપ્ત થયેલ નવનીતનો ગુજરાતી કાવ્ય દોહન એ નામે જનતાને કવિ દલપતરામે જુની ગુજરાતી કવિતાનો પ્રથમ પરિચય કરાવ્યો હતો અને તેમાંની કવિતાની વિવિધતા, સરસતા અને માનવહૃદયને સ્પર્શતા સાર્વત્રિક અંશોને લઇને તે પુસ્તકની લોકપ્રિયતા અદ્યાપિ ટકી રહેલી છે.

જુના સિક્કા સંગ્રહવાનો શોખ અમને વિદ્યાર્થી અવસ્થામાંથી ઉદ્ભવ્યો હતો અને તે નિમિત્ત દર શુક્રવારે ગુજરીમાં જવાનું થતું. સોસાઈટીની નોકરીમાં જોડાયા પછી એક પ્રસંગે ભાલણ અને ભીમની કૃતિઓ ત્રણસેં વર્ષ પરની લખેલી મળી આવી; અમારા આશ્ચર્યનો પાર રહ્યો નહિ. પ્રાચીન સાહિત્યમાં હજુ તો અમે પ્રવેશ કરતા હતા. અમને જે આનંદ થયો તે દી. બા અંબાલાલ સમક્ષ વ્યક્ત કર્યો; તેઓ પ્રસન્ન થયા અને અમને એવી જુની હાથપ્રતોનો સંગ્રહ કરવાની સલાહ આપી.

એક તરફથી જુની હાથપ્રતો મેળવવાનું કામ અમે ચાલુ રાખ્યું અને બીજી તરફથી સોસાઇટીના સંગ્રહમાંની હાથપ્રતોની યાદી 'બુદ્ધિપ્રકાશ' માં નોંધવાની ચાલુ કરી; એટલા માટે કે એ વિષયમાં રસ લેનારાઓને એ વિષે માહિતી મળે તેમજ એ યાદી કટકે કટકે તૈયાર થઇ જાય

પ્રથમ સોસાઇટીમાંની હાથપ્રતોની યાદી આપી અને તે નામાવલિ પૂરી થતાં, અમે જે સંગ્રહ એકઠો કર્યો હતો તેની નોંધ છાપવા માંડી. આશરે ૫૦૦ પ્રતો ભેગી થઇ હતી અને તેને કેવી રીતે સાચવવી, એ અમારા માટે કઠિન થઇ પડયું હતું.

અમને લાગ્યું કે અમારો એ સંગ્રહ સોસાઇટીને અર્પણ કરવો અને કમિટીને તે સંગ્રહ સાથે કવિ દલપરામનું નામ જોડવા દેવા વિનંતિ કરવી.

આપણા દેશમાંથી અંગ્રેજી સત્તા દૃઢ થયા પછી પુષ્કળ જુનું સાહિત્ય પરદેશ ખેંચાઇ ગયું છે. તેનો શોચ કરવો અત્યારે નકામો છે; પરંતુ સોસાઇટીના સંસ્થાપક ફૉર્બસ સાહેબે જુના ગ્રંથો મેળવ્યા હતા અને જેને લઇને કવિ દલપતરામે ગાયું હતું,

"કુંથ્થા[1] પુસ્તક કાપિને, એનો ન કરિશ અસ્ત;
ફરતો ફરતો ફારબસ, ગ્રાહક મળ્યો ગૃહસ્થ."

તે સઘળો મૂલ્યવાન સંગ્રહ તેઓ ગુજરાતી પ્રજાને વારસામાં આપતા ગયા છે; અને તે એમનું પાવનકારી નામ સદા સ્મરણમાં રહે એ આશયથી સ્થપાયલી શ્રી ફૉર્બસ સભા–મુંબાઈ–પાસે છે. ગુજરાતી પ્રાચીન સાહિત્ય અને ઐતિહાસિક સાહિત્યનું અવલોકન કે સંશોધન કરનારે તે સંગ્રહ અવશ્ય જોવો જોઇએ. તે સંગ્રહની સૂચી બે ખંડમાં શ્રી ફૉબર્સ સભાએ શ્રીયુત્ અંબાલાલભાઈ જાની પાસે તૈયાર કરાવી છે, તે તપાસવાથી એની મહત્તા અને સમૃદ્ધિ ધ્યાનમાં આવશે.

ફૉર્બસ સાહેબને એમના ગ્રંથ સંગ્રહમાં કવિ દલપતરામે કિંમતી સહાયતા કરી હતી. જુની ગુજરાતી કવિતાનો પરિચય કરાવવાનું માન ઉપર દર્શાવ્યું તેમ કવિને છે અને વધુમાં એમની ગાદીએ બેસવાનું સદ્ભાગ્ય અમને સાંપડયું હતું; તેથી અમારા એ સંગ્રહ સાથે કવિ દલપતરામનું નામ જોડવાની માગણી કરવામાં, ઉપરનાં કારણો ઉપરાંત એમના પ્રત્યેનો અમારો પૂજ્ય ભાવ પણ હતો. તે સંબંધમાં ઑન. સેક્રેટરીને અમે પત્ર લખ્યો હતો તે પરિશિષ્ટ ૨ માં આપ્યો છે.

કવિ દલપતરામ હસ્તલિખિત પુસ્તકમાંની ઘણીખરી પ્રતો શુક્રવારમાંથી મળેલી છે; તે કારણે તે જીર્ણ, ત્રુટક, અપૂર્ણ અને ચુંથાયલી માલુમ પડશે. તેમ છતાં ગુજરાતી પ્રાચીન કવિતાનાં પુસ્તકોનાં સંશોધન અને પ્રકાશન સારૂ તેમાંની પ્રતો મદદગાર થઈ પડે એમ છે અને કેટલીક પ્રતો એવી હાથ લાગી છે કે જે કૃતિઓ અન્ય કોઈ સંગ્રહમાં નથી, તેમજ તે કિંમતી અને મહત્વની છે.

---

૧ કાગળ ખાનારો જીવડો કુંથ્થો

ઉપરોક્ત સંગ્રહની ગ્રંથ સૂચીનો પહેલો ભાગ બહાર પડેલો છે; તે પછી વધુ પ્રતો મળેલી છે અને તે સર્વેની સવિસ્તર નોંધ કરતાં બીજું એક પુસ્તક થાય.

સોસાઇટીએ તેના સંગ્રહ માત્રથી સંતોષ માન્યો નથી; પરંતુ તેનો વધુ ઉપયોગ થાય અને તેમાંનાં ગ્રંથો પ્રકાશન પામે એમ ઇચ્છ્યું છે.

કવીશ્વર દલપતરામ હસ્તલિખિત પુસ્તકની સૂચીમાં પ્રસ્તાવના રૂપે બે બોલ લખતાં, સોસાઇટીના પ્રમુખ દી. બા. કેશવલાલે કહ્યું છે કે,

"ગુજરાતી સાહિત્યનો સમગ્ર ઇતિહાસ લખાવા પૂર્વે આપણા પ્રાચીન કાવ્યોનું શુદ્ધ અને શાસ્ત્રીય પ્રકાશન અત્યંત આવશ્યક છે. ગુજરાતીનો અભ્યાસી અને વિદ્વદ્ વર્ગ તે સંબંધી યોગ્ય સૂચનાઓ સોસાઇટીને લખી મોકલવા કૃપા કરશે; એટલુંજ નહિ પણ પોતે એકાદ કાવ્યનું સંપાદન કાર્ય ઉપાડી લેવા ખુશી હોય તો તેમ લખી જણાવશે તો મેનેજીંગ કમિટી સમક્ષ તે સૂચના રજુ કરવામાં આવશે."

દી. બા. કેશવલાલભાઇ પ્રાચીન કવિતાના અભ્યાસ અને સંશોધનમાં અત્યંત રસ ધરાવે છે અને એમની પ્રેરણા અને સૂચનાથી સોસાઇટીએ પ્રસ્તુત યાદી પ્રસિદ્ધ થવા પામી તે પૂર્વે ઉપલબ્ધ હાથપ્રતો પરથી પ્રાચીન કાવ્યનું સંપાદન અને પ્રકાશન કાર્ય ઉપાડી લીધું હતું અને તેનું વિવરણ અન્યત્ર 'પ્રાચીન કાવ્યનું સંપાદન અને પ્રકાશન' એ પ્રકરણમાં કરવામાં આવ્યું છે.*

* જુઓ પૃષ્ઠ ૫૯.

પરિશિષ્ટ ૩

અમદાવાદ, તા. ૨૨ મી ફેબ્રુઆરી ૧૯૨૪

મે. ગુજરાત વર્નાક્યુલર સોસાઈટીના ઓન. સેક્રેટરી સાહેબ,
મુ૦ **અમદાવાદ**.

વિ. વિ. કે છેલ્લા પંદર વર્ષથી ગુજરાતી જુનાં હસ્તલિખિત પુસ્તકોનો હું સંગ્રહ કરતો રહ્યો છું. અને આજદિન સુધીમાં આ સાથેની યાદીમાં નોંધ્યા મુજબ આશરે ૪૨૫ પુસ્તકો મેળવવા ભાગ્યશાળી થયો છું અને તે પાછળ મેં લગભગ રૂા. ૨૦૦) ખર્ચ કરેલો છે.

સોસાઈટીની સ્થાપના થઇ ત્યારથી તેના ચાલકોએ જુનાં હસ્તલિખિત પુસ્તકો મેળવવાનો પ્રયાસ કરેલો અને એવાં લગભગ ૧૫૦) પુસ્તકોની નકલો સોસાઇટીના સંગ્રહમાં છે પણ તે બહુધા આધુનિક–ઉતારેલી પ્રતો છે.

પ્રાચીન ગુજરાતી સાહિત્યના અભ્યાસ અને ઇતિહાસ માટે આ મારો સંગ્રહ અત્યંત કિંમતી અને ઉપયોગી છે અને તે નીચેની સરતે હું સોસાઇટીને આપવા ઇચ્છા રાખું છું. મને આશા છે કે સોસાઇટી મારી વિનંતિ સ્વીકારશે.

સરત

(૧) આ ખાસ સંગ્રહને–સોસાઇટીના અને મારા–'કવિ દલપતરામ હસ્તલિખિત પુસ્તક સંગ્રહ' એ નામ આપવું.

(૨) આ સંગ્રહને સારી રીતે બંધાવી, વ્યવસ્થિત કરી સુરક્ષિત રાખવો.

(૨) તેની સંપૂર્ણ યાદી છપાવવી.

અંતમાં મારી એટલી પ્રાર્થના છે કે સોસાઇટી મારા આ કાર્યની યોગ્ય કદર બુઝી, મને વધારે ઋણી કરશે.

લી. આજ્ઞાંકિત સેવક,
હીરાલાલ ત્રિ. પારેખ

સોસાઈટી તરફથી ગુજરાતમાં પહેલવહેલું સાપ્તાહિક પત્ર “ વર્તમાન ” નામનું કાઢવામાં આવ્યું હતું; પણ એ પત્રની એક પણ પ્રત અમે મેળવવા શક્તિમાન થયા નહોતા.

થોડાક દિવસ પર એક જુની હાથપ્રત “ શુક્રવાર ” માંથી મળી આવી, તેના લુગડાંના પુંઠાનું અંદરનું અસ્તર કાગળથી મજબુત કર્યું હતું. એ કાગળ તે ઉપરોક્ત “ વર્તમાન ” અઠવાડિકનો ટુકડો માલુમ પડયો.

એ કટકો અનાયાસે મળી જવાથી અમને બહુ આનંદ થયો; અને એક નમુનારૂપે અમે અહિં તેનું ચિત્ર આપીએ છીએ.


वर्तमान

“ વર્તમાન ” અઠવાડિકનો નમુનો

પ્રકરણ ૧૧

સ્ત્રી જીવનના પ્રશ્નોને ચર્ચતું સાહિત્ય

" The supreme benefactor in every age and in every home is the mother of mankind and mankind's wife. Round her gathers the family. To her all men look for solace, for praise and for life's Joys. From her hands come food and clothing. She spends wisely most of what men strive to earn. x x x The final arbiter of all Social Reforms is in the end a woman and so may it always be."

Sir Arnold Wilson M. P.

(The Spectator–20th June, 1934.)

ગયા સૈકામાં છોકરીઓ માટે જુદી શાળાઓ આવશ્યક મનાતી તેમ સ્ત્રીઓ માટે જુદુ વાંચન સાહિત્ય હોવું જોઇએ એવો સામાન્ય અભિપ્રાય હતો. કુતરતે જ સ્ત્રી પુરૂષમાં કેટલીક ભિન્નતા હેતુસર રાખેલી છે; અને એ બંનેની પ્રકૃતિ–સ્વભાવમાં તાત્વિક (fundamental) ભેદ માલુમ પડે છે; એક બુદ્ધિપ્રધાન છે, તો બીજું લાગણી પ્રધાન છે. તેમાંય સ્ત્રીજાતિ સારૂ માતૃત્વ એ એનાં જીવનનું ઉત્કૃષ્ટ અને સર્વોપરિ ધ્યેય માનેલું છે; એની સિદ્ધિમાં સ્ત્રીજીવનની ધન્યતા રહેલી છે; અને વળી ગૃહસંસારનો નિર્વાહ અને ભાર સ્ત્રીઓ પર મુખ્યત્વે અવલંબે છે.

આ બધાં કારણોને લીધે સ્ત્રી કેળવણીના ક્ષેત્રમાં અમુક પ્રકારનું અને વિશેષ કરીને સ્ત્રી જાતિની વિશિષ્ટતાને પોષતું અને સહાયભૂત થઇ પડે એવું શિક્ષણ અને વાંચન સાહિત્ય અપાય એવી માગણી વારંવાર થતી રહી છે અને તે વજુદ વિનાની નથી, એમ આપણે નહિ કહી શકીએ.

તેથી એમ નથી માની લેવાનું કે સ્ત્રીની માનસિક શક્તિ પુરુષથી ઉતરતી છે, અથવા તો બુદ્ધિ અને આવડમાં, ડહાપણ અને ચાતુર્યમાં તેઓ પછાત છે. જીવનના વિવિધ ક્ષેત્રમાં પુરુષ વર્ગ સાથે સ્ત્રીઓ પણ સરસાઇમાં ઉત્તિર્ણ થઇ છે, એવા અનેક દાખલાઓ મોજુદ છે.

એટલે સ્ત્રી પુરૂષ વચ્ચે જે કેટલાક કૃત્રિમ ભેદો અસ્તિત્વમાં છે, તેને તો દૂરજ કરવા ઘટે છે.

સ્ત્રી વાંચન સાહિત્ય જુદું હોવું જોઇએ, એ માન્યતા હાલમાં ભાગ્યેજ કોઇ ઉત્તેજે; અને એવા કૃત્રિમ ભેદને ટાળવોજ જોઇને.

સોસાઇટી હસ્તક આદ ટ્રસ્ટ ફંડો છે, તેનો ઉપયોગ સ્ત્રી ઉપયોગી સાહિત્ય લખાવવામાં કરવાનો છે. સોસાઇટીના કાર્યવાહકો સ્ત્રી ઉપયોગી સાહિત્યને તેના સંકુચિત અર્થમાં જોતા નથી, પણ એ ફંડોમાંથી સ્ત્રી જીવનને સ્પર્શે, સ્ત્રી જીવનના પ્રશ્નો ચર્ચતું હોય, સ્ત્રી જીવન વિકાસને અનુકૂળ થઈ પડે એવું વાચન સાહિત્ય ઉભું કરવા વિશેષ કાળજી રાખે છે, અને નીચે સ્ત્રી ઉપયોગી છ પુસ્તકોની નોંધ કરવામાં આવી છે, એ આ વાતનું સમર્થન કરશે.

"સખીને પત્રો" એ પુસ્તક જાણીતા થીઓસોફીસ્ટ મણિલાલ નથુભાઇ દોશીને લખી આપવા આગ્રહ કરવામાં આવ્યો હતો. નીતિમય અને જીવનવ્યવહારમાં માર્ગદર્શક નિવડે તેમ આધ્યાત્મિક જીવનને પુષ્ટિ આપે અને ઉત્કર્ષ સાધે એવા પ્રકારનું લખાણ એમની કલમમાંથી નિર્ઝરતું હતું; અને એમનાં સંખ્યાબંધ ચોપડી ચોપાનિયાં વાંચીને અનેક સ્ત્રી પુરૂષો પોતાની મુશ્કેલીઓ અને મુંઝવણ વિષે લખીને એમની સલાહ પૂછતા હતા, એમ અમારી જાતમાહિતી છે.

ગુજરાતના થિઓસોફીસ્ટમાં તેઓ અગ્રેસર કાર્યકર્તા અને જાહેર વક્તા હતા; એમના શાંત અને મુંગા સેવા કાર્યથી અને માયાળુપણાથી તેઓ સૌનાં દિલ જીતી લેતા હતા. એવું એમનું વર્ત્તન હતું; એવો એમનો પ્રેમાળ સ્વભાવ હતો.

ગુજરાતીમાં થિઓસોફીના સિદ્ધાંતો અને વિચારનું સાહિત્ય ઉભું કરવાનું માન મુખ્યત્વે એમને પ્રાપ્ત થાય છે; અને એ સાહિત્ય ઉદાર અને ઉન્નત વિચાર અને તત્વચિંતનથી ભરેલું તેમ ઉત્કર્ષક અને આશાજનક માલુમ પડે છે.

ગયે વર્ષે એ લેખકબંધુનું મૃત્યુ થતાં ગુજરાતે એક સમર્થ અને ભાવનાશાળી સમર્થ લેખક તેમજ એક ઉત્તમ કાર્યકર્તા ખોયો છે.

શા ઉદ્દેશથી ભાઈ મણિલાલે "સખીને પત્રો" એ પુસ્તક પત્રરૂપે ગૂંથ્યું તેનો સારાંશ એમની પ્રસ્તાવનામાં આવી જાય છે, તેથી એ ભાગ જ અહિં ઉતારવો બસ છે.

તેઓ લખે છે,

"અત્યારે જગત્ એવી સ્થિતિમાંથી પસાર થાય છે કે જ્યારે અનેક વ્યક્તિગત તેમજ સમષ્ટિગત પ્રશ્નો આપણી આગળ ખડા થાય છે, અને તેનું નિરાકરણ કરવાની આપણને જરૂર પડે છે. છેલ્લાં પાંચેક વર્ષથી જુદે જુદે સ્થળે ધર્મ, સમાજ અને કેળવણી એ વિષયો ઉપર ભાષણો આપવા નિમિત્તે ફરવાનું થવાથી કેટલાક વ્યક્તિગત પ્રશ્નોનો ઉકેલ આણવાની મને ફરજ પડી હતી. આ પુસ્તકમાં સ્ત્રી જગતમાં ઉદ્‌ભવતા કેટલાક પ્રશ્નોનો ખુલાસો આપવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે, અને તેમાં પણ સમષ્ટિ કરતાં વ્યક્તિના પ્રશ્નો ઉપર વિશેષ લક્ષ આપવામાં આવ્યું છે.

વળી પુરૂષોના તેમજ સ્ત્રીઓનાં દૃષ્ટિબિન્દુઓ એકજ પ્રશ્નની બાબતમાં ઘણીવાર ભિન્ન હોય છે. પુરૂષો મોટે ભાગે મનતત્વને પ્રધાન ગણી તે પ્રશ્નો વિચારે છે અને સ્ત્રીઓ મોટે ભાગે હૃદયતત્વને મુખ્ય માની તે પ્રશ્નોને તપાસે છે. પુરૂષો ઘણા વખતથી ભોગવેલા હક્કો જતા કરવા ના પાડે છે. સ્ત્રીઓ કેળવણી લઇ, સંસ્કારવતી થઇ પોતાના ધર્મો બજાવવા સાથે પોતાના હક્કો માગવા તૈયાર થતી જાય છે. જન સમાજમાં તેમજ ગૃહમાં પોતાનું સ્થાન યોગ્ય પ્રમાણમાં મળે, તેની તેઓને પ્રબળ આંતર ઇચ્છા હોય છે. આવી સ્થિતિમાં પુરૂષોને અન્યાય ન થાય, અને સ્ત્રીઓને ન્યાય મળે એ હેતુ ધ્યાનમાં લઇ એક સ્ત્રી પોતાની સખીને પોતાના હૃદયના ખરા ભાવ વિના સંકોચ જણાવે, તેવી રીતે જણાવવા આ પ્રશ્નોમાં પ્રયત્ન કરવામાં આવ્યો છે."

જાણીતા સ્ત્રી માસિક સ્ત્રીબોધના તંત્રી તરીકે શ્રીયુત કેશવપ્રસાદ છોટાલાલ દેસાઇ, છેલ્લાં પંદર વર્ષથી સ્ત્રી સમાજની જે સુંદર સેવા કરી રહ્યા છે તે ખરેખર પ્રસંસાપાત્ર છે. એવી સંગીન સેવા એમણે કેટલાંક કિમતી પુસ્તકો લખીને કરેલી છે, જેમાંના સામળભટ્ટ સિંહાસન બત્રીસી વાર્તાની- બાળોપયોગી આવૃત્તિની ત્રણ આવૃત્તિઓ થવા પામી છે, તે એની લોકપ્રિયતા સૂચવે છે, અને તેનું વિશેષ કારણ, એમની લેખન શૈલી સરળ, સ્વાભાવિક, અલિષ્ટ અને પ્રાણવંત છે, તેમ તેઓ તદ્દન સાદા અને પરિચિત શબ્દોની પસંદગી અને ઉપયોગ કરે છે. તે છે.

એમનું "ગૃહજીવનની સુંદરતા" નામનું પુસ્તક જો કે અંગ્રેજી પુસ્તક પરથી લખાયલું છે પણ તેમાંની વસ્તુને આપણા સંસાર સાથે એવી

જુઓ "સખીને પત્રો" ની પ્રસ્તાવના.

સુઘટિત રીતે યોજી દેવામાં આવી છે કે એ રૂપાંતર નવીન જ લખાયું ન હોય એવી છાપ પાડે છે; અને તેનું વાચન રસદાયક અને પ્રોત્સાહક નિવડી, આપણો સંસાર સુખી અને આનંદમય થાય એવી અનેક સૂચના અને પ્રેરણા તેમાંથી પ્રાપ્ત થાય છે

એક મિત્રને એ પુસ્તક એટલું બધું ગમી ગયું કે તેની નવી આવૃત્તિ પોતાના ખર્ચે છપાવી તેની પ્રતો પોતાની જ્ઞાતિમાં લ્હાણીરૂપે વહેંચી હતી. એજ એની ઉત્તમતા માટે સરસ પ્રમાણપત્ર છે.

લેખકે, પુસ્તકને સમાપ્ત કરતાં જીવનમાં ચારિત્ર્ય પર જે ભાર મૂક્યો છે, તે જીવન ઉન્નતિની ઉમદા કુંચી છે, તેથી એ વિષયને જેટલું મહત્વ અપાય એટલું ઓછું છે, અને વાચકબંધુનું તે પ્રતિ ધ્યાન દોરવા એ ભાગ આપવો અમને ઉચિત લાગે છે.

"આ રીતે એ સર્વ બાબતો ફરી ફરીને ચારિત્ર્ય ઉપર આવીને આધાર રાખે છે. જે સારી સ્ત્રી હોય તેજ સારી પત્ની થઇ શ ; અને જે ધર્મમય સ્ત્રી હોય તેજ સારી સ્ત્રી થઈ શકે. પત્નીત્વમાંની ગંભીર જોખમદારીને પહોંચી વળવા માટે જે ડહાપણ અને બળની જરૂર છે તે એક પ્રભુ વિના અન્ય કોઇ આપી શકે તેમ નથી. જ્યારે તેની જુવાની જતી રહે, ગાલની લાલી ચાલી જાય, આંખની ઝમક હોય નહિ, ત્યારે પણ તેના પોતાની દૃષ્ટિએ ખૂબસુરત જણાવા માટે ચારિત્ર્યનું જે જવાહીર મેળવવું જોઇએ, આત્માનું જે સૌન્દર્ય મેળવવું જોઇયે, તે કેવળ પ્રભુ વિના બીજે કહિથી મેળવી શકાય તેમ નથી. પોતાની જાતને અને પરિણિત જીવનમાં અન્ય સર્વને આશીર્વાદરૂપ થઇ પડાય એવું વર્તન કરતાં તો ફક્ત પ્રભુજ શીખવી શકે.

પ્રેમનાં પ્રથમ સ્વપ્નાં શાં હતાં, પ્રેમ એટલે પ્રથમ, જુવાનીમાં શો અર્થ થતો હતો, તેની સાથે પછીના જીવનમાં ઘણી વાર જે પ્રેમની નિષ્ફળતાઓ નિવડે છે, આ સ્વપ્નાં કેવાં અલોપ થઈ જાય છે, પ્રેમના સાહસનું કેવું નિર્જીવ પરિણામ આવે છે, તેની સરખામણી કરવા કરતાં વધારે દિલગીરીભર્યું કાર્ય આ દુનિયામાં છે નહિ. આટલી બધી દિલગીરી; ભરી નિરાશાઓ શા માટે થતી હશે ? આટલી બધી લગ્નમાળાઓ ધૂળમાં શાને રગદોળાતી હશે ? આ સર્વ સ્વપ્નાં સાચાં પડવાનો, આ માળાએ તાજી અને મહેકભરી રાખવાનો શું કાંઈ રસ્તો નહિ હોય ?

છે, રસ્તો છે; પણ તે ધર્મમાં–ચારિત્ર્યમાં છે. યુવતી લગ્નવેદી સમક્ષ હસતી, મધુરસ્વ ગાતી જાય છે, પણ તેને ખ્યાલ છે કે તે પોતાના ધર્મ, ફરજો, જાણ્યા વિના ત્યાં જશે તો તે લગ્નવેદી નહિ રહે પણ તેના બલિદાન માટેની ભભકતી આગરૂપ નિવડશે? જે આ સૃષ્ટિના આદિ છે, અને જે અંત છે, તે પ્રભુ સાથે પોતાનું જીવન એક તન્મય કરતા સુધી આ વેદી સમક્ષ જતાં તેણે થોભી જવું જોઇએ. માનુષી પ્રેમ ઘણોજ મૂલ્યવાન છે, પણ તેથી કાંઇ હૃદય સર્વદા ધરાતું નથી. કસોટીના સમય આવશે, ગુંચવણભર્યો પ્રસંગો આવશે, ગુસ્સો થવાનો વખત આવશે, નિરાશાઓ થશે, દુઃખ અને દિલગીરીના પ્રસંગો આવશે, તે સમયે પ્રભુ વિના પંથ કાપવો વિકટ થઇ પડશે. પરંતુ તેની કૃપાથી, તેના સાન્નિધ્યથી, જે ફૂલો આજે કળી રૂપ દેખાય છે, તેજ આવતી કાલે ખીલશે અને શરૂઆતના પ્રેમના સ્વપ્ન, વળી પાછાં શાંતિ આનંદના ગઢ રચશે, અને તે ગઢમાં ઘડપણમાં આશ્રય, નિરાંત અને શાતા મળશે."×

પચીસેક વર્ષ પર ઓલીવીઆ સ્કીનર નામના જાણીતા ઇંગ્રેજ સ્ત્રી લેખિકાનું Woman & Labour એ નામનું એક પુસ્તક પ્રસિદ્ધ થયું ત્યારે પાશ્ચાત્ય જગતમાં એથી મ્હોટી ચર્ચા થવા પામી હતી અને અમે ભૂલતા ન હોઇએ તો રેવ્યુ ઓફ રેવ્યુઝના તંત્રી ડબલ્યુ. ટી. સ્ટેડે એ પુસ્તકને "સ્ત્રીઓનું બાઇબલ" એ નામનું ઉપનામ આપ્યું હતું. ખરે, સ્ત્રી જાતિની વકીલાત કરતું એ એક ઉત્તમ પુસ્તક છે, એમ તેના પરિશીલનથી ખાત્રી થશે. આવા સરસ ગ્રંથનો ગુજરાતીમાં તરજુમો થાય એમ કોણ ન ઇચ્છે; અને જાણીતા બ્રહ્મોપદેશક શ્રીયુત મણિલાલ છોટાલાલ પારેખે એકાદ પુસ્તક લખવાની ઇચ્છા દર્શાવી ત્યારે તેમને આ પુસ્તકનો તરજુમો કરી આપવાનું કાર્ય સોંપવામાં આવ્યું હતું; અને તેમાં એઓ સફળ નિવડ્યા છે.

લેડી વિદ્યાબ્હેન નીલકંઠે, સદરહુ પુસ્તકની સમાલોચના, અનુવાદકની ઇચ્છાથી, કરી હતી, તે એ પુસ્તકમાં દાખલ કરવામાં આવી છે; એ લેખમાં ગ્રંથનું દોહન કરેલું છે, અને એમના જેવા એક પ્રતિષ્ઠિત સ્ત્રી ગ્રેજ્યુએટ, એ વિષય પરત્વે શા વિચાર દર્શાવે છે, એ જાણવા સારૂ આપણને સ્વાભાવિક રીતે ઉત્કંઠા થાય જ. તેથી તેમાંનો કેટલોક અગત્યનો ભાગ અમે નીચે આપીએ છીએ:

× ગૃહજીવનની સુંદરતા, પૃ. ૬૫-૬૬.

"આ જમાનામાં ઘણી સ્ત્રીઓ યુરોપ,-અમેરિકામાં-કલાર્ક, ટાઇપીસ્ટ તરીકે તેમજ ટપાલખાતાં, અને બીજાં ખાતામાં નાની નાની નોકરીઓ કરે છે અને કુંવારી કે અનાથ સ્ત્રીઓ આથી કરીને પોતાના કુટુંબને ભારરૂપ થતી મટે છે. પણ તે સાથે તેમના તે જીવનમાં કેટલાંક જોખમો રહેલાં છે, ફેમીનીસ્ટો કહે છે કે અમે એવો જનસમાજ ઇચ્છીએ છીએ કે સ્ત્રી જાતિને પુરુષ વર્ગ તરફથી ભયનું કારણ ન રહે. ખરેખર એ સ્થિતિ તો આ દુનીઆ દુનીઆ રહેશે અને તેના પુરુષો પુરુષો રહેશે ત્યાં સુધી આવવાનો સંભવ જણાતો નથી પણ એટલું તો ખરૂંજ છે કે જેમ સ્ત્રીઓ છુટથી ફરતી હરતી થાય, ધંધામાં પડતી થાય અને તેમને લિંગ ભેદના દૃષ્ટિબિન્દુથી જોવામાં ન આવે તેમ તેમ એ જોખમ કેટલેક અંશે ઓછું થાય અને તેજ માર્ગે ઓછું થવા સંભવ છે. બાકી પડદે રહેનાર બાઇઓ પોતાનું સ્ત્રી જાતિત્વ કોઇ પણ સમય ભૂલી શકતી નથી, તેમજ તે વર્ગના પુરુષો એ કારણથી સ્ત્રીઓને મનુષ્યો નહીં પણ સ્ત્રી જાતિ વિશિષ્ટ હરહમેશ ગણે છે. લિંગભેદ તેમના મનને છોડી શકતો નથી.

ઉપર કહ્યું તેમ ધંધામાં સ્ત્રીઓને જોખમ છે પણ સાથે સ્ત્રી જાતિને એ જોખમોથી મુક્ત થવાનો માર્ગ પણ એજ છે છતાં એ જોખમ વ્હોરવા જેવું છે કે કેમ એ પણ નિશ્ચિતતાથી કહી શકાય નહીં.

બીજા વર્ગની સ્ત્રીઓ જે પુરુષોની બરોબરીનાં કામ કરે છે તે મજુર વર્ગ છે. તેઓ જે કામ કરે છે તેને પરિણામે તેમનાં ઘર અને સંતાન તરફ દુર્લક્ષ રહે છે એ તો જાણીતી વાત છે. તેઓ ઘરની કમાણીમાં ઉમેરો કર છે એ ખરૂં છે પણ તેથી ઘરમાં સુખ સાધન વધે છે કે નહિ તે સંદેહ પડતું છે. તે વર્ગના પુરુષો દારૂ વગેરેમાં વધારે ખરચ કરી નાંખવા શક્તિમાન થાય છે એ તો દેખીતુંજ છે. તે વર્ગની સ્ત્રીઓનાં જીવન અસ્તવ્યસ્ત થઈ જાય છે, તેમની નીતિ શિથિલ થાય છે અને આર્થિક સ્વતંત્રતાથી સ્વાશ્રયીપણું આવવું જોઇએ તે જોવામાં આવતું નથી. પરાધીનતામાંથી છૂટવા માટે જો આ મહેનત આ અતિ શ્રમ સાધન હોય તો તે નિરર્થક છે એમ કહીએ તો ચાલે. સામાન્ય વ્યવહારમાં એવી સ્ત્રીઓ કોઇ રીતે સ્વતંત્ર નથી તેમજ તેમના બાળકો તથા પોતાની જાત માટે સર્વથા પુરુષને આધારેજ પડેલી છે. પુરૂષો તેમના પ્રત્યે મન-ગમતો વ્યવહાર કરી શકે છે. એ વર્ગ અજ્ઞાત છે અને તેમના પરથી સર્વને માટે અનુમાન ના બાંધી શકાય પણ તેમના આધાર સિવાય પણ પરાધીનતા દૂર કરવાનો માર્ગ માત્ર મહેનત છે એ સિદ્ધ કરવું મુશ્કેલ છે.

આજ સુધી સ્ત્રી જાતિ પુરૂષ વર્ગને આધારે પડેલી છે અને લગ્નથી એ પરાધીનતા દઢીભુત થાય છે એમ વ્યવહારમાં જોવા છતાં લેખક લગ્ન વ્યવસ્થાને અખંડિત રાખવાનું વલણ દર્શાવે છે. લગ્નમાં સ્ત્રી પુરૂષનો સંબંધ વિષયથી બને તેટલો મુક્ત રહે અને ઉચ્ચ સહવાસ અને મૈત્રીનું સ્વરૂપ ધારણ કરે એ લેખકનો મોટો સદાગ્રહ છે. જેટલી અસમાનતા સ્ત્રી પુરુષમાં મનુષ્યોના રીતરીવાજોએ દાખલ કરી છે તે દૂર થાય એ તેની મહદિચ્છા છે કારણ કે તેમ થાય તોજ લગ્નની ઉચ્ચ ભાવના ફળીભૂત થાય.

આપણા દેશમાં પણ ઘણાં સ્ત્રી પુરૂષો છે જેમને આપણા સમાજના પ્રશ્નો નિરંતર લક્ષમાં રહે છે, જેમનાં હૃદયોને સામાજીક અનિષ્ટો હલમચાવી નાંખે છે, જેઓ રાત દિવસ એ સંબંધે વિચાર કર્યા કરે છે. તેમને આ પુસ્તક વાંચવાથી ઘણા ખુલાસા થશે તેમજ વળી નવી વિચાર શ્રેણીઓ હાથ લાગશે. લેખક બાઇએ પોતાના જીવનમાં સ્ત્રી જાતિના પ્રશ્નને શ્રેષ્ટ સ્થાન આપેલું છે અને વર્ષો પર્યંત તેનો અભ્યાસ કરેલો છે. એવા પરિપકવ અભ્યાસનું આ પુસ્તક ફળ છે તેથી તેના વિચારો એકદમ કાઢી નાંખવા જેવા નથી. એના થોડા ભાગનો પણ આપણામાં કોઇએ એ સંબંધે અભ્યાસ કર્યો હશે, જેઓ સર્વથા લેખકને સંમત નહિ થતા હોય તેઓ પણ લેખકના મત વિચારપૂર્વક ગ્રહણ કરેલા છે એ સ્વીકારશેજ. એક ધર્મકૃત્ય જેવી ખંત આગ્રહથી આવા મહત્વના પ્રશ્નનું નિરાકરણ થાય, હૃદયની લાગણીપૂર્વક તે સંબંધે અભિપ્રાય બંધાય, માત્ર acadmic વાદના વિષયની દૃષ્ટિથી નહીં પણ જીવંત સહાનુભૂતિથી સ્ત્રી જાતિ સંબંધે સ્ત્રીઓ તેમજ પુરૂષો તેને લાગતા વિચારોની આપ લે કરે તોજ વિષયમાં કોઈ કાળે સ્ત્રી જાતિ પોતાને ઈષ્ટ દશાને પામશે."*

છેલ્લાં યુરોપીય મહાયુદ્ધના વિરામ પછી સ્ત્રીઓને મતાધિકાર બક્ષીને ઇગ્લાંડે તેમની સમાનતા સ્વીકારી છે. તે અગાઉ સ્ત્રીઓએ મીસીસ પેંકહર્સ્ટની સરદારી હેઠળ મતાધિકાર પ્રાપ્ત થવા જે લડત જમાવી હતી તેનું સ્મરણ માત્ર પુરતું છે.

આ સ્ત્રી સ્વાતંત્ર્ય અને સ્ત્રી મતાધિકારના પ્રશ્નોના અંગે વર્તમાનપત્રોમાં પુષ્કળ વાદવિવાદ થતો હતો. એવી એક લેખમાળા સ્ત્રી સ્વાતંત્ર્યની હિમાયત કરતી એક સ્ત્રી ગ્રેજ્યુએટે લખેલી મુંબાઈમાંથી નિકળતાં મીસ

---

* સ્ત્રીઓનો કાર્યપ્રદેશ પૃ.

પાલમકોટ સંપાદિત હિન્દી ગ્રાફિક નામના પારસી માસિકમાં આવી હતી; પણ એમાંની દલીલો પોતાને પસંદ ન પડવાથી માઇસોર યુનિવરસિટીના તત્વજ્ઞાનના પ્રોફેસર વાડીઆએ તેના રદીઆ એક જુદી લેખમાળા લખીને આપ્યા હતા અને એ લેખ સંગ્રહ પછીથી એમણે નવેસર The Ethics of feminism એ નામ આપીને ઈંગ્રેજીમાં છપાવ્યો હતો અને તુરતજ આપણે અહિં તેમ પરદેશમાં સારો લોકાદર પામ્યો હતો. એ લેખો વાચતાં જણાશે કે લેખક એ ચર્ચામાં મધ્યસ્થ માર્ગ ગ્રહણ કરે છે; તે જેમ વ્યહવારૂ તેમ સમતોલ છે.

સોસાઇટી હસ્તક સ્ત્રી ઉપયોગી પુસ્તકો લખાવવાને ઉપર જણાવ્યું છે તેમ ઠીક ઠીક ફંડો છે અને તેમાંના એકમાંથી આ પુસ્તક ગુજરાતીમાં લખી આપવાનું શ્રીમતી સરોજિની બ્હેન મહેતા, એમ. એ; ને સોંપવામાં આવ્યું હતું.

એ બ્હેનની કલમ તેજસ્વી અને તીક્ષ્ણ છે અને એમના પિતાશ્રી સ્વર્ગસ્થ રમણભાઇની પેઠે એઓ પણ ગુજરાતી, શુદ્ધ અને સરળ લખે છે.

સ્ત્રી સ્વાતંત્ર્યના અને સ્ત્રી હકના શ્રીમતી સરોજિની બ્હેન ચુસ્ત હિમાયતી છે; એટલે મૂળ લેખકની કેટલીક દલીલો એમને નજ રુચે. તેથી જ્યાં એમને વિરુદ્ધતા જણાઈ ત્યાં ફુટનોટમાં પોતાનો સ્વતંત્ર અભિપ્રાય દર્શાવ્યો છે, એ રીતે ગુજરાતી વાચકને એ ચર્ચાની બંને બાજુ જોવાની તક મળી છે; જો કે તેથી મૂળ લેખકને કદાચિત કંઇક અન્યાય થવાનો ભય રહે છે.

આખા પુસ્તકમાં અમે ઉપર જણાવ્યું તેમ લેખક તટસ્થવૃત્તિ જાળવી, સ્ત્રી સ્વાતંત્ર્યના હિમાયતીઓ અને તેના વિરોધીઓની દલીલોમાંથી મધ્યસ્થ પણ ઉત્તમ માર્ગ તારવી કાઢી, જે નિર્ણય પર આવે છે; તે એમણે નીચે પ્રમાણે દર્શાવ્યો છે; અને તેમાં આપણને એમનો નારી જાતિ પ્રત્યેનો તદ્દન પૂજ્યભાવ વ્યક્ત થાય છે, તે વિચારો, આ પ્રકરણના મથાળે જે અવતરણ ઉતાર્યું છે, તેને બરોબર મળતા આવે છે.

"ઉપર સુચવેલા કોઈ પણ ફેરફાર એવા ઉદ્દામ નથી કે જેથી કુટુંબ સંસ્થાના કોઇ પણ સારા અંશ ઉપર અસર થાય અને ભૂતકાળથી ચાલી આવેલી ઘણી ખામીઓ એથી જરૂર દૂર થશે. ખરી પ્રગતિનો માર્ગ વિકાસ છે, અનેક જોખમથી ભરેલો બળવો નહિ. ભૂતકાળની સ્ત્રી પુરુષની ગુલામ

સ્ત્રી સ્વાતંત્ર્યવાદ પૃ. ૩૨૨-૨૩.

હતી, માતા તરીકે તે માન પામતી અને તેની આજ્ઞા પળાતી. કેટલીક વખત તેના સૌંદર્યથી અંજાઇને પુરુષો અંધ પૂજા કરતા, પરંતુ સ્ત્રીજાતિ તરફ તિરસ્કારની દૃષ્ટિથી જોવાતું. ભવિષ્યની સ્ત્રી આત્મ જ્ઞાનવાળી બનશે; પોતાના દરજ્જાનું તેમજ પોતાનાં કર્તવ્યોનું એને ભાન રહેશે. માત્ર એનામાં ઉદ્દામ વ્યક્તિત્વવાદ પ્રવેશ ન પામે એટલું આપણે સંભાળવાનું છે. એ વ્યક્તિત્વવાદમાંથી કદાચ લિંગરહિતતા ઉત્પન્ન થાય અથવા નીતિથી શિથિલતા પણ આવે. ભૂતકાળમાં એના ભાવ ઉંડા છતાં સંકુચિત હતા, એની વાણી બહુ બોલી અને ગંભીરતા વગરની. ભવિષ્યમાં એની વાચાળતા શિક્ષણને લીધે જતી રહેશે. માત્ર પુરુષની ખુશામત કરનાર તરીકે જીવવાની એ સ્પષ્ટ ના કહેશે. એને પૂરેપૂરો વિકાસ પ્રાપ્ત થશે. સૌંદર્ય સત્ય અને પ્રેમથી ભરેલે હિંડોળે તે મનુષ્ય જાતિને ઝુલાવશે. માતૃપદ માટે એ ભોગ આપવા તૈયાર રહેશે. છતાં પણ યોગ્ય પ્રસંગે પોતાની બુદ્ધિનું અને માતૃત્વપૂર્ણ હૃદયનું ધન મનુષ્ય જાતિની સેવામાં અર્પણ કરશે. એબ્રાહામ લિંકને ગુલામો ખાતર આત્મભોગ આપ્યો, પરંતુ હેરિયેટ બીચર સ્ટોએ એનામાં અપ્રતિમ બુદ્ધિ અને દૈવી અંશનાં બી રોપ્યાં હતાં. વેશ્યાવૃત્તિ સામે લડત ચલાવવામાં વિલિયમ સ્ટેડે કેદખાનું અને તિરસ્કાર સહન કર્યાં હતાં, પરંતુ તે સાથે જોસફીને બટલરે વિષય વિરૂદ્ધતા સામે યુદ્ધ કર્યું હતું. "પુસીફુટ" જોનસન મદ્યપાન નિષેધ માટે આખી દુનિયામાં ફરે છે પરંતુ ફ્રાન્સીસ વૉર્ડે એ ચળવળ શરૂ કરવાની પહેલ કરી હતી, રાજપુરૂષો યુદ્ધમાં ઉતરવા તત્પર હતા, પરંતુ બર્થા ફૉન સટનરે પોકાર ઉઠાવી યુદ્ધ સામે વિરોધ કર્યો. વિજ્ઞાનશાસ્ત્રીઓ સેના માટે વિનાશનાં હથિયારો બનાવ્યાં પરંતુ લેડી ઓફ ધ લૅંપ (મીસ ફ્લોરેન્સ નાઇન્ટીંગેલ) એણે જ ઘાયલ સિપાઇઓના દુઃખ દૂર કરવાનું માથે લીધું. ભૂતકાળના મહાન્ જ્ઞાનીઓએ-પ્રાચીન ઇરાનનો જરથોસ્થ, જીસસક્રાઇસ્ટ, ગૌતમબુદ્ધ, શ્રીકૃષ્ણ કે મહંમદ પયગમ્બર એ સર્વેએ-મનુષ્યજાતિને એકત્ર કરનાર સહાનુભૂતિની ભાવના જોવાની આશા રાખી હતી. એમના આદર્શો ત્યારેજ ફલીભૂત થશે કે જ્યારે સ્ત્રીઓ યોગ્ય પદ પ્રાપ્ત કરશે અને પોતાના બાળકોને રણસંગ્રામની ક્રુર વીરતા નહિ પરંતુ શાંતિનો મહિમા, કૌટુંબિક સ્વાર્થમયતા નહિ પરંતુ સામાજિક સહાનુભૂતિ, સંકુચિત દેશભક્તિ નહિ પરંતુ અંતરરાષ્ટ્રીય ન્યાયવૃત્તિ, ધનતૃષ્ણા નહિ પરંતુ જ્ઞાન તૃષ્ણા એ સર્વ શીખવશે. ભૂતકાળમાં માનવજાતિની નિષ્ફળતાનું કારણ માતાઓ તરફથી યોગ્ય પ્રોત્સાહન ન મળ્યું તે. જો કોઇ

પણ કાળે વિજય પ્રાપ્ત કરવો હોય તો તે માતાઓ દ્વારાજ થઈ શકશે. તેઓ માનવ સૌંદર્ય, માનવ સત્ય, માનવ શ્રેષ્ઠતાનો અખંડિત ઝરો છે."

બીજાં બે પુસ્તકો સ્ત્રીઓ ગૃહસંસારનો ભાર–વહન કરવા કેમ સમર્થ થાય અને તેમને તે સરળ થઇ પડે, એ દૃષ્ટિએ લખાયલાં છે અને તેમાંની માહિતી એમને જરૂર મદદગાર થઈ પડે. એ પુસ્તકોનાં નામોજ, "ગૃહલક્ષ્મી" અને "ગૃહલક્ષ્મી કેવી હોવી જોઇએ," તે તેમાંના વિષયના સૂચક છે.

"ગૃહલક્ષ્મી" એ પુસ્તક મૂળ બંગાળીમાં લખાયું હતું. તેનો લેખક રાયસાહેબ દિનેશચંદ્ર સેન બહુ સારા અને જાણીતા લેખક છે અને એમનો બંગાળી ભાષા અને સાહિત્યનો ઇતિહાસ–કલકત્તા યુનિવરસિટિએ પ્રસિદ્ધ કરેલો એક પ્રમાણભૂત ગ્રંથ છે. પ્રસ્તુત પુસ્તક–ગૃહલક્ષ્મી એમણે પોતાની પુત્રીના ઉપયોગ અર્થે યોજ્યું હતું; અને એ નોંધપોથી અન્યના જોવામાં આવતાં, તેમની માગણી પરથી એક પુસ્તક રૂપે તે તૈયાર કરવામાં આવ્યું હતું, અને તે એટલું બધું ઉપયોગી જણાયું હતું કે કલકત્તા યુનિવરસિટિની મેટ્રિક્યુલેશનની પરીક્ષામાં એ પુસ્તકને પાઠ્ય પુસ્તક તરીકે મંજુર કરવામાં આવ્યું હતું. એ પુસ્તકમાં નીચેના વિષયો ચર્ચ્યા છેઃ—

(૧) ગૃહિણી ગૃહમુચ્યતે. (૨) સ્ત્રી કેળવણી. (૩) બાળ કેળવણી. (૪) અવિભક્ત કુટુંબ. (૫) સુગૃહિણીનું કર્તવ્ય. (૬) નોકર પ્રત્યેની વર્તણુંક. (૭) વડીલો પ્રત્યેનું કર્તવ્ય. (૮) દામ્પત્ય જીવન. (૯) ઉપસંહાર અને પરિશિષ્ટમાં ઘરવૈદું–દેશી અને પાશ્ચાત્ય, તેમ ફૂલઝાડ અને ઘરખર્ચનો હિસાબ, એ વિષે માહિતી આપી છે.

આ પુસ્તકનો તરજુમો શ્રીયુત મહાશંકર ઇંદ્રજી દવેએ કરેલો છે, અગાઉ પણ એમણે બે પુસ્તકો બંગાળી પરથી સોસાઇટીને લખી આપ્યાં હતાં; અને તે અને આ પુસ્તક લેખક તરીકે એમની કીર્તિમાં ઉમેરો કરે છે.

×'ગૃહલક્ષ્મી કેવી હોવી જોઇએ' એ એક હરીફાઇથી લખાવેલો ઇનામી નિબંધ છે. સોસાઇટીને **સૌ. લક્ષ્મીબાઇ** હરીઆણી ઇનામી નિબંધ ફંડ મળેલું છે, તેમાંથી એ ફંડ સોંપનારની ઇચ્છાનુસાર આ વિષયપર જાહેરાત આપી નિબંધો લખાવી મંગાવ્યા હતા. તેમાં શ્રીમતી દિવાળી બ્હેન ભટ્ટનો નિબંધ ઇનામને પાત્ર જણાયો હતો. એક સ્ત્રી લેખિકા પ્રસ્તુત વિષયને હાલના બદલાતા જતા સંજોગમાં કેવી રીતે વિચારે છે અને

× ગૃહલક્ષ્મી કેવી હોવી જોઇએ ? પૃ. ૧૨–૧૪.

જુએ છે, એ પુરતું જ એનું મૂલ્ય છે. એ નિબંધનો ઉપસંહાર એ બ્હેને નીચે પ્રમાણે કર્યો છેઃ

"પુરુષોએ કરેલા સુધારા સ્ત્રીની સહાનુભૂતિ વગર નિરર્થક જાય. ઈશ્વરે સ્ત્રીને હૃદયનું પ્રાધાન્ય આપ્યું છે અને ગૃહાંગણને દીપાવવાનું મહાન કર્તવ્ય સોંપ્યું છે તો તેમાં ઈશ્વરદત્ત બુદ્ધિનો ઉપયોગ કરી સંતોષ માનવો જોઇએ. મોજ શોખને બદલે સુંદરતા, ફેશનને બદલે શિષ્ટતા ને પ્રતિષ્ઠા, હદને બદલે પ્રસન્નતા ને આત્મસંતોષ, હરવા ફરવાના શોખને બદલે પરસ્તાન બનાવી ત્યાં શાંતિનું સામ્રાજ્ય સ્થાપવાના કોડને સેવે છે. એક આદર્શ ગૃહિણી આદર્શ ગુરુમાતા અને કુટુંબ પોષિતાનો ભાર સરળતાથી વહી શકે છે. આદર્શ આર્યા ને ગુણસુંદરી જેવી સ્ત્રીને શું અશક્ય છે? વળી સ્ત્રીનો આત્મા સુંદરતા, સ્વચ્છતા, સુવ્યવસ્થા, બાળઉછેર, ગૃહવ્યવસ્થા, અને એથી યે વધારે સુધારણા કરવા માટે સર્જાયો છે.

સંસાર એ ક્રીડા ભૂમિ નથી પણ એક વિદ્યાલય છે. ગૃહિણીએ પોતાના પતિની હાજરીમાં તેની સહાયક અને ગેરહાજરીમાં તેની સ્થાનાપન્ના બનવા જેટલી તાલીમ લેવી જોઇએ. ભલે આપણે પાશ્ચિમાત્ય કેળવણી લઇએ પરંતુ ભારતીય જ્ઞાની બ્હેનોની મહાન કલાનું મંદિર તે 'ગૃહ' અને એ કલાનો ભોક્તા તે 'પતિ' આ બંનેની—કલાની તે અધિષ્ઠાત્રી દેવી છે. એ મહાન ભાવનાના કીર્તિધ્વજને વિશુદ્ધતા, પ્રેમ અને ગાર્હસ્થ્યના ત્રિરંગી રંગે ઝળહળતો ને નિષ્કંટક—નિષ્કલંક ભાવનાના વાયુમાં ફરફરતો રાખવો એ તમામ સ્ત્રીગૃહિણીની ફરજ છેજ. ભારતને નષ્ટ થતો બચાવવાનું એજ મહાન હથીયાર છે.

આપણી આદર્શ ગૃહલક્ષ્મીને—ભલે પછી તે ગમે તે સ્થિતિમાં હોય છતાં—ઘરનું કામકાજ તો થોડે ઘણે અંશે કરવું જ પડે છે, ઈશ્વરી કે કુદરતના કાયદા પાળવાથી જ ખરૂં આરોગ્ય મળી શકે છે, ચારિત્ર્ય વિશુદ્ધ જ નીતિનાં તત્ત્વોનો સમાવેશ થાય છે અને વિશુદ્ધ પ્રેમ તથા નિર્મળ ભાવનાથી જગતને જીતી શકાય છે.

વળી ધારો કે ગૃહલક્ષ્મી પોતે સંપૂર્ણ સમજદાર અને કેળવાએલી હોય અને કદાચ તેના પતિમાં કોઇ જાતના દુર્ગુણ કે સમજફેર હોય તો પણ તેને નિભાવીને કે સમજાવીને તે દૂર કરી શકે છે. ગૃહલક્ષ્મીના ઉત્તમ ગુણો વડેજ ઘરની લક્ષ્મી—સંપત્તિને મોભો જળવાઈ રહે છે. માટેજ

કહેવાય છે કે સ્ત્રી તો ખરેખર ' લક્ષ્મી ' જેવી છે. મનુષ્ય જીવનમાં ત્રણ ધન મહાન કહેવાય છે. (૧) સ્ત્રી (૨) સંતતિ અને (૩) વિદ્યા. તેમાંથી એક પણ ધન ઓછું હોય તો ગમે તેટલો વૈભવી માણસ પણ સંતોષી જીવન ગુજારી શકતો નથી. માટે દરેક બહેનની એ મુખ્ય ફરજ છે કે પોતે સુધરે અને અન્યને સુધારે. બીજાનું જીવન સુધારવા જેવું એક પણ મહાન અને પવિત્ર કાર્ય છેજ નહિ. એ આશીર્વાદ આગળ અનેક પાપ અને દુઃખ દૂર થઈ જાય છે. ગૃહલક્ષ્મીની એ મહાન ફરજ દરેક સ્ત્રીને શિરે સરજાએલી છે જ એ ભૂલવું જોઇએ નહિ."

પ્રકરણ ૧૨

બુદ્ધિપ્રકાશ

"વ્હેમ અને અજ્ઞાનનો, નિશ્ચય કરવા નાશ;
વિદ્યાની વૃદ્ધિ થવા, પ્રકટે બુદ્ધિપ્રકાશ."
(**બુદ્ધિપ્રકાશ**, સન ૧૮૯૯.)

સામયિક પત્રોની કારકિર્દીમાં, મનુષ્ય જીવનમાં બને છે તેમ, એક સમય એવો આવે છે, કે જ્યારે તે પૂર બહારમાં ખીલે છે અને તેની સુવાસ સર્વત્ર પ્રસરી રહી અને આહ્લાદક નિવડી, સારી નામના અને ખ્યાતિ પ્રાપ્ત કરે છે; પણ તેનો આધાર મુખ્યત્વે તેના સંચાલક—તંત્રીના વ્યક્તિત્વ પર અવલંબે છે.

"ગુજરાત શાળાપત્ર" ને નવલરામે ખિલવ્યું; "સુદર્શન" ની પ્રતિષ્ઠા મણિલાલે જમાવી; "સાહિત્ય" ને મટુભાઇએ યશસ્વી કર્યું; "વીસમી સદી" ની સિદ્ધિ અને લોકપ્રિયતા હાજી મહમદ અલારખીઆ મેળવી શક્યા; "ગુજરાતી" ને ગૌરવવંતુ ઇચ્છારામે કર્યું; તેમ "બુદ્ધિપ્રકાશ" ની કીર્તિ કવિ દલપતરામે વધારી હતી, અને એમનો સંદેશો ઝીલવા ગુજરાતી જનતા તે કાળે ચાતકની પેઠે ઉત્સુક રહેતી હતી. એ વ્યક્તિ દૂર જતાં, 'બુદ્ધિપ્રકાશ' નું તેજ પણ ઝાંખું પડયું એમ ઘણાખરાને જણાયું *હતું. જેવી રીતે ડબલ્યુ ટી. સ્ટેડનો સ્વર્ગવાસ થતાં, સુપ્રસિદ્ધ ઇંગ્રેજી માસિક* "રિવ્યુ ઑફ રિવ્યુઝ" તેનું વજન અને પ્રતિષ્ઠા ફરી મેળવી શક્યું નથી, મેસિંગહામ જતાં તેનું અઠવાડિક પત્ર "નેશન" નું નૂર હણાઈ ગયું છે, તેવી શોચનીય સ્થિતિ કવિ દલપતરામ સોસાઇટીની સેવામાંથી નિવૃત્ત થતાં, 'બુદ્ધિપ્રકાશ' ની થઇ પડી હતી.

એ સ્થિતિમાં સુધારો કરવા કમિટી તરફથી બુદ્ધિપ્રકાશનું સંપાદન કાર્ય જાણીતા વિદ્વાન શ્રીયુત ઝવેરીલાલ ઉમિયાશંકર યાજ્ઞિકને સોંપવા તજવીજ થઇ હતી; પણ તેમણે તે સ્વીકારવા નાખુશી દર્શાવી, એટલે બુદ્ધિપ્રકાશમાં કયા લેખો લેવા તેનો નિર્ણય કરવા, તે પછી, એક બુદ્ધિ-પ્રકાશ કમિટી નિમાઈ હતી. તે વખતોવખત મળીને બુદ્ધિપ્રકાશમાં દાખલ કરવાના લેખોની પસંદગી કરતી તેમ યોગ્ય અને ઉત્તેજનપાત્ર જણાય તેવા લેખો માટે ઇનામની રકમ ઠરાવતી હતી.

બુદ્ધિપ્રકાશમાં રાજકીય અને ધાર્મિક લેખો નહિ લેવાનો પહેલેથી પ્રતિબંધ હતો અને પાછળથી શૃંગારિક લખાણ લેવા સામે સુગ હતી. તેમાં વળી આસિ. સેક્રેટરીઓની વારંવાર ફેરફારી થતી, તેથી તેનું સંપાદન કાર્ય બહુ કઠિન થઈ પડતું અને ધોરણ એકસરખું સચવાતું નહિ. એ સંજોગમાં જે કાંઈ લેખો મળી આવે તે છાપીને બુદ્ધિપ્રકાશ કાઢવામાં આવતું હતું.

આમ, આખું તંત્ર એવા દ્વિધા અધિકારયુક્ત ધોરણ પર રચાયલું હતું કે કોઈ એક પર તેના સંપાદનની પૂરી જવાબદારી રહેતી નહિ. આસિ. સેક્રેટરી બુદ્ધિપ્રકાશનો તંત્રી ખરો, પણ તેમાંના લેખ માટે પારિતોષિક આપવું હોય તો તેને બુદ્ધિપ્રકાશ કમિટીના અભિપ્રાય અને નિર્ણય મુજબ વર્તવાનું હતું; અને બને પણ એવું કે કોઇ લેખક પ્રસંગોપાત લેખ લખી મોકલતો હોય તે કમિટીના એક સભ્યની ભલામણથી ઇનામ મેળવી જાય અને જે લેખક તંત્રીને વારંવાર મદદ કરતો હોય તેને કાંઇ પણ બદલો મળે નહિ. તે માટે કોઇ એક વ્યક્તિને દોષ દેવો, એ બરોબર નથી. ખરી રીતે એ વ્યવસ્થા જ સવડભરી અને સંતોષકારક નહોતી. વસ્તુતઃ એ તંત્રજ દોષિત હતું; અને જ્યાં સુધી તંત્રીને તેના કાર્યમાં મમત્વ બંધાય નહિ ત્યાં સુધી તેમાં સફળતા પણ ક્યાંથી પ્રાપ્ત થાય ? અને તેનું વ્યક્તિત્વ તો વિકસે જ કેવી રીતે ?

કૉલેજમાં અભ્યાસ કરતા હતા તે કાળે યુવાવસ્થાના ઉત્સાહમાં અને બિન અનુભવને લઇને સોસાઇટી વિષે એક વિવેચનાત્મક લેખ લખતાં, તેનું મુખપત્ર 'બુદ્ધિપ્રકાશ' સારી રીતે નિકળતું નથી તેનો દોષ અમે તે વખતના તેના તંત્રી પર મૂક્યો હતો પણ પાછળથી અમે જોયું હતું કે તે આક્ષેપ અણુગતો હતો અને તે અઘટિત ટીકા માટે અમને ખરેખર ખેદ થાય છે.

સોસાઇટીમાં દાખલ થયા પછી બુદ્ધિપ્રકાશ સારૂ સારા સારા લેખો મેળવવા અમે પ્રયત્ન કરવા માંડ્યો. અમારા મિત્રો અને ઓળખીતાઓને લેખ લખી મોકલવા વિનંતિ કરી. કૉલેજ જીવનમાં 'લિટરરી ક્લબ' એ નામની એક સંસ્થા કાઢી હતી, તેના સભ્યોને, જેઓ ગ્રેજ્યુએટ થઇ ગયા હતા અથવા થવાની તૈયારીમાં હતા, તે સાને અમારા એ સંપાદન કાર્યમાં સહાયતા આપવા આગ્રહ કર્યો, અને તેમાં ઉત્તેજનનાં ચિહ્નો કંઇક દેખાવા લાગ્યાં. ન્હાના મ્હોટા લેખો સારી સંખ્યામાં મળવા લાગ્યા અને તેમાં વિવિધતા તેમ નવીનતા આવવા માંડી.

માસિક ચાર ફૉર્મનું નિકળતું એટલે સર્વ વૃત્તિ અને વિચારને સંતોષવાનું મુશ્કેલ થઈ પડતું; અને મ્હોટા લેખોના વિભાગ કરવા પડતા તેથી તેની અસર, લાંબા ગાળાને લઇને, મારી જતી હતી; તોપણ ઉત્સાહભર્યા અમે તે કાર્યમાં ખંતપૂર્વક પ્રવૃત્ત રહેતા.

લોકગીત, ઐતિહાસિક રાસ, લોકકથા વગેરે વાંચવા સંગ્રહવાનો પહેલેથી અમને શોખ હતો અને સોસાઇટીની લાઇબ્રેરીમાંના 'ઇન્ડિયન એન્ટીક્વેરી' ના વૉલ્યુમો હાથમાં આવતાં, તેમાંથી બુદ્ધિપ્રકાશના દરેક અંકમાં કંઈ કંઈ વાનગી આપવા નિશ્ચય કર્યો અને એવી એક બે છાપી પણ ખરી. પણ ઑનરરી સેક્રેટરીને એવી રીતે છપાયલું એક ગીત વાંધા પડતું લાગ્યું અને અમારી એ કસુરને કમિટી સમક્ષ, જો કે રોષપૂર્વક નહિ, રજુ કરી હતી. તે વખતે જ સરકાર તરફથી પ્રેસ એક્ટની રૂઇએ જે તે પ્રકાશન ઉપર તેના પ્રકાશકનું નામ આપવાની સૂચના થઇ હતી. એ પત્ર કમિટીમાં મૂકાયો હતો, અને તે વિષે ચર્ચા થતાં, ઉપરોક્ત ગીતનો ઉલ્લેખ કરવામાં આવ્યો અને ત્યારથી સોસાઇટીનાં સર્વ પ્રકાશનો પર પ્રકાશક તરીકે આસિ. સેક્રેટરીનું નામ આપવાનો ઠરાવ થયો હતો.

રાજકીય લેખો તો લેવાતા જ નહિ. ધાર્મિક લેખો લેવાની મના હતી. અમને નીતિ અને તત્ત્વચિંતનનાં લખાણ પ્રતિ પક્ષપાત હતો. તે અરસામાં થિઓસોફીકલ સાહિત્ય થોડું ઘણું વાંચવામાં આવતું; અને અમારા મિત્ર શ્રીયુત મણિલાલ નથુભાઇ દોશી, જેઓ હમણાંજ સ્વર્ગસ્થ થયા છે, પરમાત્મા એમના આત્માને શાન્તિ આપો-તેઓ અમને અવારનવાર નીતિ અને તત્ત્વચિંતન વિષયક લેખો લખી મોકલતા પણ તેમાં કેટલાક વાચક વ્હેમી અને અંધશ્રદ્ધાળુ બની જવાની ભીતિ દર્શાવી હતી. થોડાંક વર્ષો પર 'બુદ્ધિપ્રકાશ' માં અમે "સૌરાષ્ટ્રના ઓલીઆઓ" એ નામક ઐતિહાસિક લેખમાળા બરવાળાનાં જાણીતા સંશોધક અને અભ્યાસી શ્રીયુત મનુભાઈ જોધાણીની લખેલી છાપી હતી તે ચમત્કાર ભરેલી હોઇ, વાંધા પડતી જણાવી હતી.

રાજકીય વિષયો સામાન્ય રીતે લેવાતા જ નહિ; પરંતુ ગુજરાત સભા સારૂ "ગામ પંચાયત" વિષે અમે એક લોકોપયોગી વ્યાખ્યાન તૈયાર કર્યું હતું, તે બુદ્ધિપ્રકાશમાં લીધું હતું. તે એમાં કેમ લેવાય એવી ફરિયાદ મુંબઇના એક જાણીતા માસિકના તંત્રી મિત્રે ઉઠાવી હતી; અને જો એ ફરિયાદ સોસાઇટીના તે સમયના પ્રમુખ પાસે પહોંચી હોત તો જરૂર કાંઇક

ધમપછાડા થવા પામત. જો કે તે વિષે ઑનરરી સેક્રેટરી પાસેથી અગાઉથી સંમતિ મેળવી હતી.

કહેવાનું તાત્પર્ય કે બુદ્ધિપ્રકાશના સંપાદન કાર્યમાં પુરતી સ્વતંત્રતાના અભાવે અને એ કાર્ય કમિટીના વહિવટદારા, જો કે તેની સીધી દેખરેખ નીચે નહિ, થતું હોઇને તેમાં કેટલીક વ્યવહારુ મુશ્કેલીઓ રહેતી; પણ સમય જતાં, અને વધુ અનુભવ મળેથી તેને સુધારવાનો અને વિકસાવવાનો અવકાશ મળશે, એવી આશામાં તેનું તંત્રીપદ અમે નભાવે જતા હતા.

સન ૧૯૧૨ ના ઑક્ટોબર માસમાં લાલશંકરભાઈનું અવસાન થયું. બીજે વર્ષે નવું કારોબારી મંડળ અધિકારમાં આવ્યું. અમારા વિરુદ્ધ કોઇને અંગત કારણ કાંઈ નહોતું, પણ અમને જુના કાર્યકર્તાઓના સહાયક તરીકે સમજવામાં આવતા; એથી અમારી સ્થિતિ બહુ ગંભીર અને કફોડી થઈ પડી હતી. સર રમણભાઇ અને અન્ય સભ્યોની નૈતિક હિમ્મત અમને મળી હોત નહિ તો આસિ. સેક્રેટરીના પદેથી તુરતજ અમે છૂટા થયા હોત.

અમારી મુશ્કેલીઓ એક જ દાખલો આપીશ.

સન ૧૯૧૫ માં સુરતમાં પાંચમી ગુજરાતી સાહિત્ય પરિષદ મળી હતી, તેમાં એક ઠરાવ પ્રાચીન ગુજરાતી સાહિત્યની હાથપ્રતો, ઇતિહાસ, કળા વગેરેના નમુનાઓ, અવશેષ, ચિત્રો, મૂર્તિઓ, સિક્કા વગેરેનો સંગ્રહ થવા રજુ થયો હતો અને એ ઠરાવનું અમે ત્યાં સમર્થન કર્યું હતું.

તે સમયે ગુજરાત સાહિત્ય સભાના અમે મંત્રી હતા, તેથી ઉપરોક્ત ઠરાવને અમલમાં મૂકવા અમદાવાદમાં સાહિત્ય કળાનું પ્રદર્શન બીજે વર્ષે અમે યોજ્યું હતું અને તેનો ઉદ્ઘાટન વિધિ પ્રો. આનન્દશંકર બાપુભાઈ ધ્રુવના શુભ હસ્તે કરાવવામાં આવ્યો હતો; અને તે પ્રદર્શન સર્વ રીતે આકર્ષક નિવડ્યું હતું. પણ અમે તેના મુખ્ય સંચાલક હતા તેથી અમને કનડગત કરવા ખાતર પ્રેમાભાઈ હૉલનો ઉપયોગ કરવા બદલ એ પ્રદર્શનનું હોલનું ભાડું લેવા દબાણ થયું હતું; એટલુંજ નહિ પણ "વસંત વિલાસ" જેવું જુની ગુજરાતી ભાષાના નમુનાની સુંદર હાથપ્રત, તેમાંનાં ચિત્રોને બિભત્સ જણાવી, વાંધાભરી ગણવામાં આવી હતી, જે હાથપ્રતને લંડનની ઇન્ડિયા સોસાઇટીએ શ્રીયુત એન. સી. મહેતાના પ્રયત્નથી એમની પાસેજ સંપાદન કરાવી હાલમાં પ્રસિદ્ધ કરી છે, અને વર્ત્તમાનપત્રોમાં તે વિષે કેટલીક નિરર્થક ચર્ચા કરવામાં આવી હતી.

તે પછીથી સોસાઇટીનું સઘળું કામકાજ અમે એક યંત્રવત્ કરતા હતા. અમારો સઘળો ઉત્સાહ ભાંગી ગયો હતો; નોકરી કરવા પુરતું જે તે કામને સંભાળતા કે તેમાં કસુર થવા પામે નહિ.

એ વર્ષોમાં દેશ પુષ્કળ પ્રગતિ કરી રહ્યો હતો. ગાંધીજી અમદાવાદમાં આવી રહ્યા હતા. યુરોપના મહાભારત યુદ્ધે સૌને ચંચળ અને પ્રગતિમાન કરી મૂક્યા હતા. માત્ર સોસાઇટી જુને ચીલે ધીમી અને એકસરખી ગતિ કરતી હતી.

પ્રથમ ઇન્દુલાલના 'નવજીવને' અને તે પછી તુરતજ હાજીમહમદ અલારખીઆએ 'વીસમી સદી' કાઢીને ગુજરાતી માસિકોમા નવું ચેતન રેડયું હતું; અને હાજીમહમદે તો વીસમી સદીને સચિત્ર કરીને તેમ લેખકવર્ગમાં કંઇને કંઈ પરિતોષિક આપીને ગુજરાતી માસિકોમાં પરિવર્તન કર્યું હતું.

એ બધાંની સરખામણીમાં બુદ્ધિપ્રકાશ ઝાંખું અને મોળું દેખાતું અને તે વિષે સખ્ત ટીકા પણ થતી હતી.

એક નમુનો નીચે ઉતારીએ છીએઃ

'પરંતુ આજના બુદ્ધિપ્રકાશમાં એનું ભૂતકાળનું ગૌરવ કાયમ રહ્યું નથી. એની ગત અને ચાલુ અવસ્થાઓની તુલના કરીએ છીએ ત્યારે એની પૂર્વ સ્થિતિને માટે જેટલું માન ઉપજે છે તેટલીજ એની અત્યારની દીન-હીન દશાને માટે દયા આવે છે. જે બુદ્ધિપ્રકાશને માટે પહેલાં "ક્યારે પ્રસિધ્ધ થાય ?" એ જાતની વિદ્યાવિલાસીઓમાં આતુરતા રહેતી ત્હેનો અત્યારે ભાવ પણ બહુ ઓછા પૂછે છે. જે થોડાં વર્ષો ઉપર માસિકોને મોખરે હતું તે અત્યારે સૌની પાછળ પડી ગયું છે... ...

તેથી એ સંસ્થાના કાર્યવાહકો ત્હેમજ સભ્યોએ આ બાબત ઉપર સત્વર લક્ષ આપવું જોઇએ. અને ગુજરાતી ભાષાની સેવાનો પોતાનો જે મૂળ ઉદ્દેશ ત્હેની સાધનામાં અત્યુપયોગી થઇ શકે એહવા આ પત્રના ઉદ્ધારના ઉપાયો યોજવા જોઇએ."

[વિશ્વનાથ ભટ્ટ, વસન્ત, પુ. ૨૧, અંક ૧૦, કાર્તિક, સં. ૧૯૭૮.]

સન ૧૯૨૦ માં દી. બા. કેશવલાલભાઇ સોસાઈટીના પ્રમુખપદે ચુંટાતાં અમારા કાર્યમાં કેટલીક સરળતા થવા પામી હતી અને અમારી અનુકૂળતા પણ વધી હતી; પણ કાગળોની મોંઘવારી અને બીજી કેટલીક

નવી પ્રવૃત્તિઓ સોસાઇટીના અંગે આરંભી હતી, તે નવો વધુ ખર્ચ કરવા જતાં, સંકોચવી પડે, તેથી બુદ્ધિપ્રકાશની હીન સ્થિતિ અમને સાલતી હતી; તેમ છતાં, તે વિષે તાત્કાલિક કાંઇ નવું પગલું ભરવા ઇચ્છા થતી ન્હોતી અને તેનું કારણ વાસ્તવિક, આર્થિક પ્રશ્ન જ હતો.

અમારી મુશ્કેલીઓનો કાંઇક ખ્યાલ આપવા તે વખતે યુગધર્મમાં 'સાહિત્ય પ્રકાશક સંસ્થાઓ' એ વિષે લેખ લખતા, બુદ્ધિપ્રકાશને લક્ષીને, નીચે પ્રમાણે નોંધ અમે કરી હતીઃ

"તે (સોસાઇટી) એક સાર્વજનિક સંસ્થા છે અને તેનો વહીવટ પ્રજા હસ્તક છે; પણ એક જાણીતા અંગ્રેજ વિવેચક મિ. મિડલટન મરેએ જણાવ્યું છે તેમ, આવી સંસ્થાઓમાંથી વ્યક્તિત્વ એટલું ઓછું થઇ જાય છે કે તેની વાસ્તવિક અસર લગભગ અડધી ઓછી થઈ જાય છે; ને તે વ્યવહારમાં સ્થાપિત અને સિદ્ધ થએલા માર્ગે પ્રવર્તે છે. નવાં સાહસ ઉપાડી લેવાની કે પ્રયોગ કરવાની તેને ઇચ્છાવૃત્તિ જ થતી નથી."

ત્યારબાદ ૧૯૨૪ના ડિસેમ્બરમાં પહેલી ગુજરાત પત્રકાર પરિષદમાં 'ગુજરાતી માસિકો' એ વિષય ઉપર નિબંધ વાંચતાં, અમે બુધ્ધિપ્રકાશ વિષે લખ્યું હતું, કે,

"'બુદ્ધિપ્રકાશ' તો જુનું માસિક છે. તે નામ સાથે કવિ દલપતરામનાં સ્મરણો જોડાએલાં છે, સોસાઇટી જેવી સાધનસંપન્ન સંસ્થા તરફથી તે પ્રસિધ્ધ થાય છે. તેમાં સામાન્ય રીતે સાહિત્ય, ઇતિહાસ, સમાજસુધારો અને કેળવણી વગેરે જ્ઞાનના, નીતિપોષક અને ઉપયોગી માહિતી આપતા લેખો આવે છે, પણ તેનું વ્યક્તિત્વ જુદું માલુમ પડી આવતું નથી એ તેની કમીના છે."

['ગુજરાતી માસિકો'—પહેલી ગુજરાતી પત્રકાર પરિષદ, સન ૧૯૨૪—અમદાવાદ]

આ પ્રમાણે વસ્તુસ્થિતિ પ્રતિ આડકતરી રીતે ધ્યાન દોરી, અમે સંતોષ માની, બેસી રહેતા નહોતા; પણ એમાં શી રીતે સુધારા અને ફેરફાર થઇ શકે તે વિષે વારંવાર પ્રમુખશ્રી દી. બા. કેશવલાલ ધ્રુવ અને ઓન. સેક્રેટરી સર રમણભાઈ સાથે ચર્ચા કરતા અને તેમાં એમ માલમ પડતું કે બુદ્ધિપ્રકાશ પાછળ વધુ નાણાંનો વ્યય કરવા જતાં, જે નવી પ્રવૃત્તિઓ—જેવી કે પ્રાચીન કાવ્યોનું પ્રકાશન, મહિલામિત્ર, કોશનું કાર્ય,

લાઇબ્રેરીની સમૃદ્ધિ—વગેરે ઉપાડી હતી તે સંકોચવી પડે અને તે સલાહભર્યું જણાયું નહિ; તેથી બુદ્ધિપ્રકાશ જેમ ચાલે છે તેમ ગતિમાન રાખવું એવા નિર્ણય પર આવતા.

બુદ્ધિપ્રકાસ આજીવન સભાસદો અને રજીસ્ટર પુસ્તકાલયોને બક્ષીસ અપાય છે; પણ અમને એમ થતું કે તેનું કદ મોટું કરી તેમાં ચિત્રો દાખલ કરી તેનું વાર્ષિક લવાજન રૂ. ૨॥ કે રૂ. ૩ રાખવામાં આવે, અને સોસાઈટીના સભાસદો તેમજ રજીસ્ટર પુસ્તકાલયો, રૂ. ૧ થી વધુ કિંમતનાં સોસાઈટીનાં નવાં પુસ્તકો રૂ. ૧ ની ઉપરની કિંમત મજરે આપીને તે પુસ્તક ખરીદ કરે છે, તેમ બુદ્ધિપ્રકાશનું ચાલુ લવાજમ રૂ. ૧॥ બાદ કરી વધારાની રકમ તેઓ આપવા ખુશી દર્શાવે તો બુદ્ધિપ્રકાશમાં સુધારા વધારા કરવાનું બહુ સુગમ થઇ પડે.

એ હેતુથી સોસાઈટીના ધારાધોરણ જે સુધારાતા અને નવેસર ગોઠવાતા હતા, તેમાં ઉપર મતલબની એક કલમ દાખલ કરવા પ્રયત્ન કર્યો હતો પણ તે સૂચના કમિટીમાં ગ્રાહ્ય થઇ નહિ. એટલે બુદ્ધિપ્રકાશનું કદ વધારવાના કે તેમાં ઘટતા સુધારા કરવાના વિચારથી અમે મુંઝાતા રહેતા.

અમારા સન્મિત્ર ડો. હરિપ્રસાદ વ્રજરાય દેસાઈ તો બુદ્ધિપ્રકાશને સો પાનાનું સચિત્ર કરવાને હમેશ દબાણ કરતા અને કારોબારી કમિટીમાં પણ એમના આગ્રહથી બજેટમાં બુદ્ધિપ્રકાશનું કદ વધારવા, તેના ખર્ચમાં રૂ. ૧૦૦૦) ત્રીજે વર્ષે વધુ મંજુર કરવામાં આવ્યા હતા.

પણ એ મુશ્કેલી એટલેથી દૂર થાય એમ નહોતું, માસિકનું કદ મોટું કરતાં, તે કામને પહોંચી વળવા સારૂ એક મદદનીશ તંત્રી જોઇએ અને તેનો પગાર જ આશરે રૂ. ૬૦૦ થી ૭૦૦ થવા જાય; અને લેખકને કંઇક પારિતોષક અપાય તોજ સારા અને ધાર્યા મુજબ લેખો મેળવી શકાય.

આ પરિસ્થિતિમાં એ પ્રશ્નનો ઉકેલ થઇ શકયો નહિ અને બુદ્ધિપ્રકાશ જેમ નીકળતું તેમ પ્રકટ કરવાનું ચાલુ રાખ્યું હતું.

તે અરસામાં નડિયાદમાં દશમી સાહિત્ય પરિષદ મળી ત્યાં જાણીતા શારદા માસિકના તંત્રીશ્રી ભાઇશ્રી રાયચુરા સાથે દરેક માસિકનું વ્યક્તિત્વ ખીલે અને દરેક માસિક કાંઇક વિશિષ્ટતા પ્રાપ્ત કરે, એ આશયથી પત્રકારોનું સંગઠ્ઠન કરી અને સહકાર સાધી દરેકને યોગ્ય જે વિષયો લખાઇ આવે તે એકબીજા માસિકોમાં વહેંચી દેવા; અને તે પ્રશ્ન વિચારવા સારૂ માસિકોના તંત્રીઓનું સંમેલન ભરવાનું પણ એમણે સૂચવ્યું હતું.

એવા પ્રકારની પુસ્તકપ્રકાશન સંબંધમાં સહકાર કરવાની યોજના પૂર્વે અમે યુગધર્મમાં " આપણી સાહિત્ય સંસ્થાઓ " એ વિષે લખતાં ચર્ચી હતી; અને અમને ભાઇશ્રી રાયચુરાના વિચાર પસંદ પડયો તેથી તે સાથે સંમત થઈ, એ પ્રશ્ન વિષે શારદાના તંત્રી અંકમાં એક જાહેરપત્ર લખી મોકલવાનું સ્વીકાર્યું, અને એ પત્ર અમારા બંનેની સંયુક્ત સહીથી પ્રસિદ્ધ થયો હતો. પ્રસ્તુત પત્રમાં લેખકને પારિતોષક આપવાનો મુદ્દો અમે અમારા તરફથી ઉમેર્યો હતો.

સદરહુ પ્રશ્ન વિચારતાં અમને થયું કે કાશીની નાગરી પ્રચારિણી સભાએ તેના મુખપત્રને માસિકમાંથી ત્રૈમાસિકમાં ફેરવી નાંખી, હિંદી પત્રકારિત્વમાં ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કરી, સુંદર અને સંગીન, સાહિત્ય, ઇતિહાસ અને ભાષાશાસ્ત્ર વગેરે વિષયોમાં, સેવા કરી રહ્યું છે, તેનો દાખલો બંધ બેસતો થશે; અને એ નિર્ણય પર આવતા, અમે કારોબારી કમિટીને બુધ્ધિપ્રકાશમાં ફેરફાર અને સુધારણા સંબંધમાં એક પત્ર લખ્યો, તે નીચે પ્રમાણે હતો.

" બુદ્ધિપ્રકાશ " માસિકમાં ફેરફાર અને સુધારા કરવા બાબત રીપોર્ટ

" ત્રીજે વરસે મેનેજીંગ કમિટીના કેટલાક સભ્યો તરફથી " બુદ્ધિ-પ્રકાશ " નું કદ વધારવા, તેને સચિત્ર કરવા અને બીજી રીતે તેમાં જરૂરી અને યોગ્ય સુધારાવધારા કરવા સૂચના થઈ હતી અને બહારનો વાચક વર્ગ પણ તેમાં સમયાનુસાર ફેરફાર થવા વારંવાર ટીકા કરતો રહે છે.

સદરહુ સંજોગોમાં તેની વ્યવસ્થા સંબંધી નીચે મુજબ કેટલીક સૂચનાઓ કરવાની રજા લઉં છું:—

(૧) જે લેખો સ્વીકારવામાં આવે તે બદલ દર પૃષ્ઠે આઠ આનાથી રૂ. એક સુધીનું લેખકને પારિતોષિક આપવું.

(૨) તેમાં ભાષા, સાહિત્ય, ઇતિહાસ, વિવેચન, પ્રાચીન કાવ્ય, સંશોધન, પુરાતત્વ એ વિષયોને ખાસ પ્રાધાન્ય આપવું.

(અ) " બુધ્ધિપ્રકાશ "ને ત્રૈમાસિક કરવું; આથી સંપાદન કાર્યમાં કેટલીક અનુકૂળતા થશે.

(બ) પૃષ્ઠ આશરે ૧૦૦ થવાથી લેખોની વિવિધતા વધશે.

આ પ્રમાણે વ્યવસ્થા થવાથી હું માનું છું કે તે સારી રીતે સાહિત્ય સેવા કરવાને શક્તિમાન થશે; અને એક સારા વિવેચનાત્મક અને પૂરાતત્વ વિષયક પત્રની ઉણપ છે તે એથી પૂરાશે.

અમદાવાદ લી૦ સેવક,
તા. -૨-૩૧ **હીરાલાલ ત્રિ. પારેખ**

ઉપર મુજબ ફેરફાર કરવાથી આશરે રૂ. ૧૨૦૦ નું વધુ ખર્ચ થતું હતું; પણ તેમ કરવા સૌ કોઇ ખુશી હતા. ત્રૈમાસિક કરવાથી પ્રુફ વાચનનો બોજો સતત ચાલુ રહેતો તે કાંઇક ઓછો થવા પામશે એમ ધાર્યું. પૃષ્ઠોની સંખ્યા એકસાથે અને સામટી ૧૦૦ થી ૧૨૫ થવાથી લાંબા લેખો લઈ શકાશે એટલું જ નહિ પણ તેમાં વિવિધતા આવી શકશે અને વળી લેખકોને પારિતોષિક આપવાનું ધોરણ નક્કી થયાથી જુદા જુદા વિષય પર વાચનીય અને અભ્યાસપૂર્ણ લેખો આપવાનું સુતરૂં થશે.

સુભાગ્યે છેલ્લા બે વર્ષના અનુભવ પરથી અમે કહી શકીએ કે એ અખતરો સફળ નિવડયો છે; અને તે સંતોષકારક જણાયો છે.

બુદ્ધિપ્રકાશને સચિત્ર કરવું જોઇએ એમ કેટલાક મિત્રોનો આગ્રહ હતો; અહિં પણ નાણાંનો પ્રશ્ન જ આડે આવતો હતો. કેટલાં અને કેવાં ચિત્રો આપવાં એને મર્યાદા નહોતી. છેવટે પ્રયોગ તરીકે આપણા અગ્રગણ્ય વિદ્વાનો, કવિઓ અને લેખકોની છબી, પ્રતિ અંકમાં આપવાનો અમે નિર્ણય કર્યો અને એ યોજનાના પરિણામે, અમારૂં ધારવું છે કે નજદિકમાં ગુર્જર ગ્રંથકારોની ચિત્રાવલિ ગુજરાતી જનતાને ચરણે ધરવા અમે શક્તિમાન થઇશું.

વાચકની પ્રસન્નતા એજ કોઇપણ માસિક કે પત્ર માટે તેની સફળતાનું ઉત્તમ પ્રમાણપત્ર છે. બુદ્ધિપ્રકાશ તેની પાછલી કીર્તિ પુનઃ પ્રાપ્ત કરે, એ અમારે મન મોટો સંતોષ છે. પ્રભુ એ હેતુ બર આણો !

પ્રકરણ ૧૩

વિજ્ઞાનનાં પુસ્તકો

" As Betrand Russell has said " we know very little and yet it is astonishing that we know so much, and still more astonishing that so little knowledge can give us so much power.

And so the scientist, conscious of the smallness of his knowledge and also conscious of the greatness of the power which so little knowledge has given him faces the future with courage × × ×

Science looks forward with confidence and courage to the day when Man shall realise the best that is in him."

(The Story of Science, p. 352-53 David Dietz.)

વિજ્ઞાનના પ્રદેશમાં એટલી બધી નવી નવી શોધો ચાલુ થતી રહે છે કે ન્હાનું દેખીતું મનુષ્ય પ્રાણી ભવિષ્યમાં વિજ્ઞાન દ્વારા કુદરત પર વિજય અને કાબુ મેળવીને શું શું પ્રાપ્ત નહિ કરે, એ કહી શકાતું નથી.

આ પરિસ્થિતિ પાશ્ચાત્ય દેશોમાં પ્રવર્તે છે. તેની સરખામણીમાં હિંદુસ્તાન તદ્દન પછાત અને પરાધીન છે, કુદરતે જે અઢળક સંપત્તિ અને સાધન હિન્દને બક્ષ્યાં છે, તેનો, વિજ્ઞાનનો ઉપયોગ કરી, કેમ લાભ લઈ શકાય તે આપણે કરી જાણતા નથી. જે કાંઇ પરદેશથી આવે છે, તે વાપરીને આપણે આનંદ પામીએ છીએ. એ વિપરિત સ્થિતિ છે અને તે અસહ્ય છે.

આ સંજોગમાં વિજ્ઞાનનું સાહિત્ય આપણે ત્યાં ન ઉદ્ભવે એમાં શું આશ્ચર્ય છે?

પ્રથમ તો એ વિષયના નિષ્ણાતો થોડા છે; જે થોડા ઘણા વિદ્વાનો છે તેમને લેખન કાર્ય માટે પુરતા સમયનો અભાવ માલુમ પડે છે અને કદાચ તેનો અભ્યાસી, એ વિષયના પ્રેમથી આકર્ષાઇને, પોતાની માતૃ-ભાષામાં તે વિષય લખવા માંડે છે, ત્યાં ઇંગ્રેજી શબ્દોના માતૃભાષામાં બરાબર

કેશવપ્રસાદ છોટાલાલ દેસાઈ

પોપટલાલ ગોવિંદલાલ શાહ

બંધબેસ્તા પર્યાય શબ્દો શોધી કાઢવાનું તેને કઠિન થઇ પેડે છે; અને એથી કંટાળીને લેખક એ વિષયને પડતો મૂકે છે, અથવા તો જે કાંઈ લખી કાઢે છે, તેમાં સરળતા અને સ્વાભાવિકતા ન આવવાથી તે લખાણ સમજવું અઘરૂં થઈ પડે છે.

છઠ્ઠી ગુજરાતી સાહિત્ય પરિષદે આ જાતની અડચણ દૂર કરવા વિજ્ઞાન વિભાગ ખાસ રાખ્યો હતો, એટલા કારણસર કે વિજ્ઞાનના અભ્યાસીઓ એકત્ર મળીને, તે સંબંધી યોગ્ય કાર્યક્રમ રચે; અને પ્રો. સાંકળચંદ જેહાલાલ શાહના નેતૃત્વ હેઠળ કેટલુંક માર્ગદર્શક કાર્ય પણ ઉપાડી લેવામાં આવ્યું હતું; પણ એથી વધુ પ્રગતિ એ ક્ષેત્રમાં તે પછી થઇ નથી.

સોસાઇટી હસ્તક ત્રણ ટ્રસ્ટ ફંડો છે, જેનો ઉદ્દેશ વિજ્ઞાન અને હુન્નર ઉદ્યોગને લગતાં પુસ્તકો લખાવવાનો છે; પણ ઉપર જે મુશ્કેલીઓ રજુ કરી તેને લઇને એ ફંડમાંથી પુસ્તકો લખાવવામાં બહુ વિલંબ થાય છે. કેટલીક વાર પ્રયોગાત્મક નમુના રૂપ લખાણ મળે છે, પણ આવા વિષયમાં તે લખાણ તદ્દન ખાત્રી લાયક, ચોકકસ, દોષ રહિત અને સંતોષ-કારક માલુમ પડવું જોઇએ તેના અભાવે તે સ્વીકારવામાં આવતું નથી.

શેઠ સુન્દરદાસ સોલિસિટર ફંડનો હેતુ ખેતીવાડીને લગતું સાહિત્ય ગુજરાતીમાં રચાવવાનો છે. તે સારૂં ખેતીવાડી ખાતાને, કેળવણી ખાતાના અધિકારીઓને, એ વિષયમાં રસ લેતા ગૃહસ્થોને ખેતીવાડી વિષે એક પુસ્તક લખી આપવા યોગ્ય લેખકની ભલામણ કરવા પૂછયું હતું પણ એ સઘળા પ્રયત્નો નિષ્ફળ ગયા હતા.

ખેતીવાડીનું સાહિત્ય જેમણે ગુજરાતીમાં બહોળું લખેલું છે, તે શ્રીયુત દુલેરાય છોટાલાલ અંજારીઆને લખ્યું ત્યારે નબળી આંખને લઇને કોઈ નવું કાર્ય ઉપાડી લેવાની એમણે અશક્તિ બતાવી હતી.

જ્યારે તેઓ સારી રીતે કાર્ય કરી શકતા હતા ત્યારે સોસાઈટીને એમણે 'ખાંડ વિષે' એક નિબંધ લખી આપ્યો હતો, તે એ ધંધામાં પ્રવેશ કરનારને ઉપયોગી થઇ પડશે.

શ્રીયુત ડાહ્યાભાઈ કુબેરદાસ, જેઓ અમદાવાદમાં ખાંડના મ્હોટા વેપારી છે, એમણે એમના પિતાશ્રીના સ્મરણાર્થે રૂ. ૪૦૦) ની રકમ સોસાઇટીને ખાંડ વિષે એક પુસ્તક લખવા આપી હતી; તદનુસાર સોસાઇટીએ એ પુસ્તક લખાવીને છપાવ્યું હતું.

રંગાટી કામને લગતું પુસ્તક "રંગવાની કળા" પેટલાદ ઉદ્યોગ શાળાના સુપ્રીન્ટેન્ડન્ટ શ્રીયુત મહાવજીભાઇ સાજનભાઈ નારીગરાએ, પોતાના વર્ગના વિદ્યાર્થીઓ અર્થે તૈયાર કર્યું હતું, તે પ્રસિદ્ધ કરવાની માગણી થતાં સોસાઈટીએ તે કાર્ય ખુશીથી સ્વીકાર્યું હતું.

એજ પ્રમાણે વિજ્ઞાનની પ્રવેશિકા રૂપ "વિજ્ઞાન વિચાર" નું પુસ્તક શ્રીયુત પોપટલાલ ગોવિંદલાલ શાહે સોસાઈટીને મોકલી આપ્યું હતું, તે પણ લેવામાં આવ્યું હતું.

અહિં નોંધવું જોઇએ કે શ્રી. પોપટલાલ હાલમાં એકાઉન્ટ ખાતામાં બહુ ઊંચા હોદ્દા પર છે, પણ એમની કારકીર્દિનો આરંભ વિજ્ઞાનના પ્રોફેસર તરીકે થયો હતો અને વિદ્યાર્થી અવસ્થામાંથી જ વિજ્ઞાનનો પ્રેમ જે ઉદ્દભવ્યો હતો, તે અદ્યાપિ એમનામાં કાયમ જોવામાં આવે છે, એટલુંજ નહિ પણ ગુજરાતીમાં વિજ્ઞાનનું સાહિત્ય તૈયાર થાય તે માટે સતત પ્રયત્ન કરતા રહ્યા છે, હમણાંજ એવી ખબર મળી છે કે શ્રી ફોર્બસ ગુર્જર સભા મુંબાઇને સારૂં એવી કોઈ યોજના તેઓ તયાર કરી રહ્યા છે.

કહેવાનું તાત્પર્ય કે વિજ્ઞાનને લગતું જે કાંઇ ઉપયોગી લખાણ સોસાઈટીને મોકલવામાં આવે છે, તે યોગ્ય માલુમ પડે તેના પ્રકાશન સારૂ ઘટતી વ્યવસ્થા થાય છેજ.

અગાઉ સ્વર્ગસ્થ ત્રિકમદાસ દામોદરદાસ વકીલે, ઇલેકટ્રોપ્લેટીંગનો હુન્નર, તેજાબો, સિમેન્ટ, વગેરે વિષયો પર પુસ્તકો લખી આપ્યાં હતાં, તે સોસાઇટીએ પ્રસિદ્ધ કર્યાં હતાં, જે હકીકત બીજા ભાગમાં અપાઇ ગઇ છે.

વિજ્ઞાનનું સાહિત્ય પ્રકટ કરવામાં આ પ્રકારની મુશ્કેલીઓ લક્ષમાં લઇને સોસાઇટીના કાર્યવાહકોએ એવો નિર્ણય કર્યો હતો કે વિજ્ઞાનની જુદી જુદી શાખા ઉપર એક ગ્રંથ અવશ્ય લખાવવો, જે વાચકને એ વિષયનું સામાન્ય જ્ઞાન આપે અને જરૂર જણાયે એ પુસ્તક પાઠ્ય પુસ્તક તરીકે પણ ઉપયોગમાં લઈ શકાય.

એ ધોરણે આજ સુધીમાં નીચે પ્રમાણે પુસ્તકો સોસાઇટીએ લખાવીને પ્રસિદ્ધ કર્યા છેઃ—

ખગોળવિદ્યા
રસાયનશાસ્ત્ર
માનસશાસ્ત્ર
સચિત્ર શારીરવિદ્યા
ભુસ્તરવિદ્યા
આહારશાસ્ત્ર પ્રવેશિકા
આરોગ્યશાસ્ત્ર
વનસ્પતિ શાસ્ત્ર (આર્થિક દૃષ્ટિએ)
સરળ પદાર્થ વિજ્ઞાન

આ ઉપરાંત નીતિ શાસ્ત્રનું પુસ્તક લખાઇને આવી ગયું છે, અને કેળવણી શાસ્ત્ર અને તેના પ્રકાર, એ વિષય પર, તેમજ પ્રાણી વર્ણન પર પુસ્તકો લખવા સોંપાયલાં છે, તે નજદિકમાં મળી જવા સંભવ છે અને વદક વિષયના જાણીતા અને નિષ્ણાત લેખક ડો. બાલકૃષ્ણ પાઠકે 'જંતુશાસ્ત્ર' વિષે એક પ્રવેશિકા પોથી લખી આપવાની ઇચ્છા હમણાં દર્શાવી છે.

શ્રીયુત આત્મારામ મોતીરામ દિવાનજીએ ખગોળ વિદ્યા પર એક પુસ્તક લખ્યું હતું, તે પૂર્વે એમણે એક ન્હાનું પુસ્તક-પૃથ્વી વિષે વ્યાખ્યાન રૂપે આપેલું સોસાઈટીએ છપાવ્યું હતું.

ખગોળના વિષયમાં તે પછી ઘણું નવું જાણવામાં આવ્યું છે, તે જીન્સના નવાં પુસ્તકો પરથી આપણે જાણીએ છીએ. આ વિષય પર છેલ્લી શોધોને આધારે શ્રીયુત વિજયલાલ કનૈયાલાલ ધ્રુવે ત્રણ વ્યાખ્યાનો સોસાઈટીના આશ્રય હેઠળ આપ્યાં હતાં અને તે જ્યારે છપાઇ બહાર પડશે ત્યારે ઉપરોક્ત પુસ્તકોની થોડી ઘણી ઉણપ પૂરાશે. ત્યાં સુધી આ પુસ્તક સામાન્ય જ્ઞાન અને માહિતી માટે ઉપયોગી માલુમ પડશે.

"રસાયન શાસ્ત્ર" ના લેખક શ્રીયુત ગંગાશંકર મણિશંકર વૈષ્ણવ પ્રેમચંદ રાયચંદ ટ્રેનિંગ કોલેજમાં એક અનુભવી શિક્ષક હતા, અને લેખન વાચનનો બહુ સારો શોખ ધરાવતા હતા. સોસાઇટીની સૂચનાથી એમણે રસાયન શાસ્ત્ર અને સચિત્ર શારીર વિદ્યા એ બે પુસ્તકો લખ્યાં હતાં, અને તે બંને પુસ્તકો ટ્રેનિંગ કોલેજમાં લાંબા સમયથી પાઠ્ય પુસ્તકો તરીકે વંચાય છે.

રસાયન શાસ્ત્રના વિષય પરત્વે વિવેચન કરતાં સોસાઇટીએ સર પ્રફુલ્લચન્દ્ર રાયના 'હિન્દુ રસાયન શાસ્ત્રનો ઇતિહાસ' એ વોલ્યુમમાં છપાયલો છે, તેનો સંક્ષેપમાં સાર પ્રસિદ્ધ કર્યો છે, તેનો ઉલ્લેખ કરીશું.

શ્રીયુત પર્જન્યરાય વૈકુંઠરાય મેઢ રસાયન શાસ્ત્રના વિષયમાં એ સમયે એમ. એ; માં ફર્સ્ટ ક્લાસમાં પાસ થયા હતા એટલુંજ નહિ પણ ચાન્સેલરનો સુવર્ણ ચંદ્રક મેળવવા ભાગ્યશાળી નિવડ્યા હતા. સોસાઇટીએ એમને સર પ્રફુલ્લચંદ્રના પુસ્તકોનો સાર ભાગ ગુજરાતીમાં લખી આપવા સૂચવ્યું અને તે કાર્ય એમણે ઉમંગભર ઉપાડી લીધું હતું. એ વિષયમાં રસ લેનારને આ પુસ્તકનું વાચન બહુ રસપ્રદ થશે.

માનસ શાસ્ત્ર પર પ્રો. જેમ્સનું પુસ્તક પ્રમાણભૂત ગણાય છે, અને તે આખા પુસ્તકનો તરજુમો ગુજરાતી વાચક વર્ગને બહુ મ્હોટો થઇ પડે તેમ અનુકૂળ પણ ન થાય. તેથી એ વિષય લઇને યુનિવરસિટિની એમ. એ. ની પરીક્ષા પહેલા વર્ગમાં પાસ થનાર તેમ ન્યાયમૂર્તિ તેલંગ સુવર્ણ ચંદ્રક મેળવનાર પ્રો. હરસિદ્ધભાઈ વજુભાઈ દિવેટિયા; જેઓ હમણાં મુંબાઇ હાઇકોર્ટમાં ન્યાયાસને બિરાજે છે, તેમને તેનો અનુવાદ ટુંકાણમાં તૈયાર કરી આપવા વિનંતિ કરવામાં આવી હતી. તે વખતે તેમને સમય પણ વિશેષ હતો. એ વિષયનો અભ્યાસ પણ તાજો હતો એટલે એ શ્રમભર્યું કાર્ય એમણે ટુંક મુદતમાં પુરૂં કરી આપ્યું હતું; અને એ અનુવાદના સમર્થનમાં, તે પુસ્તકની પ્રસ્તાવનામાં એમણે લખ્યું હતું:

"જેમ્સના પુસ્તકનો અનુવાદ કરવા માટે એટલુંજ કારણ પુરતું છે કે મનના વ્યાપારોનું ત્હેનું વર્ણન ઘણું આબેહુબ તથા અસરકારક છે અને આપણું હંમેશનું વર્તન સુધારવા માટે તો જેમ્સનું પુસ્તક અત્યંત ઉપયોગી છે."*

ત્રીજે વર્ષે વડોદરા રાજ્યની ટ્રેનિંગ કોલેજની માગણી પરથી એની નવી આવૃત્તિ કઢાવવામાં આવી હતી.

માનસ શાસ્ત્રનો વિષય અત્યારે ખૂબ ચર્ચાઈ રહ્યો છે, અને તે વિષે સમગ્ર ખ્યાલ આપે એવું એક સ્વતંત્ર પુસ્તક બે ભાગમાં લખી આપવાનું સોસાઇટીએ શ્રી. પ્રાણજીવનભાઇ વિશ્વનાથ પાઠકને સોંપ્યું છે; એ વિષયના તેઓ ઉંડા અભ્યાસી છે તેમ આધુનિક વિચાર પ્રવાહથી સારી રીતે પરિચિત છે. એમનું એ પુસ્તક તૈયાર થયે, અમારૂં માનવું છે કે નૂતન માનસશાસ્ત્ર પર આપણને એક કિંમતી પુસ્તક પ્રાપ્ત થશે.

---

* માનસ શાસ્ત્ર પૃ. ૬.

ગણેશ વાસુદેવ માવલંકર

(પૃ. ૧૨૮)

ન્યાયમૂર્તિ હરસિદ્ધભાઈ વજુભાઈ દિવેટિયા



દી. બા. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી

(પૃ. ૧૨૯)

"ભુસ્તર વિજ્ઞાન" એ એક સ્વતંત્ર ગ્રંથ છે. આવું રસિક બીજુ કોઇ વિજ્ઞાનનું પુસ્તક ગુજરાતીમાં નહિ જણાય, શ્રીયુત ડાહ્યાભાઇ પી. દેરાસરીએ ઈંગ્લાંડમાં રહીને આ વિષયનો પદ્ધતિસર અભ્યાસ કર્યો હતો અને ત્યાંની જયોલોજીકલ મંડળીના ફેલો પણ તેઓ નિમાયા હતા. શાસ્ત્રીય વિષયો જે સામાન્ય રીતે કઠિન અને શુષ્ક માલુમ પડે છે, તેને સરળ અને રસિક બનાવવાની શ્રીયુત ડાહ્યાભાઇએ એવી અજબ શક્તિ કેળવી છે કે વિજ્ઞાનપર એમનાં લખેલાં પુસ્તકો એક નવલકથાની પેઠે રસદાયક જણાય છે અને તેની પ્રતીતિ થવા અમે વાંચકને એમનું ભુસ્તર વિજ્ઞાનનું પુસ્તક વાંચવાની ભલામણ કરીશું.

એ વિષય આપણે અહિં નવીન છે અને તેની વિગતો યાદ રાખવા જતાં આપણે ગુંચવાઇ જઇએ છીએ; તેમ છતાં લેખકે ભુસ્તરનું વિજ્ઞાન આપણને બહુ સરળતાથી અને અસરકારક રીતે સમજાવ્યું છે; અને તેમાં સ્થળે સ્થળે ઘટતાં ચિત્રો આપી એ વિષયને બહુ આકર્ષક બનાવ્યો છે.

લોર્ડ કર્ઝનના સમયથી આપણે અહિં 'સહકાર પ્રવૃત્તિ' કાયદેસર દાખલ થયલી છે, પણ તેની પ્રગતિ પ્રજામાં આપણે ઇચ્છીએ એટલી હજુ થઇ નથી, અને તેનું તંત્ર કેટલેક દરજ્જે સરકાર હસ્તક હોઇને તેના વહિવટમાં અનેક પ્રકારના અંતરાય નડયા કરે છે.

એ પ્રવૃત્તિના સિદ્ધાંતો સમજાવતું એક પુસ્તક હિન્દ સેવક સમાજના એક સભ્ય મી. વેંકટ અય્યાએ લખ્યું હતું, અને તે એ વિષયમાં માર્ગદર્શક હોઇને સોસાઇટીએ તેનો તરજુમો શ્રી. નટવરલાલ હરિલાલ ભગવતી પાસે કરાવ્યો હતો. લેખક એક વકીલ હતા એટલે સહકારી એક્ટનું એમને સારૂં જ્ઞાન હતું અને તે વિષયને તેઓ યોગ્ય ન્યાય આપી શકયા છે, એમ એ પુસ્તક સહકારી સંસ્થા તરફથી લેવાતી પરીક્ષા માટે વાંચનાર ઉમેદવારે અમને જણાવ્યું હતું.

આહારશાસ્ત્ર પ્રવેશિકા એ પુસ્તક ફર્વે યુનિવરસિટિની પરીક્ષાના અભ્યાસક્રમમાં એ વિષયને સ્થાન મળ્યાથી લખાયું હતું. પ્રથમ લેખકોએ એ ગ્રંથ મરાઠીમાં લખી પછી ગુજરાતીમાં લખી આપવા સોસાઇટીને જણાવ્યું હતું. આપણી શાળા પાઠશાળાઓમાં યોગ્ય પાઠ્ય પુસ્તકોની તંગી માલુમ પડે છે અને તે ખામી દૂર કરવા સોસાઇટી હમેશાં સહાયતા કરતી રહી છે.

સોસાઇટીએ કર્વે યુનિવર્સિટિ અંગની પાઠશાળામાં અભ્યાસ માટે નિયત થયેલા આ વિષયનું પુસ્તક છપાવવાનું માથે લીધું હતું, એટલું જ નહિ પણ અહિંની ગુજરાત સ્ત્રી કેળવણી મંડળના વ્યવસ્થાપકો તરફથી એ વિષયમાં મદદ આપવા માગણી થઇ હતી, તેનો નીચે પ્રમાણે ઠરાવ કરીને ઉત્તર આપ્યો હતો:–

"ગુજરાતી સ્ત્રી કેળવણી મંડળના સેક્રેટરીઓનો સોસાઇટી પાસેથી નાણાંની મદદ અને પાઠ્ય પુસ્તકો તૈયાર કરવામાં મદદ મળવા માટે પત્ર આવ્યો તે વાંચીને ઠરાવ કે તે મંડળના સેક્રેટરીઓને લખી જણાવવું કે સોસાઇટી તેમને નાણાંની મદદ કરી શકે તેમ નથી પણ તેઓ જો સ્ત્રી કેળવણીને લગતાં પાઠ્ય પુસ્તકો તૈયાર કરાવવા ઇચ્છતા હશે તો તે બાબત સોસાઇટી ઘટતી વ્યવસ્થા કરશે."*

ઔષધિકોશના સંપાદક સ્વર્ગસ્થ ચમનલાલ શિવશંકરના જુના લખાણના પોટલામાંથી પદાર્થ વિજ્ઞાન વિષે થોડુંક લખાણ મળ્યું હતું તે લેખકની વિધવાને ઉત્તેજન આપવા નિમિત્ત સદરહુ પદાર્થ વિજ્ઞાનનું પુસ્તક પ્રસિદ્ધ કરવામાં આવ્યું હતું, પણ એ વિષય પર એક સ્વતંત્ર પુસ્તક ગુજરાત કોલેજના ડેમોન્સ્ટ્રેટર મી. ધનજીભાઇ ફકીરભાઇએ લખ્યું છે અને તે ચાલુ વર્ષમાં બહાર પડશે. તે શાળામાં અભ્યાસ માટે તેમ સામાન્ય વાચન માટે ઉપયોગી થશે.

વનસ્પતિ શાસ્ત્ર–આર્થિક દૃષ્ટિએ–એ પુસ્તક એ વિષયનાં વોટસનાં મ્હોટાં પુસ્તકો પરથી તારવી કાઢવામાં આવ્યું છે અને તે એ વિષયના માજી અધ્યાપક અને કેળવણી નિષ્ણાત શ્રીયુત છોટાલાલ બાલકૃષ્ણ પુરાણીએ તૈયાર કર્યું છે. અવકાશના સમયે તેનું વાચન જ્ઞાનબોધક તેમ રસિક થઇ પડશે.

આપણી ઘણી વનસ્પતિઓ, તેનો ઉપયોગ બરોબર નહિ જાણવાથી બરબાદ જાય છે, તેનો ઘટતો લાભ આવા પુસ્તકના વાચન અને અભ્યાસથી મેળવી શકાશે. એ દિશામાં આપણે ખાસ લક્ષ આપવું જોઇએ છીએ.

આ પ્રમાણે વિજ્ઞાનને લગતાં પુસ્તકો લખાવવા સોસાઇટી બનતો પ્રયત્ન આદરી રહી છે, પણ દિનપ્રતિદિન એ વિષયમાં નવી નવી શોધ

* તા. ૨૬ મી જાન્યુઆરી ૧૯૨૩, ઠરાવ નં. ૬.

થતી રહેતી હોવાથી તેનું વ્યહવારૂ જ્ઞાન જનતાને આપી શકાય એવા આશયથી લોકોપયોગી વિજ્ઞાન વ્યાખ્યાનમાળાની યોજના ઉપાડી લેવા કેટલાક બંધુઓ તરફથી સોસાઈટીને સૂચના થઇ હતી અને તેથી તે વિષયમાં શું સંગીન કાર્ય થઇ શકે એ વિષે વિચાર કરવા પ્રો. કાન્તિલાલની અમદાવાદમાં હાજરીનો લાભ લઇને કેટલાક સમયપર એક સભા પણ ગોઠવવામાં આવી હતી; અને એ સઘળી ચર્ચાના પરિણામે વિજ્ઞાનના જુદાજુદા અંગો ઉપર ત્રણથી પાંચ વ્યાખ્યાનોની વ્યાખ્યાનમાળા સ્થાપવાનો નિર્ણય થયો હતો. તે વ્યાખ્યાનરૂપ હોઇને પારિભાષિક શબ્દોની મુશ્કેલી ઝાઝી નડશે નહિ તેમ તે વ્યાખ્યાનો સમ્પ્રયોગ થવાથી તેમાં શ્રોતાવર્ગને તે વિષય સમજવામાં પણ કેટલીક સુગમતા પ્રાપ્ત થશે અને લેખક મેળવવામાં જે મુશ્કેલી નડે છે, તેટલે દરજ્જે વ્યાખ્યાતા મેળવતાં નડશે નહિ.

સોસાઇટીએ આ અખતરો શરૂ કર્યો છે, અને આજપર્યંત નીચે પ્રમાણે વ્યાખ્યાનો અપાઇ ચૂક્યાં છેઃ—

૧ વિજ્ઞાન વ્યાખ્યાનમાળા નં. ૧

રેડિયો, વાયરલેસ અને ટેલિવિઝન

વ્યાખ્યાતા શ્રી. ધનજીભાઈ ફકીરભાઇ, એમ. એ;

૨ વિજ્ઞાન વ્યાખ્યાનમાળા નં. ૨

મજ્જાતંત્ર, ચિત્તશાસ્ત્ર, ભૌતિકવિજ્ઞાન અને ચિત્તશાસ્ત્ર.

વ્યાખ્યાતા શ્રી. પ્રાણજીવનભાઈ વિ. પાઠક, એમ. એ;

૩ સૂર્ય અને ગ્રહમંડળ, (૨) નભોમંડળ અને (૩) પરિમિત વિશ્વ,

વ્યાખ્યાતા વિજયલાલ કનૈયાલાલ ધ્રુવ. બી. એસસી. એલ. સી. ઇ.,

શ્રીયુત બાપાલાલ ગડબડદાસ વૈદ્યે "ગુજરાતની વનસ્પતિ" એ વિષય પર ત્રણ વ્યાખ્યાનો લખી મોકલ્યાં છે અને શ્રીયુત ભદ્રમુખ કલ્યાણરાય વૈદ્યને સાપેક્ષવાદ, અણુવાદ અને ક્વોન્ટમવાદ એ વિષય પર ત્રણ વ્યાખ્યાનો આપવાનું સોંપાયું છે; અને જાણીતા અભ્યાસીઓને વિજ્ઞાનનાં એકાદ અંગ ઉપર, વિસ્તૃત રીતે પણ સામાન્ય જનતાની દૃષ્ટિએ, ત્રણ કે વધુ વ્યાખ્યાન આપવા વખતોવખત લખી વિનંતિ કરવામાં આવે છે.

આમ આ વિજ્ઞાન વ્યાખ્યાનમાળાની યોજના સફળ નિવડી છે તેમ તે લોકપ્રિય થવા પૂરો સંભવ છે.

પ્રકરણ ૧૪

સોસાઇટીનું સુધારેલું બંધારણ

In one important respect England differs conspiciously from most other countries. Her constitution is to a large extent *unwritten,* using the word in much the same sense as when we speak of unwritten law. Its rules can be found in no written document, but depend, as so much of Engligh law does, on precedent modified by a constant process of interpretation. Many rules of the constitution have in fact a purely legal history, that is to say, they have been developed by the law Courts, as part of the general body of the common law.

The Encyclopædia Britanica 11th Edition Vol. VII, p. 15.

ગુજરાતમાં સોસાઇટી એ પહેલ વહેલી સાહિત્ય અને કેળવણી વિષયક સાર્વજનિક સંસ્થા હતી અને સન ૧૮૪૮ માં એની સ્થાપના કરવામાં આવી ત્યારે તેના સભાસદો થોડાક અપવાદ બાદ યુરોપિયન અધિકારીઓ અને મિશનરી હતા. એ પરિસ્થિતિમાં સોસાઇટીના વહિવટ સારૂ કામ પુરતા નિયમો ઘડી કાઢવામાં આવ્યા હતા; તે પછી પચ્ચીસે વર્ષે બદલાયલા સંજોગોમાં અને વધતા જતા કામકાજને પહોંચી વળવા જુના નિયમો ફરી તપાસી વિચારી સોસાઇટીના બંધારણનો ખરડો નવેસર પસાર કરવામાં આવ્યો હતો.*

જેમ નવા સંજોગો ઉભા થતા ગયા અને સોસાઇટીના વહિવટમાં અડચણ થવા માંડી, તેમ સોસાઇટીના સંચાલકો તેના ધારાધોરણમાં વખતો વખત ફેરફાર, સુધારા અને ઉમેરા કરતા રહેતા. અને એવા સંજોગોમાં ક્યાં કયો સુધારો કર્યો અથવા શા સારૂ નવી કલમ ઉમેરી, એ સઘળી હકીકત સોસાઇટીના ઇતિહાસ વિભાગ ૨ માં નોંધેલી છે.+

---

* જુઓ સોસાયટીનો ઇતિહાસ વિભાગ ૧ પૃ. ૨૧૯

+ „ „ „ „ ૨ પૃ. ૨૦૦

સોસાઇટીના ઓન. સેક્રેટરી જ્યાં સુધી ધારાશાસ્ત્રી હતા ત્યાં સુધી તેના વહિવટમાં કાયદાની ગુંચ ઝાઝી નડતી નહિ; તેઓ પોતે તે ગુંચનો ઉકેલ કરતા હતા. પણ સર રમણભાઈની માંદગી દરમિયાન અને તેમના મૃત્યુબાદ એવા પ્રશ્નો ઉભા થયા હતા કે જ્યાં કાયદાના નિષ્ણાતની સલાહ લેવી એ અગત્યનું થઈ પડે.

જેને આપણે બંધારણનો વિકાસ વા ઉત્ક્રાંતિ કહીએ (growth or evolution of constitution) એવું સોસાઇટીના બંધારણના સંબંધમાં જોવામાં આવે છે. જેમ ફારસી કહેવતમાં કહેલું છે કે ખાવા માટે જીવવાનું નથી, પણ જીવવા માટે ખાવાનું છે; એ રીતે સોસાઇટીનો વિકાસ અને ખીલવણી એ આવશ્યક અને પ્રધાન વસ્તુ છે, તેના સુવહિવટ અને સુરક્ષણ માટે કાયદા અગત્યના છે પણ તે ગૌણ વસ્તુ છે. અને સોસાઇટીના કાર્યકર્તાઓએ, પાછલા વૃત્તાંત પરથી વાચક જોઇ શકશે કે, એ ધોરણે કાર્ય કરેલું છે.

સર રમણભાઈના અવસાન પછી અગાઉ જણાવ્યું તેમ સોસાઇટીને એક સારા કાયદાના સલાહકારની વારંવાર જરૂર પડવા માંડી અને સારા નસીબે તે કાર્ય સારૂ એક સેવાપરાયણ અને કર્તવ્યનિષ્ટ વકીલ મળી ગયા. તે શ્રીયુત ગણેશ વાસુદેવ માવલંકર છે, જેમનું નામ એકલા અમદાવાદમાંજ નહિ પણ સમસ્ત ગુજરાતમાં પ્રથમ પંક્તિના એક જાહેર કાર્યકર્તા તરીકે સુપ્રસિદ્ધ છે.

ગુજરાતને જ પોતાનું વતન કરી રહેલા કેટલાંક મહારાષ્ટ્રીય કુટુંબોમાં શ્રીયુત માવલંકરનું કુટુંબ જુનું તેમ જાણીતું છે. એમના વડીલો પ્રથમ બોરસદમાં વસેલા; અને એમના મોટાભાઇનું મૃત્યુ થતાં લક્ષ્મણરાવ અમદાવાદ આવેલા, અને ત્યારથી એ કુટુંબ દોઢસોથી વધુ વર્ષ થયાં અમદાવાદમાં સ્થાયી ઘર કરી રહેલું છે. લક્ષ્મણરાવના પુત્ર નરસોપંતે અમદાવાદમાં બહુ સારી નામના મેળવી હતી, અને તેઓ સરકારના વિશ્વાસપાત્ર અધિકારી હતા. રૂ. ૭ના માસિક પગારથી એમણે તલાટી તરીકે જીવન શરૂ કર્યું હતું તે રૂા. ૭૦૦) ના કમિશનરના દફતરદારના હોદ્દા સુધી પહોંચ્યા હતા; એટલુંજ નહિ પણ પ્રામાણિકતા અને બાહોશીથી અંગ્રેજી અમલદારોનો પ્રેમ સંપાદન કરી પાલખીનું બહુમાન પ્રાપ્ત કર્યું હતું. અને બે ગામો ઇનામમાં મેળવ્યાં હતાં. એમના એક પુત્ર વિષ્ણુપંતે સોસાઇટીમાં જોડાઈ તેના આશ્રય હેઠળ ચાલતી વિદ્યાભ્યાસક મંડળી સમક્ષ "વિદ્યા" એ

વિષય પર એક નિબંધ વાંચ્યો હતો, તે બુદ્ધિપ્રકાશ પુસ્તક ૪ માં છપાયો છે. એમના બીજા પુત્ર કેશવરાવ નરસોપંતની પેઠે મુંબઇમાં સેક્રેટરીએટમાં ઉંચી પાયરીએ ચઢયા હતા; તેઓ ગર્ભશ્રીમંત હતા છતાં તદ્દન સાદાઈથી રહેતા હતા. એમના પુત્ર દામોદર નવા નીકળેલા થિઓસોફી સંપ્રદાયમા જોડાતાં કુટુંબમાં કેટલોક ખળભળાટ થયો હતો; અને બીજા પુત્ર વાસુદેવ સબજજ હતા. એ પણ પિતાની પેઠે સદાચાર અને નીતિમાં અત્યંત શ્રધ્ધા ધરાવતા હતા. તેઓ કહેતા કે વડિલોપાર્જિત મિલ્કત ભાવિ પિઢિ માટે છે; બની શકે તો તેમાં કાંઇક ઉમેરો કરવો; પણ મોજશોખ માટે એમાંની એક પાઈ સરખી પણ વાપરવી નહિ. પોતાને રૂ. ૨૦૦)નો પગાર મળતો, તેમાંજ તેઓ સુખચેનથી જીવન ગાળતા હતા. એ સંસ્કાર એમના પુત્ર દાદા સાહેબ માવલંકરમાં દષ્ટિગોચર થાય છે; અને પિતાની પરંપરા એમણે પૂરી રીતે સાચવી છે.

શ્રીયુત દાદાસાહેબને વિદ્યાર્થી અવસ્થામાં મૂકીને એમના પિતાશ્રી વાસુદેવ દેવલોક પામ્યા હતા; અને એમના શિક્ષણ અને રક્ષણની જવાબદારી એમના માતુશ્રી ગોપિકાબાઈ પર આવી પડી હતી; અને એમણે દાદાસાહેબ પર જે સુસંસ્કાર પાડયા છે, તેનું સ્મરણ દાદાસાહેબ હંમેશાં આર્દ્ર હૃદયે આભારપૂર્વક કરે છે, એટલું જ નહિ પણ તેમની હરેક ઇચ્છાને પૂરું માન આપે છે.

શાળામાં હતા ત્યારથી એક તેજસ્વી વિદ્યાર્થી તરીકે એમણે છાપ પાડી હતી અને બી. એ. ની પરીક્ષામાં માન સહિત ઉત્તિર્ણ થયા પછી દી. બા. અંબાલાલભાઇના સમાગમમાં તેઓ આવ્યા; અને એમની નજરમાં વસ્યા. તે અરસામાં દી. બા. અંબાલાલભાઇએ ગુજરાત કેળવણી મંડળનું કામ ઉપાડયું હતું અને બધા સભ્યોમાંથી એમણે શ્રીયુત માવલંકરને તેના મંત્રી તરીકે પસંદ કર્યા તે દિવસથી એમનું જાહેર જીવન શરૂ થયું એમ કહી શકાય. ત્યાર બાદ શહેરની સંખ્યાબંધ જાહેર સંસ્થાઓ સાથે, સભ્ય, મંત્રી વા ખજાનચી તરીકે શ્રીયુત માવલંકરનો સંબંધ માલુમ પડશે અને અમદાવાદ મ્યુનિસિપાલીટીએ એમને ત્રણ વર્ષ લાગટ પ્રમુખ ચુંટીને અપૂર્વ માન આપેલું છે, એ પણ વિસરવા જેવું નથી; અને એમની લોકપ્રિયતાના પુરાવા તરીકે એટલું નોંધવું બસ થશે કે અમદાવાદમાં સન ૧૯૨૧ માં રાષ્ટ્રીય મહાસભાની બેઠક થઈ હતી ત્યારે તેના મંત્રી તરીકે એમની સર્વાનુમતે પસંદગી થઈ હતી. એ તેમનામાં પ્રજાના વિશ્વાસ અને પ્રેમની નિશાની છે.

સોસાઇટી સાથેના સંબંધમાં એમનો એજ સેવાભાવ નજરે પડે છે. અનેક વ્યવસાયોમાં રોકાયલા રહેવા છતાં, એમણે સોસાઈટીના કાર્યને પ્રથમ પસંદગી આપી છે એમ અમે જાતમાહિતી પરથી કહીએ છીએ.

સોસાઇટીના નિયમો સુધારવાનો પ્રશ્ન ઉપસ્થિત થતાં કમિટીએ એમને તેનો ખરડો તયાર કરી આપવાનું સોંપ્યું હતું. તે આગમચ અમદાવાદ લો સોસાઇટીનું બંધારણ એમણે ઘડ્યું હતું. સોસાઇટીનું બંધારણ નવેસર કરવાનું નહોતું પણ તેમાં જરૂરી અને ઘટતા ફેરફાર, સુધારા વધારા સૂચવવાના હતા અને તેથી તે કઠિન અને શ્રમસાધ્ય કામ હતું.

એ નવું સુધારેલું બંધારણ અમે પરિશિષ્ટમાં આપીએ છીએ, તે પાછલા ધારાધોરણ સાથે સરખાવી જોવાથી એની વિશિષ્ટતા વાચકના ધ્યાનમાં આવશે.

એ કાનુનોને એમણે વ્યવસ્થિત રીતે ગોઠવ્યા છે, એટલુંજ નહિ પણ તેના એવા વિભાગ પાડયા છે કે દરેક અંગને તેના કર્તવ્ય, જવાબદારી અને અધિકાર સમજવામાં આવે, તેની સાથે સોસાઇટીનું હિત બરોબર સચવાઇ ને સલામત રહે, એ મુદ્દો પણ તેમાં ભૂલાયો નથી.

આ કાર્ય એમને અવકાશે કરવાનું હતું એટલે ફુરસદ મળતી ત્યારે એઓ તે કરતા; પણ એવામાં સોસાઇટીને બ્રહ્મચારીની વાડીના ટ્રસ્ટના અંગે કોર્ટમાં ખેંચાવું પડ્યું, તે કામમાં એમની મદદ બહુ કિમતી થઈ પડી હતી. એમણે ઇચ્છ્યું હોત તો તે કાર્ય બદલ તેઓ સારી ફી મેળવી શકત; પણ, નહિ, જાહેર કાર્ય સેવાભાવથીજ કરવું જોઇએ, એ સિદ્ધાંતમાં તેઓ માનનારા છે, તેથી તે એકલા સોસાઇટીનાં કામમાંજ નહિ પણ એવા સઘળાં સાર્વજનિક કામોમાં એમણે નિઃસ્વાર્થ સેવાવૃત્તિ અખત્યાર કરેલી છે. તેમાંય એમનું નૈતિક ધોરણ વિશેષ રીતે દીપી ઉઠે છે, જે કારણે તેઓ સૌનો વિશ્વાસ સંપાદન કરી શક્યા છે, અને પ્રીતિપાત્ર નિવડ્યા છે.

'લોકહિતવાદી'એ અગાઉ અમદાવાદની અને ઓન. સેક્રેટરી તરીકે સોસાઇટીની સરસ સેવા કરી હતી. તેઓ અહિં મુસાફર જેવા હતા. પણ શ્રીયુત માવલંકરે ગુજરાતને પોતાનું વતન ગણ્યું છે, એમનો જન્મ વડોદરામાં થયો હતો; અને એક ગુજરાતી તરીકે તેઓ, સોસાઈટીની, શહેરની અને સમાજની જે અપ્રતિમ અને ભક્તિભરી સેવા કરી રહ્યા છે, તે કારણે સૌ એમના પ્રતિ બહુ માન અને પ્રેમથી જુએ છે; અને એમનાં ગુણગાન ગાય છે.

પરિશિષ્ટ ૪

ગુજરાત વર્નાક્યુલર સોસાઈટીના નિયમો

૧.

ઉદ્દેશ.

(૧) ગુજરાતી ભાષા સાહિત્યનો ઉત્કર્ષ કરવો, ઉપયોગી જ્ઞાનનો પ્રચાર કરવો અને સામાન્ય રીતે કેળવણીની વૃદ્ધિ કરવી એ સોસાઇટીનો ઉદ્દેશ છે.

૨.

કાર્યાલય.

(૨) આ સોસાઈટીનું કાર્યાલય અમદાવાદમાં રહેશે.

૩.

સભાસદ.

(૩) લખી વાંચી જાણે એવો કોઇ પણ પુરૂષ અથવા સ્ત્રી સોસાઈટીના સભાસદ થઈ શકશે; પરંતુ અઢાર વર્ષની ઉમર પુરી થયા પહેલાં કોઇ પણ સભાસદ કોઇ પણ મિટિંગમાં મત આપી શકશે નહિ.

(૪) સોસાઇટી ચાર પ્રકારના સભાસદોની બનશેઃ આશ્રયદાતા; આજીવન સભાસદ; વાર્ષિક સભાસદ અને ઑનરરી સભાસદ.

જેઓ રૂ. ૧૦૦૦ કે વધુ રકમ બક્ષીસ આપે અને જેમને કારોબારી સભા પસંદ કરે તેઓ સોસાઈટીના આશ્રયદાતા થશે.

જેઓ રૂ. ૫૦ કે વધુ રકમ અગાઉથી આપશે, તેઓ આજીવન સભાસદ થશે; પરંતુ અપવાદરૂપ રૂ. ૩૦)ના માસિક પગારની અંદરના મહેતાજીને રૂ. ૨૫ કે વધુ રકમ અગાઉથી આપેથી આજીવન સભાસદ કરવામાં આવશે.

જેઓ રૂ. ૫ દર વર્ષે અગાઉથી આપશે તેઓ વાર્ષિક સભાસદ થશે.

આજીવન સભાસદ તથા વાર્ષિક સભાસદ થવા ઇચ્છનારે કારોબારી સભાને અરજી કરેથી, તે સભાને કંઇ હરકત નહિ જણાય તો તેમને દાખલ કરશે.

માન આપવા ખાતર કારોબારી સભા ઑનરરી સભાસદ નીમશે.

૪.

કારોબારી સભા.

(૫) સોસાઇટીનાં સઘળાં કામકાજ તેમ તેના હસ્તકની સંસ્થાઓ અને ટ્રસ્ટ ફંડોનો અને સોસાઇટીનો ઉદ્દેશ પાર પાડવામાં જરૂરી અને ઉપસ્થિત થતી સઘળી બાબતોનો વહિવટ, કાબુ અને દેખરેખનો આધિકાર કારોબારી સભા હસ્તક રહેશે; અને તેને સોસાઇટીનો ઉદ્દેશ સાધવામાં સામાન્ય સભા ખાસ રીઝર્વ રાખે તે સિવાયના તમામ કામકાજ કરવાની કુલ સત્તા રહેશે.

(૬) કારોબારી સભામાં પ્રમુખ અને ઑનરરી સેક્રેટરી સુદ્ધાંત ઓછામાં ઓછા ૮ અને વધુમાં વધુ ૨૦ સભાસદો નિમવામાં આવશે.

(૭) કારોબારી સભાને સોસાઇટીનો ઉદ્દેશ પાર પાડવા માટે પેટા-નિયમો—સામાન્ય સભાના કોઇ ઠરાવ વા સોસાઇટીના નિયમથી અસંગત હોય નહિ એવા—સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ કરવાની સત્તા છે.

(૮) વાર્ષિક સામાન્ય સભાએ નીમેલા ઑનરરી સેક્રેટરી માંદગીના, મુસાફરીના અગર લાંબી ગેરહાજરીના સબબથી અગર એવા બીજા કોઈ અનિવાર્ય સંજોગથી કામ કરી શકે તેમ ન હોય તેવે પ્રસંગે, કારોબારી સભા પોતામાંથી કોઈ એકને, ઑનરરી સેક્રેટરી તરીકે, ઑનરરી સેક્રેટરીની તમામ સત્તા સાથે નીમી શકશે.

(૯) સોસાઈટીના નામ પરના શેરો, જંગમ મિલકત, સરકારી જામીનગીરી (પ્રોમિસરી)ની નોટો, ડિબેન્ચરો વગેરે સિક્યુરીટીઝ વેચવાને તેમ તેનાં નાણાં રોકવાને કારોબારી સભાને સત્તા છે.

(૧૦) કારોબારી સભા, વળી, જુનાં હસ્તલિખિત પુસ્તકો, અપ્રાપ્ય પુસ્તકો, નાણાં ભેટ અને ટ્રસ્ટફંડો સ્વીકારશે; અને એવી મળેલી બક્ષીસો, ટ્રસ્ટફંડો વગેરેના વહીવટ માટે જરૂરી વ્યવસ્થા કરશે તેમ તેના વહિવટ અર્થે ખર્ચનો ફાળો લેવાનો તેનો અધિકાર રહેશે.

(૧૧) કારોબારી સભામાં કોઇ જગો ખાલી પડે તો બાકીના સભાસદો બીજાને નીમીને પૂરશે.

૫.

સામાન્ય સભા અને કારોબારી સભાની મીટિંગો.

(૧૨) સામાન્ય સભા દર વર્ષે બે વખત ભરવામાં આવશે; પ્રથમ ડિસેમ્બરમાં વાર્ષિક બજેટ મંજુર કરવા અને (૨) ફરી પાછી વાર્ષિક

સામાન્ય સભા વાર્ષિક રીપોર્ટ અને હિસાબ વગેરે મંજુર કરવા મોડામાં મોડી તા. ૩૦ મી જુન સુધીમાં. ઓછામાં ઓછા પાંચ સભાસદ હાજર હશે તો સભા ભરાઇ ગણાશે.

(૧૩) કોઇ ખાસ કામ માટે ગમે ત્યારે સામાન્ય સભા કારોબારી કમિટીના ઠરાવથી અગર ૨૦ સભાસદોની માગણીથી તેમના પત્ર મળ્યાની તારીખથી ત્રણ અઠવાડિયાની અંદર બોલાવી શકશે.

(૧૪) સોસાઇટીની વાર્ષિક સામાન્ય સભાની ખબર સભાસદને તેમના છેલ્લા નોંધાયલા સરનામે મિટિંગની તારીખથી દશ દિવસ આગમચ આપવામાં આવશે.

(૧૫) કોઇપણ વાર્ષિક વા સામાન્ય વા ખાસ સભામાં સભાસદ જાતે વા પ્રોક્સીથી હાજર રહી શકશે; પરંતુ તે પ્રોક્સીનો પત્ર મિટિંગની તારીખ અને સમયના ૪૮ કલાક આગમચ સોસાઇટીના કાર્યાલયમાં પહોંચાડવો જોઇશે.

(૧૬) વાર્ષિક સભામાં નીચેની બાબતો વિચારાશેઃ—

(અ) કારોબારી સભાએ રજુ કરેલો વાર્ષિક રીપોર્ટ અને ઑડિટ થયલો હિસાબ.

(આ) કારોબારી સભાની નિમણુંક, જે બીજે વર્ષે નવી નિમણુંક થતાં સુધી ચાલુ રહેશે.

(ઇ) બી · જે કોઈ કમિટીઓ નીમવાની હોય તેની નિમણુંક.

(ઈ) નવા વર્ષ માટે ઑડિટર વા ઑડિટરો નિમવા.

(૧૭) વાર્ષિક સામાન્ય સભા પ્રમુખ અને ઑનરરી સેક્રેટરી નીમશે, જેઓ અમદાવાદના રહીશ હશે અને બીજે વર્ષે નવી નિમણુંક થતા સુધી તેઓ, એ પદ પર ચાલુ રહેશે.

(૧૮) કારોબારી સભામાં ઓછામાં ઓછા ચાર સભાસદ જાતે હાજર હશે તો મિટિંગ મળી ગણાશે અને બહુમતિથી જે તે નિર્ણય કરવામાં આવશે. જે કામમાં સરખા મત પડે, તેમાં પ્રમુખ એક વધારાનો મત આપી શકશે.

(૧૯) સામાન્ય સભાની તેમ કારોબારી સભાની મિટિંગોમાં પ્રમુખ સ્થાનશીન થશે; તેમની ગેરહાજરીમાં કોઇ પણ સભાસદ પ્રમુખપદ લઇ શકે.

(૨૦) કારોબારી સભા (૧) ઓછામાં ઓછા ત્રણ માસે અને જરૂર પડે વધારે વાર મળશે, અને (૨) તે વાર્ષિક કામકાજનો રિપોર્ટ તેમ ઑડિટ થયલો હિસાબ અને (૩) વાર્ષિક બજેટ સામાન્ય સભાને રજુ કરશે.

(૨૧) જરૂરી પ્રસંગે સરક્યુલરથી કારોબારી સભાના સભ્યોનો અભિપ્રાય લેવામાં આવે તેનો નિર્ણય બહુમતિથી કરવામાં આવશે.

૬.

ઑનરરી સેક્રેટરી.

(૨૨) ઑનરરી સેક્રેટરીનું કર્ત્તવ્ય નીચે મુજબ રહેશેઃ—

(૧) સામાન્ય સભા તથા કારોબારી સભાની મિટિંગો બોલાવવી.

(૨) સોસાઈટીના નાણાંનો તેમ તેના વહિવટ, કબજા અને દેખરેખ હસ્તકનાં ફંડોનો ખરો અને પૂરો હિસાબ રાખવો.

(૩) સોસાઇટીનું રેકર્ડ—દફતર—સામાન્ય સભા અને કારોબારી સભાના કામકાજના અહેવાલ સુદ્ધાંત—બરોબર રાખવું.

(૪) સોસાઇટી તરફથી બધો પત્રવ્યવહાર કરવો.

(૫) કારોબારી સભાએ વખતોવખત મંજુર કરેલી બેન્કો વા કંપનીઓમાં ચાલુ યા બીજી જાતનાં ખાતાઓ ખોલવાં; તેવી બેન્કો યા કંપનીઓમાં અનામત રકમ વ્યાજે મૂકવી.

(૬) નવું આવક ખર્ચનું વાર્ષિક બજેટ આખર માસમાં કારોબારી સભામાં તેમ સામાન્ય સભામાં મંજુરી માટે રજુ કરવું.

(૭) સામાન્ય સભામાં રજુ કરવાનો સોસાઇટીના કામકાજનો વાર્ષિક રીપોર્ટનો ખરડો ઑડિટ થયલા હિસાબ સાથે કારોબારી સભાની પસંદગી માટે રજુ કરવો.

(૮) સોસાઈટીના ઉદ્દેશ પાર પાડવામાં પ્રસંગોપાત જે કાંઈ કાર્ય ઉપસ્થિત થાય અને કારોબારી સભા સૂચના આપે તે બધાં કરવાં.

(૨૩) ઑનરરી સેક્રેટરી સામાન્ય સભાના તેમ કારોબારી સભાનો સઘળાં કામકાજના અહેવાલો પર સહી કરશે.

૭.

ભંડોળ.

(૨૪) સોસાઈટીનું રોકડ નાણું સામાન્ય રીતે ઇમ્પિરિઅલ બેંક ઓફ ઇંડિયાની અમદાવાદ શાખામાં અગર બીજી, સ્વીકારેલી બેંક અગર પોષ્ટલ સેવિંગ્સ બેંકમાં રાખવામાં આવશે.

(૨૫) સોસાઇટીનું નાણું અથવા તેના હસ્તકનું નાણું ટ્રસ્ટ ઍક્ટ મુજબ મંજુર થયલી જામીનગીરીના કાગળોમાં અને મેનેજીંગ કમિટીએ મંજુર કરેલી એવી બીજી સીક્યુરીટીઝમાં રોકવામાં આવશે; પરંતુ જે ફંડોનાં નાણાં શેરો રૂપે મળેલાં હોય અથવા જેનાં નાણાં એવે રુપે—શેરોમાં—આપવામાં આવે તે અપવાદરૂપ રહેશે; પણ આવી રીતે મળેલા શેરો લિમિટેડ જવાબદારી અને તેના બધા કૉલ પૂરા ભરાઇ ગયલા હોવા જોઇશે.

(૨૬) સરકારી જામીનગીરીની નોટો, ડિબેન્ચરો અને નિગોશ્યેબલ ઇન્સ્ટ્રુમેન્ટસ વગેરે ખરીદ કરવાનું તેમ તે વેચવાનું ઇમ્પિરિયલ બેંક ઓફ ઇંડિયા અથવા બીજી (કારોબારી સભાએ) સ્વીકારેલી બેંક મારફત કરવામાં આવશે.

(૨૭) આનરરી સેક્રેટરીની સહી વગર કાંઈ ખર્ચ કરવો નહિ.

(૨૮) સોસાઈટીના ભંડોળમાંથી કાંઇ પણ ચાલુ ખર્ચ કરવું નહિ. સઘળું ચાલુ ખર્ચ વાર્ષિક ચાલુ આવકમાંથી મેળવવું.

(૨૯) સોસાઇટીનું સઘળું નાણું સરકારી જામીનગીરીના કાગળો—સિક્યુરીટીઝ અને બીજી મિલ્કત સોસાઇટીના નામ પર રહેશે અને તેનો વહિવટ વખતોવખત સામાન્ય સભાએ અથવા તો કારોબારી સભાએ નીમેલા ઑનરરી સેક્રેટરી કરશે.

૮.

ઑડીટ.

(૩૦) વાર્ષિક સામાન્ય સભાએ નીમેલા ઑડિટર અથવા ઑડિટરોને સોસાઈટીના હિસાબના ચોપડા તેમ ડેડસ્ટોક અને પુસ્તકોનાં પત્રકો તપાસ માટે રજુ કરવામાં આવશે.

૯.

પ્રકીર્ણ.

(૩૧) પાંચ રૂપિયા આપનાર વાર્ષિક સભાસદને સોસાઈટી તરફથી પ્રકટ થતું માસિક "બુદ્ધિપ્રકાશ" ભેટ મળશે; અને કારોબારી સભા વખતોવખત પુસ્તકાલય માટે પેટા નિયમો કરે તદનુસાર સોસાઈટીના સંગ્રહમાંનાં પુસ્તકો, માસિકો વગેરે વાંચવાનો તેને હક્ક રહેશે.

(૩૨) આજીવન સભાસદને નિયમ ૩૧ માં દર્શાવ્યા મુજબના લાભ ઉપરાંત સોસાઈટી એક રૂપિયાની કિંમત સુધીનાં જે નવાં પુસ્તકો છપાવે તે દરેકની એક નકલ ભેટ મળશે.

(૩૩) એક રૂપિયા ઉપરની કિંમતની ચોપડી સોસાઇટી તરફથી પહેલી વાર પ્રસિદ્ધ થાય તે ચોપડી કોઇ આજીવન સભાસદ લેવા ઇચ્છે તો નિયમ પ્રમાણે તેની એક નકલ બદલ પહેલી વાર તેની છાપેલી કિંમતથી રૂપિયો એક ઓછો લેવામાં આવશે.

(૩૪) આશ્રયદાતાને અને ઑનરરી સભાસદને સોસાઈટીનું માસિક "બુદ્ધિપ્રકાશ" તેમ સોસાઇટીનાં નવાં પ્રકાશનોની એકેક પ્રત ભેટ મળશે, અને કારોબારી સભાએ વખતોવખત મંજુર કરેલા નિયમો મુજબ સોસાઈટીનાં સંગ્રહમાંનાં પુસ્તકો અને માસિકો વગેરે વાંચવાનો હક્ક છે.

(૩૫) કોઇ સાર્વજનિક પુસ્તકાલય સોસાઇટીમા રજીસ્ટર પુસ્તકાલય તરીકે નોંધાવાને ઇચ્છે તો તેની પાસે રૂ. ૫૦ રજીસ્ટ્રેશન ફીના અગાઉથી લેવામાં આવશે.

જે પુસ્તકાલયે ઉપર મુજબ રજીસ્ટ્રેશન ફી રૂ. ૫૦ ની આપી હશે અને જેને કારોબારી સભાએ દાખલ કરવાની મંજુરી આપી હશે તેને, તે જ્યાં સુધી ચાલુ રહે ત્યાં સુધી, આજીવન સભાસદોની માફક "બુદ્ધિપ્રકાશ" માસિક અને નવાં ભેટનાં પુસ્તકોનો લાભ મળતો રહેશે; પણ તે મોકલી આપવાનો રેલ્વે પારસલ અથવા પોષ્ટલ ખર્ચ તે પુસ્તકાલયે આપવો પડશે.

(૩૬) કારોબારી સભા કોઈ પુસ્તકાલયને રજીસ્ટર પુસ્તકાલય તરીકે દાખલ કરવા, તે માટે કાંઈ કારણ દર્શાવ્યા વિના ના પાડી શકશે.

પ્રકરણ ૧૫

આરોગ્ય અને જનસુખાકારી

"Health is our most precious possession, because it is the first condition of prolonged usefulness."

His Highness the Maharaja
Sir Sayajirao Gaikwar.

સ્વર્ગસ્થ દી. બા. અંબાલાલ સાકરલાલ શરીરની સંભાળ માટે બહુ ચીવટ રાખતા હતા; અને જે કોઇ એમના પરિચયમાં આવે તેમને તેઓ શરીર સાચવવા, કસરત કરવા અને આહાર વિહારમાં દરકાર રાખવા વારંવાર ઉપદેશ કરતા હતા.

તેઓ હમેશા કહેતા કે દવાખાનામાં ડૉક્ટરોએ દરદીને જે તે રોગની દવા આપીને, ફરીને તે રોગ ન ઉભળે તે સારૂ, તે વિષે જરૂરી માહિતી આપે તે જરૂરનું છે. તેઓ માનતા કે રોગ મટાડવો તેના કરતાં તેને થતો અટકાવવો એ જ ઇચ્છનીય છે.

સોસાઇટીના તેઓ પ્રમુખ હતા તે અરસામાં પાલીતાણા સંસ્થાનના આરોગ્ય ખાતાના ડૉકટર હોરમસજી બહેરામજી દસ્તુરે "નિરોગી રહેવાના ઉપાય" એ નામનું પુસ્તક લખી સોસાઇટીને તે પ્રસિદ્ધ કરવાનું જણાવ્યું હતું. એ વિષય પ્રતિ દી. બા. અંબાલાલનો પક્ષપાત જાણીતો હતો. એટલે કમિટીએ એમને જ તે લખાણ અભિપ્રાય સારૂ મોકલ્યું હતું. એમને એ પુસ્તકની નિરૂપણ શૈલી પસંદ પડી અને તે છપાવવાની તરફેણમાં પોતાનો અભિપ્રાય લખી મોકલ્યો હતો. એમાં લેખકે આરોગ્યનાં મૂળતત્ત્વો એવી સ્પષ્ટતાથી અને સરળ ભાષામાં દર્શાવ્યાં છે કે સામાન્ય વાચક પણ સહજમાં તે સમજી શકે.

સોસાઇટીની એમની આગળના પ્રમુખ રા. બા. રણછોડલાલ દી. બા. અંબાલાલની પેઠે આરોગ્યના પ્રશ્નમાં ખૂબ રસ લેતા અને આહાર વિહારમાં એમના જેવા જ આગ્રહી હતા.

રા. બા. રણછોડલાલે અમદાવાદ શહેરની અનેક પ્રકારની અને ઉત્તમ સેવા કરેલી છે અને શહેરનું આરોગ્ય આટલું ટકેલું છે, તે એમની દુરંદેશીભરી અને મ્હોટી શહેરસુધરાઈની યોજનાઓને આભારી છે.

જનતામાં આરોગ્યજ્ઞાનના પ્રચાર અર્થે રૂ. ૨૦૦૦) નું ટ્રસ્ટ ફંડ એમણે સોસાયટીને સોંપ્યું હતું, એ એમની દીર્ઘદષ્ટિનું ઉત્તમ ઉદાહરણ છે; અને રણછોડલાલ હોમ મેડિકલ રિલિફની યોજના અને રણછોડલાલ દવાખાનું પાંચકુવા બહાર, એ જેમ એમની વ્યવહાર કાર્યદક્ષતાના તેમ ઉદાર સખાવતના પ્રત્યક્ષ પદાર્થપાઠ છે.

સોસાયટીને જે ફંડ સોંપાયું હતું તેનો ઉદ્દેશ એના વ્યાજમાંથી વખતોવખત આરોગ્ય, શહેર સુધરાઈ, માદકપદાર્થ નિષેધ, રોગ, તેનું કારણ, ચિકિત્સા વગેરે વિષયો પર, એ વિષયના નિષ્ણાત અને અધિકારી પુરુષો પાસે હરિફાઇથી નિબંધ લખાવી મંગાવી, એમાંથી યોગ્યને રૂ. ૫૦ નું ઇનામ આપી તે નિબંધ છપાવવાનો છે; તેમ કોઇ સ્વતંત્ર પુસ્તક પણ એ વિષય પર પ્રસંગોપાત્ લખાવવામાં આવે છે.

આજ સુધીમાં એ ફંડમાંથી ન્હાનાં મ્હોટાં ૨૪ પુસ્તકો પ્રસિદ્ધ થયલાં છે અને તે ગુજરાતી જનતાને આરોગ્ય અને તેના અંગના વિષયો પર માહિતી મેળવવા પુરતું વાચન સાહિત્ય પૂરૂં પાડે છે.

સામાન્ય આરોગ્ય વિષે પાંચ ચોપડીઓ છે, તેમાંની 'નિરોગી રહેવાના ઉપાય' વિષે અગાઉ કહેવાયું છે.

સાર્વજનિક આરોગ્ય વિષે ભાષણ નં. ૨ માં આપણા લોકની રીતિ નીતિ અને સ્થિતિ વર્ણવી, તેમાં આવશ્યક સુધારા સૂચવ્યા છે, તેના મુદ્દા નીચેના પેરામાં આવી જાય છેઃ—

"આપણી ખામીઓ શી શી છે તે વચ્ચે વચ્ચે બતાવવાનો પ્રયત્ન કરેલો છે, તે ઉપરથી તેમજ બીજા સુધરેલા દેશોની સાથે સરખાણીમાં આપણી સાર્વજનિક આરોગ્યની સ્થિતિ હજી પછાત છે, તે બતાવવા આની અંદર પ્રયત્ન કરવામાં આવ્યો છે. તે ઉપરથી સમજી શકાશે કે હજુ આપણું સાર્વજનિક આરોગ્ય સુધારવા માટે ઘણા પ્રયત્નો કરવાના બાકી છે."*

ડૉ. મહાદેવપ્રસાદ ભોગીલાલ કંથારિયા નૈસર્ગિક ઉપચાર પદ્ધતિના પ્રચારક છે; અને અમેરિકા જઇને એમણે એ વિષયમાં સારી તાલીમ લીધી છે. એમના પિતાશ્રી પણ એક પ્રસિદ્ધ વૈદ્ય હતા અને કેટલાંક વર્ષો સુધી તેમણે આરોગ્યને લગતું એક માસિક ચલાવ્યું હતું. એ સર્વ સંસ્કારો ડૉ. મહાદેવપ્રસાદને પ્રથમથી પ્રાપ્ત થયા હતા. તેઓ એ વિષયમાં ઊંડા ઉતરેલા છે, એમ એમનું પ્રસ્તુત વ્યાખ્યાન વાચતાં પ્રતીતિ થશે એમાંથી થોડાક ભાગ નમુનારૂપે ઉતારીએ છીએઃ—

---

* સાવર્જનિક આરોગ્ય વિષે ભાષણ નં. ૨, પૃ. ૯૨.

"આપણા હિન્દુઓમાં એક એવી આખ્યાયિકા છે કે એક સમયે દેવોના વૈદ્ય અશ્વિનીકુમાર એક પક્ષીનું રૂપ લેઈ વૈદ્યરાજ વાગ્ભટના ઘર ઉપર બેસી "કો રૂક્, કોરૂક્" એમ બોલવા લાગ્યા. ઋષિ વાગ્ભટના સાંભળવામાં તે આવ્યાથી તેઓ તેનો અર્થ એવો સમજ્યા કે "નીરોગ કોણ? તંદુરસ્ત કોણ? આરોગ્ય કોણ?" પોતાને પૂછવામાં આવતા પ્રશ્નોનો ઉત્તર આપવો જોઇએ એમ ધારી તે વૈદ્યવર બોલ્યા કે "હિતભુક્ મિતભુક્, અશાકભુક્" એટલે કે પથ્ય ખોરાક ખાનાર, મિત પ્રમાણમાં મધ્યમસર ખાનાર, અને આરીયાં તુરીયાં, કાકડી જેવાં શાક બહુ મરી મસાલા નાંખી તમતમાં બનાવી ખાવા જે લલચાતો નથી પણ તેમને વર્જ્ય કરે છે, તેજ મનુષ્ય નીરોગી, આરોગ્ય, તંદુરસ્ત રહી શકે છે."*

'આરોગ્યશાસ્ત્ર' એ સામાન્ય આરોગ્યના વિષય પર લખેલો એક સ્વતંત્ર નિબંધ છે અને તે અમદાવાદના એક જાણીતા ડૉકટર અને ગુજરાત સાહિત્ય સભાના ઉપ-પ્રમુખ ડૉ. હરિપ્રસાદ વ્રજરાય દેસાઇએ લખેલો છે. તેઓ પુસ્તકીઆ જ્ઞાનમાં ઝાઝું માનતા નથી; પણ પોતે જે જોયલું, વિચારેલું કે અનુભવેલું હોય છે તે પર વિશેષ ધ્યાન આપે છે. તેમાં પણ મહાત્મા ગાંધીજીના નિકટ સમાગમમાં આવ્યા પછી અને એમની પાસેથી પ્રેરણા પામીને અમદાવાદ શહેર સુધરાઇને આદર્શ બનાવવા તેઓ જે પ્રયાસ કરી રહ્યા છે અને તે પાછળ સમય અને શક્તિનો અમૂલ્ય ભોગ આપે છે તે ખરેખર પ્રશસ્ય છે. અમદાવાદ મ્યુનિસિપાલિટીની સેનિટરી કમિટીના તેઓ હાલમાં અધ્યક્ષ છે; અને એ અધિકારની રૂઇએ, પોળોમાં ચોકઠાં ખુલ્લાં કરવા, પોળોમાં પથ્થર જડાવી સફાઇ વધારવા, પોળો ચોખ્ખી રાખવા, અને મ્યુનિસિપાલીટીના એ ખાતાના નોકરોની સ્થિતિ સુધારવા તેઓ મ્હેનત કરી રહ્યા છે, એ બધી વિગતો આપણે એમની પાસેથી જાણીએ તો કોઈ રોમાંચક વાર્તા આપણે સાંભળતા હોઇએ એવો અનુભવ થાય. આવા કાર્યનું પરિણામ તુરતજ સપાટી પર જોવામાં કદાચ ન આવે; પણ લાંબે ગાળે તેની અસર જરૂર થશે અને મ્યુનિસિપલ આરોગ્ય ખાતું પ્રગતિમાન થયલું છે, એ તો સ્પષ્ટ જોઈ શકાય છે.

અગાઉ જનસમાજમાં આરોગ્ય અને એને લગતા વિષયોનું જ્ઞાન ફેલાવવા એમના જ વડિલ જ્ઞાતિબંધુ ડૉ. નીલકંઠરાય ડાહ્યાભાઇ વિશેષ શ્રમ લેતા હતા અને એ કાર્યમાં પ્રવૃત્ત રહી એમણે સોસાઇટીને કેટલાંક પુસ્તકો લખી આપ્યાં હતાં, તેનો ઉલ્લેખ બીજા ભાગમાં કરેલો છે.

---

*આરોગ્ય સાચવવાના ઉપાય, પૃ. ૪૧.



ડૉ. હરિપ્રસાદ વ્રજરાય દેસાઈ

(પૃ. ૧૬૪)

ખા. બા. ડૉ. ધનજીશાહ હૉરમસજી મહેતા

રેવાશંકર ઓઘડભાઈ સોમપુરા

મણિલાલ માધવલાલ પુરાણિક

(પૃ. ૧૪૫)

એ પ્રકારની આરોગ્ય વિષય પ્રતિ ધગશ, તેમ કર્તવ્ય પરાયણતા ડૉ. હરિપ્રસાદમાં જોવામાં આવે છે. ખાસ કરીને સાહિત્ય માટે એમને અનુરાગ હોઇને એમનું આ લેખન કાર્ય વિશેષ દીપી ઉઠે છે.

સોસાઇટીને એમણે ત્રણ નિબંધો લખી આપ્યા છે; મેલેરીયા, બાળ-કલ્યાણ અને આરોગ્યશાસ્ત્ર; અને ચાલુ વર્ષમાં એમને 'દુધ અને ઘીનો પ્રશ્ન—પ્રજાજીવનની દૃષ્ટિએ,' એ વિષય પર એક વ્યાખ્યાન લખી આપવાનું સોંપાયું છે.

અમે પ્રથમ જ જણાવી દીધું છે, કે તેઓ જે કોઈ પ્રશ્નને જીવનની ઉપયોગિતાની—વ્યવહારિક દૃષ્ટિએ જુએ વિચારે છે; અને તેનું પ્રમાણ એમના "આરોગ્ય શાસ્ત્ર" ની પ્રસ્તાવનામાંથી રજુ કરીશું:-

"ગુજરાતીમાં ખરેખરૂં ઉપયોગી પુસ્તક તૈયાર કરવું હોય તો તો આપણા દેશની સ્થિતિનું અવલોકન કરી સ્વતંત્ર જ પુસ્તક લખવાની જરૂર જણાઇ અને તે પણ બને તેટલું સરળ અને રસમય હોવું જોઇએ એમ મને લાગ્યું.

"દર્મિયાન અમદાવાદ શહેર સાફ કરવાનું ગંભીર કાર્ય મ્હારે માથે આવ્યું અને મારા કાર્યને એનાથી ખુબ મદદ મળી."

"આરોગ્ય પ્રદેશ" એ પુસ્તક વાર્તારૂપે લખાયું છે, એવા આશયથી કે નવલકથા સમાજમાં પુષ્કળ વંચાય છે તો તે દ્વારા આરોગ્યનો સંદેશો તેમને પ્હોંચાડી શકાય; તેના લેખક રા. રેવાશંકર સોમપુરા એક બાહોશ શિક્ષક છે; અને વિજ્ઞાન માટે ભારે શોખ ધરાવે છે; એ વાર્તાનું પ્રયોજન નીચેના અવતરણમાં એમણે દર્શાવ્યું છે:—

"આ પ્રદેશ ઉત્તર હિંદમાં આરોગ્યપ્રદેશ કહેવાય છે; કારણ કે મરકી, કોગળીયું, શીળી, ક્ષય અને તાવ જેવા સામાન્ય રોગો બીજા દેશોમાં સાધારણ છે, જ્યારે આ પ્રદેશમાં અત્યારે તેનું કોઇ નામ પણ જાણતું નથી. અગાઉ એક વખત એવો પણ હતો કે જ્યારે ગંગાદેશ સર્વ રોગનું ઘર લેખાતો. આવો જબ્બર ફેરફાર કેમ થયો અને તે દેશ આરોગ્યપ્રદેશ કેમ બન્યો તે હકીકત આ વાર્તામાં આપવામાં આવી છે."*

આપણા દેશમાં બાળમરણનું પ્રમાણ જેમ ભયંકર છે તેમ સુવાવડી સ્ત્રીઓની મરણ સંખ્યા આપણને આઘાત પહોંચાડે છે. એ મરણ પ્રમાણ કેમ ઘટાડી શકાય, અન્ય દેશોમાં એ સંબંધમાં શી ગોઠવણ છે, એ સ્થિતિ

* જુઓ એ પુસ્તકના પુંઠાપરનું અવતરણ.

કેમ સુધરી શકે એ વિષે ઉપર્યુક્ત માહિતી બાલમરણ, બાલકલ્યાણ અને સુવાવડ અને બાલમરણ એ ત્રણ વ્યાખ્યાનોમાં આપેલી છે.

બાલમરણ વિષેનો નિબંધ ડૉ. જોસફ બેન્જામીને લખેલો છે. અમદાવાદના આરોગ્ય વિષે એમના જેવી માહિતી બીજા બહુ થોડા ગૃહસ્થોને હશે. એ વિષયનો એમણે પદ્ધતિસર અભ્યાસ કરેલો છે એ પ્રસ્તુત લેખ વાંચતા ખાત્રી થશે.

બાળકલ્યાણ કેમ સાધી શકાય એ ડૉ. હરિપ્રસાદે ફ્રાન્સના વિલિયર્સ ડી લકનું દૃષ્ટાંત આપીને બહુ રસિકતાથી સમજાવ્યું છે. એમનું એ વિલિયર્સ ડી લકનું વર્ણન વાંચવા જેવું છે. તેઓ વર્ણવે છે:

"ફ્રાન્સમાં વિલિયર્સ ડી લક નામનું એક ગામડું છે. ત્યાંના રહેવાશીઓના મનમાં એક મહત્ત્વાકાંક્ષા ઉત્પન્ન થઇ. આપણા ગામમાં કોઈ બાળક મરવું ના જોઇએ, એવો એમણે સંકલ્પ કર્યો અને એવા જબરજસ્ત પ્રયત્ન કર્યાં કે, ૧૦ વર્ષ સુધી લાગટ, એ ગામમાં જેટલાં બાળકો જન્મ્યાં એટલાં જીવ્યાં, કોઈ કસુવાવડ સુદ્ધાં ના થઈ.

આપને કદાપિ આ વાત જોડી કહાડી હોય એવી લાગશે; પરંતુ એ ખરેખર બનેલી હકીકત છે અને 'લેન્સેટ' નામના સુપ્રસિદ્ધ ઇંગ્રેજી વૈદક સાપ્તાહિકમાં એનું વિગતવાર વર્ણન આવી ગયેલું છે.

પ્રથમ તો એ ગામના નગરશેઠે પોતાના મોટા દીકરાને વૈદક શાસ્ત્ર ભણાવ્યું, એ. એમ. ડી સુધી ભણ્યો પણ ધંધો કરવાનો એનો ઇરાદો નહતો વૈદકશાસ્ત્રના સંપૂર્ણ જ્ઞાન પછી એણે પોતાના ન્હાનકડા ગામનીજ સેવા અર્થે પોતાનું જીવન અર્પણ કર્યું અને ગામનાં તમામ સ્ત્રી પુરુષોએ, નગરશેઠને અને એમના દીકરાને પુરેપુરી મદદ કરી.

ફ્રાન્સમાં વસ્તી ઘટતી જાય છે પરંતુ દેશ ઉજ્જડ ના થઇ જાય તે માટે ઉછરતાં બાળકો જીવે ને મ્હોટાં થાય એ ત્યાં બહુ જરૂરનું છે. આમ, પોતાનાં બાળકો બચાવતાં, એ ગામે, પોતાના દેશની સેવા પણ કીધી. પ્રથમ તો એમણે ગામમાં ચોખ્ખા પાણીના નળ લીધા, ગટરો કરી; પોળો અને મહોલ્લા સ્વચ્છ કર્યા અને ગંદકી, ભેજ તથા દુર્ગંધ દૂર કર્યાં. મચ્છરો મેલેરિયા ફેલાવે છે માટે મચ્છરોજ ઉત્પન્ન ના થાય એવા ઇલાજ લીધા; પાણીના ખાબોચીયાં પુરી નાખ્યાં અને તમામ ગામ તથા એની આસપાસના બબ્બે ત્રણ ત્રણ માઇલનો વિસ્તાર સાફ કર્યો.

જે ગામમાં માખીઓના અણુઅણાટ હોય એ ગામને શરમ છે. એવું એક આરોગ્યશાસ્ત્રીનું વચન છે. પણ આપણા હિન્દુસ્તાનનાં તમામ શહેરો કે ગામડાં જોશો તો ભાગ્યેજ કોઈ માખી વગરનું હશે. ગામમાં માખીઓ, ઘરમાં માખીઓ અને જમતી વખતે પણ એક હાથે માખીઓ ઉડાડતા જવું પડે છે ને ખાવું પડે છે.

માખી મારફતે ટાઇફોઇડ એટલે આંતરડાના સોજાના તાવ, કોલેરા, ઝાડા અને મરડા ઇત્યાદિ રોગો ફેલાય છે. છોકરાંને કરમિયા–કૃમિ થાય છે તે પણ માખીઓ મારફત દાખલ થાય છે. બળિયાના ચેપ, ગડગુમડ, ખસ, કોઢ, આંખના રોગો એ બધું માખીઓ કમિશન એજન્ટ થઇને ફરે છે-ઉડે છે એથી પ્રસરે છે.

ગમે ત્યાં ઝાડે ફરવા બેસવાથી, છોકરાંને પોળોમાં છુટાં ઝાડે ફરાવવાથી, ગળફા, લીંટ. પરૂ ઇત્યાદિ સંભાળ વગર ફાવે ત્યાં નાખવાથી માખીઓ વધે છે.

વિલિયર્સ ડી લકે, આદર્શ સુધરાઈ ખાતું સ્થાપ્યું. અને પેલો નગરશેઠનો દીકરો એનો પ્રમુખ થયો. સ્વચ્છ, આપણા રસોડાં પાણિયારાં કે મંદિર કરતાંએ સ્વચ્છ, એવા એમણે જાજરૂ કર્યા. કચરા કેમ નાખવા એના નિયમ ઘડયા. ગળફા કે પરૂ તો દરેક જણ બાળીજ નાખે એવી ગોઠવણો અને ગંદકી, ચેપ અને દુર્ગંધ તમામનો ગામમાંથી નાશ કર્યો. એટલે માખીઓ તો ત્યાં શોધી પણ ના જડે એવી સ્થિતિ ઉત્પન્ન થઈ.

બહારગામમાંથી કોઈ રોગી આવે તો એને માટે સુતક જેવા " કવોરેન્ટાઇન " ના બંદોબસ્ત; ક્ષય, કે બીજા ચેપી રોગોને માટે પણ એવી વ્યવસ્થા.

સ્ત્રીઓ, બેજીવવાળી થાય ત્યારથી એમની નોંધ થાય. ગામને ખર્ચે, દાઈઓ અને સ્ત્રી દાક્તરો એમને વારંવાર તપાસે. ચોખ્ખાં, ખુલ્લા હવા અજવાળાવાળાં ગામને ખર્ચે બંધાયલાં સુવાવડ ખાનામાં સ્ત્રીઓની સુવાવડો થાય, એવા બંદોબસ્ત થયા.

આમ બાળકોને સંભાળતાં, બાળકોની માતાઓ પણ સુરક્ષિત થઇ ગઇ. સુવાવડોમાં કોઇનાં મરણ ન થયાં એટલુંજ નહિં પણ આખા ગામમાં કસુવાવડો થતી પણ અટકી ગઇ."*

આજ વિષય પર પોતે ડોકટર નથી પણ આરોગ્યના વિષયોમાં ઘણા વર્ષોથી રસ લે છે એટલુંજ નહિ પણ ભરૂચ અને અમદાવાદ સેનિટરી

* બાલકલ્યાણ પૃ. ૨. ૧–૩.

એસોશીએશનના મંત્રી તરીકે બહુ સુંદર કાર્ય કરી બતાવેલું છે, તેઓ શ્રીયુત નરહરિભાઈ કુરૂણારામ દેસાઇએ લખેલું છે, તે લેખ પણ મનનીય છે; એમણે સૂચવેલી મેટરનીટી હોમની યોજના ઉપાડી લેવા જેવી છે. અમદાવાદમાં તેની શરૂઆત થઇ ચૂકી છે, એ ખુશી થવા જેવું છે.''

આગળના દિવસોમાં આપણે અહિં ભાંગ, ગાંજો, ચરસ, અફીણ વગેરેનો ઉપયોગ બહુ મ્હોટા પ્રમાણમાં થતો હતો. તે નાબુદ કરવાને તે સમયે એ વિષયો પર વ્યાખ્યાન અપાવવામાં આવતાં તેમ નિબંધ લખીને તેનું પ્રચાર કાર્ય કરવામાં આવતું હતું

અમદાવાદની જુની અને જાણીતી ન્યુ ઇંગ્લીશ સ્કુલના માજી હેડમાસ્તર શ્રીયુત હરિપ્રસાદ ડાહ્યાભાઇ છત્રપતિએ એવો એક નિબંધ સોસાઇટીને લખી આપ્યો હતો અને તે સંગ્રહવા જેવો છે. એમના વડિલ ભાઇ ડો. નીલકંઠરાય આરોગ્યના પ્રશ્નોમાં ખૂબ રસ લેતા હતા એ હકીકત અગાઉ જણાવેલી છે; અને એમની સૂચના અને પોત્સાહનથી તેઓએ આ વિષયને હાથ ધર્યો હતો. વધારે આનંદ આપવા જેવું એ છે કે ડૉ. નીલકંઠરાયના અવસાન પછી એમની મુંબાઇની જગોનો ચાર્જ શ્રીયુત હરિપ્રસાદે શાળામાંથી નિવૃત્ત થયા બાદ સારી રીતે સંભાળી લીધો છે, એટલુંજ નહિ પણ અંધોની સેવા અર્થે અને અંધના શિક્ષણ પ્રચાર અર્થે; આટલી પાકી વયે એક યુવકની પેઠે ચોમેર તેઓ ઘુમી રહ્યા છે.

આપણો ગ્રેજ્યુએટ વર્ગ ન્હાની વયમાં મૃત્યુ પામે છે, એ ફરીઆદ આજની નવી નથી. ગયા સૈકાના છેલ્લા દશકામાં આપણા ગ્રેજ્યુએટો અકાળે મૃત્યુ પામતા જોઇને એ વિષે ઘટતી તપાસ કરવા મુંબાઇની ગ્રેજ્યુએટ એસોસિએશને એક કમિટી પણ નીમી હતી. એજ વિષયને લેફ્ટેનન્ટ કર્નલ કાન્તપ્રસાદે એમના પુસ્તકમાં ચર્ચ્યો છે. સદરહુ પુસ્તક અમદાવાદના વતની પણ નોકરી અંગે રંગુનમાં વસતા શ્રીયુત મણિલાલ માધવલાલ પુરાણીના વાચવામાં આવ્યું અને તે એમને એટલું બધું મન વસી ગયું કે લેખકની રજા લઇને તે પુસ્તકનો એમણે ગુજરાતીમાં તરજુમો કરી નાંખ્યો, તે પછી એમણે સોસાઇટીને એ લખાણ મોકલી આપી તે છપાવવાની માગણી કરી, જે કમિટીએ મંજુર રાખી હતી. “ શિક્ષિત આર્ય સંતાનોનું આરોગ્ય ” એ આપણે સૌએ વાંચવું ઘટે છે; લેખકે સાચુંજ કહ્યું છે કે:—

“ આરોગ્ય એજ બધી આબાદીનો પાયો છે. સુધરેલા અને શાસ્ત્રીય ધોરણ ઉપર ચાલતા રાજ્યની રંગભૂમિ ઉપર આરોગ્યનું મંડાણ હોવુંજ

જોઇએ. દુનિયાનાં રાજ્યોએ પોતપોતાના રાજ્યમાં દાખલ કરેલા લગભગ દરેક કાયદાઓ પોતાની પ્રજાના આરોગ્યને સંભાળનારા છે અને ખરેખર પ્રજાની નિર્ધનતા, દરિદ્રતા અને અજ્ઞાનતા વગેરે અનારોગ્યતાનાં તે ફરજંદો છે. ×

આરોગ્યને કેમ સાચવવું એ વિષે અહીં સુધી વિવેચન કર્યું; હવે જુદા જુદા રોગો જે સામાન્ય રીતે પ્રવર્તતા હોય છે, તે વિષે સોસાઇટીએ જે લેખો લખાવી પ્રકટ કર્યાં છે, તેની નોંધ લઇશું.

અજીર્ણ એ સામાન્ય રોગ છે; અને પ્રજાનો ઘણો ભાગ તેની અસરથી પીડા પામે છે. ડો. કાલેખેએ મરાઠીમાં "અગ્નિમાંદ્ય" એ વિષય પર એક પુસ્તક લખ્યું હતું અને ડોક્ટરોએ એ પુસ્તકની પ્રશંસા કરી હતી. તેથી એ પુસ્તકનો ગુજરાતીમાં અનુવાદ કરવાનો વિચાર સ્ફુરી આવ્યો અને તેનો તરજુમો ડો. સત્યેન્દ્રપ્રસાદ ભગવાનલાલ બાદશાહ પાસે કરાવવામાં આવ્યો હતો.

કોલેરાનો ભય હવે તો બહુ ઓછો થઇ ગયો છે. પણ એ જીવલેણ રોગ અટકાવવાને કેટલીક સાવચેતી રાખવી જરૂરની છે; રેડક્રોસના કામ માટે જાણીતા થયેલા વડોદરા રાજ્યના માજી સેનિટરી કમિશનર ડો. ધનજીભાઇ હોરમસજી મહેતાએ કોલેરા વિષે એક વ્યાખ્યાન આપ્યું હતું. વળી અકસ્માત વખતે લેવાના તાત્કાલિક ઉપાયો, ગર્ભપોષણ અને સુવાવડ, રેડક્રોસ વગેરે વિષયો પર એમણે અનેક પુસ્તકો અને લેખો લખેલાં છે, અને તે સર્વ લોકોપયોગી નીવડયાં છે. ગુજરાતમાં આરોગ્ય અને વૈદકને લગતું ઉપયુક્ત સાહિત્ય તૈયાર કરવા સારૂં એમને ખરેખર ધન્યવાદ ઘટે છે.

"મેલેરિયા તો દરેક સ્થળે જોવામાં આવે છે; પૂરતી સંભાળ રાખ્યે તે દૂર કરી શકાય છે. એ વિષે ડો. હરિપ્રસાદની ભલામણો ગ્રહણ કરવા જેવી છે.

"જુદા જુદા તાવ, તેનાં ચિહ્ન અને ઉપાય" એ વિષય એક ડોક્ટરે ચર્ચેલો છે. તેના લેખક ભાઇ ચુનીલાલ ગોવિંદલાલ ચુડગર એ નિબંધ છપાયા પછી અમે જણાવવાને દિલગીર છીએ કે મૃત્યુ પામ્યા હતા. એ લેખમાં જુદા જુદા તાવ વિષે જે હકીકત સંગ્રહી છે, તે અનેક રીતે જાણવા વિચારવા જેવી છે.

× શિક્ષિત આર્ય સંતાનોનું આરોગ્ય, પૃ. ૨૬૬-૬૭.

ક્ષયનું દરદ તો કારમું છે અને તે અસાધ્ય રોગ ગણાય છે. પણ તેને ઉગતો દાબવામાં આવે છે તો દરદી તેના ભયમાંથી મુક્ત થઇ શકે છે. એ સંબંધમાં દવા કરતાં ખોરાક એને બહુ સહાયકર્તા નીવડે છે. એ રોગને લગતી વિશ્વસનીય માહિતી ડૉ. શંભુપ્રસાદ દશરથલાલના નિબંધમાંથી મળશે. એ નિબંધ એમણે પ્રથમ ઇંગ્રેજીમાં લખ્યો હતો, અને તે બદલ એમને ઇનામ પણ મળ્યું હતું. તે પરથી એની ઉત્તમતા તેમ ઉપયોગિતા જોઈ શકાશે.

દર વર્ષે એકાદ માસ કે પખવાડીયું એવું આવે છે, કે જેમાં ઓરી, બળીઆ, અછબડા વગેરેનો ખૂબ વાવર હોય છે, અને લોકની અજ્ઞાનતાને લઇને સેંકડો બાળકો એ રોગોને ભોગ થઇ પડે છે, અને જે બચે છે, એ રોગને લઇને તેમાંના કેટલાંક કાંઇને કાંઈ પ્રકારની ઇજા પામે છે. ડૉ બાલકૃષ્ણ અમરજી પાઠક પાશ્ચાત્ય પદ્ધતિએ શિક્ષણ પામેલા એમ. બી. બી. એસ;ની ઉપાધિવાળા એક બાહોશ ડૉકટર છે; તે ઉપરાંત તેઓ આયુર્વેદનું બહુ સારૂં જ્ઞાન ધરાવે છે. પણ એ સૌમાં આપણું વિશેષ ધ્યાન ખેંચે એવો એમનો સાહિત્ય પ્રતિ અનુરાગ છે. પ્રાચીન આયુર્વેદ સાહિત્યનું સંશોધન અને સંપાદન કાર્ય હાલમાં તેઓ આદરી રહ્યા છે, અને આપણાં ગુજરાતી માસિકોમાં જેઓ એમના લેખો વાંચે છે એમની ખાત્રી છે કે એમની કલમમાંથી જે કાંઈ લખાઇ આવે છે, તે એકલું માહિતીભર્યુંજ નહિ, પણ અનુભવવાણી અને વિચારપૂર્ણ હોય છે; તેથી તે વિશેષ આદરપાત્ર થઇ પડે છે.

ઓરી, અછબડા વિષે એમણે સદરહુ ભાષણ લખી આપ્યું હતું, અને અમારી ખાત્રી છે કે જનતાને તે ઉપકારક થઇ પડશે.



સર રમણભાઈ મહીપતરામ નીલકંઠ

(પૃ. ૧૫૧)

પ્રકરણ ૧૬

સર રમણભાઇ મહીપતરામ

" તનું ત્યાગતાં કીર્તિ વાંસે દીપી રહે.
મનઃ સુજ્ઞ તું એવી ક્રિયા કરી લે;
મનઃ ચંદને જેમ કાયા ઝીઝાવી,
રહે અંતરો સજ્જનોના રીઝાવી. "

મનબોધ—શ્રી સમર્થ રામદાસ સ્વામી.

સોસાઇટીના વહિવટ અંગે-સર રમણભાઇના ગાઢ પરિચયમાં આવવાનું સુભાગ્ય અમને પ્રાપ્ત થયું તેના પૂર્વે કેટલાક સમયથી ગુજરાત સાહિત્ય સભાના મંત્રી તરીકે એમની સલાહ અને સૂચનાનુસાર કાર્ય કરવાના અનેક પ્રસંગો મળ્યા હતા, તેમાં અમે એમની સાલસાઇજ અનુભવી હતી અને એમની વિદ્વત્તા માટે તો આદરભાવ પ્રથમથી જ હતો.

ઉછરતા નવા અને શિખાઉ વિદ્યાર્થીઓને સાહિત્યના વાંચન અને અભ્યાસમાં એઓ સહૃદયતાપૂર્વક ઉત્તેજન આપતા તેનું એક દૃષ્ટાંત નોંધીશું.

ગુજરાત કૉલેજમાં અભ્યાસ દરમિયાન અમે કેટલાક મિત્રોએ મળીને "લિટરરી કલબ" નામની એક સંસ્થા સ્થાપી હતી; તેના અંગે એક ન્હાનું પુસ્તકાલય કાઢ્યું હતું, અને તેનાં મંત્રી તરીકે અમે પુસ્તકની મદદ માટે રમણભાઇ સાહેબને અરજ કરતાં તાજું જ બહાર પડેલું એમનું "કવિતા અને સાહિત્ય" નામનું પુસ્તક એમણે ભેટ મોકલ્યું હતું. આમ એક પ્રકારનો ગુણાનુરાગ હતો, તેમાં એમના હાથ નીચે કામ કરવાનું પ્રાપ્ત થતાં એ ગુણાનુરાગ એમના પ્રતિ પૂજ્યભાવ અને ભક્તિમાં પરિણમ્યો અને એમના ચારિત્ર્યનો અમારા પર એવો પ્રબલ પ્રભાવ પડયો હતો કે એક મહાનુભાવ અને સજ્જન પુરૂષ તરીકે અમે એમનું અદ્યાપિ પ્રેમપૂર્વક સ્મરણ કરીએ છીએ.

લાલશંકરભાઇ પછી સોસાઇટીના ઓન. સેક્રેટરી રમણભાઇ નિમાશે એવી સામાન્ય માન્યતા હતી. તેનું કારણ લાલશંકરભાઇનો મહીપતરામ પ્રત્યેનો ગુરૂભાવ અને એમના કુટુંબ પ્રત્યેનો વાત્સલ્યભાવ હતો.

મહીપતરામભાઇએ એમના શિષ્યોનો એટલો બધો પ્રેમ સંપાદન કર્યો હતો કે તેઓ સઘળા એમને એક ગુરૂ અને વડિલતૂલ્ય પૂજતા અને માન આપતા હતા; અને આજે પણ એ શિષ્ય મંડળનાં કુટુંબીજનો મહીપતરામના કુટુંબ સાથે એવો માયાભર્યો વર્તાવ અને ગાઢ સંબંધ સાચવી રહ્યાં છે; એ પરથી સમજાશે કે રમણભાઇના શ્રેયમાં લાલશંકરભાઇ એક વડિલ બંધુની પેઠે રસ લેતા અને સઘળાં સાર્વજનિક કાર્યોમાં એમને પોતાની સાથે રાખતા, એટલુંજ નહિ પણ તેમને પાવરધા કરવા સારૂ તે કામનો બોજો પણ એમના ઉપર નાખતા હતા. તે સંબંધમાં આ જુલાઇ માસમાં બહાર પડેલાં "સ્વ. સર રમણભાઇ" એ પુસ્તકમાં "જીવન વિધાયક" એ લેખમાં લેડી વિદ્યાબ્હેને જે હકીકત નોંધી છે તે જાણવા જેવી થઇ પડશે:

"મહીપતરામ અનાથાશ્રમ, પ્રાર્થના સમાજ, સંસાર સુધારા સમાજ, વગેરેના કામમાં લાલશંકરભાઇએ તેમને જોડયા. એક પિતા પોતાના પુત્રના ભવિષ્ય માટે કાળજી રાખે તેથી વિશેષ લાલશંકરભાઇએ રાખી છે એમ કહેવામાં અતિશયોક્તિ નથી. પોતાનાં સર્વ કાર્યોના વારસ કરવાની ધારણાથીજ તેમણે આવો ભાવ રાખેલો."*

જાહેર જીવનમાં રમણભાઇએ પ્રવેશ કર્યો તે પહેલાંથી તેઓ સોસાઇટીના કામકાજથી વાકેફ હતા; મહીપતરામભાઇ એ સંસ્થાના ઓન. સેક્રેટરી હતા તેને લઇને તેમ જ સાહિત્ય શોખથી પ્રેરાઇને તેઓ ગ્રેજ્યુએટ થયા પછી તુરત સન ૧૮૮૯ માં સોસાઇટીના આજીવન સભાસદ થયા હતા. એને આગળ વર્ષે મુંબાઇમાં એમણે "કવિતા" પર એક નિબંધ વાંચ્યો હતો તે "બુદ્ધિપ્રકાશ" માં પ્રસિદ્ધ થવા સારૂ મોકલ્યો હતો.

સન ૧૮૯૧ માં મહીપતરામભાઇનું અચાનક મૃત્યુ થતાં રમણભાઇને સોસાઇટીની મેનેજીંગ કમિટીમાં લેવામાં આવ્યા હતા, અને સન ૧૯૧૨ માં લાલશંકરની માંદગી દરમિયાન તેઓ તેના ઓન. સેક્રેટરી નિમાયા તે સન ૧૯૨૮ માં એમનું અવસાન થતાં સુધી એ પદે રહ્યા હતા.

બીજી રીતે જોઇએ તો મહીપતરામનો સોસાઇટી સાથેનો સંબંધ તેઓ અમદાવાદમાં પ્રથમ આવ્યા ત્યારથી શરૂ થાય છે; સન ૧૮૭૮ માં તેઓ તેના ઓન. સેક્રેટરી નિમાયા હતા, અને તે ગાદી તે પછી એમના પ્રિય

---

* સ્વ. સર રમણભાઇ પૃ. ૪૨૨.

શિષ્ય લાલશંકરે સંભાળી લઈ છેવટે એમના વારસ રમણભાઇને સુપરત કરી હતી; તેનું સુરક્ષણ લેડી વિદ્યાબ્હેન આજે લાગણીપૂર્વક કરી રહ્યાં છે.

સન ૧૯૧૨ માં લાલશંકર પથારીવશ થયા તે વખતે એમના વતી ઓન. સેક્રેટરી તરીકે કામ કરવા મેનેજીંગ કમિટીએ રા. બા. રમણભાઇને નીમ્યા હતા અને તે હોદ્દાપર તેઓ પાછળથી હર વર્ષ ચાલુ ચુંટાતા રહ્યા હતા.

લાલશંકરના વીમાના રૂ. ૧૦૦૦૦ ની બાબતમાં ભાઇશંકર અને રમણભાઇ વચ્ચે ખટરાગ ઉભો થયો હતો, પરંતુ રમણભાઇ પ્રત્યે પ્રમુખને એટલું માન હતું કે સોસાઇટીના આજીવન સભ્યોને એમના તરફથી પ્રોક્ષીપત્ર બીજે વર્ષે મોકલી આપ્યો હતો તેમાં રમણભાઇને કાયમના ઓનરરી સેક્રેટરી નિમવાનું ભાઇશંકરભાઇએ સૂચવ્યું હતું. તેમના એ શબ્દો નીચે મુજબ હતાઃ—

"છેવટમાં મારી એટલીજ ભલામણ છે કે ધી ઓનરેબલ રા. બા. રમણભાઇ મહીપતરામ નીલકંઠે એટલો બધો સંતોષ આપ્યો છે કે તેમને હમેશના ઓનરરી સેક્રેટરી નિમાયલા જોયાથી હું ઘણો ખુશી થઇશ.'×

વિરોધીઓનો પણ એમના વિવેકભર્યા વર્તનથી, તેઓ કેવો ચાહ સંપાદન કરી શકતા તેનું આ એક સુંદર ઉદાહરણ છે.

લાલશંકરભાઇ હસ્તક સોસાઇટીનો વહિવટ રહ્યો ત્યાં સુધી તેની સઘળી જવાબદારી તેઓ પોતાના શિરે લઈ લેતા; અને સોસાઇટીની ન્હાની મ્હોટી વિગતોથી તેઓ એટલા સારા માહિતગાર હતા અને તેના કામકાજમાં એવી પ્રતિષ્ઠા સ્થાપી હતી કે કમિટીના સભ્યો એમના અભિપ્રાયને વજન આપતા અને તેઓ સૂચવે વા જણાવે તેમ સોસાઇટીનું લગભગ સઘળું કામકાજ થતું હતું.

લાલશંકરના હાથ નીચે લગભગ ત્રણ વર્ષ સુધી તાલીમ લેવાનું અમને સુભાગ્ય સાંપડયું હતું, અમારા પૂર્વે સોસાઇટીની ખુરશીએ એમના અમલ દરમિયાન જે ભાઇઓ આવી ગયલા તેઓ સઘળા બીજા કોઈ કારણસર નહિ તો એમના ઉગ્ર સ્વભાવ વિરૂદ્ધ ટીકા કરતા એમ અમે સાંભળ્યું હતું. પરંતુ એમની સાથે કામકાજમાં અમને તો એવું ગોઠી ગયું હતું કે કોઇ દિવસે એમના વિરુદ્ધ ફરિયાદનું કારણ મળ્યું નહોતું; ઉલટું

× જુઓ, પૃ. ૫૮.

એમની પાસેથી અમે અમારી કારકિર્દીના આરંભમાં દુનિયાદારી સંબંધી ઘણું શિખ્યા હતા અને એક શુભેચ્છકની પેઠે તેઓ અમારા હિતમાં કાળજી ધરાવતા હતા.

એમની દેખરેખ નીચે સોસાઇટીના વહિવટથી અમે વાકેફ થયા હતા અને એમની કાર્યપદ્ધતિને અનુસરીને તેનું સઘળું કામકાજ ચલાવતા હતા. તેમાં એવી ટેવ પડી ગઈ હતી કે કોઇ પત્રનો સ્પષ્ટ જવાબ આપવો ઠીક ન લાગે તો અમે તેનો ઉપલક અથવા ગોળ ગોળ ઉત્તર લખી જણાવતા હતા. પણ રમણભાઇ સાથે કામનો પ્રસંગ પડયો ત્યારથી એ રીતિ સમૂળગી બંધ પડી ગઇ.

લાલશંકરભાઈની માંદગી દરમિયાન એક પત્રનો જવાબ રમણભાઈની સહીથી મોકલવાનો હતો ઘણું કરીને એ પત્ર વડોદરા રાજ્યના વિદ્યાધિકારી સાહેબનો આવેલો હતો, અને તેમાં સોસાઇટીના ધોરણને લગતા કેટલાક ખુલાસા કરવાના હતા. અમે તો રીતમુજબ તેનો મોઘમ જવાબ લખી રમણભાઇ પાસે સહી થવા માટે રજુ કર્યો; પણ એમને તે પસંદ ન પડયો. એમની કાર્ય પદ્ધતિ તો એવી કે દરેક વિગત સ્પષ્ટ રીતે જણાવવી જોઇએ એટલુંજ નહિ પણ પત્રમાં પૂછાવેલા મુદ્દાઓનો પુરેપુરો ખુલાસો આપવો જોઇએ, તેમજ એમની પ્રકૃતિ એવી હતી કે જે કાંઇ પત્ર વગેરે લખવું હોય તે કામ જાતે જ કરી નાંખે; પરાયા પાસે કામ કરાવવાનું પસંદ જ નહિ. મ્હોટા અગત્યના ડ્રાફ્ટથી માંડીને એક પરબીડીઆના સરનામા સુધીનું સઘળું કામ તેઓ હાથે કરતા. અન્યનો વિશ્વાસ નહિ એમ નહિ પણ તે હાથે કરે ત્યારે જ તેમને સંતોષ વળતો હતો. તેથી એમને કામનો બહુ ઘસરડો કરવો પડતો; અને એમનો કિમતી સમય નજીવી ચીજો કરવામાં બહુ વ્યતિત થતો; અને એમની પાસે કામ તો થોકડાબંધ પડેલું હોયજ; તેના ઉકેલ માટે રાત્રે ઉજાગરા વેઠવા પડે; પણ એમનો એ સ્વભાવ મરણપર્યંત ચાલુ રહ્યો હતો. કામની ચિવટ અને ચોક્કસાઇ એમ કરવાને તેમને પ્રેરતી; અને એઓ નિયમિત પણ એવા કે જ્યાં સુધી કોઈ પત્રનો ઉત્તર લખાયો ન હોય ત્યાં સુધી તેને પોતાની પાસે ડાયરીમાં રાખી મૂકતા અને તેનો જવાબ લખ્યા પછી, તે પર નોંધ કરી ઠેકાણે મૂકતા હતા.

આમ, એમની પાસેથી પહેલે જ પ્રસંગે જેને આપણે ગંજીફાના પાનાં ખુલ્લાં મૂકીને રમવાનું કહીએ તેમ પત્રવ્યવહારમાં તેમ ચાલુ વહિવટમાં

બધું સ્પષ્ટ રીતે અને ખુલ્લુ જણાવી દેવાનો બોધપાઠ અમે શિખ્યા અને તે અમને જીવનમાં બહુ ઉપયોગી અને લાભદાયી માલુમ પડયો છે; અને એ રીતિથી અમે કદી નાહક મનોવ્યથા જાણી નથી.

સત્સંગ જેમ સુખદાયી અને પ્રોત્સાહક નિવડે છે, તેમ એમની પાસે કામ કરવામાં અમે પુરતી આશાએશ, અને શાન્તિ મેળવ્યાં છે. અને એમનું સૌજન્ય તો કદિ વિસરાય એમ નથી. સોસાઇટીનું કામ હોય તો તેઓ ઓફીસમાં જાતે આવ્યા હશે પણ એમણે એમની પાસે અમને બોલાવ્યાનું કદિ જાણ્યું નથી.

એમના નૈતિક જીવને તો અમારાપર ખૂબ છાપ પાડી હતી; તેઓ નીતિમાં સંપૂર્ણપણે માનતા અને તે પ્રમાણે મક્કમતાથી વર્તતા હતા. એમના જેવું પ્રમાણિકપણું અમે બહુ થોડા મનુષ્યોમાં જોયું છે; અને એમનું ચારિત્ર જેમ પ્રસંશનીય તેમ અનુકરણીય અમને જણાયું છે.

ઉપર લાલશંકરના વીમાના પ્રસંગનો અમે ઉલ્લેખ કર્યો છે, તેની ચર્ચા કમિટીમાં ઉપસ્થિત થતાં ભાઇશંકરે એમને કોર્ટનો બાઉ બતાવ્યો હતો, પણ રમણભાઇએ તે ચેલેંજને સ્વીકારી લેતા જણાવ્યું હતું કે, સૌનો ન્યાય તોળવાવાળો પ્રભુ ઉપર બેઠેલો છે અને તે અન્યાય કદિ સાંખી શકશે નહિ.

ન્યાય અને નીતિમાં, સત્યમાં અને પ્રભુના પ્રેમમાં એમની અડગ શ્રદ્ધા હતી; અને એમનું જીવન રહસ્ય સમજવાને એ સૂત્રો તેનાં ચાવીરૂપ છે.

ઉપરોક્ત વીમાના પ્રશ્નના અંગે અમારા ઉપર પણ કેટલીક તવાઈ આવી પડી હતી અને અમે એવા હતાશ પામી ગયા હતા કે જો રમણભાઇ સાહેબની સહાયતા અને સહાનુભૂતિ અમારા પ્રતિ ન હોત તો તે દિવસથી સોસાઇટીમાંથી છુટા થયા હોત. પણ પરમાત્માની ગતિ કંઇ ન્યારી છે. એમની હૂંફથી અમે એ કટોકટીના દિવસો વટાવી શક્યા હતા અને એમનું એ ઋણ અમે કદિ વિસરી શકીશું નહિ.

સર રમણભાઇના હસ્તક સોસાઇટીનું સુકાન આવ્યા પછી તેની પ્રગતિનો ઇતિહાસ આ પુસ્તક છે; અને એ સઘળું કામકાજ એવી રીતે થયેલું છે કે આ કામ અમુક વ્યક્તિએ કર્યું; અથવા તો અમુક કામમાં ફલાણાનો હાથ હતો એમ તેનો ભેદ પાડી શકાય નહિ.; પણ એટલું નિર્વિવાદ છે કે સન ૧૯૨૦ પછી સોસાઇટીનું તંત્ર કશા ઘર્ષણ વિના, એકસંપથી અને સૌનો સહકાર મેળવીને પ્રગતિમાન રહ્યું છે અને એ તેની સફળતાનું કારણ મુખ્યત્વે એમનું વ્યક્તિત્વ હતું.

એ સમય દરમિયાન સોસાઇટી સર્વ રીતે આબાદ, સમૃદ્ધ અને પ્રગતિમાન થયેલી છે, તેની પ્રતીતિ એની સભાસદ સંખ્યામાં વધારો, તેને મળેલાં સંખ્યાબંધ નવાં ટ્રસ્ટફંડો, તેનાં પ્રકાશનોની વિવિધતા અને મોટી સંખ્યા તેમ તેણે ઉપાડી લીધેલી લોકોપકારી પ્રવૃત્તિઓ, તે પરથી થશે.

સર રમણભાઈ જીવનના જે ક્ષેત્રમાં પડતા તેમાં અગ્રસ્થાને જઈને બેસતા અને એ સર્વમાં એમના વ્યક્તિત્વની છાપ જણાતી હતી. સાહિત્યનું, સમાજસેવાનું, સંસારસુધારાનું, મ્યુનિસિપાલિટીનું કે દેશનું કોઈ પણ કાર્ય તેઓ હાથ ધરતા તે એવી લાગણીથી અને મમત્વથી કરતા કે એ વડે તે કાર્ય ખીલી અને દીપી ઊઠતું હતું.

એમનો મનોનિગ્રહ એવો જબરો હતો કે એક અવધાનીની પેઠે જુદાં જુદાં કામોમાં તેઓ એમનું ચિત્ત પરોવી શકતા અને એથી સૌ અજાયબ થતા હતા. કેટલીકવાર એવું બનતું હતું કે પોતે કોઇ કેસમાં રોકાયલા હોય તે દરમિયાન ચાલુ કામે તે ભેગું બીજું કામ પણ તેઓ કરતા. પણ એમનું મગજ એટલું સાવચેત રહેતું કે એ કામમાંનો કોઇ મુદ્દો કે દલીલ એમના ધ્યાનબહાર જતી નહિ.

પુસ્તક વાંચે તે પણ કટકે કટકે, કાંઇક સમય મળે એટલે એમની બેગમાંથી તે પુસ્તક કાઢે અને જ્યાંથી અધૂરું રહ્યું હોય ત્યાંથી આગળ ચલાવે; તો પણ આગળ વાંચેલો ભાગ તેઓ ભૂલતા નહિ. એવી એમની તીવ્ર સ્મૃતિ હતી. એમના લેખો, વ્યાખ્યાનો આ રીતે તૈયાર કરતા અમે એમને ઘણીવાર નિહાળ્યા છે; પણ તે લખાણ એવું સ્પષ્ટ, મુદ્દાસર, સળંગ અને વેગવંતું ચાલે જતું કે તેને બીજીવાર સુધારવાની પણ જરૂર રહેતી નહિ; એજ નકલ તેઓ છાપખાનામાં મોકલી આપતા; અને જે કાંઈ સુધારો કરવો યોગ્ય જણાય તે તેઓ પ્રુફમાં કરતા હતા.

સર સયાજીરાવને સોસાઇટી તરફથી એઓશ્રીની જ્યુબિલિ પ્રસંગે માનપત્ર આપવાનું હતું, તે માટે જુજ દિવસો હતા. અને રમણભાઈનું જીવન વ્યવસાયી, અનેક કાર્યોમાં દબાયલું; પણ ડ્રાફ્ટ વગેરે કામમાં એવા કુશળ થઇ ગયા હતા કે અડધા કલાકમાં એમણે સદરહુ માનપત્રનું કામ પતાવી નાખ્યું હતું. અગત્યના કામ માટે પણ પૂર્વ તૈયારીની એમને જરૂર રહેતી નહિ.

એમની પ્રવૃત્તિ અમુક કાર્યમાં મર્યાદિત હતી એમ નહોતું. શહેરની તમામ સાર્વજનિક પ્રવૃત્તિમાં તેઓ આગળ હોયજ; અને તેને લઇને

સોસાઇટી તેના કેન્દ્રરૂપ થઈ પડતી; અને એ પ્રવૃત્તિ અંગની સભાઓ પણ સોસાઈટીની ઓફીસમાં વારંવાર થતી હતી.

એમની લોકપ્રિયતા પહેલેથી હતી અને તે કેવી સર્વદેશી હતી તે બતાવવા એક પ્રસંગ અહિં નોંધીશું, તે જેમ અપૂર્વ તેમ અમદાવાદના ઇતિહાસમાં પ્રથમ હતો.

સન ૧૯૧૨માં રમણભાઇને રા. બા.નો ઇલ્કાબ સરકારે બક્ષ્યો હતો, ત્યારે જે અભિનંદનો મળ્યાં તેમાં અમદાવાદનાં વર્તમાનપત્રો, માસિકો અને પ્રેસ માલીકોએ પણ એક માનપત્ર એનાયત કર્યું હતું.

છાપખાનાવાળાઓ સાથે એમને સીધો સંબંધ ન હતો, જો કે અમદાવાદમાં પહેલવહેલું ટાઈપનું પ્રેસ આણવાનો યશ મહીપતરામભાઇને છે. ઘણાં વર્ષોથી તેઓ "જ્ઞાનસુધા" ચલાવતા હતા. એ એમનો એક પત્રકાર તરીકે વર્તમાનપત્રો સાથેનો સંબંધ કહેવાય પણ એ સૌને એમના પ્રતિ એટલો બધો સદ્‌ભાવ હતો કે એઓએ એ લાગણી વ્યક્ત કરવા સારૂ એમને એક માનપત્ર આપવા ઉપરોક્ત પ્રસંગનો ઉપયોગ કર્યો હતો.

એ બનાવની નોંધ અમે તે વખતે બુદ્ધિપ્રકાશમાં લીધી હતી, તે પરિશિષ્ટમાં આપીએ છીએ.

તે પછી લાંબા ગાળે એઓ શરીરે અશકત થઈ પડયા બાદ નામદાર સરકારે એમને નાઇટહુડ નો ઇલ્કાબ નવાજેશ કર્યો હતો. એમને મળેલા એ માનથી સૌ કોઈ ખુશ થયા હતા. શહેરીઓએ એમને એક જાહેર માનપત્ર અર્પીને એમની અનેકવિધ સેવાની યોગ્ય કદર કરી હતી અને સોસાઈટીએ પણ તેમને એ પ્રસંગે પોતાના હર્ષની લાગણી પ્રદર્શિત કરતું એક માનપત્ર આપ્યું હતું; તેનો વૃત્તાંત કમિટીના પ્રોસિડિંગ્સમાંથી આપીએ છીએ.

સર રમણભાઇને અભિનંદન

ગુજરાત વર્નાક્યુલર સોસાઈટી તરફથી સર રમણભાઇને નાઇટહુડનો ઇલ્કાબ મળ્યો તે માટે અભિનંદન આપવા મેનેજીંગ કમિટીનું એક ડેપ્યુટેશન તા. ૨૧મી જાન્યુઆરી ૧૯૨૭ને શુક્રવારે સવારે નવે વાગે એઓના બંગલે ભદ્રમાં ગયું હતું. તે વખતે નીચેનું માનપત્ર આસિસ્ટન્ટ સેક્રેટરી હીરાલાલ પારેખે વાંચી સંભળાવ્યું હતું. તે પછી કમિટીના સભ્યો તરફથી સુંદર ચાંદીનો ટી સેટ મે. પ્રમુખ રા. બા. કેશવલાલ ધ્રુવે અર્પણ કર્યા પછી, એઓને દીર્ઘાયુ ઇચ્છી હારપાન આપી પાછું ફર્યું હતું:—

સર રમણભાઇ મહીપતરામ નીલકંઠ, નાઈટ,

બી. એ. એલએલ. બી;

અમદાવાદ.

નવા વર્ષના માન અકરામના પ્રસંગમાં નામદાર હિન્દી સરકારે આપને નાઈટહુડનો માનવંતો ઇલ્કાબ એનાયત કર્યો તે બદલ અમે ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીના સભ્યો આનંદ સાથે અભિનંદન આપિયે છીએ.

સોસાઈટી સાથેનો આપનો સંબંધ બહુ ગાઢો અને લાંબા સમયનો છે., ઘણા વર્ષો સુધી આપના પિતાશ્રી રા. સા. મહીપતરામભાઇએ સોસાઇટીના ઑન. સેક્રેટરી તરીકે તન દેઇ કાર્ય કર્યું હતું. તેમના સમયમાં જ આપ સોસાઇટીની મેનેજીંગ કમિટીના સભ્ય નિમાયા હતા; અને સન. ૧૯૧૨ થી તેના ઑન. સેક્રેટરી છો. આપનું એ કાર્ય, જણાવવાની જરૂર નથી કે, ઉજ્જવળ અને શોભાસ્પદ છે.

એકલા સોસાઇટીના નહિ પણ માનવ જીવનના જે જે ક્ષેત્રોમાં આપે પ્રવૃત્તિ આદરી છે તે તેમાં આપે સંગીન ફાળો આપ્યો છે, અને તેમાં યશ અને કીર્તિ સંપાદન કર્યા છે.

બાલ્યાવસ્થામાં કોલેજમાં હતા ત્યારથી આપે સાહિત્યમાં રસ લેવા માંડેલો; તે પછી ભદ્રંભદ્ર, કવિતા અને સાહિત્ય, રાઇનો પર્વત, હાસ્યમંદિર વગેરે રચીને જે માનભર્યું સ્થાન સાહિત્યકાર તરીકે આપે મેળવ્યું છે તે મગરૂરી લેવા જેવું છે. પ્રજાએ પણ આપને સાહિત્ય પરિષદના પ્રમુખ નીમી તે કાર્યની કદર કરી છે જ.

સમાજસુધારાના સંસ્કાર આપને આપના પિતા પાસેથી વારસામાં ઉતરેલા અને તે આપે એવી સારી રીતે પોષ્યા અને ખીલવ્યા છે કે સમાજસુધારક તરીકે આપને પ્રથમ સ્થાન અપાય છે.

એવીજ યશસ્વી અને ઉપયોગી આપની શહેરસેવા છે; છેલ્લા ૨૫ વર્ષથી આપ એક મ્યુનિસિપલ કૌન્સિલર તરીકે સતત કાર્ય કરતા આવ્યા છો અને તેનું પ્રમુખસ્થાન એકથી વધુ સમય દીપાવ્યું છે, એટલુંજ નહિ પણ જે તે આપની એ સેવાની મુક્તકંઠે પ્રશંસા કરે છે.

આપની જાહેર પ્રવૃત્તિ અને સેવા આટલેથીજ સમાપ્ત થતી નથી. સોસાઇટીની પેઠે શહેરની અનેક સાર્વજનિક સંસ્થાઓ સાથે આપનો, પ્રમુખ, સેક્રેટરી કે ટ્રીઝેરર તરીકે નિકટ સંબંધ છે, અને તે પાછળ આપ ઘણા સમયનો અને શક્તિનો વ્યય કરો છો, એ જાણીતું છે.

આ સર્વ કાર્યની પ્રજા અને સરકાર ઉભય કદર કરે એ યોગ્યજ છે અને તેની જેટલી પ્રશંસા થાય તે ઓછી જ લેખાય.

આપને મળેલું આ અનુપમ માન ભોગવવા પરમાત્મા આપને દીર્ઘાયુ અને આરોગ્ય બક્ષો એવી પ્રાર્થના સાથે અમે વિરમીએ છીએ.

ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી, અમદાવાદ.	અમે છીએ
તા. ૨૧ મી જાન્યુઆરી ૧૯૨૭.	આપના સ્નેહી બંધુઓ,

ડાહ્યાભાઈ પીતાંબરદાસ દેરાસરી	**કેશવલાલ હર્ષદરાય ધ્રુવ**
કૃષ્ણલાલ નરસીલાલ દેસાઇ	**મંગળદાસ ગીરધરદાસ**
ગણેશ વાસુદેવ માવલંકર	**ખુશાલદાસ ગોકળદાસ પટેલ**
અંબાલાલ દલસુખરામ લખીચારા	**મુળચંદભાઇ આશારામ શાહ**
ચીમનલાલ દલપતરામ કવિ	**જોસફ બેન્જામીન**
હોમી પી. ચાહેવાલા	**નગીનદાસ પુરૂષોત્તમદાસ સંઘવી**
પ્રાણજીવનદાસ નારણદાસ ડૉકટર	**જનુભાઇ અચરતલાલ સૈયદ**

પ્રમુખ અને મેનેજીંગ કમિટીના સભ્યો, ગુ. વ. સોસાઇટી.

આ પ્રકરણ પૂરૂં કરતાં પૂર્વે સર રમણભાઇએ સોસાઈટીને 'કવિતા અને સાહિત્ય'નું પુસ્તક ફરી છપાવવાની પરવાનગી આપી હતી તેનો ઉલ્લેખ કરવો ઘટે છે.

ગુજરાત વિદ્યાપીઠની સ્થાપના થતાં તેના અભ્યાસક્રમમાં ગુજરાતી પુસ્તકોની પસંદગી થવા માંડી તેમાં 'કવિતા અને સાહિત્ય'નો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો.

સન ૧૯૦૩માં કવિતા અને સાહિત્યનું પુસ્તક બહાર પડયું હતું, અને તેની બે પાંચ નકલો એ વખતે માંડ મળી શકે એમ હતું. રમણભાઇ એ પુસ્તકની નવી આવૃત્તિ કઢાવવાનું વિચારી રહ્યા હતા, એમને અમે તે પુસ્તક સોસાઈટી તરફથી પ્રસિદ્ધ કરવાની વિનંતિ કરી. તેનું કારણ એવું ઉત્તમ પુસ્તક બહોળો પ્રચાર પામે એ હતું. 'કવિતા અને સાહિત્ય'નું પુસ્તક બહાર પડયું ત્યારથી, તેની એક મૂલ્યવાન કૃત્તિમાં ગણના થયેલી છે; અને ગુજરાતી સાહિત્યનો અભ્યાસ કરનારને તે માર્ગદર્શક તેમ મદદગાર થઇ શકે તેવું વિદ્વત્તાભર્યું અને વિચારણીય પુસ્તક છે.

મેનેજીંગ કમિટીની સંમતિ મેળવી 'કવિતા અને સાહિત્ય'નું નવું પુસ્તક રમણભાઇની હયાતી દરમિયાન છપાયું હતું, અને બીજું પુસ્તક તૈયાર થાય તે પહેલાં એમનું અવસાન થયું હતું.

એ ખોટ સોસાઇટીને તેમ સમસ્ત દેશને ન પૂરી શકાય એવી મ્હોટી હતી. એવા નિઃસ્વાર્થ સેવાભાવી કાર્યકર્તાઓ બહુ થોડા હોય છે.

એમનાં દુઃખદ અવસાન માટે શોક પ્રદર્શિત કરવા સોસાઇટીની ખાસ સભા ભરવામાં આવી હતી. તેમાં એમની સોસાઇટીની લાંબી મુદતની કીંમતી સેવાની યત્કિંચિત કદર કરવા જે ઠરાવ પસાર થયો તે નીચે પ્રમાણે હતોઃ—

"ગુજરાત વર્નાકયુલર સોસાઈટીની આ અસાધારણ સામાન્ય સભા સર રમણભાઇ મહીપતરામ નીલકંઠ, નાઇટના દુઃખદાયક અવસાનની નોંધ લે છે, છેક સન ૧૮૯૦થી સોસાઇટી સાથે મેનેજીંગ કમિટીના સભ્ય તરીકે એમનો સંબંધ જોડાયો હતો અને સન ૧૯૧૨માં તેઓ તેના ઓનરરી સેક્રેટરી નિમાયા હતા. આ પ્રમાણે સોસાઈટી સાથેનો એમનો સંબંધ લાંબા સમયનો અને ગાઢ હતો અને સ્વ૦ મહીપતરામના સમયથી ચાલતો આવે છે. એ સેવા કાર્યમાં એમણે પોતાનો એટલો બધો સમય આપ્યો છે અને તે પાછળ એટલો પરિશ્રમ ઉઠાવ્યો છે, કે જેનું મૂલ્ય થાય એમ નથી. એવી એમની એ અપૂર્વ અને કીંમતી સેવાની યત્કિંચિત કદર કરવા આ સભા ઠરાવ કરે છે કે સોસાઇટીએ પોતાના ફંડમાંથી એમના નામનું રૂ. ૫૦૦૦)નું એક જુદું સ્મારક સ્થાપવું અને એ ફંડના વ્યાજમાંથી નીચે પ્રમાણે વ્યવસ્થા કરવી.

(૧) મુંબાઇ યુનિવર્સિટિની બી.એ;ના પરીક્ષામાં ચ્છિક વિષય તરીકે ગુજરાતી ઓનર્સ કોર્સ લઇ જે વિદ્યાર્થી ઊંચે નંબરે પાસ થાય તેને સર રમણભાઈ સુવર્ણચંદ્રક દર વર્ષે આપવો.

(૨) સર રમણભાઈના જીવન વિષે માહિતી આપતા લેખો, સ્મરણો, નોંધ, પત્રો વગેરે એમના મિત્રો, સંબંધીઓ, અને પ્રસંશકો પાસે લખાવી મેળવી, તે સંગ્રહ એક સ્મારક ગ્રંથ રૂપે બહાર પાડવો.

(૩) પ્રતિ વર્ષ સુવર્ણચંદ્રકનો ખર્ચ બાદ જતાં વ્યાજની રકમ બચત રહે અને એકઠી થાય તેમાંથી વખતોવખત સાહિત્ય, ભાષાશાસ્ત્ર, ઇતિહાસ, અને સમાજસુધારાના વિષયને લગતાં પુસ્તકો 'સર રમણભાઇ ગ્રંથમાળા' એ નામે લખાવી પ્રસિદ્ધ કરવાં."



સર રમણભાઈ નીલકંઠના સન્માનાર્થે સાહિત્યસભાનો મેળાવડો

(પૃ. ૧૬૦)



ગુજરાત વર્નાક્યુલર સોસાઈટીનું કાર્યવાહક મંડળ

અંબાલાલ લખીઆરા; ખા.બા. ચાહેવાળા; ડાહ્યાભાઈ દેરાસરી; સર રમણભાઈ; દી. બા. કેશવલાલ; ગણેશ વાસુદેવ; ડૉ. પ્રાણજીવન; હીરાલાલ પારેખ

(પૃ. ૧૬૧)

સન ૧૯૩૫ થી બી. એ.;ના વર્ગમાં ગુજરાતીના વિષયમાં ઓનર્સ કોર્સ લેવાની સવડ થયલી છે એટલે રમણભાઇ સુવર્ણચંદ્રક એ વર્ગમાં ફતેહમંદ થનાર ઉમેદવારને આપવાનો પ્રબંધ થશે.

દરમિયાન રમણભાઇ સ્મારક ફંડ રૂ. ૫૦૦૦)નું ઉપરોક્ત ઠરાવ અનુસાર જુદું કાઢવામાં આવ્યું છે. તેમાંથી એમના લેખોના બીજા બે પુસ્તકો 'કવિતા અને સાહિત્ય'–પુ. ૩ અને કવિતા અને સાહિત્ય–પુ. ૪ એ પ્રમાણે પ્રસિદ્ધ થઇ ચુક્યાં છે, અને એમના ધાર્મિક પ્રવચનો "ધર્મ અને સમાજ"


Original Copy

એ નામથી સંકલિત કરવામાં આવ્યાં છે; અને તેનું પહેલું પુસ્તક ગયે વર્ષે સોસાઈટીના સભ્યોને બક્ષીસ અપાયું હતું.

સર રમણભાઇનો લેખસંગ્રહ સોસાઇટી પુસ્તકાકારે પ્રકટ કરે એ યોજના, તેના જ્ઞાનપ્રચારના ઉદ્દેશની દૃષ્ટિએ જેમ મહત્વની છે તેમ જનતાને રમણભાઈનું કીંમતી લખાણ સસ્તી કિંમતે સુલભ થાય એ પણ થોડું ઉપકારક નથી. રાઇનો પર્વત, ભદ્રંભદ્ર અને કવિતા અને સાહિત્ય એ એમની ત્રણ કૃતિઓ ગુજરાતી સાહિત્યમાં અમરત્વ પામી છે અને તેમાં રમણભાઇના નામનો મહિમા છે.

એમનું અવસાન થયે આજે છ વર્ષ થયાં છતાં અનેકનાં મુખે એમની વિદ્વત્તાનાં અને એમના સૌજન્યનાં ગુણગાન સાંભળવાના પ્રસંગો પ્રાપ્ત થાય છે ત્યારે પ્રકરણના આરંભમાં ઉતારેલી સ્વામી રામદાસની પંક્તિનું અમને સ્મરણ થાય છે.

મનઃ ચંદને જેમ કાયા ઝીઝાવી,
રહે અંતરો સજ્જનોના રીઝાવી. "

પરિશિષ્ટ ૫

ઓન. રા. બ. રમણભાઇ મહીપતરામને મળેલું માનપત્ર

દિવાન બહાદુર અંબાલાલભાઇના શબ્દોમાં જણાવીએ તો અમદાવાદમાં અગાઉ કદી નહિ બનેલો એવો એક અપૂર્વ અને આનંદદાયક બનાવ તા. ૩૦ એપ્રિલના દિવસે દિ. બ. અંબાલાલ સાકરલાલ દેસાઇના પ્રમુખપણા હેઠળ બન્યો હતો; અને તે અમદાવાદના માસિક પત્રો, વર્તમાનપત્રો અને પ્રેસ માલીકો તરફથી ઓન. રા. બ. રમણભાઇ મહીપતરામ નીલકંઠને તેમના દેશસેવા અને સાર્વજનિક કાર્યોની કદર કરનારૂં, તેમને નામદાર સરકારે નવાજેશ કરેલા ઇલ્કાબ અને મુંબઇની ધારાસભામાં સભાસદ નીમવા માટે-એક માનપત્ર અર્પણ કરવાનો મેળાવડો હતો.

ઓન. રા. બ. રમણભાઇ પ્રત્યે અમને બહુ સન્માન હોઈ તેમની પ્રસંશા કરતાં પક્ષપાત થઇ જાય એ સ્વાભાવિક છે; અને તેથી જ અતિશયોક્તિના દોષથી અમે આરોપિત ન થઇએ તેટલા માટે જાણી બુઝીને અમે તેમના સાંસારિક, ધાર્મિક, રાજકીય, સાહિત્ય અને કેળવણીને લગતાં મ્યુનિસીપલ જનસેવા અને સાર્વજનિક કાર્યોની આ પ્રસંગે નોંધ લેવાનું મોકુફ રાખ્યું છે.

જેઓ રા. બ. રમણભાઇના સહવાસમાં આવ્યા છે, જેમને તેમની કાર્ય પદ્ધતિ પરિચિત છે અને જેઓ તેમના સાર્વજનિક કાર્યોથી સારી રીતે વાકેફ છે, તેઓ કહી શકશે કે તેમની સાથેના પરિચયમાં આપણે સાલસાઈ અને સલુકાઈ ભરેલું વર્તન અને રીતભાત અનુભવીએ છીએ; તેમની કાર્યરીતિ સરળ, એકમાર્ગી અને સત્યનિષ્ઠાથી પ્રેરાએલી પ્રામાણિક દૃષ્ટિગોચર થાય છે અને તેમના સાર્વજનિક જનસેવાના અને દેશોન્નતિનાં કામો બહુ ઉદાર ભાવના અને ઉચ્ચ આદર્શથી સિંચાઇને વિકાસ પામે છે.

એમના 'નીલકંઠ' ઉપનામમાંજ ઉપરના ગુણોનું બહુ સારૂં સૂચન થાય છે. અમે માનીએ છીએ કે તે ગુણો પરંપરાથી તેમના વંશમા ઉતરી આવીને રા. બ. રમણભાઇમાં પૂર્ણ રીતે વિકાસ પામીને દીપી નીકળ્યા છે. 'નીલકંઠ' એ નામ શિવ-મહાદેવજીનું છે અને તે નામ શાથી પડ્યું એ પૌરાણિક આખ્યાયિકા બહુ જાણિતી છે.

દેવ અને દાનવો મળીને સમુદ્ર મંથન કર્યું અને તેમાંથી પ્રાપ્ત થએલું ઝેર શિવજીએ પાન કર્યું જેથી તે નીલકંઠ કહેવાયા એ કથા પ્રો. આનંદશંકરભાઇએ તેમની રસ અને મીઠાશભરી સમર્થ શૈલીમાં તેમના "નીતિશિક્ષણ" નામના પુસ્તકમાં બહુ સારી રીતે વર્ણવી છે તે, વિશેષ માહિતી સારૂં અમારા વાચકોને જોવાની ભલામણ કરીશું.

આ સંબંધી વિશેષ વિવેચન નહિ કરતાં તેમને અર્પણ કરવામાં આવેલું માનપત્ર અત્રે ઉતારીનેજ અમે સંતોષ માનીશું:—

ધિ ઑનરેબલ રાવબહાદુર

રમણભાઈ મહીપતરામ નીલકંઠ,

બી. એ., એલ,એલ. બી.

મુંબઇની ના. ગવર્નર સા. ની ધારાસભાના સભાસદ, ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીના ઓનરરી સેક્રેટરી, 'વસન્ત' તથા 'જ્ઞાનસુધા' માસિક પત્રોના તંત્રી વગેરે.

અમદાવાદ.

માનવંત સુજ્ઞ મહાશય,

આપણા ઇતિહાસપ્રસિદ્ધ રાજનગરની વિવિધ ધર્મો તથા ભિન્ન ભિન્ન કોમોમાં વહેંચાયલી સકળ પ્રજા અને આપણી માતૃભાષાની સેવાનાં અનેક કર્મક્ષેત્રોમાં આપે જે ઉત્સાહ, પ્રીતિ અને ઉત્કર્ષક આત્મત્યાગ દર્શાવ્યાં છે, તથા જે જે શુભ વિચારો અને શુભ કાર્યોનાં બી વાવ્યાં છે તેના પ્રોત્સાહનથી આકર્ષાઈ, અમે આ આનંદદાયક પ્રસંગે આપને અભિનંદન આપવા સ્નેહથી પ્રેરાઇએ છીએ.

આપે 'સરલ જીવન અને ઉચ્ચ વિચાર'ને જીવનસૂત્ર બનાવી, મહાન્ આશયથી સતત્ શ્રમ લઇને ગુજરાતના એક પ્રશસ્ત વિદ્વાન્ અને અગ્રગણ્ય નાગરિકનું પદ પ્રાપ્ત કર્યું છે. હૃદયની સરળતા, બુદ્ધિની વિશાળતા, અને સુનીતિ-સુવિવેક ઇત્યાદિ ઉત્તમ સદ્ગુણો વડે શોભતું આપનું ઉચ્ચ જીવન સમગ્ર પ્રજા આગળ પ્રદર્શિત થયું છે; અને જૂદા જૂદા ધર્મો તથા કોમોની સાહિત્ય અને કેળવણી વિષયક સેવા પૂર્ણ ઉમંગથી-અનેક રીતે સ્વાર્થનો ભોગ આપીને પણ આપે કીધી છે. આપ અમદાવાદની અનેક જાહેર સંસ્થાઓ સાથે મંત્રી અથવા પ્રમુખ તરીકે જોડાએલા છો, જે ઉપરથી આપના લોકોપકારક અને પારમાર્થિક જીવનની સારી રીતે પ્રતીતિ મળે છે. આપે જે અનેક જાહેર સંસ્થાઓમાં રહીને લોકસેવા બજાવી છે અને હાલ બજાવો છો તેમાંની મુખ્ય મુખ્ય સંસ્થા નીચે પ્રમાણે છે:-

ઑન. સેક્રેટરી, ગુજરાત વ. સોસાઇટી.
પ્રમુખ, ગુજરાતી સાહિત્ય સભા.
ચેરમેન ૧લી સાહિત્ય પરિષદ-અમદાવાદ.
ઑન. સેક્રે. આપાશવ ભોળાનાથ લાયબ્રેરી
,, ડીસ્ટ્રીક્ટ કોર્ટ લૉ લાયબ્રેરી.
,, નેશનલ ઇન્ડીઅન એસોસીએશન (ગુજરાત વિભાગ)

ઑન. સેક્રેટરી રા. બ. રણછોડલાલ છોટાલાલ ખાડીઆ કન્યાશાળા.
,, ગુજરાત સંસાર સુધારા સમાજ.
,, મહીપતરામ રૂપરામ અનાથાશ્રમ.
,, મુગાં પ્રાણીઓ ઉપર ગુજરતું ઘાતકીપણું અટકાવનારી મંડળી.
વગેરે, વગેરે,

મુદ્રણકલાનો અને પત્રપ્રકાશનનો ઉદ્યોગ જગત્ ઉપર મોટામાં મોટો ઉપકાર કરે છે, એ નિઃસંશય છે. લક્ષાવધિ મનુષ્યોના જીવનમાં તે વડે સદ્‌બુદ્ધિનું, હૃદયવિકાસનું અને આત્મોત્કર્ષનું તેજ પ્રકાશે છે; અસંખ્ય કુટુમ્બોમાં તે ઉદ્યોગ આનંદ, પ્રગતિ, અને કલ્યાણનાં સુધા-ઝરણ રેલાવે છે. આપણા દેશમાં આ ઉદ્યોગના પ્રારંભકાળમાં આપના પરલોકવાસી પિતાશ્રી **રાવસાહેબ મહીપતરામ રૂપરામ નીલકંઠ**, સી. આઈ. ઇ. એ તે ઉદ્યોગને પ્રીતિપૂર્વક વધાવી તેની અભિવૃદ્ધિમાં અંતઃકરણથી સહાયતા કીધી હતી; અને આપે પણ એમનેજ પગલે ચાલીને સરસ્વતીદેવીના પૂજનમાં, એવો અભિનંદનીય ભાગ લીધો છે કે માતૃભાષા ગુર્જરીની પ્રગતિ-વિકાસના ઇતિહાસમાં આપે અચળ સ્થાન પ્રાપ્ત કર્યું છે; તેમજ પત્ર-પ્રકાશનના ઉદ્યોગને પણ આપે '**જ્ઞાનસુધા**'ના તંત્રી-અમદાવાદનાં ચોપાનીઆના વિદ્યમાન તંત્રીઓમાં જૂનામાં જૂના તંત્રી-તરીકે અને **ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીનું** ઑનરરી મંત્રીત્વ તથા '**વસન્ત**'નું તંત્રીત્વ સ્વીકારીને અને છાપખાનાની જૂનામાં જૂની સંસ્થા યુનાઇટેડ પ્રેસ કંપનીના ડીરેકટરની બોર્ડમાં સામેલ થઇને સોલ્લાસ સહાયતા આપી છે.

આપનાં દેશહિતનાં આ સત્કર્મોની ઉપયોગિતાનો નામદાર સરકારે સ્વીકાર કરીને આપને "**રાવબહાદુર**"નું માનવંત પદ તથા **ના. મુંબઇ સરકારની ધારાસભાના સભાસદ** તરીકેનું સન્માનીત સ્થાન આપ્યું છે, તે માટે અમે અમદાવાદનાં સર્વે છાપખાનાંના માલેકો અને માસિક તથા સાપ્તાહિક પત્રોના અધિપતિ અને માલેકો આપને અંતઃકરણપૂર્વક અભિનંદન આપીએ છીએ; અને પરમ દયાળુ પ્રભુ પ્રત્યે અંતઃકરણપૂર્વક પ્રાર્થના કરીએ છીએ કે આપને અધિક સુખ, સંપત્તિ, આરોગ્ય અને દીર્ઘાયુષ્ય બક્ષવા તે કૃપાવન્ત થાય, કે જેથી માતૃ-ભાષાની અને સ્વદેશની સેવા આપ વડે દીર્ઘ કાળ પર્યન્ત થયાં કરે. તથાસ્તુ!

તા. ૨૦ માહે એપ્રિલ સન ૧૯૧૩.

અમે છીએ આપના ગુણગ્રાહકો સદ્‌ગુણપૂજકો*

---

* બુદ્ધિપ્રકાશ સન ૧૯૧૩; પૃ. ૧૫૮.

પ્રકરણ ૧૭

સોસાઇટીનું પુસ્તકાલય અને પુસ્તકાલય પ્રવૃત્તિ

" લાઇબ્રેરીમાં આપણે હજારો રસ્તા મળતા ચૅાકમાં ઉભીએ છીએ. કોઇ રસ્તો જાય છે અનંત સમુદ્રમાં, કોઇ ચડે છે અનંત શિખર ઉપર, અને કોઇ ઊતરે છે માનવહૃદયના અતલસ્પર્શમાં. જ્યાં જવાની ઇચ્છા થાય ત્યાં દોડો, ક્યાંય બાધા ન મળે. મનુષ્યે પોતાના પરિત્રાણને એક નાનકડી જગ્યામાં બાંધી રાખ્યું છે.

શંખમાં જેવી રીતે સમુદ્રનો શબ્દ સંભળાય તેવી રીતે આ લાઇબ્રેરીમાં શું તમે હૃદયનાં ઉત્થાન અને પતનના શબ્દો સાંભળો છો ? અહીંઆ જીવિત અને મૃત બન્ને વ્યક્તિઓનાં હૃદયો પાસેપાસે એક જ લત્તામાં રહે છે. વાદ અને પ્રતિવાદ અહીંઆં બે ભાઇની માફક સાથેસાથ રહે છે. સંશય અને વિશ્વાસ, સંધાન અને આવિષ્કાર, અહીંઆં એકબીજાનાં શરીરની લગોલગ વસે છે. અહીંઆં દીર્ઘ પ્રાણ અને સ્વલ્પ પ્રાણ પરમ ધૈર્ય અને શાંતિ સાથે જીવનયાત્રાનો નિર્વાહ કરે છે. કોઈ કોઇની ઉપેક્ષા કરતું નથી.

કેટલીક નદીઓ, સમુદ્ર, અને પર્વતો ઓળંગીને માનવનો કંઠ અહીં આવી પહોંચ્યો છે—કેટલાય સૈકાઓના છેડેથી આ સ્વર આવે છે–આવો, અહીં આવો; અહીં પ્રકાશનું જન્મસંગીત ગવાય છે !

અમૃત લોકનો પ્રથમ આવિષ્કાર કરીને જે જે મહાપુરુષોએ જે કોઇ દિવસે પોતાની ચોતરફના માણસોને હાકલ પાડીને બોલાવ્યાં છે–" તમે સઘળા અમૃતના પુત્ર છો, તમે દિવ્ય ધામના વાસી છો—" તે જ મહા-પુરુષોના કંઠ સહસ્ર ભાષામાં સહસ્ર વર્ષોમાંથી પસાર થતા આ લાઇબ્રેરીમાં પ્રતિધ્વનિત થઇ રહ્યા છે. "

[**કવિવર રવીન્દ્રનાથ ટાગોર,** પ્રસ્થાન, વૈશાખ સં. ૧૯૯૦.]

ગુજરાતમાં પહેલવહેલું પુસ્તકાલય સોસાઇટીએ સન ૧૮૪૯ માં સ્થાપ્યું હતું, અને તેનો વૃત્તાંત સોસાઇટીના ઇતિહાસ વિભાગ ૧ માં ૨૧ મે પૃષ્ટે આપેલો છે.

સોસાઇટીનું આગવું મકાન નગરશેઠ હિમાભાઈની ઉદાર સહાયતાથી ઉભું થતાં સોસાઈટીનું કાર્યાલય અને સોસાઇટીનું પુસ્તકાલય એ નવા મકાનમાં લઈ જવામાં આવ્યાં હતાં. તે પછી ઉપરોક્ત પુસ્તકાલયને હિમાભાઇ ઈન્સ્ટીટયુટ એ નામ આપીને, એ સંસ્થા સારી રીતે વધારીને ખીલવી શકાય એ હેતુથી સન ૧૮૫૬ માં તેનો વહિવટ અને કબજો એક એલાયદી કમિટીને સોંપવામાં આવ્યો હતો. તે વખતે "તેની પાસે ૩૧૫૮ પુસ્તકો હતાં, રૂ. ૪૫ ની માસિક આવક હતી અને સભાસદોની સંખ્યા ૧૭૫ ની હતી."

સોસાઇટીનું આ એક મહત્વનું અંગ આ પ્રમાણે અલગ થયું; તોપણ બુદ્ધિપ્રકાશમાં સમાલોચના અર્થે અને ઉત્તેજન અર્થે સોસાઇટીને લેખક વર્ગ તરફથી ગુજરાતી પુસ્તકો ચાલુ મળતાં રહેતાં અને અવારનવાર ઈંગ્રેજી પુસ્તકો તરજુમો કરાવવા માટે તેમ રેફરન્સ સારૂ ખરીદ કરવામાં આવતાં; એટલુંજ નહિ પણ ગુજરાતી તેમજ સંસ્કૃત હાથપ્રતો મેળવવાનો પ્રયત્ન ચાલુ હતો.

પચીસ વર્ષના ગાળા પછી સોસાઇટીએ તેના પુસ્તકસંગ્રહનું કેટલૉગ છપાવ્યું હતું, તેમાં પુસ્તકોની સંખ્યા ૧૬૭૦ નોંધેલી છે.

ગુજરાતી પુસ્તકોનું પ્રકાશન આજના જેવું તે કાળે મોટી સંખ્યામાં થતું નહોતું; અને વચગાળામાં સોસાઇટીના પુસ્તકાલયને સમૃદ્ધ કરવા બહુ દરકાર પણ રખાઇ નહોતી, એમ કેટલાંક મહત્વનાં પુસ્તકો એ વર્ષોનાં તેમાં નહિ હોવાથી સમજાય છે અને તેની સંભાળ રાખનાર જવાબદાર ગ્રંથપાળના અભાવે એમાંથી ગુમ થયલાં પુસ્તકોની સંખ્યા પણ થોડી નહોતી.

તેમ છતાં પાછળથી સોસાઇટીના પુસ્તક સંગ્રહને બને તેટલું સમૃદ્ધ અને સંપૂર્ણ બનાવવા સતત પ્રયત્ન થતો રહ્યો છે અને તેથી આજે સોસાઈટીનું પુસ્તકાલય અન્ય કોઇ પુસ્તકાલય કરતાં મ્હોટું માલુમ પડશે, એટલુંજ નહિ પણ ગુજરાતી પુસ્તક સંગ્રહમાં સર્વોપરિ હોવાનો સોસાઇટી દાવો કરી શકે.

સન ૧૯૧૧ માં સોસાઇટીનાં પુસ્તકાલયનું કેટલૉગ, વિષયવાર, કક્કાવાર અને લેખકવાર પ્રસિદ્ધ થયું હતું તેમાં પુસ્તકોની કુલ સંખ્યા ૪૧૮૯ દર્શાવેલી છે.

તે પછી નવું કેટલૉગ સન ૧૯૨૧ માં છપાયું તેમાં પુસ્તકોની સંખ્યા દોઢી માલુમ પડે છે; અને તેમાં વિવિધતા પણ ઘણી જોવામાં આવે છે.

સન ૧૯૨૦ પછી ગુજરાતી પુસ્તક પ્રકાશનમાં મોટી ભરતી થયલી છે અને તેનું મુદ્રણ કામ પણ સુધર્યું છે; અને એ નવાં પ્રકાશનોની વ્યવસ્થિત નોંધ રહે એ ઉદ્દેશથી સોસાઇટી તરફથી પ્રસિદ્ધ થતા "ગ્રંથ અને ગ્રંથકાર" નામનાં વાર્ષિક પુસ્તકમાં તેની વિષયવાર યાદી, બને તેટલી સંપૂર્ણ બનાવી, આપવાનો પ્રયત્ન થાય છે.

પુસ્તકાલય સહાયક સહકારી મંડળે ગુજરાતી ૮૦૦૦ પુસ્તકોની વર્ગીકૃત યાદી અને તે પછીથી ગુજરાતી ૪૦૦૦ પુસ્તકોની વર્ગીકૃત યાદી, એ બે ગ્રંથો પ્રસિદ્ધ કરેલા છે; પરંતુ આજપર્યંત છપાયલાં સઘળાં ગુજરાતી પુસ્તકોનું એક મ્હોટું કેટલૉગ તયાર થવાની જરૂર છે અને તે દિશામાં હવે પ્રયાસ થવા જોઇએ છે.

સોસાઇટીના પુસ્તકાલયનું સન ૧૯૩૩ આખર સુધીનું કેટલોગ નવેસર છપાય છે, તે તપાસતાં તેની પુસ્તક સંખ્યા ચૌદ હજારથી વધુ થવા જાય છે; એ પરથી જોઇ શકાશે કે સોસાઇટીનું પુસ્તકાલય ઉત્તરોત્તર વધતું અને ખીલતું ગયું છે.

સોસાઇટીનો જુની હાથપ્રતોનો સંગ્રહ બહુ મ્હોટો નહોતો અને તેમાંની ઘણી પ્રતો માત્ર નકલો હતી. પણ આજે એ સંગ્રહ બહુ મૂલ્યવાન અને ઉપયોગી બન્યો છે અને તેની સવિસ્તર હકીકત "કવીશ્વર દલપતરામ હસ્તલિખિત પુસ્તક સંગ્રહ" એ પ્રકરણમાં જણાવેલી છે.

આ ઉપરાંત સોસાઇટી હિંદી, મરાઠી અને સંસ્કૃત પુસ્તકો સારી સંખ્યામાં ધરાવે છે અને ઇંગ્રેજી પુસ્તકો અગાઉ જૂજબાજ હતાં તેમાં પુષ્કળ ઉમેરો થયલો છે. સન ૧૯૨૨ માં હિન્દના ઇતિહાસ, સાહિત્ય, ભાષાશાસ્ત્ર, પ્રાચીન શોધખોળના રીપોર્ટ અને સંસ્કૃતિને લગતાં પુસ્તકો ખાસ સંગ્રહવાનો કમિટીએ ઠરાવ કર્યો હતો અને એ વિભાગને સારી રીતે સમૃદ્ધ કરવા તજવીજ થતી રહે છે.

રેફરન્સ પુસ્તકો માટે અભ્યાસીઓને બહુ અડચણ પડતી તે દૂર કરવાને સોસાઇટીનો રેફરન્સ વિભાગ પણ એવી રીતે ખીલવવામાં આવ્યો છે અને તેમાં જાણીતાં રેફરન્સ પુસ્તકો જેવાં કે, એન્સાઈક્લોપિડિયા બ્રિટાનિકાની ૧૧ મી આવૃત્તિ, પૂરવણી ગ્રંથો સહિત અને છેલ્લી ચૌદમી આવૃત્તિ; ચેમ્બર્સ એન્સાઇક્લોપિડિયા, સાઈક્લોપિડિયા ઓફ રિલિજીયન એન્ડ એથિકસ, (હેસ્ટિંગ્સ સંપાદિત) હિસ્ટોરિયન હિસ્ટરી, ઇમ્પિરિયલ ગેઝી-

ટીઅરનો સેટ, મુંબાઈ ઈલાકાના ગેઝીટીઅરના છૂટક ભાગો-ઉપલબ્ધ છે તે-હિન્દી વસ્તી પત્રકના રીપોર્ટ, મરાઠી જ્ઞાનચક્ર, હિન્દી વિશ્વકોશ વગેરે પણ સંગ્રહવામાં આવ્યાં છે.

સોસાઈટીના સંચાલકો. સોસાઈટીના મકાન પાસેની જમીન જે સરકારદ્વારા એક્વાઇર કરવામાં આવેલી છે, તે પર પ્રેમાભાઇ હૉલને વિસ્તારી નીચેના ભાગમાં સોસાઇટીનું પુસ્તકાલય ગોઠવી, તે પુસ્તકાલય વાચક અને અભ્યાસી વર્ગને લેખનવાચન માટે સર્વ રીતે સવડભર્યું થઇ પડે એવી વ્યવસ્થા કરવા ઉમેદ ધરાવે છે અને તે વ્યવસ્થા અમલમાં આવે, અમદાવાદમાં એક સારા સરસ્વતી મંદિરની ખોટ તે પૂરી પાડશે એવી માન્યતા છે.

સોસાઇટીના પુસ્તકાલયનો ગુજરાતી વિભાગ બને તેટલો સંપૂર્ણ કરી શકાય, એ આશયથી સોસાઈટી વર્ષોવર્ષ મુંબાઈ ઇલાકાના કેળવણી ખાતાના વડાને, ઉત્તર વિભાગના એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર મારફત, સોસાઈટીનો વાર્ષિક અહેવાલ સાદર કરતાં, તે પત્રમાં પ્રેસ એક્ટની રૂએ મુંબાઈ સરકારને પુસ્તકની બે પ્રતો ભરવામાં છે તેમાંની ગુજરાતી પ્રત સોસાઇટીને કાયમ સંગ્રહ અને સાચવણી માટે આપવા ચાલુ માગણી કરવામાં આવતી હતી.

હમણાં જ મુંબાઈ ઈલાકાના કેળવણી ખાતાના વડાએ સોસાઇટીની એ વાજબી માગણીનો સ્વીકાર કરી, વર્નાક્યુલર ટેક્ષ્ટ બુક કમિટીને, ઈનામ લાઇબ્રેરી અને ટેક્ષ્ટ બુક તરીકે મંજુર થવા જે પુસ્તકો મળે છે તેમાંની એકએક પ્રત સોસાઈટીને આપવાનો નિર્ણય કર્યો છે. (જુઓ પરિશિષ્ટ ૬.)

સોસાઈટીની માગણી તો પ્રેસ એક્ટની રૂએ જે પુસ્તકો સરકારમાં ભરવામાં આવે છે, તેમાંનાં ગુજરાતી પુસ્તકોની એક એક પ્રત મળવા સારૂ હતી, તોપણ આ જે શરૂઆત થઇ છે, તેનું શુભ ફળ વહેલુંમોડું આવશે એવી આપણે આશા રાખીશું અને લેખક વર્ગને અમારી અરજ છે કે સોસાઇટી ગુજરાતી પુસ્તકોનો બને તેટલો સંપૂર્ણ સંગ્રહ કરવા શક્તિમાન થાય તે સારૂ એમનાં પ્રકાશનની એક એક પ્રત સોસાઇટીને તેઓ મોકલી આપે.

ચાલુ વર્ષમાં (સન ૧૯૩૪) વડોદરા રાજ્ય પુસ્તકાલય વિભાગની પેઠે ગુજરાતમાં પુસ્તકાલય પ્રવૃત્તિનું કાર્ય પદ્ધતિસર અને નિયમિતપણે ઉપાડી લેવાં સોસાઈટીના આશ્રય હેઠળ પહેલી ગુજરાત પુસ્તકાલય પરિષદ સર મનુભાઈ મહેતા-વડોદરા રાજ્યના માજી દિવાન સાહેબ-ના પ્રમુખપદ હેઠળ તા. ૬ ઠ્ઠી અને તા. ૭ મી મે એ બે દિવસે મળી હતી; અને તેનું

સઘળું કામકાજ, અમને નોંધતાં સંતોષ થાય છે કે, સર્વ રીતે ફતેહમંદ નિવડયું હતું.

આ પ્રવૃત્તિ ઉપાડી લેવામાં આવી તે આગમચ સોસાઇટીએ ઓછી વસ્તીવાળાં ગામો, કે જ્યાં નિશાળ પણ ન હોય એવાં સ્થળે, મુકરર ધોરણે વાચનાલયો ખોલવાનો પ્રબંધ કર્યો હતો અને તે કાર્યમાં શ્રીયુત વકુંઠલાલ શ્રીપતરાય ઠાકોરે મદદ કરતાં, સોસાઇટી હસ્તક પ્રિયંવદા ગ્રામ વાચનાલયની યોજના અસ્તિત્વમ આવી હતી.

એવી બીજી યોજના અમદાવાદ જીલ્લાની નિશાળોમાં વિદ્યાર્થીઓને ઇતર વાચન સારૂ બાળસાહિત્યની પેટીઓ પૂરી પાડવાની હતી અને તે કામમાં ઉત્તર વિભાગના માજી એજ્યુકેશનલ ઇન્સપેકટર શ્રીયુત કૃષ્ણલાલ સૂરજરામ્ વકીલે સહાનુભૂતિ દર્શાવી, કેળવણી ખાતા તરફથી બનતી સગવડ કરી આપવાનું જણાવ્યું હતું પણ એ અરસામાં તેમની ફેરફારી થતાં એ અખતરો પ્રયોગમાં મૂકવાનું બની શક્યું નહોતું.

સોસાઈટીની પુસ્તકાલય પ્રવૃત્તિ સંબંધમાં પહેલી ગુજરાત પુસ્તકાલય પરિષદ સમક્ષ આસિ. સેક્રેટરીએ નિવેદન રજુ કર્યું હતું તેમાં કેટલીક જાણવા જેવી હકીકત આપેલી છે, અને એ પ્રવૃત્તિને અંગે શું શું થઈ શકે અને તેના વિકાસ માટે કેવા પ્રયત્ન થવા જોઇએ અને તે માટે કેટલો અવકાશ છે, એનું બહુ કિંમતી માર્ગસૂચન સ્વાગત અધ્યક્ષ લેડી વિદ્યાબહેને, એમનાં વ્યાખ્યાનમાં કરેલું છે; અને આ બંને લેખો પ્રસ્તુત પ્રકરણનાં પૂર્તિરૂપ હોઇને તે પરિશિષ્ટ ૭ માં દાખલ કર્યા છે.

પરિશિષ્ટ ૬

No. 102/7-C.

POONA, 14th April, 1934.

To,

THE EDUCATIONAL INSPECTOR,

N. D.

With reference to your letter No. 339 of 12-4-1934, I have the honour to request that you will in future supply the Gujarat Vernacular Society, Ahmedabad, with one copy of each of the Gujarati Publications you can spare after the consideration by the Provincial School Book Committee.

I have the honour to be,

Sir,

Your most obedient servant,

Sd/. **H. J. Varia.**

T. A. S. 14/4. for Director of Public Instruction.

No. S.-102/7-C.

POONA, 14th April, 1934.

Copy forwarded for information.

Sd/. **H. J. Varia.**

for Director of Public Instruction.

No. E. 71 of 1933.
Ahmedabad Office of the
GUJARAT VERNACULAR SOCIETY,
P. O. Box. No. 23.
Dated, 26th May 1933.

From,
LADY VIDYAGAURI RAMANBHAI NILKANTH, B. A.
Hon. Secretary,
GUJARAT VERNACULAR SOCIETY,
AHMEDABAD.

To,
THE EDUCATIONAL INSPECTOR, N. D.
AHMEDABAD.

Sir,

With reference to your letter No. 2205 of 1933 dated the 24th inst. I have the honour to inform you that the Government receives under the act XXV of 1867 a copy of each book published in the British India and I understand, there is no adequate and proper arrangement for collection and preservation of these books.

The Gujarat Vernacular Society is a literary Institution founded for the growth and development of Gujarati language and literature. So the Society is naturally very anxious that steps may be taken for collection and preservation of all books published in Gujarati.

The Society possesses the best and largest collection of Gujarati books and if the Government as prayed for in my letter is pleased to help the Society by supply of these books to make its collection as complete as possible, I need not say, it will prove a blessing to students of Gujarati literature.

I have the honour to be,
Sir,
Your most obedient servant.
Sd/. **V. Ramanbhai.**
Hon. Secretary.

No. E. 109 of 1933.
Ahmedabad Office of the
GUJARAT VERNACULAR SOCIETY,
AHMEDABAD, 8th July 1934.

From,

LADY VIDYAGAURI RAMANBHAI NILKANTH, B. A.,
Hon. Secretary,
GUJARAT VERNACULAR SOCIETY,
AHMEDABAD.

To,

RAO SAHEB BHUPATRAI JAMIATRAM SHASTRI, M. A.,
Educational Inspector, N. D.
AHMEDABAD.

Sir,

In further continuation of my letter No. E. 71 of 1933 dated 26th May last, I have the honour to inform you that in the English Copy Right Act, the publisher is bound to provide six copies of each publication and these copies are then supplied to several libraries in the United Kingdom.

When the Indian Registration act of 1867 was passed, its main object was "that copies of every important and interesting work published should be despatched to England to be deposited in the libraries at the India Office, and it is further stated in the said preamble that,

"In the interests, too, of history and of the scholars of Europe it is undoubtedly wise to provide that a complete collection of the publications of the press of the country should be made as well as in this country as in England."

It will be seen from the above para that the Government has from the very beginning insisted on the collection and preservation of all books published in the country.

Of these publications, I understand only a few selected books are supplied to the library of India office; the rest are stocked here; but these books are not properly catalogued and are also not easily accessible to scholars.

The development and growth of Vernacular literature is making rapid progress and students are keenly feeling the absence of a good, properly equipped and complete library.

To overcome this difficuity Literary Conferences all over the country are appealing to Government to make suitable arrangements to supply books in the language of their Province to Public Institutions, with proper safegurds, to enable them to complete, as far as possible, their collection of books in their own Vernaculars.

There is a movement at present afoot, to supply copies of books received under the Registration Act by Government to the Imperial Library at Calcutta.

From above it will be perceived that the Society's request for supply of Gujarati books to its library for collection and preservation is legitimate and just; and I trust, it will receive support from you.

I have the honour to be,
Sir,
Your most obedient servant,
Sd/. **V. Ramanbhai.**
Hon Secretary.

પરિશિષ્ટ ૭

ગુજરાત પુસ્તકાલય પરિષદ-અમદાવાદ

(તા. ૬ ઠ્ઠી અને તા. ૭ મી મે, ૧૯૩૪)

નિવેદન

સન ૧૯૩૦ માં પાટણમાં ભરાયલી વડોદરા રાજ્ય પુસ્તકાલય પરિષદની પાંચમી બેઠકના પ્રમુખસ્થાનેથી લેડી વિદ્યાબ્હેન રમણભાઈ નીલકંઠે દેશમાં જે અઘોર અજ્ઞાનતાનો અંધકાર વ્યાપી રહ્યો છે, તેના નિવારણ અર્થે પ્રજામાંથી નિરક્ષરતા ટાળવા સારૂ વ્યવસ્થિત પગલાં ભરવા શિક્ષિત વર્ગને અપીલ કરી હતી. દેશનું દુર્ભાગ્ય છે કે દોઢસો વર્ષ થયાં દેશમાં સુલેહશાન્તિ પથરાયા છતાં જનતામાં અક્ષરતાનું પ્રમાણ હજુ દસ ટકાએ પહોંચ્યું નથી; અને છેલ્લાં વસ્તીપત્રકની ગણત્રી પ્રમાણે તો વસ્તીના વધારાના મુકાબલે અક્ષરતાનું પ્રમાણ ઉલટું ઘટયું છે.

નિરક્ષરતા દૂર કરવા માટે જેમ શાળા આવશ્યક છે, તેમ થોડુંઘણું અક્ષરજ્ઞાન જેમણે પ્રાપ્ત કર્યું છે, તેને દૃઢ કરવાને, તેનો વિકાસ થવાને વધુ માહિતી મેળવવાને, પુસ્તકશાળા એટલીજ આવશ્યક છે. શિક્ષણ અને જ્ઞાનપ્રચારના કાર્યમાં, શાળાની પેઠે, પુસ્તકશાળાનું મહત્વ છે; બલ્કે કંઈક વધુ છે, એમ કહેવામાં અતિશયોક્તિ નથી.

આ પ્રમાણેની માન્યતાથી જ સન ૧૮૪૯ માં ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીની સ્થાપના કરવાની સાથે તેના સંસ્થાપક, ભલી નિષ્ઠાવાળા અલેક્ઝાન્ડર કિન્લોક ફોર્બ્સે દેશમાં કેળવણી અને જ્ઞાનપ્રચારનાં મુખ્ય સાધન તરીકે તેનું પ્રથમ કાર્ય પુસ્તકાલય ખોલવાનું કાર્ય હાથ ધર્યું હતું, જે ગુજરાતમાં પહેલવહેલું હતું.

વડોદરા નરેશ શ્રીમંત મહારાજા સર સયાજીરાવે વડોદરા રાજ્યમાં ફરજિયાત કેળવણીનો કાયદો અમલમાં મૂક્યા પછી જોયું કે પ્રજામાં જ્ઞાન પ્રકાશનાં કિરણો સતેજ અને પ્રકાશિત રાખવાનો માર્ગ સ્થળે સ્થળે, ગામડે ગામડે પુસ્તકાલયો સ્થાપવાનો છે, અને દીર્ઘ દૃષ્ટિવાળા એ મહાપુરૂષે તુરતજ તે માટે પ્રબંધ કર્યો, જે કાર્યમાં આપણી ગુજરાત પુસ્તકાલય પરિષદના

પ્રમુખ અને વડોદરા રાજ્યના માજી દીવાન સર મનુભાઇએ મુખ્ય ભાગ લીધો હતો.

એ પુસ્તકાલય પ્રવૃત્તિ ઉપાડી લેવા વડોદરા રાજ્ય તરફથી પદ્ધતિસર પગલાં ભરાયાં તે આગમચ તેના એક પ્રજાજન અને તેના કેળવણી ખાતાના એક મુખ્ય શિક્ષક શ્રીયુત મોતીભાઈ અમીને તેનાં બીજ મિત્રમંડળ નામની એક સંસ્થા સ્થાપીને આપણા પ્રાંતમાં ઠેર ઠેર વેર્યાં હતાં, અને તે કારણે છેક દક્ષિણના દૂરના ભાગ—મદ્રાસે એમની એ સેવાની કદર હમણાંજ એમને પુસ્તકાલય પ્રવૃત્તિના પિતામહનું બિરદ બક્ષીને કરી છે, એ આપણે ગુજરાતીઓને ગર્વ લેવા જેવું છે.

સોસાઇટીએ ઉપર જણાવ્યું તેમ ગુજરાતમાં એક પુસ્તકાલય સ્થાપવાની પહેલ કરી હતી તેમ તે, એ પુસ્તકાલય પ્રવૃત્તિને હમેશ મદદ કરતી આવેલી છે અને સાર્વજનિક પુસ્તકાલયોને ઉત્તેજન આપવા સારૂ તેણે ઉદાર નીતિ ગ્રહણ કરેલી છે; તેના પરિણામે આજે ૫૭૪ સાર્વજનિક પુસ્તકાલયો સોસાઈટીમાં રજીસ્ટર લાઈબ્રેરી તરીકે નોંધાયલાં છે. આ સઘળાં પુસ્તકાલયોને રૂ. ૫૦) એક વખતજ એકસામટા ભર્યાથી આજીવન સભાસદના લાભો કાયમ માટે મળે છે.

સોસાઇટીનો મુખ્ય ઉદ્દેશ ભાષાસાહિત્યની અભિવૃદ્ધિની સાથે કેળવણી અને જ્ઞાનપ્રચારનો છે અને તેનું એ ધ્યેય હોઇને સન ૧૯૦૬માં શ્રીયુત મોતીભાઇ અમીને એમના નવી મિત્રમંડળની પ્રવૃત્તિને આશ્રય આપવા સોસાઇટી પાસે માગણી કરી ત્યારે નીચે પ્રમાણે ઠરાવ કરીને સોસાઇટીએ તેને મદદ આપી હતીઃ—

"(૧) મિત્રમંડળ પુસ્તકાલયોમાંથી જે પુસ્તકાલય રૂ. ૫૦) આપી સોસાઇટીના નિયમ પ્રમાણે સોસાઇટીમાં રજીસ્ટર થશે, તેને સોસાઇટીએ છપાવેલાં પુસ્તકોમાંથી પુસ્તકાલય પસંદ કરે તે રૂ. ૨૫) સુધીની કિમ્મતનાં પુસ્તકો એકી વખતે બક્ષીસ આપવામાં આવશે.

(૨) મિત્રમંડળ પુસ્તકાલયોને "બુદ્ધિપ્રકાશ" આઠ આનાના લવાજમથી આપવામાં આવશે. લવાજમ વર્ષની શરૂઆતમાં અગાઉથી આપશે તેને એ ખાસ લાભ મળશે.

(૩) મિત્રમંડળ પુસ્તકાલય સોસાઇટીએ છપાવેલાં પુસ્તકોમાંના રૂ. ૨૫) અથવા તે ઉપરાંતની કિંમતનાં પુસ્તકો એકી વખતે ખરીદશે તો તે અર્ધી કિંમતે આપવામાં આવશે.

આ પ્રવૃત્તિનું મહત્વ અને તેમાં રહેલું ગુઢ પીઠબળ પીછાનીને સોસાઈટીના માજી પ્રમુખ અને એક વખતના વડોદરા રાજ્યની વરિષ્ટ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ દી૦ બા૦ અંબાલાલ સાકરલાલ દેસાઇએ ગુજરાતમાં વાંચનાલય સ્થાપવા સારૂ રૂ. ૫૦૦) ની રકમ સોસાઇટીને સન ૧૯૦૬ માં ટ્રસ્ટ તરીકે સોંપી હતી.

તે પછી વડોદરા રાજ્યે અમેરિકાથી સ્વ. બોર્ડન સાહેબને નિમંત્રી રાજ્યમાં પુસ્તકાલય પ્રવૃત્તિને વ્યવસ્થિત ધોરણ પર મૂકી દેવા પ્રયત્ન આદર્યો હતો, તેનાં શુભ પરિણામો આપણે વડોદરા રાજ્ય પુસ્તકાલય પરિષદ અને પરિષદમંડળની પ્રવૃત્તિમાં નિહાળીએ છીએ.

વડોદરા રાજ્યની આશરે ૨૫ લાખની વસ્તીમાંથી ૧૬ લાખને વાંચનાલયોનો લાભ મળે છે, એ ઓછું સંતોષકારક નથી. વડોદરા રાજ્ય લાઇબ્રેરી વિભાગના છેલ્લા વાર્ષિક રીપોર્ટ પરથી જણાય છે કે રાજ્યની વસ્તીના ૬૭ ટકાને પુસ્તકાલયોનો લાભ મળે છે અને ગામડાંમાં તેનું પ્રમાણ નીચે પ્રમાણે છે:–

કસ્બા પુસ્તકાલય – ૪૫
ગ્રામ્ય વાચનાલયો – ૧૫૯
ગ્રામ્ય પુસ્તકાલયો – ૯૧૮

વડોદરા રાજ્યમાં આ પ્રમાણે પુસ્તકાલય પ્રવૃત્તિ વેગભર આગળ વધતી જતી જોઇને બ્રિટીશ હકુમતમાં તદનુસાર કંઇક હીલચાલ ઉપાડી લેવાય એ આશયથી, શ્રીયુત મોતીભાઈ અમીને સોસાઈટીને એ કાર્ય શરૂ કરવા સૂચવ્યું; અને તે પરથી સોસાઇટીના કાર્યવાહકોએ એક સભા ભરી, જે નિર્ણય કર્યો હતો તે સોસાઇટીના સન ૧૯૨૭ના રીપોર્ટમાંથી નીચે નોંધીશું:—

"ચાલુ વર્ષમાં વડોદરા રાજ્ય લાઈબ્રેરીઓના આસિ. ક્યુરેટર રા. રા. મોતીભાઈ નરસીભાઈ અમીન, બી. એ; ની સૂચનાથી લાઇબ્રેરી હિલચાલના વિષયમાં રસ લેતા કેટલાક આગેવાન ગૃહસ્થોની એક સભા સોસાઇટીની ઓફીસમાં મળી હતી. તે પ્રસંગે કેટલુંક પ્રસંગોચિત વિવેચન થયા બાદ ન્હાનાં ગામડાંઓમાં વાચનાલય ખોલવા સંબંધી ઘટતી વ્યવસ્થા કરવાનું સોસાઈટી ઉપાડી લે એવા નિર્ણય પર સભા આવી હતી. તે પ્રતિ સોસાઈટીના મુખ્ય કાર્યવાહકોએ સહાનુભૂતિ દર્શાવી, બનતી સહાયતા આપવા તત્પરતા દર્શાવી હતી."

આ હકીકત વર્તમાનપત્રોમાં પ્રસિદ્ધ થતાં એક સાહિત્યરસિક ગૃહસ્થ શ્રીયુત વૈકુંઠરાય શ્રીપતરાય ઠાકોર જેઓ સોસાઇટીના આજીવન સભાસદ છે અને જેમનું ચારિત્ર સ્વર્ગસ્થ અંબાલાલભાઇના ઉચ્ચ અને સંસ્કારી જીવનથી રંગાયું અને ઘડાયું છે, તેમણે તેમની સ્વર્ગસ્થ પુત્રી પ્રિયંવદાના સ્મરણાર્થે રૂ. ૩૦૦)ની રકમ ગ્રામ્ય વાચનાલય કાઢવા માટે ચોક્કસ મુદત સુધી આપવાની ઇચ્છા દર્શાવી અને તે સોસાઇટીએ ખુશીથી સ્વીકારી લીધી. હાલ પણ સદરહુ પ્રિયંવદા વાચનાલયની યોજના સોસાઇટી હસ્તક ચાલુ છે.

પરંતુ સોસાઇટીના કાર્યકર્તાઓની ઇચ્છા એટલેથી સંતોષ માની બેસી રહેવાની નહોતી. તેઓ ગુજરાતમાં પુસ્તકાલયોનું સંગઠ્ઠન કરવાને ઉત્સુક હતા અને એ ઉદ્દેશથી વડોદરા રાજ્ય પરિષદની પેઠે સમસ્ત ગુજરાત પુસ્તકાલય પરિષદ ભરવાનો તેમણે નિશ્ચય કર્યો, તે આજે પ્રભુ-કૃપાથી પરિપૂર્ણ થાય છે.

ગુજરાત પુસ્તકાલય પરિષદનો મુખ્ય હેતુ ઉપર જણાવ્યા પ્રમાણે બ્રિટિશ પ્રદેશમાં વડોદરા રાજ્યની પેઠે તદ્દન ઓછી વસ્તીવાળાં અને શાળા વિનાનાં ગામોમાં પુસ્તકાલયો કાઢવાનો છે અને તેની યોજના ગ્રાન્ટ-ઇન-એઇડ-ના ધોરણ પર રાખવાની છે; એટલે કે મુકરર રકમ એક ગામ ઉભી કરે તેમાં તેટલી બીજી રકમ ઉમેરીને તે કુલ રકમનાં વર્તમાનપત્રો કે પુસ્તકો પૂરાં પાડવાં; અને નાણાંની સવડ અને મદદ મળે ફરતાં પુસ્તકા-લયોની વ્યવસ્થા કરવી, જેથી પુસ્તકવાચન સતત ચાલુ રહે અને વખતો વખત નવાં પુસ્તકો વાંચવા મેળવવાની સવડ પ્રાપ્ત થાય.

સોસાઇટી આપણા પ્રાન્તમાં જુની, જાણીતી, મોટી અને પ્રતિષ્ઠિત સંસ્થા છે; પણ તેની પ્રવૃત્તિઓ અનેકવિધ છે અને તે ગુજરાત પુસ્ત-કાલય પ્રવૃત્તિનાં કાર્યને એકલે હાથે પહોંચી ન જ શકે, એ સ્પષ્ટ છે.

ગુજરાત પુસ્તકાલય પ્રવૃત્તિને બરોબર જમાવવી હોય અને તેને પ્રગતિમાન રાખવી હોય તો ગુજરાતના સર્વ ભાગોનો તેમાં પૂરો સાથ અને સહકાર આવશ્યક છે; અને તેટલા માટે ગુજરાત પુસ્તકાલય પરિષદ મંડળ સ્થાપવાની સૌથી પ્રથમ અગત્ય છે; એમાં જુદા જુદા જીલ્લાના મુખ્ય મુખ્ય અને જાણીતા કાર્યકર્તાઓ સક્રિય ફાળો આપે અને તેનું કામકાજ ઉત્સાહપૂર્વક ઉપાડી લે.

સદરહુ પરિષદ ભરવામાં આવું એક સ્થાયી મંડળ સ્થાપવું, એ પણ તેની એક નેમ છે.

સમૂહ તંત્રની યોજના પ્રજાને સુપરિચિત થયલી છે અને પ્રાંતનાં જુદાં જુદાં સંઘબળો એકત્રિત થઇને કાર્ય કરે તો તેમાં નવું બળ અને વધુ વેગ આવે એટલુંજ નહિ, પણ તે કાર્યમાં સંગીનતા તેમ સફળતા પ્રાપ્ત થાય એમ અમારૂં માનવું છે.

પુસ્તકાલય પરિષદ મંડળનું સ્વરૂપ કેવા ધોરણે ઘડવું, તેનો કાર્યક્રમ કેવો રાખવો, તેમાં કોણ સભાસદ થઇ શકે, અને તેનાં ધારાધોરણ કેવાં હોવાં જોઇએ વગેરે વિગતોનો નિર્ણય કરવાનું કામ જે કમિટી આપણે નીમવા ઇચ્છીએ છીએ તે નક્કી કરશે. હાલ તુરત એક નિર્ણયપર આપણે આવીશું કે ગુજરાતમાં પુસ્તકાલય પ્રવૃત્તિને પગભર અને મજબુત કરવી હોય તો તે માટે એક કાયમ મંડળ સ્થાપવું જરૂરનું છે.

પુસ્તકસંગ્રહ, એ પ્રજાની સાંસ્કૃતિક સમૃદ્ધિ છે. દરેક રાષ્ટ્ર પોતાનો એ વારસો સંરક્ષવા ઘટતાં પગલાં લે છે. આપણા પૂર્વજો પણ પુસ્તક-સંગ્રહની સાચવણી અને ખીલવણી માટે પુરતી દરકાર રાખતા; તેને પોતાના પ્રાણસમાન રક્ષતા હતા. પાટણના ભંડારો તેના દૃષ્ટાંતરૂપ છે. આપણું પ્રાચીન સાહિત્ય એ ભંડારોમાં આજ પર્યન્ત સુરક્ષિત રહ્યું છે. પ્રાચી-નોએ એ માટે ખાસ સંભાળ લીધી ન હોત તો આપણું એ સાંસ્કૃતિકધન જરૂર નાશ પામ્યું હોત. પૈસોટકો, માલમિલ્કત મોડાંવહેલાં ફરી મેળવી શકાય; પણ પરાપૂર્વથી ઉતરી આવતો એ જ્ઞાનભંડારનો વારસો ગુમાવવામાં આવે તો એના જેવું પારાવાર નુકશાન પ્રજાને બીજું કશું નથી; અને તે ફરી સુલભ થતો નથી' તેટલા માટે પ્રજાની સંસ્કૃતિનાં સાધનો, ગ્રંથ-ભંડાર, ઐતિહાસિક વસ્તુઓ, અવશેષો, કળાના નમુનાઓ, કિંમતી કારી-ગીરીની ચીજો, ચિત્રો, પુતળાં વગેરે સંગ્રહી, સાચવી રાખવા કાયદેસર પ્રબંધ થવો જોઇએ છીએ.

ગુજરાત મગરૂરી લઈ શકે એવું એકકે મ્યુઝીઅમ તેની પાસે નથી; જ્યારે દેશપરદેશમાં ન્હાનાં ન્હાનાં શહેરો, સ્થાનિક મ્યુઝીઅમ ધરાવે છે. તેની પાછળ ખર્ચ કરવામાં કચાશ રાખવામાં આવતી નથી. પ્રાણની પેઠે તેમાંની વસ્તુઓનું જતન કરવામા આવે છે.

પુસ્તકાલય પરિષદે બીજું કાંઈ નહિ તો ગુજરાતમાં પ્રસિદ્ધ થતાં સર્વ પ્રકાશનોને સુવ્યવસ્થિત રીતે સંગ્રહવા અને તેના કાયમ સંરક્ષણ માટે યોગ્ય બંદોબસ્ત કરવા પ્રયત્ન કરવો જોઇએ.

પ્રેસ ઍક્ટની રૂઇએ સરકારને દરેક પ્રકાશનની બે પ્રતો ભરવામાં આવે છે; તેમાંની એક પ્રત પ્રાંતવાર એકાદ મુખ્ય સાહિત્ય સંસ્થાને તે ભેટ આપવામાં આવે તો એ રીતે તેના સંગ્રહ અને સુરક્ષણ માટે તજવીજ કરી શકાય; તેમ લેખકવર્ગને અપીલ કરીને તેમના તરફથી એકેક પ્રત મેળવવા ગોઠવણ થાય.

આ કાર્ય ખોરંભે નાખવા જેવું નથી. તાત્કાલીક તેની અસર નહિ જણાય. જો આપણે આગળ વધવા ઇચ્છતા હઇશુ તો પ્રજાજીવનમાં તેનું અચૂક સ્થાન છે જ; અને તે વિષે બેદરકારી સેવીશું તો ભાવિ પ્રજા આપણને જરૂર ઠપકો આપશે.

પુસ્તકાલય પરિષદ મંડળે તેનો વિચાર કરવો પડશે. તે કાર્યમાં પુસ્તકાલય પરિષદનો અવાજ—અભિપ્રાય બેશક મદદગાર થઇ પડે.

પુસ્તકસંગ્રહનો પ્રશ્ન, ઉપર આપણે, પ્રજાજીવનની દૃષ્ટિએ, આપણી સંસ્કૃતિની દૃષ્ટિએ વિચાર્યો.

હવે તે વ્યક્તિગત દૃષ્ટિએ જોઇએ. મનુષ્ય હરહમેશ નવી નવી માહિતી જાણવા મેળવવાને ઇન્તેજાર હોય છે. નવરાશનો સમય તે આનંદ ને ગમ્મતનાં સાધનો, જેમકે નવલકથા, પ્રવાસ અને સાહસનાં પુસ્તકો, કવિતા નાટક વગેરેનાં પુસ્તકો મેળવીને નિર્ગમન કરે છે અને વેપારરોજગાર, ધંધા હુન્નર માટે પુસ્તકાલયમાંનાં પુસ્તકોની માહિતીપર આધાર રાખે છે. તે સામગ્રી તેના ધંધાના વિકાસનું એક અંગ છે; અને પાશ્ચાત્ય દેશોમાં તાજી અને છેવટની બાતમી આંકડા વગેરે પૂરા પાડવા વ્યવસ્થિત ગોઠવણ રાખેલી હોય છે.

આમાં મહત્વનો મુદ્દો પુસ્તકાલયમાંનાં પુસ્તકોના વપરાશ, ઉપયોગ અને પ્રચારમાં સમાયલો છે.

અત્યાર સુધી પુસ્તકોના સંગ્રહ, સાચવણી અને વ્યવસ્થા પર ખાસ દરકાર રખાતી હતી; પણ થોડાક સમયથી એ ભાવના ફેરવાઈ ગઇ છે અને પ્રજા દરરોજ પ્રસિદ્ધ થતાં પુસ્તકોનો કેમ વધુ લાભ લે, તે પુસ્તકોનું વાંચન કેમ વધે, તેનો બહોળો ઉપયોગ શી રીતે થાય એ પ્રતિ લક્ષ ગયું છે. હમણાં જ લંડનમાં નામદાર શહેનશાહે એવું એક મ્હોટું રાષ્ટ્રીય પુસ્તકાલય પ્રજા માટે ખુલ્લું મૂક્યાનો વૃત્તાંત વર્તમાનપત્રોમાં પ્રસિદ્ધ થયો હતો.

પુસ્તકોનો સંગ્રહ, સુરક્ષણ અને સાચવણી એ સઘળું આવશ્યક છે; તેટલુંજ તેનો બહોળો પ્રચાર અને ઉપયોગ પ્રજા—જીવનને પોષનારો અને

નવીન બળ આપનારો છે. તે કારણે પુસ્તકોનો વાપર અને પ્રચાર કેમ વધુ થાય એ દિશામાં પણ આ નવા મંડળે ચોક્કસ યોજના ઘડવી જોઇએ.

આ કાર્યમાં યોગ્ય લાયકાતવાળા અને સેવાભાવી ગ્રંથપાળની અગત્ય માલુમ પડશે. સામાન્ય માન્યતા એવી છે કે ગ્રંથપાળનું કાર્ય ગમે તે વ્યક્તિ કરી શકે. ચોપડી આપવી લેવી એમાં શું મ્હોટું કાર્ય કરવાનું છે; પણ એ માન્યતા ભૂલભરેલી છે.

પુસ્તકોની આપલેમાં ઓછી મહેનત નથી. કયું પુસ્તક કોને અપાયું છે, ક્યારે અપાયું છે, કેટલી મુદતથી અપાયું છે, પાછું આવ્યું છે કે નહિ એ વગેરે વિગતો તેમજ કેવાં પુસ્તકો વધુ વંચાય છે, કેવાં પુસ્તકોની ખાસ માગણી રહે છે, વાચકની જિજ્ઞાસાને સંતોષવા અને પોષવા શું આવશ્યક છે, વગેરે વહિવટી પ્રશ્નોને પહોંચી વળવા એકલા અનુભવીજ નહિ પણ એ વિષયમાં રસ લેતા અને ખાસ સેવાભાવી ગ્રંથપાળો જોઇએ અને વિશેષમાં તેમણે એ વિષયનું શાસ્ત્રીય જ્ઞાન થોડું ઘણું મેળવેલું હોવું જોઇએ. પુસ્તકોનું પદ્ધતિસર વર્ગીકરણ, પુસ્તકોના વિધવિધ વિભાગો, તેની વ્યવસ્થા, પુસ્તકોનો આપલે વિભાગ, માહિતી ખાતુ, પુસ્તક ખરીદી વગેરે તેના સામાન્ય જ્ઞાનની સાથે તે વિવેકબુદ્ધિ અને ઝીણવટ માગી લે છે.

પાશ્ચાત્ય દેશોમાં એ પ્રકારનું પુસ્તકાલય શિક્ષણ આપનાર વર્ગો કાઢવામાં આવે છે. વડોદરા રાજ્યમાં પણ એ પ્રથા દાખલ થયલી છે; અને નવા સ્થપાનાર પુસ્તકાલય પરિષદ મંડળે એ પ્રશ્ન ઉકેલવો પડશે.

પુસ્તકોનો વધુ વપરાશ અને ઉપયોગ થાય તેમ તે પુસ્તકો જલદી ચુંથાઇ જાય છે, ઘસાઇ જાય છે અને ફાટી જવા પામે છે, તે મુશ્કેલી દૂર થવા આપણે અહિં ગુજરાતી પુસ્તકોની પુસ્તકાલય આવૃત્તિઓ નિકળે તે સારૂ યત્ન કરવો ઘટે છે. સારા સફેદ કાગળપર, સહેલાઇથી વંચાય એવાં સુરેખ અને સુસ્પષ્ટ ટાઇપથી છાપેલાં, પાકા પુંઠાવાળાં પુસ્તકો પ્રકાશકો કાઢે તો એનું નિરાકરણ જલદી થાય અને તે સંબંધમાં પુસ્તકાલયોનું સંગઠન ઘણું મદદગાર થઇ શકે.

અહિં પુસ્તક પ્રકાશનનું કાર્ય આપણે ઇચ્છીએ એવું સુવ્યવસ્થિત, પદ્ધતિસર અને જવાબદારીવાળું બહુ થોડું થાય છે. તેના પરિણામે લેખક-વર્ગને તેમનાં પુસ્તક પ્રકાશનમાં બહુ શ્રમ પડે છે, એટલુંજ નહિ પણ એક પુસ્તક છપાવ્યા પછી તેના વેચાણ માટે એથી વિશેષ જ્હેમત તેને ઉઠાવવી પડે છે; અને ઘણે ભાગે તેનું સાહસ નુકશાનમાં પરિણમે છે. જો

પ્રામાણિક અને જવાબદાર પ્રકાશકો હોય, પુસ્તક વેચાણ માટે ખરોખર ગોઠવણ હોય તો આમાંની ઘણી હરકતો ટાળી શકાય એવી છે.

લેખકોને જેમ તેનાં પુસ્તક વેચાણમાં હરકત નડે છે તેમ પુસ્તકાલયોને અને અન્ય સાહિત્યરસિકો, જેઓ પુસ્તકો ખરીદવા માંગે છે તેમની મુશ્કેલીઓ થોડી નથી.

પ્રથમ તો કોઇ એક પ્રકાશક પાસેથી સઘળાં પુસ્તકો મળતાં નથી. તે માટે બે પાંચ ઠેકાણે લખવું પડે છે અને તદુપરાંત પોષ્ટલ દર એટલા બધા આકરા છે કે કોઇ પણ પુસ્તક પોસ્ટદ્વારા મંગાવવું બહુ મોંઘું થઇ પડે છે.

આનો ઉપાય વડોદરામાં સહકારી ધોરણે પુસ્તકાલય સહાયક પુસ્તક-ભંડાર કાઢવામાં આવ્યો છે, તેવી સંસ્થાઓ મુખ્ય મુખ્ય શહેરો જેવાં કે અમદાવાદ, મુંબાઈ, સુરત વગેરેમાં ઉઘાડવામાં આવે તો પુસ્તક ખરીદનાર જનતાને તેમ, પુસ્તકાલયના સંચાલકોને ઘણી અનુકૂળતા પ્રાપ્ત થાય.

પુસ્તકાલય પરિષદપ્રવૃત્તિ બીજું કાંઇ નહિ તો આટલું સંગીન કાર્ય કરશે તો પણ તેનું અસ્તિત્વ સાર્થક થયું ગણાશે.

આવી પુસ્તકાલય પરિષદ મંડળ જેવી એકાદ સંસ્થા અસ્તિત્વમાં હોય તો મ્હોટા, ખર્ચાળ, સચિત્ર તેમ કાયમ ઉપયોગનાં અને રેફરન્સનાં પુસ્તકો વગેરેનું પ્રકાશનકાર્ય સુગમ થઇ પડે.

પુસ્કાલય પ્રવૃત્તિના અંગે વિચારવાના પ્રશ્નો અનેક અને વિધવિધ પ્રકારના છે.

તે સર્વેનો નિર્દેશ અહિં જરૂરનો નથી. આ પ્રવૃતિ પાછળ શો હેતુ રહેલો છે તે સ્પષ્ટપણે વ્યક્ત કરવાને આ નિવેદન તૈયાર કર્યું છે. અત્રે ભેગા મળેલા પુસ્તકાલયપ્રવૃત્તિમાં રસ લેનાર સુસંસ્કારી અને સેવાભાવી બ્હેનો અને બંધુઓની હાજરી અને તેમની સલાહ અને સૂચના વાસ્તવિક રીતે તેમાં સહાયભૂત થશે. તેઓ આ નવી પ્રવૃત્તિને યોગ્ય માર્ગે દોરે અને તે કાર્ય ફળીભૂત થાય એવું દિશાસૂચન કરશે, એવી વિજ્ઞપ્તિ છે.

હીરાલાલ ત્રિભુવનદાસ પારેખ
આસિ. સેક્રેટરી.

ગુજરાત પુસ્તકાલય પરિષદ—અમદાવાદ

(તા. ૬ ઠ્ઠી અને તા. ૭ મી મે, ૧૯૩૪)

સ્વાગતનું ભાષણ

મે. સર મનુભાઈ સાહેબ, સજ્જનો અને સન્નારીઓ;

અમદાવાદને આંગણે આજ જ્ઞાનપર્વ છે. ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીએ નિમંત્રેલી આ ગુજરાતની પહેલી પુસ્તકાલય પરિષદમાં આપ સહુ પધાર્યા છો તેમને એ સોસાઇટી તરફથી મારૂં હાર્દિક સ્વાગત દર્શાવવું એ પ્રથમ ફરજ છે.

ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી એ ગુજરાતમાં જ્ઞાન પ્રચારની નવા જમાનાની જૂનામાં જૂની સંસ્થા છે. લોક સમૂહમાં જ્ઞાનનો ફેલાવો કરવાનાં વિવિધ સાધનોની યોજના કરવી એ એનો મુખ્ય ઉદ્દેશ છે અને એ કામ સ્વભાષાદ્વારા કરવાનો મહત્વનો સિદ્ધાંત એના આદ્ય સંચાલકોને પૂર્ણપણે સમજાઇ ગયો હતો. પુસ્તક પ્રકાશન, પુસ્તકલેખન, શાળા, વર્તમાનપત્ર, માસિક એ સર્વ જ્ઞાનપ્રચારનાં સાધનો સાથે પુસ્તકાલય પણ જ્ઞાનપ્રચારનું આવશ્યક અંગ હોઇ વર્નાક્યુલર સોસાઇટીએ પુસ્તકાલય સ્થાપી આરંભ કરેલો અને પુસ્તકાલય પ્રવૃત્તિને પોષણ આપવા પોતાનાં પ્રકાશનોનો લાભ મળી શકે માટે પુસ્તકાલયોને એ સંસ્થાના મેંબર બનાવી દીર્ઘદૃષ્ટિ વાપરી છે એમ સહજ જણાશે. સાડી પાંચસો કે તેથી પણ વધારે પુસ્તકાલયો આ રીતે આ પ્રકાશનોનો લાભ લેછે.

પુસ્તકાલય પ્રવૃત્તિને સંગઠિત કરવાની યોજના જે વડોદરા રાજ્યે પહેલ કરીને કરી છે તેવી કોઈ યોજના ગુજરાતમાં થાય એ આશયથી આજ આપ સર્વેને અહીં આમંત્ર્યા છે. વડોદરામાં આ પ્રવૃત્તિ એક રીતસરના કાયમ સ્વરૂપની થઇ ગઇ છે. વડોદરા રાજ્યને સુભાગ્યે તેને એવા રાજ્યકર્તા મળ્યા છે કે જેમને જ્ઞાનનું બહુ મૂલ્ય છે, પોતાની પ્રજાની જેમને દાઝ છે અને તેની સર્વતોમુખી ઉન્નતિ તેમને હૈયે વસી રહેલી છે. આવા એક આદર્શ નૃપતિની સહાનુભૂતિના સિંચન વડે વડોદરા રાજ્યનું આ પુસ્તકાલય પ્રવૃત્તિનું વૃક્ષ એક મોટા વટવૃક્ષ સરખું બન્યું છે. અને રાજ્યની સહાયતા, પ્રજાનો ઉત્સાહ અને સંગઠન વડે જે સુંદર કાર્ય થઈ રહ્યું છે તે અન્યને પ્રેરણારૂપ બને એ સ્વાભાવિક છે. આવી યોજના છુટી છવાઇ પ્રવૃત્તિઓ કરતાં

વિશેષ કાર્યસાધક, કરકસરવાળી, ઐક્ય સાધનાર અને પ્રગતિમાન બને છે એ હવે જાણીતી વાત છે.

વડોદરા રાજ્ય જેવી રાજ્યની મદદ ગુજરાતમાં મળવી અશક્ય છે. વડોદરાએ તો એને રાજનું એક ખાતું-ડીપાર્ટમેન્ટ કર્યું છે, અને પ્રજા-જીવનનું એક અંગ ગણ્યું છે; તેવી આશા અહીં રાખવી વ્યર્થ છે. ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીની જ્ઞાનપ્રચાર પ્રવૃત્તિને લક્ષમાં લઈ સરકાર તેને ગ્રાન્ટ આપે છે પરંતુ સમસ્ત પુસ્તકાલય પ્રવૃત્તિને રાજ્ય તરફથી કોઇ જાતની સહાયતા મળવા હાલ તુરત સંભવ નથી. શિક્ષણ અને જ્ઞાનપ્રચારનો ઘણોખરો ભાર વધારેને વધારે પ્રમાણમાં પ્રજાએ ઉપાડવાનો છે. આથી કરીને ખાસ જરૂર રહે છે કે એ કાર્ય વધારે ને વધારે પ્રગતિમાન કેમ થાય તેનો વિચાર આપણે જાતે જ કરવો.

આ બાબતમાં મદ્રાસ ઇલાકામાં જે પ્રયત્ન થઇ રહ્યા છે તેનો નિર્દેશ કરવો અસ્થાને નહીં ગણાય. સને ૧૯૩૦ ની સાલમાં ત્યાંની કાઉન્સીલમાં ‘ મોડેલ લાઇબ્રેરી એક્ટ ’ કરવાની સૂચના થએલી તેમાં રાજ્ય તેમજ લોકલ સંસ્થાઓને લાઇબ્રેરીઓને આર્થિક તથા બીજી સહાયતા આપવાની ફરજ પાડવાને પ્રબંધ હતો. ત્યારબાદ ૧૯૩૩ માં ‘મદ્રાસ લાઇબ્રેરી બીલ ’ નામે બીજો કાયદો વળી એ કાઉન્સીલમાં વિચારણા ચાલી રહી છે, આમાં રાજ્ય અને લોકલ સંસ્થાઓ માટે પ્રથમના કરતાં બહુ ઓછી ફરજો દર્શાવી છે. બીજી પ્રાંતિક સરકારોની કાઉન્સીલના સભ્યો આ પ્રમાણે આ બાબતને યોગ્ય મહત્વ આપી ઘટતા કાયદા કરાવવા પ્રયત્ન કરે એ ઈચ્છવા જેવું છે.

પુસ્તકાલયો તે કેળવણીનાં મોટાં સાધનો છે એ આપણે જાણીએ છીએ. પ્રજા લખતી વાંચતી થઇ જાય અને પોતાનું જ્ઞાન વધારે તે માટે તે અતિ આવશ્યક છે એ પણ લક્ષમાં રાખવાનું છે. એટલે કે જેમ જેમ શિક્ષણનો પ્રચાર થતો જશે તેમ તેમ પુસ્તકાલયોની કીંમત સમજાતી જશે અને તેની આવશ્યક્તા પણ વધારે વિસ્તારી થશે. દરેક ગામમાં ઓછામાં ઓછું એક પુસ્તકાલય હોય એ આપણું ધ્યેય હોવું જોઇએ. શાળા, પુસ્ત-કાલય અને દવાખાનું એ નાનામાં નાના ગામડાની પ્રાથમિક જરૂરીઆત છે. પ્રત્યેક શાળાને લગતું પુસ્તકાલય સ્થપાય એવી જો યોજના થાય તો આપણા દેશનું અજ્ઞાન દૂર કરવાનું મોટું સાધન રચાયું ગણાય.

પુસ્તકાલયો એ તો પ્રાચીનમાં પ્રાચીન જમાનાથી જાણીતી જ્ઞાન પ્રચારની સંસ્થાઓ છે. જ્યારથી પુસ્તકો લખાવા માંડયાં ત્યારથી તેમનો

સંગ્રહ કરવાની રીત ચાલુ થઈ ગઈ છે, તે પુરાતન કાળનાં મોટાં પુસ્તકાલયોની હસ્તીથી આપણે સર્વે માહિતગાર છીએ. આપણા હિંદ દેશમાં પણ પુસ્તક ભંડારો હતા અને છે. પરંતુ તેમાંનો મોટો ભાગ જનસમાજને પ્રાપ્ય નથી. મૂલ્યવાન ગ્રંથસમૃદ્ધિને જાળવી રાખવી, તેનો નાશ ન થવા દેવો એવો હાલ તો તેવા ભંડારોનો ઉદ્દેશ જણાય છે. જુના જમાનામાં તેમ સર્વત્ર નહતું. એ ભંડારોમાં નવી નવી નકલો કરી મૂકવામાં આવતી, વંચાતી અને બીજા ભંડાર માટે પાછી ફરી નકલો થતી. હાથે લખવાના જમાનામાં હજારો પુસ્તકો એ રીતે લખાઇ સચવાઈ રહેવા પામ્યાં છે તે એ ભંડારોના પ્રતાપે. માત્ર વિદ્યાવ્યાસંગ ખાતર પુસ્તકની નકલ ઉતારવી, તેને એક ગામથી બીજે ગામ લઇ જવી અને જીવની પેઠે જાળવી રાખવી એ કાર્યની જેટલી પ્રસંશા કરીએ તેટલી ઓછી છે. આવા ભંડારો જોતાં તેને અસ્તિત્વમાં લાવી રક્ષા કરનારને માટે ધન્યવાદ આપ્યા વગર રહેવાય તેમ નથી. આ ભંડારો તે પશ્ચિમનાં મ્યુઝિયમો નથી. એની ઉત્પતિ અને રક્ષા એ જૂદી જ વસ્તુ છે. ગુજરાતમાં જ્યાં એવા સંગ્રહો છે તેમના રક્ષકોને આપણે એટલીજ વિનંતિ કરીશું કે જે બહુમૂલ્ય ખજાનો તેમણે સુરક્ષિત રાખ્યો છે તેનો ઉપયોગ જનસમાજને સુલભ થાય એવો માર્ગ ગ્રહણ કરવાનો હવે સમય આવી લાગ્યો છે.

નવા જમાનામાં પુસ્તકો છપાય છે અને તેની સેંકડો નકલો પ્રાપ્ય હોય છે એટલે હવે તો વધુ ને વધુ પ્રમાણમાં તે વંચાય એજ દૃષ્ટિબિંદુ આગળ કરવાનું છે. અને આ પ્રગતિશીલ સમયમાં વિવિધ ઉપયોગો લક્ષમાં રાખી પુસ્તકાલયો સ્થાપન કરવાની આવશ્યકતા છે. પ્રથમ તો આ બાળકોનો યુગ છે. તેમને માટે જેટલું વિચારાય છે અને લખાય છે તેટલું પહેલાં કોઈ વખત કોઇ દેશમાં નહોતું થતું. બાળકો માટે બાળપુસ્તકાલયો એ અતિ આવશ્યક છે. સ્ત્રીશિક્ષણ વધતું જાય છે અને સ્ત્રીજાતિ વધારે વાંચતી થાય તે માટે મહિલાપુસ્તકાલયોની યોજનાઓ વધારવી ઇષ્ટ છે. વળી વિજ્ઞાન આજકાલ જે પ્રાધાન્ય ભોગવે છે તેને લગતો અભ્યાસ થઇ શકે માટે તેના ખાસ વિભાગ પુસ્તકાલયોમાં જોઇએ. તેમજ દેશની આર્થિક અને કલાત્મક પ્રગતિને અર્થે હુન્નર ઉદ્યોગને લગતાં પુસ્તકો જેમ બને તેમ વધારે પ્રમાણમાં એકત્ર થઇ પ્રચાર અર્થે રાખવાં જરૂરનાં છે. જ્ઞાન પ્રચારનાં સાધનોમાં નકશા, ચાર્ટ, ચિત્રો વગેરે અતિ ઉપયોગી ગણાય છે. પ્રથમ દૃષ્ટિએ, સહેલાઇથી માહિતી મળી શકે એ માટે એ સાધનસામગ્રી પણ પુસ્તકાલયના અંગ તરીકે ગણાઇ તેને તેમાં સ્થાન હોવું જોઇએ. તે

ઉપરાંત અભ્યાસકો, વિદ્વાનો અને શિક્ષકોને માટે 'રેફરન્સ' વિભાગ એ પુસ્તકાલયમાં મહત્વનું અંગ છે. જ્યાં એ અંગ વધારે સમૃદ્ધ હશે ત્યાં જ્ઞાનપિપાસુઓ ખેંચાઈ આવશે. અમદાવાદ જેવા સ્થળમાં અત્યાર સુધી એ વર્ગને આકર્ષનાર જોઇએ તેવું સાધન નથી. ગુજરાત વિદ્યાપીઠનો, પુરાતત્વ મંદિરનો તથા સત્યાગ્રહ આશ્રમનો સંગ્રહ મહાત્મા ગાંધીજીએ અમદાવાદની પ્રજાને અર્પણ કર્યો છે તે જ્યારે શેઠ માણેકલાલના પુસ્તકાલયમાં સુવ્યવસ્થિત થશે ત્યારે અમદાવાદ જ્ઞાનતૃષા છીપાવનાર મોટું કેન્દ્ર બનશે અને તેથી જ્ઞાનવાંછુ સજ્જનો અત્રે આવશે અને અમદાવાદની જનતાને મોટો લાભ મળશે. એક મધ્યસ્થ પુસ્તકાલયની અભિલાષા અમદાવાદને ઘણા વખતથી હતી અને તે ખોટ પૂરી પડશે એ વાતથી સર્વે વાચનપ્રિય જનોને અત્યાનંદ થયો છે.

પુસ્તકાલયો જ્ઞાનનાં સાધન છે, બધે તે હોવાં જોઇએ એ તો સહુ કોઈ જાણે છે અને તે વારંવાર કહેવા માત્રથી પર્યાપ્તિ થતી નથી. એ વસ્તુને સિદ્ધ કેમ કરવી એ પ્રશ્ન વિચારવાનો છે, એને માટે કેવા પ્રયત્નો કરવા તેની ગોઠવણ કરવાની છે. પ્રાથમિક કેળવણી સંબંધે જે સંસ્થાઓ કામ કરી રહી છે તેમને આ પ્રશ્નો ઉપાડી લેવાના છે. હજુ તો નાનાં ગામોમાં જ્ઞાનની ભૂખ ઉઘાડવાની છે. એ શિક્ષણદ્વારા થઈ શકે છે. જ્ઞાનની ભૂખ ઉઘડતાં પુસ્તકાલયોની જરૂર જણાશે અને એ પુસ્તકાલયો સામાં એ ભૂખ સતેજ રાખવામાં મદદકર્તા થઇ પડશે, એમ પરસ્પર એકબીજાને ઉત્તેજિત કરવાનું કાર્ય થશે. આ કાર્ય મોટાં ગામોમાંજ કરીને બેસી રહેવાનું નથી. વિશેષ જરૂર તો નાનાં ગામોના માણસો પોતાના કામ ધંધામાંથી ઉંચા ન આવે તે ક્યારે વાંચે એમ કદી કહેવાશે પરંતુ એકવાર વાંચવાનો રસ પડે તો ગમે તેમ કરી વખત કાઢી વંચાશેજ. વળી નાનાં ગામોમાં જે અજ્ઞાન, વહેમો, ગરીબાઇ, હુન્નરઉદ્યોગ અને સાહસની ઉણપ એ સર્વ જ્ઞાન મળવાથી જ દૂર થશે.

ધનવાનો પોતાના ધનનો ઉપયોગ મનુષ્ય ભાઇઓનું અજ્ઞાનનું મટાડવાની સંસ્થાઓ ઉભી કરવામાં વાપરે તે હવે તેમણે પોતે સમજવાનું છે. સાંસારિક જૂના રીવાજો જેમાં લગ્ન મરણના ભારે ખર્ચો કરવામાં આવે છે અને જેનાથી કોઇને પણ લાભ નથી તે છોડી નાણાંનો સુવ્યય કરતાં આપણે શીખવાનું છે. હિંદુસ્તાનમાં છપન લાખ બાવાઓ રોજ મફતનું ખાય છે. એ હીસાબે તેવા માણસો પાંચ સાત લાખ ગુજરાતમાં હશે. તેમના પોષણ

પાછળ **પ્રતિદિન** ઓછામાં ઓછા એક લાખ રૂપીઆ પ્રમાણે આપણે ખરચતા હોઇશું, રોજના લાખ રૂપીઆ આપણા હાથમાં હોય તો શું શું કરીએ-શું ન કરી શકીએ. આવા નિરર્થક ખરચ કરવાનો કાળ હવે વહી ગયો છે. પ્રજાની સમૃદ્ધિ પ્રજાના વિકાસ માટે વાપરવાની આપણે કોશીશ કરવાની છે. એમ તો જે દાન કરે છે તેમને જો જ્ઞાનની કીંમત સમજાય તો જરૂર જ્ઞાનપ્રચારાર્થે તેમનાં દાન વળે.

પુસ્તકાલયો વ્યવસ્થિત થાય અને તેમાં સારાં અને સસ્તાં પુસ્તકો મેળવી શકાય માટે પુસ્તકાલયોનું મંડળ અને સહકારને ધોરણે પુસ્તક પ્રકાશનની યોજના થવી જોઇએ. વડોદરા રાજ્યે આ કાર્યનો આરંભ કરી દીધો છે અને તેને અનુસરીને ગુજરાતમાં એ કાર્યની સ્થાપના થઈ શકે તેમ છે. પુસ્તકાલય પ્રવૃત્તિએ હાલના સમયમાં શાસ્ત્રીય સ્વરૂપ ધારણ કરેલું છે અને એ શાસ્ત્રીય ધોરણે એનું સર્વ કાર્ય થાય તોજ એ પ્રવૃત્તિને સફળતા મળે. મ્હૈસુર અને વડોદરા રાજ્યે એ કાર્ય શીખવવા માટે વર્ગો પણ કાઢયા છે અને એ રીતે પ્રવૃત્તિને વેગ આપ્યો છે. ગ્રંથપાળ બનવા માટે પણ શિક્ષણ લેવાની જરૂર છે એ હવે અજાણ્યું નથી. અત્રે પધારેલા સર્વ વિદ્યારસિક સજ્જનોની સહાયતાથી પુસ્તકાલય પ્રવૃત્તિને વ્યવસ્થિત સ્વરૂપ આપી તેને આગળ વધારવાની આશા છે.

જો કે થોડા પ્રમાણમાં વાચનનો શોખ વધતો જાય છે એ દેખીતું છે, અનેક પ્રકાશન સંસ્થાઓ નીકળતી જાય છે. ગુજરાતી ભાષામાં નવાં લખાતાં પુસ્તકોની સંખ્યા પણ ઉત્તરોત્તર વધે છે. માસિકપત્રો, ત્રિમાસિકો, વર્તમાનપત્રો વગેરેની સંખ્યામાં એક દસકામાં પુષ્કળ વધારો થયો છે. આ સર્વ શુભચિહ્નો છે. સર્વ જ્ઞાનપ્રવૃત્તિઓ મંદ ન પડી જાય, જ્ઞાન ઝીલવાને પ્રજા વધારે ને વધારે શક્તિમાન થાય એવા પ્રયાસ કરવાના છે. એટલે કે આવી પરિષદ અમુક વર્ષને અંતરે ભરીને બેસી રહેવાથી કાર્ય સિદ્ધ થાય તેમ નથી. આ તો માત્ર કાર્યનો આરંભ છે. તેને સતત ચાલુ રાખવા માટે અખંડ યત્નો કરવા પડશે.

આ દિશામાં માર્ગસૂચન મેળવવા ગુજરાતની પ્રથમ પરિષદ ભરી છે અને સર મનુભાઈ સાહેબ જેવા પ્રખર અભ્યાસી એમાં જરુર પ્રેરણા આપશે. પ્રજાનો શિક્ષિત વર્ગ પોતાના અશિક્ષિત બંધુઓ પ્રત્યેનો ધર્મ સમજી તનમનથી એમાં રસ લે તો જ અજ્ઞાનરૂપી ગાઢ અંધકારમાં ડૂબેલા આપણા દેશબંધુઓને બહાર કાઢવાના મનોરથ સિદ્ધ થાય.

પરમકૃપાળુ પરમાત્મા પાસે એ જ પ્રાર્થના છે કે,

तमसो मा ज्योतिर्गमय ॥ **વિદ્યાબ્હેન ર, નીલકંઠ**

પ્રકરણ ૧૮

ગ્રંથ અને ગ્રંથકાર

" Next to knowing a thing is to knowing where to find it. "

[*W. T. Stead.*]

લેખનવાચન અને અભ્યાસમાં સારી સ્મરણશક્તિ બહુ સહાયભૂત થઇ પડે છે; પણ એ સ્મરણશક્તિ ઉપર હંમેશાં આધાર રાખી શકાતો નથી. તે કેટલીકવાર ગંભીર ભૂલો કરાવે છે, અને કયારે દગો દે તે કહી શકાય નહિ. અને વૃદ્ધાવસ્થામાં તે શક્તિ નબળી પડી જાય છે અને કેટલાકમાં તે નાશ પણ પામે છે.

અગાઉ વિદ્યાનું પઠનપાઠન મુખે થતું ત્યારે સ્મરણશક્તિ બહુ મદદગાર નિવડતી. તે સતેજ માલુમ પડતી હતી. વિદ્યાસંપાદનમાં તે મુખ્ય આધાર રૂપ હતી. પરંતુ મુદ્રણયંત્ર આપણા દેશમાં દાખલ થયા પછી એ પરિસ્થિતિમાં મોટો ફેરફાર થયેલો છે. મુદ્રણયંત્રનો સતત ઉપયોગ થતો હોવાથી વાચન અને અભ્યાસ સારૂ પુસ્તકોની પુષ્કળ છુટ થઇ છે, પણ તેની સાથે એ બીના નોંધવી જોઇએ કે આપણી સ્મરણશક્તિ મંદ પડતી ગઈ છે; એટલુંજ નહિ પણ એ ગોખણપટ્ટીની રૂઢિની અવહેલના થવા પામી છે.

તે પછી વિદ્યાભ્યાસના વિષયો ખૂબ વધ્યા છે, તેમ છતાં અભ્યાસમાં અડચણ પડતી નથી, તેનું કારણ શિક્ષણ પદ્ધતિમાં ફેરફાર અને સાધનોની વિપુલતા એ છે.

બુદ્ધિશાળી પુરૂષોએ એવાં સાધનો ઉપજાવ્યાં છે કે જે સ્મરણશક્તિના સર્વ લાભો આપે પણ તેના દોષમાંથી તે મુક્ત હોય. તે સાધનો આપણાં રેફરન્સ પુસ્તકો છે; જેમાં સર્વ પ્રકારની જાણવા જેવી, મહત્વની અને ઉપયોગી માહિતી સંગ્રહેલી હોય છે અને તેની વિશિષ્ટતા એ છે કે તે પુસ્તકો એકથી વધુ વિદ્વાનોના હાથે લખાયલાં હોઇને, તેનું મૂલ્ય અને મહત્વ જાદે છે.

ઇંગ્રેજી સાહિત્યમાં અભ્યાસીને મદદગાર અને ઉપયોગી થઇ પડે એવાં સંખ્યાબંધ રેફરન્સ પુસ્તકો, અનેક વિષયપર રચાયલાં મળી આવે છે, જેવાં કે, એનસાઈકલોપિડિયા બ્રિટાનિકા, ડીક્ષનેરી ઓફ નેશનલ

બાયોગ્રાફી, હિસ્ટોરિયન્સ હિસ્ટ્રી, સાઇક્લોપિડિયા ઓફ રિલિજ્યન એન્ડ ઇથિક્સ, સ્ટેટસમેન ઇયર બુક, હુ ઇઝ હુ, એન્યુઅલ રજીસ્ટર, રાઇટર એન્ડ આર્ટિસ્ટ ઇયર બુક, ઓથર્સ એન્યુઅલ, લિટરરી ઇયિર બુક વગેરે, જે પુસ્તકો વિના એક સારા અભ્યાસી વા લેખકનું પુસ્તકાલય અપૂર્ણજ ગણાય.

ગુજરાતી સાહિત્યમાં એવાં રેફરન્સ પુસ્તકોની ખામી છે, એ ખેદની વાત છે; પણ ગુજરાતી સાહિત્યનો અભ્યાસ દિનપ્રતિદિન વધતો જાય છે અને શાળાપાઠશાળામાં એ વિષયને સ્થાન મળ્યું છે, એટલે આશા પડે છે કે એ ઉણપ દૂર કરવા પ્રયત્ન થશે જ.

શ્રીયુત કેતકરે "ગુજરાતી જ્ઞાનકોષ"નું કામ આરંભ્યું છે પણ તે ગુજરાતી વાચકોની જરૂરિયાત પૂરી પાડશે કે કેમ તે સંદેહ પડતું છે. તે પૂર્વે રતનજી ફરામજી શેઠનાએ ગુજરાતી જ્ઞાનચક્રનું પુસ્તક એકલે હાથે તૈયાર કર્યું હતું, તેની ઉપકારસહ નોંધ લેવાવી જોઇએ.

ગુજરાતી જ્ઞાનચક્ર જેવું વિશાળ અને ભગીરથ કાર્ય ગુજરાતની જુદી જુદી સાહિત્યસંસ્થાઓ એકત્ર થઈ અને સહકાર કરી ઉપાડી લે તો તે યોજના સત્વર પાર પડે એમ અમારૂં માનવું છે.

તે પૂર્વે ટાઇમ્સ ઓફ ઇન્ડીઆની 'ઇયિર બુક' જેવું કે હમણાં મરાઠીમાં પ્રસિદ્ધ થયેલ 'મહારાષ્ટ્ર સાંવત્સરિક' જેવું સામાન્ય અને સાર્વદેશીક માહિતી-વાળું રેફરન્સ પુસ્તક પ્રથમ તૈયાર થાય તે ખાસ આવશ્યક છે.

સોસાઇટી તરફથી પ્રસિદ્ધ થતું "ગ્રંથ અને ગ્રંથકાર" એ પુસ્તકનું ક્ષેત્ર ફક્ત સાહિત્ય પુરતું, મર્યાદિત છે; પણ તે જેમ બને તેમ સમૃદ્ધ, વિવિધોપયોગી, માહિતીપૂર્ણ અને કાયમ રેફરન્સનું પુસ્તક થઇ પડે એવી ઉમેદ તેના સંપાદક સેવે છે.

આવા પુસ્તકોની ઉપયોગિતા તો તેનો વાચકવર્ગ તેના સંપાદનમાં સક્રિય રસ લેતો રહે, એટલુંજ નહિ પણ ઘટતી સૂચના કરી, વારંવાર યોગ્ય મદદ આપતો રહે તેમાં રહેલી છે. વસ્તુતઃ તેનું સંપાદનકાર્ય એ તેના વાચકવર્ગનું કાર્ય થવું ઘટે છે.

કેવા સંજોગોમાં એ પ્રકાશનનું કાર્ય ઉપસ્થિત થયું, તે હકીકત 'ગ્રંથ અને ગ્રંથકાર — પુ. ૧'માં સવિસ્તર આપેલી છે. અહિં તેમાં કયા કયા વિભાગો દાખલ કરેલા છે, તેની નોંધ માત્ર બસ થશે.

ગ્રંથ અને ગ્રંથકાર

ગ્રંથ
ગ્રંથકાર
પ્રકાશક
ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી

ગ્રંથ અને ગ્રંથકાર
પ્રકાશક ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી અમદાવાદ

ગ્રંથ
અને
ગ્રંથકાર
ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી
અમદાવાદ

૧. ગ્રંથકાર ચરિત્રાવલિ-અર્વાચીન ગ્રંથકારો-વિદેહી અને વિદ્યમાન.

૨. વર્ષ દરમિયાન પ્રસિદ્ધ થયેલાં પુસ્તકોની સૂચી.

૩. જુદાં જુદાં માસિકોમાં પ્રકટ થયેલાં ઉપયોગી અને મહત્ત્વનાં લેખોની યાદી.

૪. પ્રકીર્ણ લેખોનો સંગ્રહ,

૫. સાહિત્ય અને ઇતિહાસની સાલવારી.

૬. પુસ્તકનાં છાપકામ અને પ્રકાશન સંબંધી જાણવાજોગ માહિતી (શ્રી. બચુભાઈ રાવતના લેખો.)

૭. નવાં પ્રકાશનોની સમાલોચના.

અંતમાં સન ૧૯૩૨ના ગ્રંથસ્થ વાઙ્મયની સમાલોચના કરતા, જાણીતા વિવેચક શ્રીયુત વિજયરાય "વૈદ્ય ગ્રંથ અને ગ્રંથકાર"ના પ્રકાશન વિષે નીચે પ્રમાણે અભિપ્રાય દર્શાવ્યો હતો, તે આપીશું.

"શાસ્ત્રીય અને બોધક ગ્રંથવિભાગોમાં, અનુક્રમે 'ઉપનિષદ્ વિચારણા'માંના વિશિષ્ટ વસ્તુ, વિદ્વત્તા, ચિકિત્સા ('ટ્રીટમેંટ') અને શૈલી તેને તથા 'ગ્રંથ અને ગ્રંથકાર'માંનો દીર્ઘોદ્યોગ, ઝીણવટ અને કર્તવ્યબુદ્ધિ તેને, તે તે વિભાગના ૧૯૩૨ ના સારામાં સારા ગ્રંથો ઠરાવે છે.*"

---

* પૃ. ૪૪.

પ્રકરણ ૧૯

સોસાઇટીના મકાનમાં સુધારા વધારા

"ભવિષ્યમાં આપણી સ્થિતિ સુધરે, કે કુટુંબ વિસ્તાર વધવાથી જરૂર પડે, ત્યારે ઘરનો વિસ્તાર વધારવાનું મન થાય તો સ્હેલાઇથી વધારી શકાય તે માટે, થોડી જગા પહેલેથી લઈ રાખી સારી."*

હિમાભાઈ ઇન્સ્ટીટયુટમાંથી સોસાઇટીનું કાર્યાલય સન ૧૯૦૧ માં નવા મકાનમાં ખસેડવામાં આવ્યું ત્યારે તે પુરતું સોઇવાળું અને સવડભર્યું હતું અને તેના મેડા પરનો પ્રેમાભાઇ હોલ તે દિવસોની જાહેર પ્રવૃત્તિ વિચારતા મોકળાશભર્યો હતો, એમ સામાન્ય રીતે લાગતું હતું.

સોસાઇટીના મકાનની દક્ષિણ દિશામાં ગલીમાં ભોઇના ત્રણ ઘરો આવેલાં હતાં. તે મકાનો વેચાતાં મળે એમ હતું પણ તેના ઘરમાલીકોએ જે કિંમતની માગણી કરી તે લાલશંકરભાઇને વધારે લાગી એટલે તે સોદો બંધ બેઠો નહિ અને સોસાઇટીનું મકાન, નહિ તો જે સમચોરસ બનત તે ગૌમુખી ઘાટનું થવા પામ્યું હતું.

લાલશંકરભાઇની યોજના એ મકાનના ઉપરના મેડાનો ભાગ પગથી સુધી અગાશી ખેંચીને વચમાં આવજાનો માર્ગ રાખવાની અને એક જાહેર મકાન તરીકે તેનો દેખાવ ભવ્ય અને રોનકદાર થઇ પડે એવી હતી, પરંતુ એ પ્રમાણે પગથીનો ઉપયોગ થવા સામે વાંધો લેવામાં આવ્યો; તેથી લાલશંકરભાઇએ બીજો કોઇ અનુકૂળ સમય પ્રાપ્ત થતા સુધી રાહ જોવાનું યોગ્ય વિચારી, મેડાની આગળના ભાગની બારીઓ તેમ પ્રવેશ દ્વારના પગથીઆં કામચલાઉ કરી મૂકયાં હતાં.

એ બનાવને વર્ષો થઇ ગયાં; લાલશંકરભાઈ પણ દેવલોક પામ્યા; અને ચાલુ વપરાશથી હોલમાંથી ઉતરવાનાં પગથીઆ એવા દોદરાં થઇ ગયાં કે તેની મરામતનું કામ તાત્કાલિક હાથ ધરવું પડયું હતું.

એ અરસામાં લડાઇ જાગી; લોક જાગૃતિ વધી પડી; જાહેર પ્રશ્નોમાં જનતા વધુ રસ લેતી થઇ; રાજકીય વાતાવરણ પણ ઉષ્ણ બન્યું હતું; પ્રેમાભાઇ હોલ શહેરમાં એકજ અને મોટો અને મધ્યસ્થ હોવાથી તેનો

---

* સુલભવાસ્તુશાસ્ત્ર યાને ઘર કેવી રીતે બાંધવું. પૃ. ૮૧.

ઉપયોગ બહોળો થવા માંડયો હતો; અને કેટલીક સભામાં લોકમેદની એટલી મોટી ભેગી થતી હતી કે મ્હોટી સભાઓ માટે એ હોલ ન્હાનો પડવા માંડયો; અને જે કોઇ હોલ વધારવા અથવા તો નવો હોલ બંધાવવા કહેવા લાગ્યું; તેમ એક જાહેર હોલ તરીકે તેનો દેખાવ સુધારવા, તેમાં સિલિંગ કરાવવા, અને બીજી જરૂરી સવડો ઉમેરવા માગણી થવા માંડી હતી.

હોલમાંની જગો વધારવાનો પ્રશ્ન ઉપસ્થિત થતાં એક સૂચના એવી થઈ હતી કે એ હોલની દિવાલોને ફરતી, અમદાવાદ પ્રાર્થના સમાજની અંદરની જેમ ગેલેરી કરવી, જ્યાં વધુ મનુષ્યો બેસવાની સગવડ કરી શકાય, પણ તે વિષે અનુભવી ઇજનેરોની સલાહ પૂછતાં, તેઓએ તેમ કરવા ના પાડી હતી. સોસાઇટીના મકાનના પાયા મજબૂત છે, તોપણ આવા જાહેર સ્થળમાં તો અકસ્માતનાં કારણો જેમ બને તેમ ટાળવાં જોઈએ; એ એક દલીલથી તે વિચાર પડતો મૂકાયો હતો.

સદરહુ પ્રશ્ન કમિટી ચર્ચી રહી હતી તેમાં કમિટીના એક સભ્ય શ્રીયુત અંબાલાલ દલસુખરામ લખીઆરાએ, હોલના દાદરનું સ્થાન ફેરવી, તેમજ માળના દ્વાર પાસેની ઓરડી કઢાવી નાંખી જગો વધારવાનું જણાવ્યું; અને તેની સાથે સોસાઇટીની જ માલિકીની જમીન પર અગાસી લઇને, આખા મકાનને બહારથી ફરતી સલંગ ગેલેરી કરી દેવાનું સૂચવ્યું, તેથી જગોની મોકળાશ થાય; બહારનો દેખાવ વધે અને ગેલેરીને લઇને એક છેડેથી બીજે છેડે સભામાં વિક્ષેપ કર્યા વિના જઇ શકાય. કમિટીને એ વિચાર પસંદ પડયો અને તદનુસાર કોન્ટ્રાકટથી એ બધું મકાન વધારવાનું કામ રૂ. ૧૧૦૦૦ ના ખર્ચે કરાવવામાં આવ્યું હતું.

સદરહુ સંસ્થા સાહિત્ય ને જ્ઞાનપ્રચારની હોઇને ડો. હરિપ્રસાદ દેસાઇએ સરસ્વતી દેવીની મૂર્તિ અગાસીના મધ્યભાગમાં સ્થાપવાનું સૂચવ્યું; અને તે મૂર્તિ શ્રીયુત રવિશંકર રાવળે બતાવેલા પ્રાચીન નમુનાઓ ઉપરથી શ્રી. જગન્નાથ અંબાલાલ સોમપુરાએ કોતરી આપી હતી.

આ પ્રમાણે સોસાઇટીના મકાનમાં અને પ્રેમાભાઇ હોલમાં જરૂરી અને ઘટતા સુધારા કર્યા છતાં સારા અને મ્હોટા હોલ માટેની લોક માગણી દિનપ્રતિદિન વધતી જતી હતી. નવી વધુ જગો મળે તોજ હોલ સમચોરસ કરી તેનો વિસ્તાર વધારી શકાય; સોસાઇટીની દક્ષિણની બાજુએ ત્રણ ભોઇનાં મકાનો આવેલાં છે તેનો અગાઉ ઉલ્લેખ કર્યો છે; તેમાંનું છેલ્લું

મકાન વેચવાનું છે, એવી માહિતી મળતા તે ખરીદી લેવાની તજવીજ થઈ પણ તેનો મેળ બેઠો નહિ. આ ગડમથલ ચાલતી હતી એવામાં કુદરતનો કોપ થયો ન હોય એમ સન ૧૯૨૬માં અમદાવાદ પર જબરજસ્ત જલસંકટ આવી પડ્યું; અને એ વરસાદમાં એ ત્રણે ઘરોને ઘણું નુકશાન પહોંચ્યું અને ખુણામાંનું છેલ્લું ઘર તો તદ્દન બેસી ગયું હતું.

સોસાઇટીના કાર્યકર્ત્તાઓને જણાયું કે આ સંજોગ એવો આવી મળ્યો છે કે તેના માલિકો આ મકાનો વાજબી કિંમતે વેચાતાં ન આપે તો સરકારને અરજી કરી એ મકાનો જાહેર ઉપયોગ અર્થે પ્રેમાભાઈ હોલ વધારવા સારૂ એકવાયર કરાવવાં જોઇએ.

તે પરથી તા. ૨૬ મી સપ્ટેમ્બર ૧૯૨૬ ના રોજ બધી હકીકતનું નિવેદન કરી મે. કલેક્ટર સાહેબને નીચે મુજબ એ મકાનો કાયદેસર એકવાયર કરવા સારૂ પત્ર લખવામાં આવ્યો હતો.

No. E- 71 of 1926.

AHMEDABAD,

Dated, 6th Sept., 1926.

From,

SIR RAMANBHAI M. NILKANTH, B. A. LL. B.,
Hon. Secretary,
GUJARAT VERNACULAR SOCIETY,
AHMEDABAD.

To,

E. G. TAYLOR, ESQ. I. C. S.,
Collector of Ahmedabad,
AHMEDABAD.

Sir,

I have the honour to state that the Gujarat Vernacular Society is a public body, established for the promotion and spread of Gujarati Language and Literature. It is the oldest institution of its kind

in the province, being founded by the late Mr. A. K. Forbes in 1848 and is registered under Act XXI of 1860 (Societies Registration Act).

The Society's offices are situate in the Karanj, just opposite the Collector's office. It has its own building and the upper portion of it, which is named the Premabhai Hall is used for public purposes. In fact it is the Town Hall of the City.

The present building of the Society was built in 1901, its foundation Ceremony being performed by the then Commissioner Sir F. S. P. Lely. Since then the work of the Society has vastly increased and the upper storey the Premabhai Hall is also found to be small and incommodious.

It has become necessary to extend the buildings and the Public Hall on the upper storey so as to meet the increasing requirements of the Society as well as the general public. Such extention is only possible by having vacant municipal plot as well as the adjoining three houses on the South-West Corner bearing Municipal Census Nos. 4319-20, 4321-22 and 4323 and city survey & Sheet No. 3,-119, 120, 121. It is therefore proposed that the same should be acquired.

The Society being a body registered under Act XXI of 1860 is a company within the meaning of the Land Acquisition Act and the aims and the objects of the Society as also the work it carries on will show that the object of the extension of the buildings is for public purposes within the meaning

of the said Act. A copy of the latest report of the Society is submitted herewith for information as to the Society's work.

The Government have also recognised the Society and its work as a body useful to the general public by granting to the Society the present site on which the offices are situate on a nominal rental and by further giving an annual grant of Rs. 500/-.

I have therefore the honour to request that you will be so good as to take the necessary steps to acquire under the Land Acquisition Act at the Society's cost for the above said public purposes the following properties:—

	Census Nos.	City Sorvey & Sheet No 3.
1	4319-20	119
2	4321-22	120
3	4323	121

The general plan of the present site of the buildings and the sight proposed to be acquired is submitted herewith.

I have the honour to be,

Sir,

Your most obedient servant,
Sd/- **Ramanbhai M. Nilkanth.**
Hon. Secretary.

નામદાર સરકારને સોસાઈટીની માગણી વાજબી જણાઇ અને એ જમીન સાર્વજનિક ઉપયોગ માટે જરૂરની છે એવા નિર્ણય પર આવી એ ત્રણે મકાનો સરકારે એકવાયર કરી સોસાઈટીને સન ૧૯૩૦ માં સોંપ્યાં હતાં. એ મકાનો મેળવવામાં સોસાઇટીને રૂ. ૧૨૫૧૧-૧૩-૦ ખર્ચ થયું હતું. એ જમીનની સનદની વિગત નીચે પ્રમાણે છે:—

No. and Date of Statement—69 of 25-3-1930.

Date of Award—25th March, 1930.

Name of work for which Land has been acquired—
Date of Declaration in Bombay Government Gazette,
Pages 2067-2068

Statement showing Compensation awarded by G. B. (London). Special Land Acquisition Officer, In situated in the city of Ahmedabad.

Revenue Roll of the District of Ahmedabad.

Serial No.	Names of persons to whom Payment is due under the award.	Area of land Sq. Yds.			Government or Alienated.	Abatement of land Revenue. 5					
						(a) Assessment.			(b) Quit-rent.		
1	2	3			4	Rs.	A.	P.	Rs.	A.	P.
	(S. Nos. 4724 & 4725.)										
1 (a)	Bai Annapurna widow of Mehta Natawarlal Shankerlal (Mortgagor)	50	0	0	Free hold	...	...	...	...	...	...
(b)	Pakhali Purshotamdas Govindlal (Mortgagor). (S. No. 4726 & 4727)				,,	...	...	...	...	...	...

for extention of the Premabhai Hall, Ahmedabad. Dated 11-10-1928. No. 8764-24, Dated 6-10-1928. under Section 11.

Soparkar, Esqr., L. C. E. F. S. I., A. M. T. P. I. Estate-Sheet No. 39, inserted in the Plot of Land Ahmedabad Survey Nos. 4724 to 4728.

Taluka--North Daskroi.

A valuation of any failisings that may be taken upon the Land. 6			Total amount due to each person, including the amount shown in column 6, the amount awarded for the land interest, costs, & any other amounts due to the payee in connection with the acquisition of the land. 7			Description of the amount in Col. 7 taken from the subsidiary statement A A. 8	
Rs.	A.	P.	Rs.	As.	P.		
						To be deposited in the District Court. Ahmedabad under Sec. 31 (2) of the land.	
...	...	...	4291	0	0	Acquisition Act	
...	...	...	227	0	0	To be paid to Pakhali Purshotam Govindlal	
			4518	0	0		

Serial No.	Names of persons to whom Payment is due under the award.	Area of land Sq. Yds.			Government or Alienated.	Abatement of land Revenue. 5 (a) Assessment.			(b) Quit-rent.		
1	2	3			4	Rs.	A.	P.	Rs.	A.	P.
2	Pakhali Lalubhai Pochabhai (S. Nos. 4728)	43	0	0	Free hold	...	...	...	...	...	...
3	Mr. Behcharbhai Pochabhai Pakhali. Dy. Station Master Ahmedabad (Retired)	35	0	0		...	...	...	...	...	...
	Total ...										

Rs. Twelve Thousand one hundred sixty two and annas eight only.

To the Collector of Ahmedabad, with a reference to his number L. A. Q. 287, dated 5-11-1928.

The Honorary Secretary Gujarat Vernacular Society, Ahmedabad.

The Treasury Officer, Ahmedabad.

The Accountant General, Bombay.

A valuation of any failishing that may be taken upon the Land. 6			Total amount due to each person, including the amount shown in column 6, the amount awarded for the land interest, costs, and any other amounts due to the payee in connection with the acquisitfon of the land. 7			Description of the amount in Col. 7 taken from the subsidiary statement A A. 8
Rs.	A.	P.	Rs.	As.	P.	
...	...	...	5632	0	0	To be paid to Pakhali Lalubhai Pochabhai
...	...	...	2012	8	0	To be paid to Mr. Behcharbhai Pochabhai Pakhali
			12162	8	0	

Sd/- **G. B. Soparkar.**

Special Land Acquisition Officer,

Ahmedabad.

આ મકાનોની જમીન અને સોસાઇટીની દિવાલ એ બેની વચ્ચે મ્યુનિસિપલ સ્ટ્રીટ લેન્ડ આવેલી છે, અને સોસાઇટીનો પ્રેમાભાઈ હોલ સમચોરસ કરવા સારૂ એ મ્યુનિસિપલ સ્ટ્રીટ લેન્ડ પણ મ્યુનિસિપાલેટી પાસેથી વેચાતી લેવી જોઈએ.

તેથી અમદાવાદ મ્યુનિસિપાલિટીને આ જમીન સોસાઈટી સિવાય બીજા કોઇને ઉપયોગી નથી; સોસાઇટી એ જમીનની સાર્વજનિક ઉપયોગ માટે માગણી કરે છે; અને સોસાઈટી એક લોકોપયોગી, સાહિત્ય અને કેળવણીની સંસ્થા છે, એ લક્ષમાં લઇને, સદરહુ જમીન નામની કિંમતે સોસાઇટીને આપવા વિનંતિ કરવામાં આવી હતી અને મ્યુનિસિપલ જનરલ બોર્ડે વાર દીઠ રૂ. પાંચની કિંમત મુકરર કરીને આ જમીન સોસાઈટીને વેચાતી આપવા તા. ૧૯-૧૨-૧૯૨૮ ના રોજ ઠરાવ કર્યો હતો.

સદરહુ જમીન વેચાણનું કામ મે. ઉત્તર વિભાગના કમિશ્નર સાહેબ સમક્ષ નિયમાનુસાર છેવટની બહાલી માટે જતાં, મ્યુનિસિપાલેટી અને સરકાર વચ્ચે-સબ સોઇલ-sub soil નો પ્રશ્ન ઉપસ્થિત થયો હતો, તે મુજબ એ sub soil-જમીનનું સરકારી ભાડું માસિક રૂ. ૨૦) ઠરાવી તે સોસાઇટી આપવાને ખુશી છે કે કેમ એવો એક પત્ર કલેક્ટર સાહેબ તરફથી મળ્યો, અને સોસાઇટીએ તે સંબંધમાં ઘટતો ખુલાસો કરી યોગ્ય રાહત મળવા ઉત્તર લખી મોકલ્યો હતો; પરંતુ તે ઉત્તર ઉપરથી મે. કમિશ્નર સાહેબે સોસાઇટી ભાડું આપવા ખુશી નથી એમ માની લઇ તે જમીન વેચાણને બહાલી આપવા ના પાડી હતી. આ પ્રમાણે આ મ્યુનિસિપલ જમીનનું કામ ઘાંચમાં આવી પડતાં, મેનેજીંગ કમિટીના સભ્યો ઉત્તર વિભાગના કમિશ્નર મે. ગેરેટ સાહેબને ડેપ્યુટેશનમાં મળ્યા હતા, અને જે કાંઈ ગેરસમજુત થતી હતી તે દૂર કરી, એઓ સાહેબની સૂચનાનુસાર એ પ્રશ્નનો ઉકેલ આણવા ફરી ગયા ઓગસ્ટમાં અરજી કરી મોકલી હતી; તેનો નિર્ણય થોડાક સમયમાં આવી જવા સંભવ છે.

ઉપરોક્ત જમીનનો પ્રશ્ન ચર્ચાઇ રહ્યો હતો તે અરસામાં સોસાઇટીની પશ્ચિમ બાજુના મકાનોનો જમીન પટો પૂરો થતો હતો અને કારોબારી કમિટીના જાણવામાં આવ્યું કે સરકાર એ જમીન પોતાના ઉપયોગ માટે લઇ લેનાર છે.

એ જમીન જેમ મોખરાની તેમ સોસાઈટીના ખરા ઉપયોગની હતી; અને સોસાઇટીના મકાન વિસ્તાર માટે એ જમીન પછીથી મળવાનો સંભવ

નહોતો, અને સોસાઇટીનું પુસ્તકાલય એલાયદું કરવા સારૂં એ જમીન સર્વ રીતે બંધબેસતી અને સવડભરી હતી.

આ હેતુથી સોસાઇટીના સભ્યોનું એક ડેપ્યુટેશન મે. કમિશ્નર ગેરેટ સાહેબને નવેમ્બર સન ૧૯૨૯ ના રોજ શાહીબાગમાં મળ્યું હતું, અને સોસાઈટીનો સર્વ વૃત્તાંત જણાવી, સદરહુ જમીન સોસાઈટીને મળવી જોઇએ એવી માગણી કરી હતી.

એઓ સાહેબે બધી વિગતોથી વાકેફ થઈ, સોસાઇટીની માગણી લક્ષમાં લેવાનું આશ્વાસન આપ્યું હતું, એટલુંજ નહિ પણ આસપાસ જાહેર મકાનો આવેલા હોઇને અને ખાસ કરીને તેની સામે આઝમખાનનો મહેલ છે, તો એના મુકાબલે અને એ જાહેર ચોગાનને શોભતું સોસાઇટી નવું મકાન કરાવશે કે કેમ એવો પ્રશ્ન પૂછયો હતો.

તે સંબંધમાં સોસાઇટીએ મે. કમિશ્નર સાહેબને લખી મોકલેલી અરજી અને તે નવા મકાનનો પ્લાન પરિશષ્ટમાં આપ્યો છે.

સોસાઈટી કેટલાક વર્ષોથી એક સંશોધન અને અભ્યાસ મંદિર સ્થાપવાની ઇચ્છા ધરાવે છે, તે કાર્ય માટે આ જગો મળે તો તે સંસ્થા શહેરના કેન્દ્રસ્થાને આવે, એટલુંજ નહિ પણ તે સંસ્થા શહેરને ઉપયોગી તેમ ભૂષણરૂપ થઈ પડે.

અમે ઇચ્છીએ છીએ કે સરકાર તે પ્રશ્નનો છેવટ નિર્ણય કરે ત્યારે સોસાઇટીને પ્રસ્તુત કાર્ય માટે એ જમીન આપવાની ઉદારતા બતાવશે.

પરિશિષ્ટ ૮

Date Nov, 1929.

From,

DIWAN BAHADUR K. H. DHRUVA, B. A.,
President,
GUJARAT VERNACULAR SOCIETY,
AHMEDABAD.

To,

J. H. GARRETT, ESQR., I. C. S.,
Commissioner, Northern Division,
AHMEDABAD.

Sir,

At the request of the Managing Committee of the Gujarat Vernacular Society I have the honour to place the following before you for favourable consideration by the Government.

1. The Gujarat Vernacular Society was started by the late Hon. Mr. A. K. Forbes, the then Asstt. Judge at Ahmedabad, on 25th Dec. 1848, with the object of promoting the vernacular literature of Gujarat and spreading useful knowledge through the Vernacular. In this he was joined by many European and Indian Officials of the time and the institution was rendered assistance by Indian Chiefs and gentry.

2. The Society started work by patronising authors and purchasing copies of their works. It also started a collection of old manuscripts of Vernacular literature.

3. The Society opened a public library in 1849 and as necessity for a separate suitable building was felt, Government were approached for a site, which they granted gratis in about 1854–55. The then Nagarseth Himabhai gave a donation of Rs. 4500/– for a building and with the help of other donations

a building was erected on the site granted by Government at a cost of Rs. 7,000/–. This is at present known as the Himabhai Institute situate opposite the present Telegraph Office, outside Bhadra. In 1856 the Society handed over the management of the Institute to a separate Committee.

4. Side by side with the said Library the Society undertook in 1850 the management of a private Primary School. Originally it was a mixed school open both to boys and girls. Later on it was turned into a girl's school exclusively. Through the generous donation of Sethani Harkunverbai of Rs. 4000/– for a building and Rs. 12,000/– towards endowment for its maintenance the School has had a permanent abcde and is known as Harkunver Sethani's school situate at Tankshal, Kalupur. Later on the Society transferred the management of this school to a separate body.

5. The Society's activities extended in all directions for spread of knowledge. It felt the want of a Printing Press for publication of books at cheap price and therefore in 1851 a Litho Press was started. By means of the Press the Society supplied, at low rates a large number of books to the Education Department for use in the Vernacular Schools.

6 In 1854 the society felt necessity of an organ for spread of its aims and objects. So it started the monthly Magazine Buddhi-prakash both for propoganda as also for spread of knowledge and encouragement of Vernacular literature. The Buddhi-prakash is being published regularly and is now in the 76th year.

7. Thereafter in co-operation with the Education Department the Society undertook preparation of useful books. The "Kavyadohan" (cream of Poetry) was complied by its Assistant Secretary, the late Kavi Dalpatram Dahyabhai, C. I. E. for the Department of Public Instruction. A Gujarati Grammar text book was also prepared with the help of Government for the Society by Rev. Mr. J. V. S. Taylor, which is even now a good text book. The Society also further undertook the preparation of a good Gujarati Dictionary and this attempt has progressed well upto now though it has had its l ull on account of various difficulties. The work is over but its revision is now well in hand and is expected to progress satisfactorily with co-operation of Government and Gujarati scholars. It is however expected that a work of such importance and comprehensive magnitude will take long years to be completed. It is also besides a very costly undertaking.

8. At its inception, the work of Society was carried on by Europeans who were ardent lovers of the Vernacular and earnestly wished for spread of Education and useful knowledge among the children of the soil. Besides Hon. Mr. Forbes who founded the Society it had the services of Mr. T. B. Curtis as Hon. Secretary and the active co-operation of Sir Theodore C. Hope, Rev. Mr. J. V. S. Taylor, Sir F. S. P. Lely, Mr. E. Giles and many others.

9. As spread of education and knowledge by means of class-books, scholarships etc., was the object of the Society it was deemed necessary to have it registered as a corporate body so that it could act

as permanent Agency to hold trust funds for educational purpose which could be acquired and attracted on a large scale, if confidence were created among the people. The society was accordingly registered under Act XXI of 1860 on 29-9-1880.

10. After the registration of the Society funds began to flow in steadily. Books-publication branch as well as the library of the society began to grow considerably and the society felt the need of its own home with the necessary facilities for future extensions. The society therefore approached Government for a grant of land. Government were pleased to grant the society 533 sq. yards of land at its present site opposite Karanj for a nominal occupaucy price of Rs. 582-10-0 and a nominal annual rent of Rs. 5-8-6. Possession of this land was given over to the society on 20th May 1898 and the society thereafter put up its present buildings on the said site. The society feeling the necessity of an adjoining strip of land of 67 sq. yds., again approached Government for the same and this was also granted to the society for a nominal premium of Rs. 71-3-0 and a nominal annual rental of Rs. 0-11-2. Possession of this strip was given to the society on 19th of January 1904.

11. Present buildings of the society with the Public hall forming the first floor of the said buildings are located on the said lands granted by Government and were put up from 1898 to 1924, at an approximate cost of about 31,000/- rupees. The said buildings at present consist of 5 set of rooms 2 of which are used as office accommodating the clerical

staff; one is put to the combined use of office of the Asstt. Secretary, Library and committee room, one is used as a record room and one is used for stocking the society's publications. The hall on the first floor known as the Premabhai Hall is used for all important meetings in Ahmedabad. The society has provided the hall with the necessary seating accomodation of chairs and has also fitted it with the convenience of electric lights and fans. The society allows the use of this hall for such public functions as are approved by the Hall committee on a nominal charge of Rs. 2/—.

12. When the society put up the said buildings its permanent funds amounted to Rs. 67056–6–8 and the number of trust funds under its management was 55 amounting to Rs. 154670–13–6. The number of trust funds which the society is at present administering is 145 amounting in all to Rs. 471456–6–8 and the amount of its permanent funds is Rs. 1,56,539–8–6. On account of the additions of books to the society's library, the large and growing collection of manuscripts, the increasing number of its publications, the demand for a good and complete library viz., publications with the necessary references' library of books in English, Sanskrit, and other languages, the need for extension of the hall as well as offices of the society is being keenly felt for a long time.

13. The society have therefore resolved to extend the present buildings and hall and also have the necessary extensions for comfortable locating its library with facilities for scholars and re-search

workers to carry on their work. In this connection it may be noted that the society has recently endowed prizes to be given to research students for writing thesis in Gujarati on either History, literature, economics, sociology or science.

14. The society therefore recently approached Government for acquisition of the adjoining properties bearing the present S. Nos. 4724, 4725, & 4728. Governments have been pleased to undertake the acquisition proceedings as prayed for in view of the fact that the society is a public body rendering useful service to the general public for spread of education and knowledge.

15. Side by side with the said private lands there is a piece bearing S. No. 4726 belonging to the Ahmedabad Municipality admeasuring about 104 sq. yds. The society approached the Municipality who in view of the usefulness to the general public of the society, have passed a resolution for granting the land to the society at a nominal price.

16. The society's present buildings are situated in present S. No. 4729 and cover an area of about 600 sq. yds. The additions thereto by the said acquisition and the grant by the Municipality will give the society a further area about 232 sq. yds. The additional space is however not sufficient for the growing needs of the society particularly for the location of its library.

17. There is no scope for any extension on the north and the east of the present site as the buildings abut on important roads with very heavy and continuous traffic. The only possibility of extension is therefore on the south and the west of the

present site which is hemmed in by Government land on those sides. The land forming present S. No. 4663 admeasuring about 300 sq. yds. is pre-eminently suitable for the requirements of the said society. The land is leased by Government and the period of the lease is due to expire on 31st March 1930. It is a piece which is practically detached from the piece of Government land, on the south of the society's buildings, and therefore, while the grant of that land will suit the requirements and the purpose of the society, it is not at all likely to interfere with any project which Government may have in view in connection with their land on the south. Besides, the Government land on the south is extensive enough for any project they may have in contemplation and therefore the grant of the detached plot of S. No. 4663 is also not likely to cause Government any appreciable inconvenience, while compared with that the advantage to the society if the plot is granted would be immensely greater.

18. If that plot were granted to the society, the society proposes to extend its buildings therein so as to locate a part of its library with a hall on the site of the present S. Nos. 4724 to 4728 for scholars and re-search students to work quietly. The society also intends to extend the present public hall on the first floor over the said site of S. Nos. 4724 to 4728 and a terrace on the building to be put in plot No. 4663 which it seeks from Government. This terrace will be opening in the hall on the 1st floor thereby allowing scope for the extension of the Premabhai hall if necessary.

19. Just opposite this land of S. No. 4663 is situate the old palace of Azam Khan where the head Post Office is at present located. Government are shortly going to remove the Post Office from that place and have also decided to hand over the building to the custody of the Ahmedabad Municipality for its Archœlogical museum. Government have also further promised to supply exhibits for the museum likely to encourage research in Gujarat. The location of society's Library and accomodation for scholars there on the plot in question will be very convenient and conducive to the study of the Archaology as well as Re-search work in Gujarat. A plan showing roughly the general nature of the buildings that the society will put up in case the land is granted is submitted herewith. The accompanying gives only the out-lines. I have no hesitation in stating with certainty that any structure that the society will put in the said land will be such as will maintain the balance of appearance of the site as a whole as well as a suitable match to the old palace opposite.

20. It is estimated that for all the extensions, additions and alterations the society will have to spend about Rs. 50,000/- exclusive of the cost of the land. A copy of the latest report of the Society is submitted herewith, from which it will appear that the Society has got sufficient funds of its own for the purpose. It has got an yearly income of about Rs. 15000/- and it can also raise funds by donations or even if need be, by debentures. The said copy will also give the details as regards the various private funds and the other activities shortly detailed above.

21. The management of the Society vests in a Managing Body of 20 members elected annually by the Society in their General Meeting. The present membership of the Society consists in all of 679 members of whom 13 are Europeans, about 17 are ruling Princes and Thakores, about 320 are female members and the rest represent gentlemen from all parts of Gujarat. H. H. Sir Sayajirao Gaekwad Maharaja of Baroda is the patron of the Society. In addition to these there are 552 libraries registered as members. A detailed list of the members of the Managing Committee and other members as well as registered libraries will be found in the accompanying report (p. 1 to 20).

22. It will be seen from the rules of the Society a copy whereof is appended hereto that the funds of the Society are required to be invested in the Imperial Bank or Postal Savings Bank. It is an uniform practice to invest the Society's funds in securities authorised by the Trust Act.

23. In view therefore of the foregoing circumstances viz:—

(a) That, the Society is a public institution of long standing carrying on the promotion and spread of knowledge and education.

(b) That, it badly requires the land of S. No. 4663 for its legitimate extensions as well as to increase its usefulness and service to the public.

(c) That, if the land is granted either free or on nominal rent the Society is and will be able to raise the necessary funds for the building.

(d) That, Government have always in the past recognised the Society and its objects as a fit

subject of grant of lands free or on nominal rentals.

(e) That, the municipality has also similarly recognised the Society and its objects.

(f) That the absence of the grant of the land to the Society will inconvenience it much more than the use to which Government can put the land for any purposes in any of their projects.

(g) That, the constitution, standing and the history of the Society are a sufficient guarantee that the land if granted will be put to the best use in the interest of the public.

(h) That, the situation of the land being very near the proposed Archecological museum, the library and study for re-search work located on this land will further stimulate interest in Archaeology in Gujarat.

25. The Managing Committee of the Society earnestly hope and urge that Government will be pleased to consider the claims of the society and grant to it the said land admeasuring about 300 sq. yds. of S. No. 4663 on the expiry of its present lease on 31st March 1930.

I shall be glad to supply any further details or information in case any are deemed necessary and are required.

I have the honour to be,
Sir,
Your most obedient servant,
K. H. Dhruva.
President.

SKETCH - DESIGN FOR
NEW BUILDING PROPOSED TO BE ERECTED BY
THE GUJARAT VERNACULAR SOCIETY AHMEDABAD
SCALE 8 FEET TO 1 INCH



FRONT ELEVATION FRONTING
THE AZAMKHAN PALACE

NORTH SIDE ELEVATION

પ્રકરણ ૧૯

પ્રબોધક વાચન સાહિત્ય

" There is little fear for the future of the young man who has a deep-seated faith in himself. Self-faith has ever been more than a match for difficulties. Men with no assets but colossal of faith in themselves have accomplished wonders."

Orison Sevett Marden.

એકલી આજીવિકા પ્રાપ્ત થયે જીવન સુખમાં જતું નથી. બાહ્ય સાધનો સુખ સગવડ મેળવી આપવામાં સહાયભૂત થાય છે; એથી સંતોષ અને આનંદ પ્રાપ્ત થાય છે; પણ એની અસર થોડા સમય માટે હોય છે. સ્થાયી સુખ, આનંદ અને શાંતિ માટે ખરી રીતે મનને કેળવવું જોઇએ. સુખ દુઃખના પ્રસંગે મનની સ્થિતિ સમતોલ રહે એવી મનોવૃત્તિ કેળવવાની જરૂર છે અને તે સામાન્ય નીતિ અને જ્ઞાનનાં બોધવચનો વાંચે વિચારે અને સત્સંગ કરે પ્રાપ્ત થાય છે.

ગયા સૈકામાં સ્માઇલ્સ કૃત સદ્વર્તન, કર્તવ્ય, જાત મહેનત, તેમ લૅબક કૃત 'જીવનનો આનંદ' (Pleasure of life) 'જીવનનો ઉપયોગ' (Use of life) વગેરે પુસ્તકો પુષ્કળ વંચાતાં અને તેની લાખો પ્રતો વહેંચાઈ હતી. આજે તેનો ખપ ઓછો થયલો જણાય છે; પણ તેને સ્થાને " નવ વિચાર " (New Thought) નામક લાગણી અને ભાવનાને પોષતું અને ઉત્તેજતું વાચન સાહિત્ય વિશેષ પ્રચારમાં આવ્યું છે; અને તેનો પણ મ્હોટો ઉપાડ ચાલુ છે. સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલયે છપાવેલાં ' આગળ ધસો ' ભાગ્યના સૃષ્ટાઓ, સુખ, સામર્થ્ય અને સમૃદ્ધિ, પ્રભુમય જીવન વગેરે આ કોટિનાં પ્રકાશનો છે.

" સુખ અને શાન્તિ " જોન લૅબક રચિત Peace & Happiness નો અનુવાદ—આ પુસ્તક, ઇંગ્રેજી અને તેનો મરાઠી તરજુમો એ બે પરથી થયો હતો, નિરાંતે વાંચવા વિચારવા જેવો ગ્રંથ છે અને તેના નામ પ્રમાણે, એમાંના વિચાર અને આદર્શ અનુસરવામાં આવે, તો, તે સુખ અને શાંતિના પ્રદાતા થઇ પડે. લેખકે એક સ્થળે જણાવ્યું છે તેમ, " આપણી જાતના જેવો ખરો મિત્ર કે કટ્ટો શત્રુ બીજો કોઇ નથી. "

સોસાઇટીને જેમણે લેકી કૃત (Map life) 'જીવનનો આદર્શ' એ નામના એક મનનીય પુસ્તકનો તરજુમો અગાઉ કરી આપ્યો હતો તે શ્રીયુત જીવાભાઈ રેવાભાઇ પટેલે સદરહુ "સુખ અને શાન્તિ"નું પુસ્તક લખી આપ્યું હતું અને તેના વાચનમાં વ્યતિત કરેલો સમય જરૂર સ્ફૂર્તિદાયક અને આનંદમય થઇ પડશે.

જીવનમાં જેમ કંજુસાઈ કામની નથી તેમ ઉડાઉપણું પણ તજવા જેવું છે. કરકસરથી તો ઘણા મનુષ્યોએ પોતાની મિલ્કતને સમૃદ્ધ કરી છે. નાણાનાં વ્યયમાં વિવેક કરવો એનું નામજ કરકસર છે; તેનું ઉલટું, ઉદારતાની હદ ઓળંગી જઇને વિના કારણ અને નિરર્થક પૈસા ખર્ચી નાખવા તેનું નામ ઉડાવપણું છે; અને એવા ઉડાવપણાને કોઇ પણ ઉત્તજન ન આપે.

આપણા એક જુના લેખક અને જેઓ સુધારક કવિ તરીકે જાણીતા થયા હતા તે શ્રીયુત ભવાનીશંકર નરસિંહરામે આ વિષયોને નિબંધરૂપે પ્રાચીન નિરૂપણ શૈલીમાં, યોગ્ય સ્થળે બંધબેસતા ઉદાહરણ આપીને ચર્ચ્યાં છે અને એ ચોપનિયું જો કે ન્હાનું છે તો પણ તેમાંની માહિતી બોધપ્રદ અને માર્ગદર્શક જણાશે.

સન ૧૯૧૦-૧૧ માં એ લેખકની યોગ્ય કદર કરવા અમદાવાદમાં એક જાણીતી નાટક કંપનીએ મેળાવડો યોજ્યો હતો, તે વખતે એમને સોસાઇટીનાં પ્રકાશનો ભેટ કરી શ્રીયુત ભવાનીશંકરનું સન્માન કરવામાં આવ્યું હતું.

આ જમાનામાં આપણાં પ્રાચીન પુસ્તકો જેવા કે રામાયણ અને મહાભારતનું વાચન તદ્દન ઓછું થઇ ગયું છે; અને અગાઉ માણભટ્ટ દ્વારા એ કથા સાંભળવાનો લાભ મળતો હતો તે પ્રથા પણ લુપ્તપ્રાયઃ થવા માંડી છે. આપણી આ સાંસ્કૃતિક સંપત્તિથી આપણી નવી ઉછરતી પ્રજા વંચિત રહે એ વિચાર જ અસહ્ય છે. કોઈ રીતે એ પુસ્તકોનું વાચન અને અભ્યાસ વધે એવી તજવીજ થવી ઘટે છે. એ ઉણપ કંઇક અંશે પૂરી પાડવા સોસાઈટીએ "મહાભારતની નીતિ કથાઓ" એ પુસ્તકનું પ્રકાશન સ્વીકાર્યું હતું. એ પુસ્તક મૂળ બંગાળીમાં લખાયું હતું, અને તે શ્રીયુત મગનલાલ હરિકૃષ્ણ ભટ્ટના વાંચવામાં આવતાં તેમને તે ખૂબ ગમી ગયું; અને તુરતજ તેમણે તેને ગુજરાતીમાં લખી નાંખ્યું હતું.

તે પરથી એ લખાણ કેટલું અસરકારક છે તે સમજાશે, જો કે મૂળ વસ્તુ જ ઓછી આકર્ષક કે ઓછા પ્રભાવવાળી નથી.

"સમાજ સેવા" એ આ યુગનું મુખ્ય લક્ષણ છે. એ સેવાવૃત્તિ પૂર્વે આપણે ત્યાં નહોતી એમ નહિ પણ તેનો પદ્ધતિસર અને વ્યવસ્થિત પ્રબંધ હમણાં થયો છે અને તે પાશ્ચાત્ય સંસ્કૃતિનું અનુકરણ છે એમ સ્વીકારવું જોઇએ. એ સેવાના માર્ગ અનેક અને ભિન્ન ભિન્ન પ્રકારના છે અને તેનું માર્ગદર્શક નિરૂપણ લાહોર ફોરમેન કૉલેજના પ્રોફેસર રેવ. મી. ફ્લેમિંગે Suggestions for Social Usefulness—સામાજીક સેવાના સન્માર્ગ—એ નામનું પુસ્તક લખીને કર્યું હતું. આવું એક સરસ પુસ્તક ગુજરાતીમાં બહાર પાડવામાં આવે તો સમાજ સેવકોને ઉપયોગી થઈ પડે તેમ અન્યને સમાજ સેવાનો કોઇ ને કોઈ માર્ગ ગ્રહણ કરવા પ્રેરે; તેથી સોસાઇટીએ જાણીતા લેખક અને પત્રકાર ડાહ્યાભાઈ લક્ષ્મણભાઈ પટેલને એ પુસ્તક તૈયાર કરી આપવાનું સોંપ્યું હતું અને એમની અન્ય કૃતિઓને પેઠે એ પુસ્તક પણ લોકપ્રિય નિવડ્યું છે. સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલયના સંચાલક ભિક્ષુ અખંડાનંદજીએ એ પુસ્તક ગમી જતાં એમની વિવિધ ગ્રંથમાળામાં તે ફરી છાપ્યું હતું; અને આજ સુધીમાં તેની ત્રણ આવૃત્તિ થવા પામી છે એજ તેની ઉપયોગિતા પૂરવાર કરે છે.

અગાઉ માબાપથી જુદા પડી પુત્રો નવું ઘર માંડતા એ બનાવ નવો નહોતો; પણ કેટલાક સમયથી નવાં શિક્ષણના પ્રભાવે વા વ્યક્તિ સ્વાતંત્ર્યની ભાવના દ્રઢ થતા ઉછરતી આપણી જુની સંયુક્ત કુટુંબની સંસ્થા તુટવા માંડી છે; અને નવી ઉછરતી પ્રજામાંથી તે સંસ્થાનો નાશ થાય તો આપણે એમાં કાંઇ નવાઇ પામવા જેવું નથી.

આ પરિસ્થિતિને કંઇક અંશે ટાળવા કેટલાંક વર્ષો પર મહુધાનિવાસી હરિલાલ અનુપરામે "પુત્ર અને પુત્રવધુના ધર્મો" એ વિષય પર નિબંધ લખાવી મંગાવી, તેમાં જે નિબંધ ઉત્તમ માલુમ પડે તેને રૂ. ૫૦) ઇનામ આપવા જણાવ્યું હતું અને લખાઇ આવેલા નિબંધોમાંથી બહેચરલાલ નટવરલાલ ત્રિવેદીનો લેખ ઇનામપાત્ર જણાયો હતો અને તે સોસાઇટીએ છપાવ્યો હતો. બહેચરલાલ એક નવા વકીલ હતા અને એમણે પ્રસ્તુત લેખમાં પુત્ર અને પુત્રવધુનાં કર્તવ્ય વિષે દર્શાવેલા વિચાર વિચારણીય માલુમ પડશે. દેશનું દુર્ભાગ્ય છે કે આવા ઉગતા લેખકો એમની શક્તિ ખીલે અને તેઓ પ્રજાને તેમનાં જ્ઞાન અને બુદ્ધિનો કાંઇક લાભ આપવા શકિતમાન થાય તે આગમચ અકાળે દેવલોક પામે છે.

પ્રકરણ ૨૦

દી. બ. કેશવલાલ હર્ષદરાય ધ્રુવ

"Of studie took he most cure and most hede
Noght o word spake he more than was nede,
And that was seyd in forme and reverence,
And short & quick, and ful of hy sentence.
Sowninge in moral vertue was his speche,
And gladly wolde he lerne and gladly teche."

Chaucer's 'Prologue.'

દી. બા. કેશવલાલભાઇનો સોસાઇટી સાથેનો સંબંધ લાંબા સમયનો છે. છેક સન ૧૮૮૬-૮૭ માં બુદ્ધિપ્રકાશ કમિટીના તેઓ એક સભ્ય નિમાયા હતા અને ટ્રેનિંગ કૉલેજમાં તેઓ શિક્ષક હતા તે વખતે ભાલણ કૃત કાદંબરીનું સંશોધન અને સંપાદન કાર્ય, અન્ય ઉમેદવારને નહિ આપતાં કમિટીએ એમને સોંપ્યું હતું.

આમ એમની કારકિર્દીના આરંભથી એક સાક્ષર—man of letters તરીકે એમની ખ્યાતિ બંધાઇ હતી અને તે દિવસે દિવસે વિસ્તરી, એક ન્હાના વિદ્દદ મંડળથી શરૂ થઇને તે છેક વિદ્યાર્થી વર્ગ અને જનસમૂહ સુધી પસરેલી છે.

અંગ્રેજી આદ્ય કવિ ચોસરે 'કેન્ટરબરી ટેલ્સ' માં એક પંડિત (Clerke) નું વર્ણન કરેલું છે તેમાંથી ઉપર ઉધ્ધૃત કરેલી પંક્તિઓ કેશવલાલભાઇને કેટલેક અંશે લાગુ પડી શકશે.

જેઓ એમના સમાગમમાં આવેલા છે તેઓ સઘળા સારી પેઠે જાણે છે કે કેશવલાલભાઈ દિવસભર વિદ્યાભ્યાસંગમાં પ્રવૃત્ત રહે છે. ગોટીની શેરીમાં એમના ચોથે માળે કોઇ ને કોઇ સાહિત્ય, ઇતિહાસ, ભાષાશાસ્ત્ર, પૂરાતત્ત્વ, છંદ, વ્યાકરણ, કે શબ્દની વ્યુત્પત્તિમાં તેઓ વિચારનિમગ્ન માલુમ પડશે; અને જે કોઇ એમની મુલાકાતે કે વંદન કરવા આવે એમને એમની પાસેથી એ પૈકી એકાદ વિષય પર જ્ઞાનગોષ્ટિ સાંભળવાની અમૂલ્ય તક સાંપડશે.



દી. બા. કેશવલાલ હર્ષદલાલ ધ્રુવ

(પૃ.૨૧૮)

એમણે પૈસા ટકાની પરવા કરી નથી. માનમરતબા સારૂ ઝંખના કરી નથી; એમને એકજ વસ્તુની લગની લાગેલી છે; અને તે સરસ્વતીની ઉપાસનાની, અને એમની એ બ્રાહ્મણત્વભરી વૃત્તિપર ભાર મૂકીને સોસાઇટીની છેલ્લી વાર્ષિક સામાન્ય સભામાં શ્રીયુત નરસિંહરાવ અને દી. બા. કેશવલાલને બુદ્ધિપ્રકાશનો અભિનંદન અંક અર્પણ કરવાના ઠરાવની દરખાસ્તને અનુમોદન આપતાં શ્રીયુત મુળચંદભાઇએ એ પ્રતિ શ્રોતૃવર્ગનું ખાસ ધ્યાન ખેંચ્યું હતું અને તે ઉલ્લેખ પ્રસંગોચિત હતો. એમણે ઇચ્છ્યું હોત તો સરકારી ખાતામાં તેઓ કોઇ મોટા અધિકારીના પદે પહોંચ્યા હોત અથવા તો વકીલ થઇને સારી રીતે પૈસા ભેગા કર્યા હોત; પણ એમના સ્વભાવને તે અનુકૂળ જ નહોતું. તા. ૧૧ મી ઓગસ્ટના રોજ ગુજરાત કૉલેજમાં પ્રેમ ભક્તિ મંડળ તરફથી એમના સન્માનાર્થે સમારંભ યોજાયો હતો, તે પ્રસંગે અપાયલા માનપત્રનો ઉત્તર આપતાં કેશવલાલભાઇએ જણાવ્યું હતું, કેઃ—

"સારૂં થયું કે હું એ (કેળવણી) ખાતામાં જોડાયો. મને મૂળથી વિદ્યા ઉપર પ્રીતિ હતી; અને જુના જમાનામાં વિદ્યાવૃદ્ધિને અવકાશ આપતૂં તો માત્ર એ ખાતૂંજ આપતું હતું. એ અનુકૂળતાને લીધે મેં મારો અભ્યાસ આગળને આગળ ધપાવ્યો. આજીવિકા મેળવવા અને વર્તમાનપત્ર કે કાવ્ય નાટક વાંચવા ઉપરાંત માણસે કોઇ ઊંચૂં ધ્યેય રાખવું ઘટે છે; તદનુસાર જીવનની બીજી વીસીના આરંભમાં સાહિત્ય સેવા ઉઠાવવાનો મેં સંકલ્પ કર્યો હતો. તે પણ મેં અવસરસર આચારમાં મૂક્યો."

આપણે ઉપરના કથન ઉપરથી જોઇ શકીએ છીએ કે કેશવલાલભાઇએ સરસ્વતી પ્રત્યેના પ્રેમથી ખેંચાઇને આજીવન સાહિત્યની ઉપાસના કરેલી છે; સાહિત્યમય જીવન જીવ્યા છે; અને સાહિત્ય વાચન અને લેખનમાં રાચ્યા છે અને તેમાં પોતાને કૃતકૃત્ય થયલા સમજ્યા છે. શ્રીયુત ન્હાનાલાલે એમના વિષે બોલતાં સાચુંજ કહ્યું હતું, કે 'વર્તમાન ગુજરાતની મૂર્તિમન્ત વિદ્વત્તા તે કેશવલાલભાઈ.'

આવા એક વિદ્વદ મણિની સેવાનો લાભ સોસાઇટીને મળ્યો છે, એ સોસાઇટીનું મહદ્ ભાગ્ય છે.

ભૂજમાં કચ્છના પાટવી કુંવરના શિક્ષક તરીકે એમની પસંદગી થતાં તેઓએ સોસાઇટીની મેનેજીંગ કમિટીમાંથી તેમજ સોસાઈટી હસ્તકની

બ્રહ્મચારીની વાડીના ટ્રસ્ટી તરીકેનું રાજીનામું આપ્યું હતું; તો પણ દૂર રહે તેના કામકાજમાંથી એમનો રસ ઓછો થયો નહોતો.

રણછોડલાલ હાઇસ્કુલના હેડ માસ્તરના પદે અમદાવાદમાં પાછા ફરતાં કેશવલાલભાઇને સોસાઈટીની મેનેજીંગ કમિટીમાં ફરી લેવામાં આવ્યા હતા. માત્ર વચમાં થોડાંક વર્ષો કેટલાક પ્રપંચી પુરુષોની ખટપટને લઇને એમને ખસવું પડયું હતું; પણ સન ૧૯૨૦ માં સોસાઈટીના પ્રમુખપદે તેઓ નિમાયા હતા અને અદ્યાપિ તે પદને તેઓ શોભાવી રહ્યા છે.

સોસાઈટીના પ્રમુખપદે આવ્યા પછી સોસાઈટીની સાહિત્ય વિષયક પ્રવૃત્તિ વિવિધ રીતે વિકસેલી છે; તેમાં ખાસ કરીને ગુજરાતી કોશ સુધારણાનું કામ અને પ્રાચીન કાવ્યોનું સંશોધન અને પ્રકાશન કાર્ય, એ બે, મુખ્યત્વે, દી. બા. કેશવલાલભાઈને આભારી છે.

આ વિષયોમાં તેઓ ઉંડા ઉતરેલા છે, એટલુંજ નહિ પણ તે વિષે તેમના અભિપ્રાય પ્રમાણભૂત લેખાય છે. તેઓ જાતે તેમાં રસ લે અને સાથે સાથે તેનું સંપાદન અને સુધારણાનું કામ પણ હાથપર લે એથી વિશેષ રૂડું શું હોઇ શકે?

એ વિષેના એમના કોડ તો બહુ મ્હોટા છે. તેઓ એક પ્રમાણભૂત ગુજરાતી કોશ જોવાને બહુ ઉત્સુક છે; તે એક ભગીરથ કાર્ય છે, તથાપિ એકલે હાથે અને ઉત્તરાવસ્થામાં સોસાઇટીના ગુજરાતી કોશનું નવેસર સુધારણાનું કામ એમણે ઉપાડી લીધું હતું. સોસાઇટીએ છપાવેલા કોશને ભૂમિકા તરીકે રાખીને 'પ' અક્ષર એમણે તૈયાર કર્યો, જે છપાયો છે; તે પછી 'અ' અને 'આ' એ બે સ્વર શબ્દોની પ ની પેઠે સાફ પ્રત કરેલી છે. આખો કોશ અન્યના સહકાર અને સહાયતા વિના થોડા સમયમાં પૂરો થાય એ સંભવિત નહોતું; તેમાં એમની આંખ નબળી પડી જતાં, ન છૂટકે એ પ્રવૃત્તિ અટકાવવી પડી હતી. તોપણ એ તૈયાર કામ પરથી કોશનું કામ કયા ધોરણે કરવું, તેમાં શું શું આવશ્યક છે, કોશની રચના કેવી હોવી જોઇએ એ વિષે ઘણું જાણવાનું પ્રાપ્ત થશે અને, એ વિષય પ્રતિની એમની ઉત્કટ લાગણી નિહાળીને અમે તો સાનંદાશ્ચર્ય પામ્યાં છીએ.

પ્રાચીન ગુજરાતી કવિતા માટે એમના જેવો અનુરાગ અમે બહુ થોડા વિદ્વાનોમાં જોયો છે. આપણું એ કવિતાનું સાહિત્ય, છાપેલું, એમણે બારીકાઇથી વાંચ્યું છે, તેમ કેટલાંક પ્રાચીન કાવ્યો હાથપ્રતોમાં દટાઇ

પ, પું૦ પકાર.

પઇડું, ન૦ જુઓ પૈડું.

પઇણું, ન૦ જુઓ પીંછું.

પઇસો, પું૦ જુઓ પૈસો.

પઈ, સ્ત્રી૦ જુઓ પાઈ.

પઈ, પું૦ { પ્રા. **પહિઅ**, સં. **પથિક**–મુસાફર. } (૧) વટેમાર્ગુ. (૨) અજાણ્યો મુસાફર; મહેમાન. ઉ૦ પહેલે દિવસે પરોણો ને બીજે દિવસે પઈ. કહે૦

પઈ, સ્ત્રી૦ { ઇં. Pice (પાઇસ) } ભાંગેલાં તૂટેલાં ઓજારોનો જથો.

પકડ, ક્રિ૦ સ૦ { સં. **પ્ર, કૃષ્**–પકડવું, ઝાલવું. * } (૧) ઝાલવું. (૨) મજબૂત ઝાલી રાખવું.
રૂ. પ્ર.—(૧) કાન પકડવા–ભૂલ કબૂલ કરવી. (૨) નાડ પકડવી–ચિકિત્સાપૂર્વક જાણી લેવું. (૩) હાથ પકડવો–આશ્રય આપવો.

પકડ, સ્ત્રી૦ { જુઓ √ પકડ. } (૧) પકડવું તે. (૨) પકડવાની શક્તિ. (૩) વસ્તુને મજબૂત ઝાલી રાખનારું ઓજાર.

પકડાપકડી, સ્ત્રી૦ { જુઓ √ પકડ. } એકને પકડવું, પછી બીજાને પકડવું, એમ ઉપરાઉપરી પકડી લઈ જવું તે.

પકણું, વિ૦ જુઓ પગણું.

પકવ, ક્રિ૦ સ૦ { સં. **પાક**–રસોઈ. } રાંધવું; રસોઈ કરવી. ઉ૦ તે રોટલી પકવે છે.

પકવાન, ન૦ જુઓ પક્વાન્ન.

પકવાસી, સ્ત્રી૦ મેડાનાં પાટિયાંની નીચે બે પાટિયાંની સાંધ ઉપર જડાતી લાકડાની ચીપ કે લોઢાની પાટી.

પકવાસો, પું૦ { **કમ્બી**–કામડી, **વંશ**–વાંસ. ** } (૧) વાંસની કામડી. (૨) બાજરાના સાંઠા ઉપર જડવાની ચીપ. (૩) જળોયું.

પકાર, પું૦ { શુ. સં. } પ અક્ષર.

પકાવ, ક્રિ૦ સ૦ { સં. **પાક**–રસોઈ. } રાંધવું. ઉ૦ તે ખીચડી પકાવે છે.

પકાઈ, સ્ત્રી૦ { જુઓ પાકું. } (૧) કાચું ન હોવાપણું; હોશિયારી. (૨) ખંધાઈ.

પક્કું, વિ૦ { સં. **પક્વ** } (૧) પૂર્ણ. ઉ૦ પક્કો નિશ્ચય; પક્કો કસ. (૨) કોઈથી કમાય નહિ એવું. (૩) ખંધું.

પક્વ, વિ૦ { શુ. સં. } ચઢી ગયેલું; રંધાયેલું. ઉ૦ પક્વ અન્ન.

પક્વાન્ન, ન૦ { શુ. સં. } જલેબી, વગેરે મીઠાઈ.

પક્વાશય, ન૦ { શુ. સં. } હોજરી; જઠર.

પક્ષ, પું૦ { શુ. સં. } (૧) બાજુ. ઉ૦ તે દુશ્મનના પક્ષમાં ભળે છે. (૨) બે કે અધિક કોટિમાંથી એક. ઉ૦ ઉત્તમ પક્ષ તો એ છે, કે તમે તે જાતે કરી બતાવો. (૩) એક વિચારવાળાઓનું ટોળું. ઉ૦ ઉદ્દામ પક્ષ; વિનીત પક્ષ; નાફેર પક્ષ. (૪) માસનાં બે પખવાડિયાંમાંનું એક. ઉ૦ શુક્લ પક્ષ. (૫) તરફદારી. ઉ૦ તે તેનો પક્ષ ખેંચે છે. (૬) પક્ષપાત. ઉ૦ ન્યાયાધીશ પક્ષ કરે છે. (૭) જેના વિષે અમુક વાત સાધવાની છે તે.

પક્ષ, સ્ત્રી૦ (૧) તરફદારી. (૨) પાંખ.

પક્ષકાર, વિ૦ { સં. **પક્ષ, કાર** } વાદીપ્રતિવાદીમાંનું એક.

જ્યારે પ્રધાન જ એક પાસનો સંસ્કાર હોય ત્યારે એ નિયમ લાગુ પડતો નથી.
(ગ. ચં. ૩-૨૩૫)

પક્ષઘાત, પું૦ { સં. **પક્ષ, ઘાત** } લકવો; અર્ધાંગવાયુ.

પક્ષપાત, પું૦ { સં. **પક્ષ, પાત** } ન્યાય કે સત્ય નહિ જોતાં એક પક્ષ તરફ ઢળી જવું તે; વગ.

પક્ષપાતી, વિ૦ પક્ષપાત કરનાર; વગીલું.

દી. બા. કેશવલાલ સંપાદિત 'પ' કાર શબ્દનું પહેલું પૃષ્ઠ

રહેલાં હતાં, તેનો ઉદ્ધાર કરવાનો અને પ્રકાશમાં આણવાનો યશ પણ એમણે મેળવેલો છે; જે સેવા માટે આપણે સૌ એમના ઋણી છીએ. એમની સંશોધન પદ્ધતિ વિશે કાંઇક મતભેદ છે, પણ એમના હસ્તે થયલું પ્રાચીન કાવ્યોનું સંશોધન અને સંપાદન કાર્ય ખચિત્ મહત્વનું અને કિંમતી છે, તેમ આદર યોગ્ય છે, એની કોઇ વાચક ના પાડી શકશે નહિ.

એમની સૂચનાથી સોસાઇટીએ પ્રાચીન કાવ્યોનું પ્રકાશન કાર્ય હાથ ધરેલું છે અને તેનાં અત્યાર સુધીમાં પ્રકટ થયલાં પુસ્તકો લક્ષમાં લેતાં વાચક જોઇ શકશે કે તેમાં સારી પ્રગતિ થયલી છે અને તેનો યશ કેશવલાલભાઇને છે.

ગુજરાતી વ્યાકરણ પર એક ગ્રંથ સ્વર્ગસ્થ ટેલર પાસે ઘણા વર્ષો ઉપર સોસાઈટીએ લખાવ્યો હતો; તે પછી એક સારા વ્યાકરણ ગ્રંથની ઉણપ રહ્યા કરે છે. એ વિષયમાં કેશવલાલભાઇ અમુક ચોક્કસ અભિપ્રાય ધરાવે છે; તેઓ માને છે કે, ગુજરાતીનો આરંભ અને વિકાસ અપભ્રંસમાંથી સીધો ઉતરી આવ્યો છે, તો એને અનુલક્ષીને, પ્રચલિત સંસ્કૃતના ધોરણે નહિ, ગુજરાતી વ્યાકરણની રચના થવી ઘટે છે. અને જ્યાં સુધી એ વસ્તુ ધ્યાનમાં લેવાશે નહિ ત્યાં સુધી ગુજરાતીનું સારૂં અને સંપૂર્ણ વ્યાકરણ રચી શકાશે નહિ. ગુજરાતી કોશ સુધારણા સારૂ એમણે જે તૈયારી કરી હતી તેમાં આ પ્રશ્નને તેનો એક આવશ્યક ભાગ ગણ્યો હતો; આ દૃષ્ટિ નજર સમીપ રાખીને ગુજરાતી ભાષાનું એક સારૂં અને સ્વતંત્ર વ્યાકરણ લખી આપવાનું કાર્ય દી. બા. કેશવલાલભાઇની ભલામણથી, શ્રીયુત રામનારાયણ પાઠકને સોંપાયું છે. એ કાર્યમાં સહાયક પણ કેશવલાલભાઇ જ છે.

અપભ્રંસ સાહિત્ય ઝાઝુ જાણવામાં નહોતું અને તેનો અભ્યાસ પણ જૂજજાજ હતો, તે સમયથી કેશવલાલભાઇ કહેતા આવ્યા છે કે ગુજરાતી ભાષાનો પદ્ધતિસર, શાસ્ત્રીય અને ઐતિહાસિક રીતે અભ્યાસ કરવા અપભ્રંસનું જ્ઞાન આવશ્યક છે. તેના જ્ઞાન વિના ગુજરાતીનો અભ્યાસ અધુરો જ રહેવાનો; અને અમે જોયું છે કે પ્રતિદિન એમના એ અભિપ્રાયને વજન મળતું જાય છે; અને તેની આવશ્યકતા સ્વીકારાઇ છે.

વર્ષો ઉપર સ્વર્ગસ્થ ભાઈશ્રી ચીમનલાલ દલાલે ગાયકવાડ ઓરિયંટલ ગ્રંથમાળામાં 'પ્રાચીન ગુર્જર કાવ્યો' એડિટ કરી પ્રસિદ્ધ કર્યાં ત્યારે એ કામમાં એમને કેશવલાલભાઈની જ મદદ મળી હતી; અને જુની ગુજરાતીના અભ્યાસીઓ સારૂ એવાં પુસ્તકો ઝાઝી સંખ્યામાં નિકળે એજ ઇચ્છનીય છે.

એ હેતુથી સોસાઇટીએ અપભ્રંસ પાઠાવલિ બે ભાગમાં દી. બા. કેશવલાલભાઇના સામાન્ય તંત્રીપદ અને દેખરેખ હેઠળ શ્રીયુત મધુસૂદન ચીમનલાલ મોદી પાસે સંપાદન કરાવવાનું કાર્ય આરંભેલું છે; શ્રીયુત મોદી અપભ્રંસ સાહિત્યના સારા જ્ઞાતા અને અભ્યાસી છે; ગયે વર્ષે કોલેજના વિદ્યાર્થીઓ સારૂ એમણે એક અપભ્રંસનું પુસ્તક 'સમરાઇચ્ચ કહા' એડિટ કર્યું હતું; અને 'બુદ્ધિપ્રકાશ'માં એ ભાઇના જુના ગુજરાતી ભાષા સાહિત્ય વિષેના જે લેખો પ્રસિદ્ધ થયલા છે, તે એ વિષયના અભ્યાસીઓના આદરપાત્ર જણાયા છે. આવા એક નિષ્ણાત ભાઈ, અપભ્રંસના વિષયમાં જેમનું વાચન અને જ્ઞાન બહોળું છે એવા કેશવલાલભાઈની સૂચના મુજબ અપભ્રંસ પાઠાવલિ તૈયાર કરે છે તે એવી રીતે યોજાયેલી જુદી જુદી ભાષાઓની જાણીતી પાઠાવલિઓમાં ઉંચું સ્થાન પ્રાપ્ત કરશે એ વિષે અમને લગારે શંકા નથી; એ પાઠાવલિનો પહેલો ભાગ આ વર્ષમાં છપાઈ જશે અને અમે સાંભળ્યું છે કે મુંબાઇ યુનિવરસિટિએ એ પુસ્તકને પાઠ્ય પુસ્તક તરીકે પસંદ કર્યું છે.

આ કાર્યનો યશ કોઇ એક વ્યક્તિને ઘટે તો તે કેશવલાલભાઈ છે.

કેશવલાલભાઇએ સોસાઇટીનું પ્રમુખપદ સ્વીકાર્યાં પછી અમે જોયું છે કે સોસાઇટીનું વાતાવરણ તદ્દન સાહિત્યમય થઇ રહેલું છે. સાહિત્ય પ્રવૃત્તિ કેમ વ્યવસ્થિત થઇ શકે, તેને કેવી રીતે અગાડી વધારી શકાય, આપણા ભાષા સાહિત્યના ઉત્કર્ષ અને અભ્યુદય અર્થે શા વધુ પગલાં ભરવાં જોઇએ, એ વિચારોને પ્રાધાન્ય મળતું રહ્યું છે. અને આ કાર્યમાં સાધન, શક્તિ, સંપત્તિ, સાથ, સહકાર અને સહાનુભૂતિનો લાભ મળતાં અને તેનો યોગ્ય ઉપયોગ થયે તે પ્રવૃત્તિમાં તેટલા અંશે ગતિ, વેગ, જોમ, વિવિધતા, નવીનતા અને વિશિષ્ટતા પ્રાપ્ત થવા સંભવ છે.

સોસાઈટીનું કાર્ય કોઈ એક વ્યક્તિ પર નહિ પણ સાહિત્યકારોના એકત્ર સહકાર અને સંઘબળ પર અવલંબે છે. જેટલે દરજ્જે તેમાં ઐક્ય અને સંવાદિતા સાધી શકાય એટલે દરજ્જે તે પ્રવૃત્તિ પ્રગતિમાન અને ફતેહમંદ નિવડે છે.

છેલ્લાં તેર વર્ષમાં સોસાઇટી જે કોઈ થોડું ઘણું કરવા શક્તિમાન થયલી છે, તેમાં ઓન. સેક્રેટરીની કિમતી સેવા સાથે કેશવલાલભાઇની વિદ્વતા અને નિરભિમાની અને સુશીલ સ્વભાવે ઓછો હિસ્સો આપ્યો નથી.

કેશવલાલભાઈની લોકપ્રિયતા વિષે થોડાક દિવસો પર (તા. ૧૧ મી ઓગસ્ટ) બોલતાં કવિવર ન્હાનાલાલે જે શબ્દો ઉચ્ચાર્યા હતા તે અત્રે આપીશું:

"કેશવલાલ ધ્રુવ એટલે રાજ્ય અને પ્રજા ઉભયના સન્માન્ય સાક્ષર વર્ય. કેશવલાલભાઇની વિદ્વતા સરકાર સન્માનાયેલી અને પ્રજા પ્રમાણાયેલી છે."

સાહિત્ય પરિષદના પ્રમુખ ચુંટીને પ્રજાએ એમની વિદ્વતાની કદર ક્યારનીય કરેલી છે; અને સરકારે એમને દી. બા. નો ઇલકાબ સોસાઈટીના પ્રમુખ તરીકે બક્ષ્યો હતો, એમાં પણ વિદ્વત્ પૂજા જ રહેલી છે.

એ શુભ અવસરે સોસાઇટીએ દી. બા. કેશવલાલભાઇને ખાસ મેળાવડો કરીને એક માનપત્ર આપ્યું હતું.

એ માનપત્ર નીચે મુજબ હતું:—

દિવાન બહાદૂર કેશવલાલ હર્ષદરાય ધ્રુવ,
બી. એ.,

પ્રમુખ, ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી,

અમદાવાદ.

સરકારી કેળવણી ખાતામાં ઉત્તમ પ્રકારની લાંબા સમયની સેવા અને તદંગે જનસમાજમાં પ્રાપ્ત કરેલા માન અને પ્રતિષ્ઠાની કદર તરીકે નામદાર સરકારે આપને ઘણાં વર્ષ પૂર્વે રાવબહાદૂરનો ઉંચો ઇલ્કાબ આપ્યો હતો.

પરંતુ આપની કીર્ત્તિ માત્ર એક નામાંકિત અને બાહોશ શિક્ષક હોવામાંજ સમાતી નથી. સંસ્કૃત અને ગુજરાતી સાહિત્યના ઉંડા અને તલસ્પર્શી અભ્યાસક તરીકે આપ જાણીતા છો.

ગુજરાતી પ્રજાએ આપની વિદ્વતાની કદર જાણી મુંબાઇમાં મળેલી બીજી સાહિત્ય પરિષદના પ્રમુખ નીમી આપના પ્રતિનો સદ્ભાવ પ્રદર્શિત કર્યો હતો.

ગુજરાતી સાહિત્યના ક્ષેત્રમાં આપની કૃતિઓ શિષ્ટ ગણાય છે એ કોણ નથી જાણતું? ખરેખાત આપનાં કરેલાં મનોહર ભાષાંતરો અત્યાર સુધીમાં તો અદ્વિતીય ગણાય છે. કવિ હરિશ્ચન્દ્રનું "**बिना पूर्व कविके हृदयसें हृदय मिलाये अनुवाद करना केवल जक्ख मारना हि नहि कविका लोकान्तर स्थित आत्माको नर्क कष्ट देना हि है**"

એ સૂત્ર હમેશ લક્ષ્ય તરીકે ગ્રહ્યું છે; અને એથી જ આપનાં ભાષાન્તરો હમેશ મૂળ કવિના રસમાં રતિભર પણ ક્ષતિ થયા વગર–જાણે નવા લખાયલા મૂળ ગ્રંથો જ હોય નહિ એવાં, સરળ, શુદ્ધ અને રસ ભરેલાં થાય છે. આપે સંસ્કૃતમાંથી ગુજરાતીમાં કરેલાં મુદ્રારાક્ષસ, હર્ષ અને ભાસ કવિનાં નાટકો, અમરુશતક અને ગીતગોવિંદ એ બધાં ભાષાન્તર કરવાની આપની નૈસર્ગિક ઉત્તમ પ્રકારની શક્તિના જાગતાજોત દાખલા છે. ગુજરાતીમાં ગીતગોવિંદનાં ઘણાં ભાષાન્તરો છે પણ તેમાંથી કોઇ પણ આપના ભાષાન્તરને પડછે પણ ચિંઢવી શકાય નહિ એવું આપનું ગીતગોવિંદનું ભાષાન્તર એકલુંજ આપના કીર્ત્તિસ્થંભરુપે પૂરતું છે.

માત્ર એકજ પ્રત ઉપસ્થિત થયા છતાં ભાલણની કાદંબરી જેવા વિકટ ગ્રન્થનો આપે સારોદ્ધાર કર્યો છે. એ પુસ્તકની વિદ્વત્તા ભરેલી ટીકા આપનું ભાષા અને વ્યાકરણશાસ્ત્રના ક્ષેત્રનું વિશાળ જ્ઞાન પ્રદર્શિત કરે છે. ખરેખાત, જુની ગુજરાતીની આપે કરેલી સેવા અમૂલ્ય છે.

વિવેચક બુદ્ધિએ લખાયલી હર્ષ અને ભાસના નાટકોની પ્રસ્તાવનાઓ, પદ્યરચનાના પ્રકાર સંબંધે લખાયલો નિબંધ, વિશાખદત્ત, હર્ષ અને જયદેવના સમય પરત્વે લખાયલા લેખો અને સંસ્કૃત નાટકસાહિત્યની પ્રાચીનતા સંબંધે લખાયલા વિષયો આપના વિસ્તીર્ણ વાચન અને સચોટ વિવેચકતાનાં તાદશ દૃષ્ટાન્તો છે.

ગુજરાત વર્નાક્યુલર સોસાયટી સાથે આપનો સંબંધ ઘણા લાંબા સમયનો છે. આપના સ્વર્ગસ્થ બંધુ હરિલાલ ધ્રુવને પગલે પગલે ચાલી આપે પણ જુના વખતથી સોસાઇટીના બુદ્ધિપ્રકાશમાં વખતોવખત સાહિત્ય વિષયે વિદ્વત્તાપૂર્ણ લેખો લખ્યા છે.

ત્યાર પછી ઘણા લાંબા ગાળા સુધી આપ મુંબઇમાં રહ્યે રહ્યે પણ સોસાઇટીને ભૂલ્યા નહોતા. આપનાં સ્વર્ગસ્થ પત્ની સૌ. ચતુરલક્ષ્મીના અવસાન નિમિત્તે એક સ્મારકફંડ સ્થાપી તેના વ્યાજમાંથી ગુજરાતી સ્ત્રી ઉમેદવાર મેટ્રિક્યુલેશનની પરીક્ષામાં ઉંચે નંબરે પાસ થાય તો તેને સોસાઇટીની લાઇફ મેમ્બર બનાવવી એ હેતુથી સદહૂં ફંડ સોસાઇટીને સોંપ્યું છે.

સન ૧૯૨૧ માં ગુ. વ. સોસાઇટીએ આપને પોતાના પ્રમુખ તરીકે ચુંટયા હતા; જે પદ આપ લાંબા સમયથી શોભાવો છો. પ્રમુખપદે નિમાતાં જ આપે ગુજરાતી કોશની શુદ્ધિ કરવાનું વિકટ અને શ્રમવાળું

કામ ઉત્સાહપૂર્વક હાથ ધર્યું; એટલુંજ નહિ પણ કેટલુંક મહત્ત્વનું માર્ગદર્શક કામ ઉકેલ્યું પણ છે. એ પ્રમુખપદને લઇનેજ નામદાર સરકારે ફરીથી કદર કરીને આપને દિવાન બહાદુરનો માનવંતો ઇલ્કાબ ઇનાયત કર્યો છે; અને તેથી આપનેજ નહિ પણ આપણી ગુજરાત વર્નાક્યુલર સોસાઈટીને પણ માન આપ્યું છે એમ અમે માનીએ છીએ.

આવું વિરલ માન વર્ષોનાં વર્ષો સુધી ભોગવવાને શ્રી જગન્નિયંતા પરમેશ્વર આપને દીર્ઘાયુષ આપો અને ભવિષ્યમાં અધિકાધિક માન અને પ્રતિષ્ઠા પ્રાપ્ત થાઓ એ અમારી શુભાશિષ અને આકાંક્ષા છે. અમારી ભવિષ્યવાણી ફળીભૂત થવાથી, અમે નીચે સહીઓ કરનારા આપના શુભચિંતક મિત્રો ઘણો આનંદ પામીશું.

ગુજરાત વર્નાક્યુલર સોસાઈટી,
અમદાવાદ.
તા. ૨૮ મી ડિસેમ્બર ૧૯૨૭.

અમે છીએ,
આપના સ્નેહી બંધુઓ,

સૌ. વિદ્યાગૌરી રમણભાઇ નીલકંઠ	**રમણભાઈ મહીપતરામ નિલકંઠ.**
ડાહ્યાભાઈ પીતાંબરદાસ દેરાસરી	**આનન્દશંકર બાપુભાઈ ધ્રુવ**
કૃષ્ણલાલ નરસીલાલ દેસાઈ	**મંગળદાસ ગીરધરદાસ**
ગણેશ વાસુદેવ માવલંકર	**ખુશાલદાસ ગોકળદાસ પટેલ**
અંબાલાલ દલસુખરામ લખીયારા	**મુળચંદભાઈ આશારામ શાહ**
ચીમનલાલ દલપતરામ કવિ	**જોસફ બેન્જામીન**
હોમી પી. ચાહેવાલા	**નગીનદાસ પુરૂષોત્તમદાસ સંઘવી**
પ્રાણજીવનદાસ નારણદાસ ડૉકટર	**જનુભાઈ અચરતલાલ સૈયદ**

ગટુલાલ ગોપીલાલ ધ્રુવ

ઑન. સેક્રેટરી અને મેનેજીંગ કમિટીના સભ્યો, ગુ. વ. સોસાઇટી.

ત્યાર બાદ ગત્ વર્ષમાં આપણા બે અગ્રગણ્ય વિદ્વાનો દી. બા. કેશવલાલ અને શ્રીયુત નરસિંહરાવભાઈ એમના પોણોસોમા વર્ષમાં પ્રવેશ કરતા હતા, એ માંગલિક પ્રસંગને ઉજવવાનો સોસાઇટીએ નિર્ણય કર્યો હતો; તદનુસાર તૈયાર થયલો બુદ્ધિપ્રકાશનો અભિનંદન અંક આ જુલાઈ માસમાં એ બે વિદ્વાનોને ભેટ ધરવામાં આવ્યો હતો.

સોસાઇટીના ઇતિહાસમાં આ બનાવ અપૂર્વ હતો અને તે ચિરસ્મરણીય રહેશે.

પ્રકરણ ૨૧

કેળવણીને લગતાં પુસ્તકો

" The national state must act on the presumption that a man of moderate education but sound in body, firm in character and fitted with joyous self-confidence and power of will, is of more value to the community than a highly educated weakling."

[*Herr Hitler.*]

કેળવણીનો પ્રશ્ન હમણાં ખૂબ ચર્ચાઈ રહ્યો છે, તેમાં માતૃભાષા દ્વારા શિક્ષણ, બાલશિક્ષણ-મોન્ટીસરી પદ્ધતિએ, હુન્નર ઉદ્યોગનું શિક્ષણ (vocational), ખેતી પ્રધાન શિક્ષણ (agricaltural bias), નિરક્ષર નિવારણની યોજના, પુસ્તકાલય પ્રવૃત્તિ વગેરે મુદ્દાઓ પર ખાસ ભાર મૂકાય છે અને દેશમાં શિક્ષિત વર્ગમાં પ્રવર્તી રહેલી બેકારીના કારણે આધુનિક શિક્ષણને વખોડવામાં આવે છે.

આપણે જાણીએ છીએ કે આપણા દેશમાં કેળવણીની શરૂઆત, ઇસ્ટ ઈંડીઆ કંપનીના હાકેમોએ તેમને રાજવહીવટમાં યોગ્ય માણસો મળે એ દૃષ્ટિથી કરી હતી અને તે પછી જે શિક્ષણપ્રણાલિકા ચાલુ રહેલી છે તે મુખ્યત્વે બુદ્ધિપ્રધાન, માનસિક વિકાસ કરનારી નીવડી છે. તેના ગુણદોષમાં અહિં નહિ ઉતરીએ, પણ એટલું તો નિર્વિવાદ છે કે પ્રચલિત ધોરણમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉદ્‌ભવી છે, અને પ્રજાને એકલું સાહિત્ય વિષયક શિક્ષણ બસ નથી. પ્રસ્તુત પ્રકરણના મથાળે જે ઉતારો કર્યો છે, તે પ્રમાણે સશક્ત, ચારિત્ર્યવાન, આત્મવિશ્વાસવાળા અને દૃઢ નિશ્ચય ધરાવનાર સામાન્ય શિક્ષણ મેળવેલા પુરુષોની, ઉંચા બુદ્ધિશાળી માંઇકાંગલા કરતાં વિશેષ જરૂર છે. જર્મનીના નવ વિધાયક હિટલરના એ કથનમાં સત્ય રહેલું છે, એમ આપણે આપણી પરિસ્થિતિનો વિચાર કરતાં સ્વીકારવું પડશે.

શાળામાં માતૃભાષા દ્વારા શિક્ષણ અપાવું જોઇએ એ પક્ષ પર સોસાઇટી સન ૧૮૮૨ થી ભાર મૂકતી આવી છે. હંટર કમિશન સમક્ષ જે નિવેદન સોસાઇટીએ રજુ કર્યું હતું, તેમાં એ મુદ્દા પ્રતિ ધ્યાન ખેંચવામાં આવ્યું હતું; અને તે પછી મુંબાઈ યુનિવર્સિટીને એક મેમોરેન્ડમ

મોકલવામાં આવ્યું હતું, તેમાં માતૃભાષાને યુનિવર્સિટીની પરીક્ષામાં સ્થાન આપવા સારૂ આગ્રહ કર્યો હતો.

સ્ત્રી કેળવણીના પ્રશ્નને તો સોસાઈટીએ પોતાનોજ કર્યો છે. શહેરમાં પ્રથમ કન્યાશાળા કાઢવાનું માન સોસાઈટીને છે. આજે પણ તેના હસ્તક રા. બા. રણછોડલાલ કન્યાશાળાનો વહીવટ ચાલુ છે. વળી શાળામાંથી બાળાઓ ઉઠી જાય તે પછી તેમને આગળ અભ્યાસ કરવાનું સુગમ થઈ પડે, એ આશયથી સોસાઇટીએ સ્ત્રી શિક્ષણની પરીક્ષાની યોજના કરી હતી, તે વિષે બીજા વિભાગમાં સવિસ્તર કહેવાઇ ગયું છે, અને તે વિષે વિશેષ હકીકત 'મહિલામિત્ર' નામક પ્રકરણમાં આ વિભાગમાં દાખલ કરેલી છે.

વધુમાં કન્યાઓને વધુ વિષયોમાં જ્ઞાન આપવાનું બની શકે તે માટે ખાસ અભ્યાસ વર્ગ કાઢવાની સોસાઇટીએ વ્યવસ્થા કરી હતી તેની વિગતો સન ૧૯૦૮ના બુદ્ધિપ્રકાશમાંથી અહિં ઉદ્ધૃત કરીશું:

"આ શાળાને અંગે મોટી ઉંમરની સ્ત્રીઓને વ્યવહારોપયોગી જ્ઞાન આપવાના હેતુથી એક વર્ગ તા. ૨૧, નવેમ્બર ૧૯૦૭ થી ઉઘાડવામાં આવ્યો છે, તેમાં દરરોજ સાંજના ૪॥ થી ૫॥ વાગ્યા સુધી એક કલાક શિક્ષણ આપવામાં આવે છે. આ વર્ગમાં દી. બા. અંબાલાલ સાકરલાલ દેસાઇ અર્થશાસ્ત્ર, પ્રોફેસર સાંકળચંદ જેહાલાલ શાહ સપ્રયોગ રસાયનશાસ્ત્ર અને ડૉક્ટર ઝવેરભાઇ નારાયણભાઇ શારીરિકવિદ્યા તથા ઘરઉપયોગી વૈદક વિષે શિક્ષણ આપે છે. આ વર્ગમાં હાલ શાળાની સ્ત્રી શિક્ષકો, છઠ્ઠા ધોરણની કન્યાઓ તથા બીજી બે ત્રણ સ્ત્રીઓ આવે છે. બહારની વધારે સ્ત્રીઓ આવી આ વર્ગનો લાભ લેશે એવી આશા રાખવામાં આવે છે. આ વર્ગનાં શિક્ષણ આપનારા સદ્ગૃહસ્થોનો કમિટી અન્તઃકરણપૂર્વક આભાર માને છે.

આ કન્યાશાળામાં નીતિ, ભક્તિ અને સદાચારના શિક્ષણ ઉપર વિશેષ ધ્યાન આપવામાં આવે છે. આ શિક્ષણ આપવા માટે ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીએ ધર્મ અને નીતિ સંબંધી સામાન્ય વિચારોવાળી કેટલીક કવિતાઓ જુદાં જુદાં પુસ્તકોમાંથી ચૂંટી કાઢી "શિક્ષા વાચન" નામનું એક પુસ્તક તૈયાર કર્યું છે. તેમજ રા. બા. રણછોડલાલ છોટાલાલે વેદ વગેરે ધર્મશાસ્ત્રોમાંથી ચૂંટી કહાડેલાં નીતિ તત્વોનું 'ધર્મતત્વ' નામનું પુસ્તક પસંદ કરવામાં આવ્યું છે. નૈતિક શિક્ષણ આપવા માટે કોઇ સુશિક્ષિત સ્ત્રી મેળવવાની તજવીજ કરતાં તેવી સ્ત્રી મળી શકી નથી; તેથી પુખ્ત



મહાશંકર ઇંદ્રજી દવે

હુલેરાય છોટાલાલ અંજારિયા

(પૃ. ૨૨૮)

ભરતરામ ભાનુસુખરામ મહેતા

(પૃ. ૨૨૯)

નવલરામ જગન્નાથ ત્રિવેદી

ઉંમરનો કોઇ શાસ્ત્રી રાખવાની તજવીજ ચાલે છે. તે મળેથી નીતિ, ભક્તિ અને સદાચારનું સામાન્ય શિક્ષણ આપવા ઉપરાંત થોડું ઘણું સંસ્કૃત શિક્ષણ આપવાની વ્યવસ્થા પણ થઈ શકશે."

તે પછી સન ૧૯૨૫માં એક સ્ત્રી શિક્ષિકા મુકીને રા. બા. રણછોડલાલ કન્યાશાળામાં મોટી વયની સ્ત્રીઓને શિક્ષણ આપવાનો એક વર્ગ ખોલવામાં આવ્યો હતો; પણ આ બંને અખતરાઓનું પરિણામ નિરાશામાં પરિણમ્યું હતું,

સોસાઇટીએ અગાઉ સ્પેન્સર કૃત 'કેળવણી' અને બંગાળી પરથી 'નારી શિક્ષા'–બે ભાગમાં–અને 'ગૃહિણી કર્તવ્ય દીપિકા' એ પુસ્તકો છપાવ્યાં હતાં, તેની નોંધ બીજા વિભાગમાં કરવામાં આવી છે.

વીસમી સદીમાં બાળ શિક્ષણ પ્રતિ વિશેષ લક્ષ ગયું છે અને એ વિષયમાં ખૂબ પ્રગતિ થયલી છે. સોસાઇટીએ એ વિષયનું મહત્વ લક્ષમાં લઇને જાણીતા વિદુષી બ્હેન સૌ. શારદા બ્હેન પાસે 'બાળકનું ગૃહશિક્ષણ' એ નામનું એક ન્હાનું પુસ્તક સન ૧૯૦૯માં લખાવ્યું હતું અને તે ખરેખર લોકપ્રિય નિવડયું છે, એમ તેની ત્રણ આવૃત્તિઓ થવા પામી છે, તે પરથી કહી શકાય.

બાળશિક્ષણને ચર્ચતું એવું એકકે પુસ્તક અગાઉ લખાયલું અમારી જાણમાં નથી. શ્રીમતી શારદા બ્હેને એ વિષયને પદ્ધતિસર અને સમગ્ર રીતે અવલોક્યો છે અને તે એવું સરલ રીતે યોજાયું અને લખાયું છે કે તેમાંના મુદ્દાઓ સામાન્ય વાચકને પણ ગ્રહણ કરતા મુશ્કેલી પડે નહિ.

એ અરસામાં જ દેશપરદેશમાં પ્રચલિત શિક્ષણ પદ્ધતિઓ અને શિક્ષણ સંસ્થાઓનું નિરીક્ષણ કરી આવવાની પ્રથાને હિન્દી સરકાર તરફથી ઉત્તેજન મળવા માંડયું હતું; અને તેનો લાભ લઇને મુંબાઈ કેળવણી ખાતાના માજી વડા અધિકારી ડબલ્યુ. એચ. શાર્પે "જપાનની કેળવણી પદ્ધતિ" એ પર એક સરસ પુસ્તક લખ્યું હતું; અને સોસાઈટીએ તેનો ગુજરાતીમાં તરજુમો કરાવ્યો એ ઉચિત થયું હતું. કેળવણીના વિષયમાં રસ લેનાર અને જીંદગીભર એ ક્ષેત્રમાં જેમનું જીવન વ્યતીત થઈ રહ્યું છે, એવા એક વિદ્વાન શ્રીયુત અતિસુખશંકર કમળાશંકર ત્રિવેદીએ તે તરજુમો કર્યો હતો. સાહિત્યના સંસ્કાર એમને એમના પિતાશ્રી કમળાશંકર પાસેથી મળેલા હતા, અને ચાલુ અભ્યાસ, નિરીક્ષણ અને નિયમિત લેખનવાચન વડે એ સંસ્કાર એમનામાં ખૂબ ખીલ્યા છે.

રૂસો જાપાન યુદ્ધના પરિણામે સમસ્ત સુધરેલી દુનિયાનું લક્ષ જાપાન પ્રતિ ખેંચાયું હતું; અને તેણે ટુંક મુદતમાં જે અસાધારણ અને વિસ્મયકારક પ્રગતિ કરેલી છે, તેમાં એની કેળવણીપદ્ધતિએ મોટો હિસ્સો આપેલો છે. એ વિષયનું જ્ઞાન આપણા માટે ઉપયોગી છે; અને તે પુસ્તક એવી ખૂબીથી લખાયું છે કે એકલા કેળવણી પ્રશ્નમાં રસ લેનારાઓનેજ નહિ પણ સામાન્ય વાચકને પણ તેમાં રસ પડે. એ ખુબી આણવામાં તે પુસ્તકના ભાષાન્તરકારનો પણ હિસ્સો છે.

આપણે અહિં કેળવણીવિષયક સાહિત્ય ઝાઝું નહિ હોવાથી સોસાઇટીએ યુરોપના કેળવણીકારો અને પાશ્ચાત્ય શિક્ષણપદ્ધતિઓ વિષે એ પુસ્તકો લખાવવાનો નિર્ણય કરી, એ વિષયને ન્યાય આપી શકે એવા લેખકોને તે તૈયાર કરી આપવાનું કાર્ય સોંપ્યું હતું પણ તે હજુ લખાઇ આવ્યાં નથી.

દરમિયાન અંકલેશ્વર મિશન શાળાના એક કાર્યકર્તાએ "How we learn" એ નામનું એક ન્હાનું ઇંગ્રેજી પુસ્તક સોસાઇટીને મોકલી આપી તેનો ગુજરાતીમાં તરજુમો કરાવવાનું સૂચવ્યું. યુરોપિયન મિશનરીઓએ હિન્દમાં કેળવણીના પ્રચારાર્થે પુષ્કળ અને સંગીન કાર્ય કરેલું છે અને આપણા પર તેમનું એ ઋણ બહુ મોટું અને ભારે છે. એ લોકો એકલું શિક્ષણ આપીને અટકયા નથી; પણ તે ક્ષેત્રમાં તેઓ હમણાં ખૂબ પ્રયોગો કરી રહેલા છે અને તેના પરિણામો એમણે વિધવિધ પુસ્તકો જેવાં કે Village School in India, Projects in Indian Education, Fourteen Experiments in Rural Education, The Reconstruction of the Curriculum of the Elementary Schools in India—રચીને પ્રજા સમક્ષ ધર્યા છે અને એમની તે સેવા ધન્યવાદને પાત્ર છે.

'ઉપરાંત How we learn' એ પુસ્તકનો તરજુમો સોસાઇટીએ "શિક્ષણનું રહસ્ય" એ નામે પ્રગટ કર્યો છે; અને તેના અનુવાદક શ્રીયુત નવલરામ જગન્નાથ ત્રિવેદી છે. તેઓ લાલશંકર મહિલા પાઠશાળામાં ઘણાં વર્ષોથી અધ્યાપક છે; એટલુંજ નહિ પણ ગુજરાતી સાહિત્યના એક સારા લેખક અને ઉંડા અભ્યાસી તરીકે એમણે પ્રતિષ્ઠા મેળવેલી છે.

કેળવણી વિષયમાં રસ લેતા અને ખાસ કરીને શિક્ષકબંધુઓને એ પુસ્તક સાદ્યન્ત વાંચી જવા અમે ભલામણ કરીશું.

પ્રકરણ ૨૨

લલિત કળાનાં પુસ્તકો

" કળાનો ઉદ્દેશ આંખને કેળવવાનો છે,...અને તેના કરતાં પણ મન સાથે તેનો વધારે નિકટનો સંબંધ છે....કળાથી ખૂલેલાં આવાં અંતર્ચક્ષુ વડેજ આપણે જોઈ શકીએ છીએ કે જે ખરૂં સત્ય છે તે વિશુદ્ધ અને સારૂં છે, અને સત્ય, સદ્ગુણ અને સૌન્દર્ય એ સર્વ એકાકાર, એકજ સ્વરૂપ છે. એ માત્ર ઇશ્વરનાં ત્રણ અંગો છે."

સર મનુભાઈ નંદશંકર મહેતા

(આઠમી સાહિત્ય પરિષદ વખતે કળા પ્રદર્શન ખુલ્લું મૂકતાં આપેલા વ્યાખ્યાનમાંથી.)

આપણા સમાજમાં એક સમય એવો હતો કે જ્યારે સંગીત અને નૃત્ય, એ અધઃપાત કરનારાં અને ગણિકાને જ યોગ્ય ગણાતાં; અને ગયા જમાનામાં એવા પુરુષો અમે જોયા હતા કે જેઓ નાટકમાં તેમના પુત્ર-પરિવારને જવા દેતા નહિ; કારણ કે એથી તેમની નીતિ શિથિલ પડી જાય અને તે નાટકોની તેમના પર ખરાબ અસર થવા પામે.

મનુષ્યને તેના શારીરિક વિકાસ માટે કસરત અને આહાર આવશ્યક છે, તેના માનસિક વિકાસ માટે કેળવણીની જરૂર છે, તેમ મનુષ્યની લાગણીઓ અને તેની આત્મિક શક્તિઓની ખીલવણીમાં લલિત કળાઓ મદદગાર થાય છે, એવી સામાન્ય માન્યતા છે.

આપણા શાસ્ત્રકારોએ સંગીત કળા વિહિન પુરુષોને પશુની ઉપમા આપેલી છે અને તે યથાર્થ છે.

જીવન સુધારણામાં, જીવનની ઉન્નતિ સાધવામાં સંગીત અને કાવ્યની અસર થોડી ઘણી નથી. તે પ્રમાણે ચિત્રકળા, સ્થાપત્ય અને શિલ્પકળા મનુષ્યને નૈસર્ગિક આનંદ અનુભવવામાં, સૌન્દર્યનું દર્શન કરવામાં અને તે દ્વારા જગતમાં વ્યાપી રહેલી કોઇ મહાન શક્તિનું–વિભૂતિનું સ્મરણ અને ભાન થવામાં, એટલાં જ મદદગાર થાય છે.

એક કવિએ ખરૂં કહ્યું છે કે એક સુંદર ચીજ સદા આનંદનું સાધન છે અને તે સૌન્દર્યમાંથી સત્ય પ્રત્યક્ષ થાય છે. A thing of Beauty is a joy for ever. સંગીતની એક મીઠી ચીજ સાંભળતાં

કે એક સુંદર કાવ્ય વાંચતાં આપણે કંઇ જુદો જ આનંદ અનુભવીએ છીએ. તે આપણી સમક્ષ કાંઈ કાંઇ ચિત્રો, દશ્યો, પાત્રો, વિચારો ઉભા કરે છે; આપણે કંઈ કંઇ અવનવી લાગણીનો અને અનુભવનો સાક્ષાત્કાર કરીએ છીએ; તે આપણને સુખ અને શાન્તિ અર્પે છે, તેનો આહ્લાદક ધ્વનિ આપણા કાનમાં ગુંજ્યા કરે છે; તેની છાપ આપણી નજર પાસેથી ખસતી નથી.

જેઓએ તાજમહેલનું દર્શન કર્યું છે, તેઓ તેના સૌન્દર્યનું પાન કરતાં ધરાયા નથી. સ્થાપત્ય કળાનો તે ઉત્તમ નમુનો છે અને તેની આસપાસનું વાતાવરણ અને દેખાવ એવા આહ્લાદક, શાન્તિદાયક, સુવાસભર્યો અને ચિત્તાકર્ષક માલુમ પડે છે કે આપણે ઘડીભર કોઈ ઇંદ્રભવનમાં જઇ વસ્યા હોઇએ એવું ભાન થાય છે—એવો આનંદ પ્રાપ્ત થાય છે; અને તેનું કારણ આપ આપી શકતા નથી

અત્યાર સુધી આપણે સંગીત, નૃત્ય, સ્થાપત્ય અને શિલ્પ પ્રતિ ઉદાસિનતા સેવી હતી; તેમને અધમ પ્રતિન માન્યાં હતાં; પણ એ વિચારો હાલમાં બદલાવા માંડયા છે એ સંતોષકારક છે.

આ વિષયોનું મહત્વ સમજીને પ્રો. આનન્દશંકરભાઇની પ્રેરણાથી સોસાઈટીએ બેલાર્સ કૃત "The Fine Arts" એ નામના પુસ્તકનો ગુજરાતીમાં તરજુમો કરાવવાનું નક્કી કર્યું હતું અને તેમાં ખુશી થવા જેવું એ હતું કે તે પુસ્તકનો તરજુમો કરવાનું કાર્ય આપણા એક સર્વમાન્ય સાક્ષર અને રસજ્ઞ શ્રીયુત નરસિંહરાવે સ્વીકાર્યું હતું. અનેક વ્યવસાયો અને પાછળથી કૉલેજના અધ્યાપક તરીકેના કામના દબાણથી તેઓ એ તરજુમો હજુ તૈયાર કરી શકયા નથી, પણ જ્યારે તે આપણને મળશે ત્યારે તે પુસ્તક ઉપયોગી થઇ પડશે એ વિષે અમને શંકા નથી.

એ ઉણપ એમણે બીજી રીતે પૂરી કરી છે.

સન ૧૯૦૭ માં મુંબાઇમાં ભરાયલી બીજી ગુજરાતી સાહિત્ય પરિષદ સારૂ "અભિનય કળા" વિષે એમણે એક નિબંધ લખ્યો હતો, પણ તે બહુ લાંબો હોવાથી તેનો સાર માત્ર 'વસન્ત' માં પ્રગટ થયો હતો. આવો કિમતી નિબંધ બાજલી પર હાથપ્રતમાં બંધાઈ રહે એ કોઇ રીતે ઇચ્છનીય નહોતું. સોસાંઇટીને એમણે તેના પ્રકાશન માટે પૂછાવ્યું અને કમિટીએ તે ખુશીથી છપાવવાનું સ્વીકાર્યું; અને તે પુસ્તક "અભિનય કળા"



નરસિંહરાવ ભોળાનાથ દિવેટિયા

(પૃ. ૨૩૨)

દી. બા. નર્મદાશંકર દેવશંકર મહેતા

(પ ૭૩૩)

એ નામથી પ્રસિદ્ધ થઈ ચૂક્યું છે. ગુજરાતીમાં તો અભિનય કળા વિષે એ પહેલવહેલું પુસ્તક છે.

એ નિબંધમાં દર્શાવેલા વિચારો અને અભિપ્રાય એક જમાના પૂર્વેના છે. તે પછી તો એ વિષયમાં આપણે અહિં તેમ જ પાશ્ચાત્ય દેશોમાં ભારે પ્રગતિ થઇ છે અને રૂશિયા જેવા મૂલકમાં તેમાં મોટું પરિવર્તન થવા પામ્યું છે.

રંગભૂમિ, ચિત્રપટ અને બોલપટનો યુરોપીય દેશોમાં બહોળો પ્રચાર થયો છે અને તેમાં પુષ્કળ સુધારા અને ફેરફાર થવા પામ્યા છે. હિન્દુસ્તાનમાં પણ તેની અસર જોવામાં આવે છે; એટલુંજ નહિ પણ નર્મદ શતાબ્દી પ્રસંગે રંગલીલાનું દૃશ્ય જોઇને સૌ કોઇએ તેમાં ભાગ લેનાર યુવક યુવતીનો અભિનય વિષે પ્રશંસાના ઉદ્‌ગારો ઉચ્ચાર્યાં હતા. થોડાક સમયપર મુંબાઇમાં ઉદયશંકરે અને અમદાવાદમાં કુમારિકા લહીસિંહે એ કળામાં જે પ્રાવિણ્ય મેળવ્યું છે, તેનો પરિચય આપણને કરાવ્યો હતો. તે જોઇને એક હિંદી તરીકે આપણને મગરૂરી ઉપજે. બીજું આપણે જોઇ શકીએ છીએ કે એ નૃત્યકળા પ્રતિનો વિરોધ અને તિરસ્કાર જનતામાંથી ઓછો થતો ગયો છે એટલુંજ નહિ પણ તે કળા શિખવાને એક પ્રકારનો શોખ ઉદ્‌ભવ્યો છે.

એક દિવસ એવો હતો કે એમ. એ., ના વિદ્યાર્થીઓને નૃત્ત, નૃત્ય અને નાટ્ય એ શબ્દોનો ભેદ દર્શાવવા પ્રશ્ન પૂછવામાં આવતા.

"કર્મ" ના બોલપટમાં હિમાંશુરાય અને દેવકી રાણીના અભિનયે તો જગખ્યાતિ મેળવી છે અને સૌ કોઈ તે જોઇને મુગ્ધ બન્યા છે.

વળી 'પ્રસ્થાન' અને 'કૌમુદી' માં ઉદયશંકરના નૃત્ય પરત્વે જે વિસ્તૃત અને વિદ્વત્તાભરી સમાલોચના ગયે વર્ષે કરવામાં આવી હતી તે પરથી જોઇ શકાશે કે તે પછી આપણે અહિં તેના અભ્યાસમાં અને જ્ઞાનમાં બહુ પ્રગતિ થયલી છે.

ઉપરની પરિસ્થિતિમાં લલિત કળાના વિષય પ્રતિ ખાસ લક્ષ અપાવું જોઇએ, એમ વિચારી રહ્યા હતા એ અરસામાં મરાઠીમાં "આનંદ" માસિકના તંત્રી વાસુદેવ ગોવિંદ આપ્ટેનું લખેલું "સૌન્દર્ય અને લલિત કળા" નું પુસ્તક અમારા જોવામાં આવ્યું.

અમે જોયું કે એ વિષય પર સ્વતંત્ર નિબંધ લખી આપનારા આપણે સાં ગણ્યાંગાંઠ્યા વિદ્વાનો છે; અને તેઓ એટલા રોકાયલા રહે

છે કે તેમની પાસે એ વિષય પર પુસ્તક મેળવવા વધો સુધી થોભવું પડે. તેથી પ્રસ્તુત પુસ્તકનો ગુજરાતીમાં તરજુમો કરાવી નંખાવવાનો નિર્ણય કર્યો. સારા નસીબે 'ચિત્રમય જગત' માસિકના ગુજરાતી આવૃત્તિના તંત્રી, શ્રીયુત સાકરલાલ તુલજાશંકર યાજ્ઞિકે તે પુસ્તક ગુજરાતીમાં લખી આપવાનું માથે લીધું; સન ૧૯૨૫ માં તે બહાર પડ્યું હતું. તે પુસ્તકની પ્રસ્તાવનામાં અનુવાદકે એ વિષયના સંબંધમાં બે શબ્દો લખ્યા છે તે વિચારણીય હોઇ અહિં તે રજુ કરીએ છીએઃ

"ગુજરાતી વાચકોની અભિરુચિ અત્યારે એટલી બધી એકાગામ બની ગઈ છે, મન એટલાં બધાં કમકૌવત, નવીન અને ગંભીર વિષયનું ગ્રહણ કરવાને નાલાયક કહો કે નાખુશ કિંવા બેદરકાર કહો, બની ગયા છે કે અમુક એક પ્રકારના વાચન સિવાય બીજું કશું નજરે દીઠું ગમતું નથી. પરિણામે અનેક લેખકોને હાથે ખુશીથી કે નાખુશીથી, નવલકથાઓ લખાયા જ કરે છે; પછી તે સારી હોય કે ખરાબ. પરિસ્થિતિ આવી પ્રતિકૂળ હોવા છતાં પ્રસ્તુત પુસ્તક જેવા સૂત્ર પદ્ધતિથી લખેલ એક પુસ્તકનો ગુજરાતીમાં વધારો કરીને જનસમાજની વાચનની અભિરુચિને જરાક બીજે રસ્તે ચઢાવવાનો પ્રયત્ન મારા હાથે થયો એટલુંજ મને તો સમાધાન ! જનસમાજને એક નયન મનોહર ઉદ્યાનનું અસ્પષ્ટ દર્શન કરાવીને તે ઉદ્યાનમાં સ્વૈરપણે સંચરવાની તેનામાં વૃત્તિ ઉત્પન્ન કરવાની અભિલાષાએજ "સૌન્દર્ય અને લલિતકળા"ને જન્મ આપ્યો.

મૂળ લેખકે ગ્રંથના પ્રથમ ખંડમાં સૌન્દર્યની ભાવનાનું પદ્ધતિસર નિરુપણ કર્યું છે; તેનું વાચન બોધપ્રદ તેમ આનંદદાયક જણાશે. બીજા ખંડમાં કલા અને લલિતકળાનો ભેદ બતાવી, જુદા જુદા પ્રકારની લલિતકળાઓ, જેવી કે, પાષાણ શિલ્પ, વાસ્તુ શિલ્પ, સંગીત, ચિત્રકળા, નાટ્યકળાનો ઐતિહાસિક ધોરણે પરિચય કરાવ્યો છે, તેમાંથી જાણવા જેવી ઘણી માહિતી મળે છે અને આપણી દૃષ્ટિમર્યાદા વિશાળ થાય છે.

×લલિતકળાની પ્રવેશિકા તરીકે આ પુસ્તક અગત્યનું છે.

આ જ વિષયને ચર્ચતું બીજું એક બંગાળી પુસ્તક બહાર પડેલું અને જે પંકાયું હતું તેનો અનુવાદ કરાવવા તે અરસામાં સન્મિત્રો તરફથી સૂચના થઈ; અને તે કામ શ્રીયુત મહાશંકર ઇંદ્રજીને સોસાઇટીએ સોંપ્યું હતું.

× 'સૌન્દર્ય અને લલિતકળા' પ્રસ્તાવના, પૃ. ૨.

શ્રીયુત મહાશંકર જો કે પ્રાથમિક શાળાના શિક્ષક છે પણ લેખન વાચનનો ખૂબ શોખ ધરાવે છે અને તેમનું બંગાળીનું જ્ઞાન જેમ બહોળું તેમ માર્મિક છે. બંગાળીમાંથી એમણે સંખ્યાબંધ પુસ્તકો ગુજરાતીમાં ઉતારી આપણા સાહિત્યને સમૃદ્ધ કર્યું છે. સોસાઇટીને એમણે "યજ્ઞ રહસ્ય" નામક પુસ્તકનો તરજુમો અગાઉ કરી આપ્યો હતો અને તે પુસ્તક સૌને પસંદ પડ્યું હતું. એટલે આ કામ તેમને સોંપવામાં કાંઈ તકલીફ પડી નહિ.

એ બંગાળી પુસ્તકની સરસતા વિષે એમણે અમને તે વિષે પ્રસિદ્ધ થયલો અભિપ્રાય વંચાવ્યો, તે નીચે પ્રમાણે હતો:

"આ વરસે સાહિત્ય વિભાગમાં એક અતિ ઉપયોગી ગ્રંથ પ્રગટ થયો છે. ગ્રંથનું નામ છે "સૌન્દર્ય તત્ત્વ"; લેખકનું નામ છે શ્રીયુત અભયકુમાર ગુહ. કઠોર પરિશ્રમપૂર્વક લખાએલો આવો સુંદર ગ્રંથ બંગાળી ભાષામાં ઘણાં વર્ષો થયાં પ્રગટ થયો નથી."

આ પ્રમાણે એક જ વિષયપર બે પુસ્તકો થયાં પણ બંનેની નિરુપણ પદ્ધતિ નિરાળી અને સ્વતંત્ર છે; તે એક બીજાના પૂર્તિરૂપ કહી શકાય.

શ્રીયુત ગુહે આપણા પ્રાચીન સંસ્કૃત સાહિત્યમાંથી અગત્યના ઉતારા કરી પ્રાચીન ઋષિમુનિઓએ એ વિષયને કેવી રીતે વિચાર્યો અને ચર્ચ્યો હતો તે દર્શાવી, પાશ્ચાત્ય પ્રજાઓ, ગ્રીક, જર્મન, ફ્રેન્ચ, ઇટાલીઅન અને ઇંગ્લાંડના લેખકો અને તત્ત્વચિંતકો એ વિષય પર શા વિચારો ધરાવે છે તે, સરખામણી અને તુલના માટે, તેમજ એ વિષયને વધુ સ્પષ્ટ અને સરલ કરવા માટે નોંધ્યા છે.

આમ પૌર્વાત્ય અને પાશ્ચાત્ય લેખકોના સૌન્દર્ય વિષેના વિચાર અને અભિપ્રાય એક સાથે જાણવા તપાસવાનું પ્રાપ્ત થાય છે.

ખરી રીતે લલિત કળાનો પ્રત્યેક વિભાગ એક એક સ્વતંત્ર પુસ્તક માગી લે છે; સંસ્કૃતમાં એ પ્રમાણે દરેક વિષય પર એકથી વધુ ગ્રંથો પ્રાપ્ત થાય છે. ગુજરાતીમાં આપણે આશા રાખીશું કે એની ભરતી થતાં વાર નહિ લાગે; કારણ કે પ્રજાનું એ પ્રતિ લક્ષ ગયું છે એટલુંજ નહિ પણ તેને તેનો રંગ લાગ્યો છે.

પ્રકરણ ૨૩

લેડી વિદ્યાબ્હેન નીલકંઠ

"Lady Nilkanth has justified in her person the demand of women to equality with men as she had educated herself even after marriage and was the first lady graduate of the University from Gujarat, and her social work is not an eye-wash as she is connected with almost all the social works in her province."

Dr. MathuLaxmi Reddi

All India Women's Confrence Report 1932–33 p. 12.

સર રમણભાઈ કામ કરવાને અશક્ત થઈ પડ્યા તે દરમિયાન સોસાઈટીનું કામકાજ સંભાળવાને નવા ઓન. સેક્રેટરી નિમવાની અગત્ય જણાઇ; સોસાઇટીના નિયમોમાં એવી કોઇ કલમ ન હતી કે એવી નિમણુંક મેનેજીંગ કમિટી કરી શકે; પણ મેનેજીંગ કમિટીને પેટા–નિયમો ઘડવાની સતા છે, તેની રૂએ નીચે મુજબ નવો નિયમ મંજુર કરવામાં આવ્યો હતો:—

"૭ अ. ઓનરરી સેક્રેટરી માંદગીના, મુસાફરીના અગર લાંબી ગેરહાજરીના સબબથી અગર એવા બીજા કોઇ જરૂરી સંજોગોથી કામ કરી શકે તેમ નહોય તેવે પ્રસંગે ઓન. સેક્રેટરી તરીકે તમામ કામ કરવાને સારૂ મેનેજીંગ કમિટી તે કમિટીના સભ્યોમાંથી કોઇને ઓન. સેક્રેટરીની તમામ સત્તા સાથે નીમી શકશે."

સદરહુ પેટા નિયમ પસાર કરતી વખતે મેનેજીંગ કમિટીની એવી લાગણી હતી કે રમણભાઇની માંદગી દરમિયાન કામચલાઉ ઓન. સેક્રેટરી તરીકે લેડી વિદ્યાબ્હેન જ કામ કરે. એથી કેટલીક સગવડ સચવાતી હતી: રમણભાઈના સ્થાનમાં, ઝાઝો ફેર પડ્યો નહતો, એટલું જ નહિ પણ એમની સલાહ વારંવાર લઇ શકાય એવી તે ગોઠવણ હતી; અને વિશેષમાં લેડી વિદ્યાબ્હેન પ્રત્યે સૌને સન્માન હતું અને એમની કાર્ય-

• રીપોર્ટ ૧૯૨૬, પાનું ૨૧ મું.

સર રમણભાઈ અને લેડી વિદ્યાબહેન નીલકંઠ

(પૃ. ૨૩૬)

શક્તિથી બધા પરિચિત હતા અને એ સંસ્કારી સન્નારીને માન આપવાનો આ ઉચિત પ્રસંગ હતો, એ સઘળું ધ્યાનમાં લઇને મેનેજીંગ કમિટીએ સર રમણભાઇની માંદગી દરમિયાન ઓન. સેક્રેટરી તરીકે લેડી વિદ્યાબ્હેનની પસંદગી કરી હતી; અને એ પસંદગી સામાન્ય સભાએ કાયમ રાખી હતી. છેલ્લાં પાંચ વર્ષથી સોસાઇટીના ઓન. સેક્રેટરી તરીકે લેડી વિદ્યાબ્હેનની નિમણુંક થયે જાય છે, એ બતાવી આપે છે કે પ્રથમની પસંદગી યોગ્ય જ હતી.

આપણે અહિં જાહેર જીવનમાં સ્ત્રીઓ બહુ ઓછો ભાગ લે છે, તેથી કેટલાકને તેઓ અગ્રેસર પદે સ્થપાયલાં જોઇને કંઇક નવાઇ લાગે છે: પણ પાશ્ચાત્ય દેશોમાં એવું કોઇ ક્ષેત્ર નથી કે જેમાં સ્ત્રીઓએ નામના મેળવી નહિ હોય. ઈંગ્લાંડમાં સુપ્રતિષ્ઠિત પુરાતત્ત્વની સંસ્થા રોયલ એશિયાટિક સોસાઇટીના ઓન. સેક્રેટરી એક વિદુષી નિમાયાં હતાં; પાલી ટેક્ષ્ટ સોસાઇટીનાં અધ્યક્ષ તરીકે મીસીસ ર્‌હીસ ડેવિડસ્ બૌદ્ધ સાહિત્યનું પ્રકાશન કાર્ય એમના પતિએ અધુરૂં મૂકેલું, અગાડી ઉત્સાહભેર ચલાવી રહ્યાં છે; અને મેડેમ ક્યુરી જેમનું અવસાન હમણાં જ થયું છે, એ, સ્ત્રીઓને સવડ મળતાં તેઓ કેટલે દરજ્જે ઉંચે પહોંચી શકે છે, તેનું ઉજ્જવળ દૃષ્ટાંત છે.

આપણી સ્ત્રીઓને પુરતી અનુકૂળતા કરી આપવામાં આવે તો તેઓ પણ પુરુષોની પેઠે સુંદર સમાજ સેવા કરી શકે તેનાં દૃષ્ટાંત તરીકે સ્વ. રમાબાઈ રાનડે, શ્રીમતી સરોજની નાયડુ અને લેડી વિદ્યાબ્હેનનાં નામો રજુ કરી શકાય.

અમદાવાદમાં સૌ કોઇ જાણે છે કે લેડી વિદ્યાબ્હેને સ્વ. સર રમણભાઇની સઘળી પ્રવૃત્તિઓ સંભાળી લીધી છે, એટલું જ નહિ પણ અમદાવાદ મ્યુનિસિપાલીટીનાં એક સભ્ય ચુંટાઇને તેના કામકાજમાં યોગ્ય ફાળો આપતાં રહ્યાં છે; અને મ્યુનિસિપલ સ્કુલ બોર્ડના અધ્યક્ષ તરીકે એમની સેવા સ્તુતિપાત્ર નિવડી છે, અને એ કામનો બોજો ઓછો ન હોય એમ બીજી કેટલીક નવીન હીલચાલો જેવી કે હરિજન સેવા સંઘ, સ્વદેશી સંઘ, પુસ્તકાલય પરિષદ પ્રવૃત્તિ વગેરેમાં મુખ્ય ભાગ લઇને કિંમતી મદદ કરતાં રહ્યાં છે.

એક લેખિકા તરીકે પણ લેડી વિદ્યાબ્હેને કીર્તિ પ્રાપ્ત કરેલી છે, અને એમનું લખાણ જેમ સરળ, સુસબદ્ધ, મુદ્દાસર અને વિચારશીલ હોય

છે તેમ તે ધારી અસર ઉપજાવી શકે છે. થોડાક સમય પર " સ્વર્ગસ્થ સર રમણભાઈ " એ નામનું પુસ્તક એમનાં સ્વજનો તરફથી પ્રકટ થયું, તેમાં લેડી વિદ્યાબ્હેને ' જીવન વિધાયક ' નામક ઉત્કટ લાગણીને વ્યક્ત કરતો એક હૃદયસ્પર્શી લેખ લખ્યો છે; તે તેમનાં ગદ્ય લખાણનો ઉત્કૃષ્ટ નમુનો લેખી શકાય; અને એ પુસ્તકની પહોંચ સ્વીકારતાં એક પત્ર પ્રિન્સિપાલ ધ્રુવે એ લેખ પરત્વે લખ્યો હતો, તે જો કે ખાનગી પત્ર છે, તેમ છતાં અમારા મુદ્દાના સમર્થનમાં તે અહિં આપવો અમને ઉચિત જણાય છે:—

મુંબાઇ

તા. ૬ જુલાઈ ૧૯૩૪

નિર્મળજ્યોતિ વિદ્યાબ્હેન,

તમે આપેલા પુસ્તકમાંથી " જીવન વિધાયક " લેખ વાંચ્યો. સ્વર્ગસ્થ મહર્ષિ રાનડેનાં પત્નીએ લખેલાં પતિનાં સંસ્મરણો યાદ આવ્યાં. એજ શૈલી.

કહેવાની જરૂર નથી કે ભીનાં નેત્રેજ હું એ લેખ વાંચી શક્યો. વધુ શું લખું ?

લી.

આનન્દશંકરના શુભચિન્તન.

રમાબાઇ રાનડે રચિત " અમારાં જીવનની યાદગીરીઓ " એ પુસ્તકની પેઠે લેડી વિદ્યાબ્હેન એમનાં જીવન સ્મરણો સંગ્રહે તો તે કૃતિ ગુજરાતી સાહિત્યમાં બહુ મૂલ્યવાન થઇ પડે.

આધુનિક સ્ત્રીઓ માટે જીવન વિકાસનો માર્ગ ખુલ્લો મુકનાર અને સ્ત્રી જીવનમાં પ્રગતિ સાધનાર શ્રી લેડી વિદ્યાબ્હેન પ્રથમ છે; એ કારણે એમનું નામ આપણા પ્રાંતના ઇતિહાસમાં ચિરસ્મરણીય રહેશે.

છેલ્લી પોણી સદીથી ભોળાનાથ સારાભાઇનું કુટુંબ ગુજરાતમાં એક સુધારક કુટુંબ તરીકે અગ્રસ્થાન ભોગવે છે. અને ગળથુથીમાંથી એ કુટુંબના સુસંસ્કાર પામીને અને એ વાતાવરણમાં ઉછરીને લેડી વિદ્યાબ્હેન મોસાળ તેમ શ્વસુર કુટુંબના નામને દીપાવ્યું છે. એક પક્ષે તેઓ ભોળાનાથભાઇનાં દોહિત્રી થાય અને બીજા પક્ષે મહીપતરામનાં પુત્રવધુ થાય. ભોળાનાથભાઇને સ્વર્ગસ્થ મહીપતરામ સાથે સારો ભાઇચારો અને સ્નેહ જામ્યો હતો અને મહીપતરામ વિલાયતથી પાછા ફર્યા બાદ જ્ઞાતિ

તરફથી એમનો બહિષ્કાર કરવામાં આવ્યો ત્યારે ભોળાનાથભાઈ જ એમની કુમકે ઉભા રહ્યા હતા; અને એ વખતથી જ મહીપતરામના કુટુંબમાં પોતાના ઘરની એક છોકરી જાય એવી ઇચ્છા ભોળાનાથભાઇ સેવતા; અને યોગ્ય પ્રસંગ આવી મળતાં, જો કે એમના મૃત્યુ બાદ, રમણભાઈનું સગપણ વિદ્યાબ્હેન સાથે કરી, એ બે કુટુંબોનો સંબંધ સુવર્ણની સાંકળથી સંધાયો હતો.

વિદ્યાબ્હેનના પિતા ગોપીલાલભાઈ નોકરીના અંગે બહારગામ રહેતા તેથી એમનું ઘણુંખરૂં રહેવાનું મોસાળમાં થતું. એટલે ત્યાં ન્હાનપણમાં કુમારિકાઓ ગારીપૂજન, સાવિત્રી વ્રત, વગેરે કૌમારાવસ્થામાં વ્રતો આદરે છે, એવું એમણે કાંઇ કરેલું નહિ. કોઇ પ્રસંગે શ્રાવણ કે અધિક માસમાં મામીઓ સાથે નદીએ સ્નાન કરવા જતાં; એ સિવાય બીજી કોઇ અસર જુના વ્રત વિધિની કે વિચારની એમના પર થઈ નહતી.

ગુજરાતી છ ચોપડીઓનો અભ્યાસ કન્યાશાળામાં તેઓ પૂરો કરે તેમાં નવાઇ ભર્યું કાંઇ નહતું, સુધારક કુટુંબની એક બાળા માટે એટલો અભ્યાસ આવશ્યક મનાય; પણ આપણે આશ્ચર્ય પામવા જેવું તો એ હતું કે તે સમયે કોઇ હિંદુ બાળા ઇંગ્રેજીનો અભ્યાસ કરવાને હાઇસ્કુલમાં ભાગ્યેજ જતી હતી, તે સંજોગમાં લેડી વિદ્યાબ્હેને મહાલક્ષ્મી ટ્રેનિંગ કોલેજના અંગે ચાલતી એંગ્લો વર્નાક્યુલર હાઇસ્કુલમાં જવાની હિંમત કરી હતી. બહેનપણીઓમાં બે ત્રણ પારસી બાળાઓ હતી અને તેમને ઈંગ્રેજી સિવાયના અન્ય વિષયોનું શિક્ષણ વિમેન ટ્રેનિંગ કોલેજના શિક્ષકો આપતા; લેડી સુપરીન્ટેન્ડન્ટ મીસીસ મેકારી હતાં, તેઓ ઇંગ્રેજી શિખવતાં હતાં. આ પ્રમાણે પાંચમા ધોરણમાં તેઓ પહોંચ્યાં ત્યાં એમનું લગ્ન સન ૧૮૮૯ માં રમણભાઈ સાથે થયું; પણ આગળ જણાવ્યા પ્રમાણે બન્ને કુટુંબો સુધારક વિચારનાં, સંસ્કારી અને સુશિક્ષિત એટલે વિદ્યાબ્હેનના આગળ અભ્યાસમાં વિઘ્ન નડયું નહોતું; અને તેમાં રમણભાઇની પુરી મદદ હતી; તેમ છતાં એમનું કુટુંબ સંયુક્ત હોઈ કેટલુંક ઘરકામ કરવાનું ફરજીઆત માથે આવી પડતું; અને કેટલીક વાર તે બોજા રૂપ થઈ પડતું હતું. તેથી અભ્યાસમાં વિક્ષેપ પડતો અને કોઇક કોઇક વાર અકળાઇને વચમાંથી અભ્યાસ મૂકી દેવાનું તેઓ મન કરતાં; તે કસોટીના પ્રસંગો હતા, છતાં એ અડચણો અને મુંઝવણો વટાવીને સને ૧૮૯૧ માં વિદ્યાબ્હેને મેટ્રીક્યુલેશનની પરીક્ષા પાસ કરી હતી. ગુજરાત માટે તે એક ઉજ્જવળ દિવસ હતો. સર્વત્ર એથી આનંદ પસરી રહ્યો હતો.

એ ખુશાલીના સમાચાર સાંભળી આપણા એક વિદ્વાને ટકોર કરી, કે અહો, એ મેટ્રીક થાય એમાં શું? તેઓ બી. એ. થાય ત્યારે ખરૂં!

એ ટીકામાં વ્યંગ કરતાં પ્રોત્સાહનનો ધ્વનિ હતો અને પરમાત્માની કૃપાથી તેઓ બી. એ. થવાને પણ ભાગ્યશાળી થયાં હતાં.

કોલેજમાં વિદ્યાબ્હેન દાખલ થય પણ કૌટુંબિક જવાબદારી દિન-પ્રતિદિન વધતી જવાથી તે અભ્યાસમાં ખલેલ પડતું અને તેની ગતિ પણ અનિયમિત રહેતી.

પણ ઘરનાંનું અને આસપાસનું ઉત્તેજન એવું હતું કે તેઓ બી. એ. ની પદવી પ્રાપ્ત કરે ત્યારે સંતોષ વળે.

કોલેજના અભ્યાસ દરમિયાન રમણભાઈ કેટલાક કઠિન વિષયો તેમને શિખવતા એનો ઉલ્લેખ દી. બા. કૃષ્ણલાલ ઝવેરીએ રમણભાઈની ત્રીજી સંવત્સરી પ્રસંગે કરેલા વ્યાખ્યાનમાં અને "સ્વર્ગસ્થ સર રમણભાઇ" એ પુસ્તકમાં પોતાનાં સ્મરણો નોંધતાં શ્રીમતી શારદાબ્હેને રમણભાઇ, બે બ્હેનો ને અને ત્રીજા એમના ભાઇ ગટુલાલને સંસ્કૃત શિખવતાં તેનું હૃદયંગમ ચિત્ર દોર્યું છે, તે વાચનીય છે.

એક શિક્ષક તરીકે આપણને એ ચિત્રોમાં રમણભાઇનો પરિચય થાય છે; અને એમની બહુશ્રુતતા માટે માન પેદા થાય છે, પરંતુ અમે તો એમાં સ્ત્રીઓને અભ્યાસમાં મદદ કરવાની અને એમને ઉત્તેજન આપવાની એમની ઉત્કંઠા અને ધીમતી ઝાંખી કરીએ છીએ.

સ્વજનની પાસે બેસી અભ્યાસ કરવો એમાં જેમ આનંદ રહ્યો છે, તેમ કેટલોક સંકોચ પણ અનુભવાય છે, આપણે ઇચ્છીએ કે લેડી વિદ્યા-બ્હેન એ પ્રસંગોનું વર્ણન કોક વખતે લખે.

બી. એ., ના વર્ગમાં વિદ્યાબ્હેને તત્ત્વ જ્ઞાન અને તર્ક શાસ્ત્ર એ ઐચ્છિક વિષય લીધો હતો અને પ્રો. કાશીરામ દવે એમના અધ્યાપક હતા. તેઓ જુનિયર વર્ગમાં હતાં એ અરસામાં પ્રો. દવેનું અવસાન થયું અને એમનો એ વિષય લેનાર તુરત કોઇ અધ્યાપક મળે નહિ; પણ એ મુશ્કેલી પ્રો. આનન્દશંકરભાઇએ એમને એ વિષયનું શિક્ષણ આપવાનું સ્વીકારી લઇને દૂર કરી હતી. પ્રો. આનન્દશંકર તે વખતે એ વિષય શિખવતા નહતા; અને એ વિષયનું પૂર્વે વાચન પણ કરેલું નહિ, પણ આ બે બ્હેનોને સહાયભૂત થઇ શકાય એ હેતુથી એ વિષયો ઘેર વાંચીને, તેઓ કોલેજમાં તત્ત્વજ્ઞાનનો વર્ગ લેતા હતા.

સ્ત્રી જાતિ પ્રતિ પ્રો. આનન્દશંકરભાઈ અત્યન્ત માન ધરાવે છે અને સન ૧૯૦૭માં સ્ત્રીબોધ જ્યુબિલિ પ્રસંગે એમણે નારી પ્રતિષ્ઠા વિષે આપેલા વ્યાખ્યાનથી એમના એ વિષેના વિચારોથી આપણે સુપરિચિત છીએ; પણ તે પૂર્વે ઘણાં વર્ષો પર ઉપર જણાવ્યા પ્રમાણે ગુરૂપદ લઇને જે સક્રિય સહાનુભૂતિ દર્શાવી હતી, તે ખરેખર વંદનીય છે.

એ શિક્ષણ પણ એવું સારૂં અપાયું હતું કે યુનિવરસિટિમાં એ વિષયમાં લેડી વિદ્યાબ્હેન પહેલે નંબરે આવ્યાં હતાં, અને બી. એ., ની પરીક્ષા બીજા વર્ગમાં પાસ કરી હતી અને પસાર થયલા ઉમેદવારોમાં એમનો નંબર ઉંચે હોવાથી તેઓ ગુજરાત કોલેજમાં ફેલો પણ નિમાયાં હતાં.

બી. એ. ની પરીક્ષામાં સૌ. શારદા બ્હેન એમની સાથે થઈ ગયાં હતાં; અને ગુજરાતમાં પહેલ પ્રથમ સ્ત્રી ગ્રેજ્યુએટ થવાનું માન એ બ્હેનોને છે. આ અવનવા બનાવથી ગુજરાતમાં આનંદના ઉદ્ગારોજ સંભળાઈ રહ્યા હતા અને નવશિક્ષિત વર્ગે તો એ બનાવને એક ઉત્સવ જેવો લેખી જનતા તરફથી એ બે બ્હેનોને એક માનપત્ર એનાયત કર્યું હતું. એ પ્રસંગ ગુજરાતના ઇતિહાસમાં અસાધારણ હતો અને તે આપણા વૈદિક સમયનું સ્મરણ કરાવતો હતો. અમદાવાદની સોશિયલ અને લિટરરી એસોશિએશન મેળાવડો કરી એક માનપત્ર પણ એમને આપ્યું હતું. લેડી વિદ્યાબ્હેનને અપાવલું માનપત્ર નીચે મુજબ હતું:—

THE SOCIAL & LITERARY ASSOCIATION,
AHMEDABAD, 7th February 1902.

To,

MRS. VIDYA RAMANBHAI NILKANTH,
Dakhna Fellow, Gujarat College,
AHMEDABAD.

Dear Madam,

We the members of the Social Literary Association take this opportunity of publicly conveying to you the sincere joy we feel at your brilliant success in the last B. A. Examination of the University of Bombay.

Your success, madam, is unique and unprecedented in the history of Female Education in this part of

the country. You have by your example shown to us and other persons interested in the matter of higher Female Education, what could be achieved by Indian women when freed from social prejudices and superstitious belief. You have taken the lead in the matter and we are glad to observe that your example is so ably followed by your sister. In the persuit of knowledge, madam, you have displayed commendable patience and preservence and we are very much rejoiced to see that your labour have been crowded with such eminent success.

To us who are anxiously following your career with interest, the present is an occasion of great personal pride and satisfaction and we confidently hope that you will, in future, continue to evince the same genuine interest in the cause of Female Education as you have hitherto done.

In conclusion, we ardently desire that you will put in to practical life the great and varied lessons of your Collegiate career and inspire others to follow your example in the acquisition of knowledge and thus prove a powerful force in the improvement and elevation of our Indian Homes.

We remain,
Dear Madam,
Your Sicere friends and admirers,

The Members of the Social and
Literary Association.

સન ૧૮૯૯–૧૯૦૦ માં ગુજરાતમાં મ્હોટો દુકાળ પડયો ત્યારે સ્ત્રીઓ અને બાળકોની સહાયતા અને સુશ્રુષા માટે મીસીસ લેલી સાથે વિદ્યાબ્હેન જાહેર કામ કરવામાં જોડાયાં હતાં. જાહેર કામમાં જોડાવાનો એ પ્હેલો પ્રસંગ હતો. લેડીઝ ક્લબનાં સભ્ય તો તેઓ સન ૧૮૯૦ થી હતાં અને સન ૧૯૦૨ માં તેના મંત્રી નિમાયાં હતાં.

સ્ત્રી કેળવણીનાં, સ્ત્રી જીવનના ઉત્કર્ષનાં અને જાહેર કાર્યમાં લાલશંકરભાઈ તેમને અગાડી કરતા, અને એ પૈકીનું કોઇને કોઇ તેમની પાસે તેઓ કરાવતા; અને વિદ્યાબ્હેને તે ઋણ સ્વીકાર એમના "જીવન વિધાયક" એ લેખમાં લાગણીપૂર્વક અદા કરેલું છે.

જાહેર કામકાજમાં રમણભાઇ એટલા બધા વ્યવસાયી રહેતા કે તેમને ખાનગી કે સાંસારિક કામ માટે બહુ થોડો સમય મળતો. કોટુંબિક બોજો લેડી વિદ્યાબ્હેને ઉપાડી લીધો હતો એટલું જ નહિ પણ રમણભાઇના સાહિત્યનાં કામમાં તેઓ મદદગાર થતાં. જ્ઞાનસુધાનાં અને એમનાં સઘળાં પ્રકાશનોનાં પ્રુફ વિદ્યાબ્હેન જ વાંચતાં; અને પુરસદે પ્રસંગોપાત્ત લેખ પણ લખતાં, જેમાંના કેટલાક લેખોનો સંગ્રહ "હાસ્ય મંદિર" માં એકત્ર કરવામાં આવ્યો છે.

"મહિલા મિત્ર" વાર્ષિકનું સંપાદન કામ લેડી વિદ્યાબ્હેન અને શ્રીમતી શારદાબ્હેનને સોંપાયું ત્યારે અમારી એવી માન્યતા હતી કે એ લેખોનું પ્રુફ વાચન સોસાઈટીમાં મોકલવામાં આવશે. લેડી વિદ્યાબ્હેને પ્રુફ વાંચવાની કળા હસ્તગત કરેલી છે, એની માહિતી અમને નહોતી, તેથી એ કાર્ય તેમને જાતે કરતાં જોઇને અમે તાજુબ થયા હતા.

રમેશચન્દ્ર દત્ત કૃત "સુધાહાસિની" નામક નવલકથાનો અને મહારાણી શ્રી. ચીમનાબાઇ ગાયકવાડ લિખિત હિન્દી સ્ત્રીઓનું સ્થાન 'The Position of Women in India' એ પુસ્તકો એમણે શ્રીમતી શારદાબ્હેન સાથે મળીને લખેલાં છે અને તે બંને પુસ્તકો ગુજરાતી શિષ્ટ સાહિત્યમાં સ્થાન પામ્યાં છે, તે માટેના યશમાં મૂળ લેખકની સાથે તેના અનુવાદક બે બ્હેનો પણ ભાગીદાર છે.

સ્ત્રી સમાજની સેવા કરવા લાલશંકરભાઇ વિદ્યાબ્હેનની મદદ લેતા એ વિષે ઉપર કહેવાયું છે; અને સન ૧૯૧૧–૧૨ માં સ્વર્ગસ્થ દયારામ ગિડુમલની સૂચનાથી અમદાવાદમાં સેવાસદન કાઢવામાં આવ્યું તેમાં મુખ્ય સહાયક વિદ્યાબ્હેન હતાં.

સન ૧૯૧૪–૧૫ માં મ્યુનિસિપલ સ્કુલ બોર્ડમાં તેમને કોઓપ્ટ કરી સભ્ય નિમવામાં આવ્યાં હતાં, સન ૧૯૨૬ માં મહિલા મંડળ સ્થાપવામાં ગં. સ્વ. મહાલક્ષ્મીબ્હેન સાથે એમણે આગેવાની લીધી હતી; અને યુરોપીય મહાન યુદ્ધ દરમિયાન વિમેનસ વોર રીલીફ ફંડના એક મુખ્ય સભ્ય તરીકે એમની સેવા કિંમતી જણાઈ હતી; આ તેમ જ એમની અન્ય જાહેર પ્રવૃત્તિઓની કદર કરીને સન ૧૯૧૯ માં નામદાર સરકારે વિદ્યાબ્હેનને એમ. બી. ઇ. નો ઇલ્કાબ આપી વિભૂષિત કર્યાં હતાં.

સ્ત્રી સમાજમાં તેઓ પ્રથમથી જ બહુ લોકપ્રિય હતાં, અને ઉપરોક્ત પ્રસંગ આવી મળતાં લેડીઝ ક્લબે વિદ્યાબ્હેનનું જાહેર રીતે સન્માન કરવાનો કાર્યક્રમ યોજ્યો હતો; તે પ્રસંગે એમને નીચે પ્રમાણેનું એક માનપત્ર આપવામાં આવ્યું હતું:—

અ. સૌ. વિદ્યાબહેન રમણભાઈ.

બી. એ., એમ. બી. ઈ.

અમદાવાદ.

સુજ્ઞ બહેન,

આપણી નામદાર સરકારે નવા વર્ષની ખુશાલીમાં આપને ' મેમ્બર ઓફ ધી બ્રિટિશ એમ્પાયર અર્થાત્ બ્રિટિશ સામ્રાજ્યનાં સભ્ય, એવો માનવંત ઇલ્કાબ બક્ષ્યો છે તેથી અમે સર્વ–અમદાવાદ લેડીઝ ક્લબની સભાસદ બહેનોને અત્યંત આનંદ થયો છે; અત્યાર સુધી સ્ત્રીઓ જાહેર જીવનમાં ભાગ્યે જ આગળ પડી ભાગ લેતી હતી પરંતુ આપે તે દિશામાં પહેલ કરી સારી છાપ પાડી છે અને યશ અને નામના પ્રાપ્ત કર્યા છે; આમ આપને મળેલા માન માટે અમે મગરૂર થઇ આપને અંતઃકરણપૂર્વક અભિનંદન આપીએ છીએ.

ગુજરાતમાં સ્ત્રી કેળવણીનો પ્રચાર નામનો હતો અને તેમની ઉંચ કેળવણી માટે બહુ થોડી આશા રખાતી હતી તેવા સમયમાં અજ્ઞાન અને વિરુદ્ધ લોકમતની સામે હિમ્મતપૂર્વક ટક્કર ઝીલી સ્ત્રીઓ માટે યુનિવર્સિટીનું ઉંચુ શિક્ષણ લેવાનું દ્વાર આપે ખુલ્લું કર્યું છે; અને આપનાં માનવંતાં બહેન સાથે ગુજરાતમાં પ્રથમ સ્ત્રી ગ્રેજ્યુએટ થવાનું માન આપને જ છે; તે પછી સ્ત્રી ગ્રેજ્યુએટોની અને ઉંચી કૉલેજિયેટ કેળવણી લેતી બહેનોની સંખ્યા દિન પ્રતિદિન વધતી જાય છે અને આવું સુંદર

પરિણામ આણવા માટે ખરેખર આપને જ ધન્યવાદ ઘટે છે અને તે માટે આ બ્હેનો આપના પ્રત્યે માન અને પ્રેમની લાગણીથી જુએ છે.

એક પ્રસિદ્ધ સુધારક કુટુંબમાં આપ ઉછર્યા છો અને આપનો લગ્ન સંબંધ પણ એવા એક બીજા આગેવાન અને પ્રતિષ્ઠિત સુધારક કુટુંબ સાથે જોડાયો છે. આ પ્રમાણે પ્રાપ્ત થએલા ઉચ્ચ સંસ્કારોનું પરિણામ બહુ સુંદર આવ્યું છે. અત્યારે એક આદર્શ સુધારક ગૃહિણી તરીકે આપની ખ્યાતિ ચોમેર પ્રસરેલી છે અને આપણા સમાજ જીવનમાં આપના કુટુંબે અદ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું છે, જે માટે કોઇ પણ વ્યક્તિ કે કુટુંબ મગરૂર થઇ શકે.

સમાજ જીવનમાં સ્ત્રીઓ પુરૂષ વર્ગ સાથે સમાન સ્થાન અને હક મેળવવા માટે લાયક છે એ આપે કાર્ય કરી બતાવી પ્રત્યક્ષ રીતે સિદ્ધ કર્યું છે, અને સ્ત્રીઓને યોગ્ય સાધન અને અનુકૂલતા મળ્યેથી તેઓ શું કરી શકે તેમ છે તેનું સુંદર ઉદાહરણ પુરૂં પાડયું છે. સ્ત્રીઓ માટે આ કંઇ ઓછા આનંદ અને અભિમાનની વાત નથી.

પુનાની હિંદી મહિલા વિદ્યાલયની સેનેટના આપ સભાસદ છો, અમદાવાદની મહિલા મંડળ અને લેડિઝ કલબનાં ઑન. સેક્રેટરી છો, અમદાવાદ વનિતા વિશ્રામ અને મહિલા વિદ્યાલયના કાર્યમાં રસપૂર્વક ભાગ લો છો, ગુજરાત કેળવણી મંડળીના કાર્યમાં હિત ધરાવો છો, તેમજ દેશની સ્ત્રી કેળવણીની પ્રગતિ માટે થતી હિલચાલોમાં આગળ પડતો ભાગ લો છો, એ સૌ અમારે ને અમારી બ્હેનોને માટે બહુ આશાજનક અને શુભચિહ્ન છે. હાલમાં સર્વત્ર ભારે ફેરફાર અને ચળવળ ચાલી રહ્યાં છે, આત્મનિર્ણય અને સ્વાતંત્ર્યના પડઘા બહુ જોસથી સંભળાય છે.

આ પ્રમાણે સ્ત્રી જીવનમાં એક નવીન પ્રકરણ ખુલ્લું થયું છે, આવા સંજોગોમાં આપણી બ્હેનોની કેળવણી અને પ્રગતિ, તેમનાં દુઃખ નિવારણ અને ઉન્નતિના-ઉપાય યોજવા, તેમની પ્રતિષ્ઠા અને ગૌરવ વધારવાં, તેમના સમાન હક સ્વતંત્રતા પ્રાપ્ત કરવાં, એ સ્ત્રી જીવનના મુખ્ય પ્રશ્નો છે અને અમને ખાતરી છે, કે તે કાર્યમાં આપ અગ્રેસર તરીકે મુખ્ય-ભાગ લેશો અને તે માટે સતત્ પ્રયત્ન કરશો, તેમાં આપને યશ અને કીર્તિજ મળશે, એવી અમારી શુભેચ્છાઓ છે અને પરમાત્મા તે પાર પાડો, અને દીર્ઘાયુ, સુખ અને આનંદ આપો.

અમે છીએ આપની બ્હેનો

રમણભાઇની પેઠે એમના ઉપર જાહેર કામની જવાબદારી વધતી હતી; કોઇ એવી હિલચાલ નહિ હોય કે જેમાં એ બંનેનાં નામો ન હોય ! અને એ સઘળાં કાર્યોમાં સંતોષ પામવાનું એ છે કે એમની એ પ્રવૃત્તિ સફળ નિવડેલી છે.

સન ૧૯૨૬ માં નામદાર સરકારે તેમને કૈસરે હિન્દનો રૂપાનો ચાંદ આપ્યો હતો અને આ વખતે શહેરીઓએ એમનું સન્માન કર્યું હતું.

તાત્પર્ય કે જાહેર સમાજ સેવિકા તરીકે વિદ્યાબ્હેનની સેવા કીર્તિવંત જણાઇ છે તેમ સોસાઇટીના ઑન. સેક્રેટરી તરીકેનું તેમનું કાર્ય ફતેહમંદ નિવડ્યું છે, એમ કહેવામાં અમે ખોટી ખુશામદ કરતા નથી.

રમણભાઇની જ કાર્ય પદ્ધતિ એમણે હસ્તગત કરેલી છે. સ્વર્ગસ્થની પેઠે સર્વ કામનો નિકાલ તાત્કાલિક અને જે તે કાર્ય હાથ પર હોય તેની માહિતી પણ પૂરી ધરાવતાં હોય છે. નાણાં જેવા કઠિન વિષયમાં એમની નજર ઉંડી ખુંપેલી જોવામાં આવશે અને એવો કોઇ વિષય નહિ હોય કે જેમાં એમની બુદ્ધિ કુંઠિત માલુમ પડશે.

લેખન કાર્યમાં રમણભાઈની જેમ તેઓ કલમ પર સરસ કાબુ ધરાવે છે અને એમનો વિચાર પ્રવાહ એકધારો અને ગંભીર ચિંતનયુક્ત હોય છે, તેમ એમના વિષયની નિરૂપણ શૈલી સ્વભાવિક અને અસરકારક જણાય છે. દીલગીરી માત્ર એટલી છે કે તેઓ બહુ થોડું લખે છે; પણ જે લખે છે તે એકી બેઠકે લખી કાઢે છે.

સોસાઇટીના નાણાંના ચેકપર વિદ્યાબ્હેનની સહી થાય છે અને તેની બાજુના ન્હાના કુપનમાં એમની ટુંકાક્ષરી સહીમાં તેઓ V. R. એટલા બે અક્ષરો લખે છે, તે જોતાં હર વખતે સામ્રાજ્ઞિ Victoria Regina વિક્ટોરિયાનું અમને સ્મરણ થાય છે.

એ મહારાણીની યશસ્વી કારકીર્દિને લઇને ઓગણીસમું સૈકું વિક્ટોરિયન યુગ તરીકે ખ્યાતિ પામેલું છે; તેમ અર્વાચીન ગુજરાતી સ્ત્રી સમાજનાં લેડી વિદ્યાબ્હેન વિધાયક અને પ્રેરક બળ હોઇને નવયુગની સ્ત્રીઓ એ યુગને લેડી વિદ્યાબ્હેનનો યુગ એ રીતે સંબોધે તો તે ઉચિત તેમ વાજબી કહેવાશે.

પ્રકરણ ૨૪

સાહિત્યની અભિવૃદ્ધિ

" Written words contain all the letters and are used by all the writers; and in this general sense literature is the whole mind-life of the successive generations of men, most energetic, perhaps, when it springs from ideas bandied to and fro among contemporeries, but in the retrospect presenting peaks which dominate the whole vista down the life of the ages, high enough to be always visible, powerful enough to be always impressive. There is no kind of mental energy which it includes. It is science and it is art. It is learning and poetry. It is religion, philosophy, history, politics, morality, physics, and all the written arts. It is mankind conscious of itsalf in every way–" the whole of man's intellectual life"–and we cannot think away one of the party without altering the whole. "

The Making of Literature
R. A. Scott–James *p. 331*,

સોસાઇટી જેવી સાહિત્ય સંસ્થાઓ જે મુખ્યત્વે ભાષા સાહિત્યની અભિવૃદ્ધિ, વિકાસ અને પ્રચાર અર્થે સ્થપાયલી છે તે જેને આપણે જ્ઞાન પ્રબોધક સાહિત્ય (Knowledge of information) કહીશું તે પ્રકારનું સાહિત્ય સામાન્ય રીતે પ્રસિદ્ધ કરે છે; તેમ કોશ, વ્યાકરણ, સાહિત્યનો ઇતિહાસ, પ્રાચીન કાવ્ય સંશોધન પુસ્તકો, જેના પ્રકાશનમાંથી કોઈ પણ પ્રાપ્તિની આશા ન સંભવે એ નિમિત્ત એ રકમ ખર્ચ ખાતે માંડી વાળવાની હોય, પણ અભ્યાસ માટે તે પુસ્તકો આવશ્યક સમજી એ કાર્ય ઉપાડી લેવાય છે; અને તેમાં જ એનાં અસ્તિત્વની ઉપયોગિતા અને સાર્થકતા સમાયલાં છે.

જેને શ્રીયુત કનૈયાલાલ મુનશી કલાત્મક સર્જન કહે છે, એવું સાહિત્ય કાવ્ય, નાટક, નવલકથા આદિ સ્વયંભુ રચાય છે; અને તે સ્થાપિત ધોરણ કે બંધનને પણ કેટલીક વાર ઉલ્લંઘી જાય છે; એટલુંજ નહિ પણ અમુક પ્રકારની સૂચનાઓ આપ્યેથી પણ એ પ્રકારનું ઉત્તમ સાહિત્ય સર્જાતું નથી. વળી તેના ગુણદોષ, મૂલ્ય, ઉપયોગિતા, સફળતા કે સરસતા વિષે પ્રામાણિક મત ભેદ સંભવે અને તેના નિર્ણયનું ધોરણ પણ લગભગ એકસરખું ન રહી શકે. વ્યકિતગત નિર્ણય કરવામાં અને કમિટી દ્વારા નિર્ણય કરાવવામાં પણ કેટલીક અનિવાર્ય મુશ્કેલીઓ રહેલી હોય છે; અને સારા અને પ્રતિષ્ઠિત લેખકો પોતાની ઉત્તમ કૃતિઓ, એકાદ સાહિત્ય સંસ્થાને સોંપી દેવા આતુર પણ ન હોય.

તેથી ઉપલી કોટિના સાહિત્યનું પ્રકાશન કાર્ય ખાનગી સાહસ માટે રહેવા દેઈ સોસાઈટીના સંચાલકોએ, જ્ઞાનનાં અને નીતિ પોષક, સાહિત્ય, ઇતિહાસ, વિજ્ઞાન અને સમાજશાસ્ત્ર વગેરે વિદ્યાવૃદ્ધિનાં પુસ્તકો લખાવવા. છપાવવામાં બહુધા લક્ષ આપેલું છે.

સોસાઈટીની પુસ્તક પ્રકાશનની સામાન્ય નીતિ રીતિ સમજવા સારૂ કેટલોક ખુલાસો જરૂરનો હતો તેમ તે પુસ્તકની પસંદગી કયા ધોરણે થાય છે તે જણાવતો એક પત્ર મે. વિદ્યાધિકારી સાહેબ, વડોદરા રાજ્ય—ને લખી મોકલ્યો હતો તે માહિતી સારૂ પરિશિષ્ટમાં આપ્યો છે.

પ્રસ્તાવનારૂપે આટલું વિવેચન કર્યા પછી સાહિત્યનાં પુસ્તકોની નોંધનું કાર્ય હવે હાથ ધરીશું.

સંસ્કૃત સાહિત્યના અભ્યાસમાં પાંચ મહાકાવ્યો—રઘુવંશ, કિરાતાર્જુનીય, શિશુપાળ વધ, નૈષધ ચરિત્ર અને કુમાર સંભવ—ને અગ્રસ્થાન અપાય છે, એ પૈકી પહેલા ત્રણનો તરજુમો સોસાઈટીએ કરાવેલો તેની નોંધ બીજા ભાગમાં લેવાઇ છે; શિશુપાળ વધનો ઉત્તરાર્ધ સન ૧૯૧૦ માં પ્રસિદ્ધ થયો હતો અને એ કાવ્યની પ્રશંસા મૂળ ગ્રંથમાં કેવી ખૂબીથી કરેલી છે, તે કવિના શબ્દોમાં દર્શાવીશું:—

"સુકવિની કીર્તિને પ્રાપ્ત કરવાની દુરાશાથી આ કાવ્ય મેં રચ્યું છે; આ કાવ્ય માત્ર લક્ષ્મીપતિનાં—શ્રીનારાયણનાં ચરિત્ર અને કીર્તનથીજ સુંદર—મનોહર છે, નહિ કે મારાં મૂકેલાં અલંકારાદિથી."

તેના અનુવાદક શ્રીયુત હરિલાલે આ મહાકાવ્યોમાંના ઘણાખરાનો અનુવાદ ગુજરાતીમાં કરીને સાહિત્ય વાચક પર મહદ્ ઉપકાર કર્યો છે;



બલવન્તરાય કલ્યાણરાય ઠાકોર



દુર્ગાશંકર કેવળરામ શાસ્ત્રી

(પૃ ૨૪૮)

મોહનલાલ પાર્વતીશંકર દવે

(પૃ. ૨૪૬)

અતિસુખશંકર કમળાશંકર ત્રિવેદી

નૈષધ ચરિત્રનો તરજુમો કરી આપવાનું કાર્ય સોસાઇટી તરફથી લાંબા સમયથી સોંપાયલું છે, પણ તે લખાઇને હજી સુધી મળ્યું નથી; તેમ ઉપરોક્ત ગ્રંથોની બીજી આવૃત્તિ નવેસર સુધરાવીને તૈયાર કરાવવાનો, અમને લાગે છે કે, સમય આવી પહોંચ્યો છે.

સંસ્કૃતની જેમ અંગ્રેજીમાંથી સોસાઇટીએ "લેન્ડોરના કાલ્પનિક સંવાદો" એ નામક એક શિષ્ટ ગ્રંથનો તરજુમો કરાવેલો છે અને તે બહુ સુંદર અને રસિક પુસ્તક થયું છે.

ગુજરાતીમાં સંવાદનું સાહિત્ય અલ્પવત્ છે, અને તેનો કાંઇક પરિચય 'જ્ઞાનવર્ધક ગ્રંથમાળા'માં પ્રસિદ્ધ થયેલ "સંવાદમાળા"ના પુસ્તકથી થાય છે. એ ધાટીએ આપણે અહિં સંવાદ સાહિત્ય વધુ પ્રમાણમાં લખાય એ ઇચ્છવાયોગ્ય છે અને તેના નમુના તરીકે લેન્ડોરનું પુસ્તક માર્ગદર્શક થઇ પડશે.

ઇંગ્રેજી સાહિત્યમાં 'લેન્ડોરના કાલ્પનિક સંવાદો'નું સ્થાન બહુ ઉંચું તેમ માનભર્યું છે અને તે વિષે ઓલ્ફ્રેડ નોઇસે જાણીતા "Bookman" માસિકમાં નીચે મુજબ વિવેચન કરેલું છેઃ—

"Much of the interest of his "Imaginary conversations" is due to the fact that he is, over and over again, using his characters as mouthpieces of his own opinions.........Imaginary conversations must remain as one of the great masterpieces of English prose.*

આવા એક ઉત્તમ પુસ્તકનો તરજુમો આપણા સાહિત્યના એક પ્રસિદ્ધ વિદ્વાને કર્યો છે, એથી મૂળના રસમાં ક્ષતિ આવી નથી; અને તેનું વાચન મૂળ લખાણ જેવું સ્વભાવિક અને રસપ્રદ થયું છે. એ પુસ્તક વિષે અભિપ્રાય આપતા સ્વર્ગસ્થ રા. બા. કમળાશંકરે લખ્યું હતું, કે–

"તમારો ગ્રંથ ઘણો સારો થયો છે. ભાષા શિષ્ટ ને સરળ છે. ગુજરાતી વાચક વર્ગને ભાષા અનુકરણીય છે; વિચારો અવકાશે મનન કરવા યોગ્ય છે."

ગુજરાતીમાં ઉત્કૃષ્ટ ભાષાંતરોમાંનું આ એક છે, તેમાં લેખકે મૂળ ગ્રંથકર્તાનું ચરિત્ર ઉમેરીને તેની મહત્તા ઓર વધારી છે.

---

* The 'Bookman' Nov, 1927.

"સાઠીનું સાહિત્ય" એ પુસ્તકમાં અર્વાચીન ગુજરાતી સાહિત્યના છેલ્લાં સાઠ વર્ષનો, સન ૧૮૪૯ થી ૧૯૦૮ સુધીનો ઇતિહાસ આલેખેલો છે.

સોસાઇટીએ તેના હીરક મહોત્સવ નિમિત્તે જે કાર્યક્રમ નક્કી કર્યો, તેમાં ઉપરોક્ત ગ્રંથનો સમાવેશ કરેલો હતો અને કમિટીએ તેનું લેખન કાર્ય શ્રીયુત ડાહ્યાભાઈ પી. દેરાસરીને સોંપ્યું હતું; એ આખાય યુગના સાહિત્યના ઇતિહાસથી તેઓ સારી રીતે પરિચિત અને વાકેફગાર હતા, એટલુંજ નહિ પણ તેમાંના ઘણાખરા લેખકોના અંગત પરિચયમાં આવેલા હતા અને એક સાહિત્યકાર તરીકે એમનો પણ તેમાં ફાળો હતો. ખાસ કરીને એમણે અર્વાચીન યુગના આરંભમાં પ્રવર્તતી જુની અને નવીન શિક્ષણ પ્રથાનું રસિક વર્ણન કર્યું છે, તે જેમ આલ્હાદક તેમ ઘણીજ રમુજી માહિતી પૂરી પાડે છે; અને બીજા કોઇ કારણસર નહિ તો એકલા એ પ્રકરણ ખાતર તે પુસ્તક વાંચનીય અને સંગ્રહવા યોગ્ય છે.

સમકાલીન લેખકો અને એમની કૃતિઓની સમાલોચના કરવામાં કેટલીક વ્યવહારૂ મુશ્કેલીઓ રહેલી છે; અને સામાન્ય શિરસ્તો એવો છે કે વિદ્યમાન ગ્રંથકાર વિષે લખવામાં મૌન જ ધારણ કરવામાં આવે છે; અને તે રીતિ કેટલેક દરજ્જે વાજબી છે.

શ્રીયુત ડાહ્યાભાઇએ એ મુશ્કેલીનો ઉકેલ જુદીજ રીતે કાઢ્યો હતો. પોતાના એ પુસ્તકમાં સમકાલીન ગ્રંથકારો વિષે થોડી ઘણી નુક્તચેની કરી; એ પુસ્તક પ્રસિદ્ધ થયું ત્યારે તે વિષે કેવા અભિપ્રાય દર્શાવાયા હતા, તે પણ ઉતારવાનું ઉચિત ધાર્યું હતું. તાત્પર્ય કે એ વ્યક્ત કરેલા અભિપ્રાય પોતાનો એકલાનો નથી, પણ તે સાથે અન્ય વિવેચકોએ એ પુસ્તક વિષે જે કહેલું તે જણાવવાનો પ્રયત્ન પણ કર્યો છે.

તેઓ લખે છે:

"આ પુસ્તકમાં દિગ્દર્શન થાય છે તે સાઠી એટલે સાઠ વર્ષનો છતાં ટૂંકો છે. એટલુંજ નહિ પણ બહુ પાસેનો છે. આમ હોવાથી અમારા એકલાનો આધીન અભિપ્રાય આપવા ધૃષ્ટતા કર્યા કરતાં તેમના પ્રકટ થવાના કાળમાં તે પુસ્તકોને માટે શું કહેવાયું હતું અને તેમની કેવી કિંમત અંકાઇ હતી તે પણ જણાવવાની કાળજી રાખી છે.

અને કેવા લાગણીભર્યા અને કોમલભાવથી એમણે એ પુસ્તક સમાપ્ત કર્યું છે, તે એમના નીચેના શબ્દોથી સમજાશે.

" ઈશ્વરકૃપાથી ઘણા લખનારાઓ હયાત હશે. કોઈ પણ વ્યક્તિને માટે રાગદ્વેષની છાયા ધરાવરી મનમાં પ્રવેશવા દીધી નથી. જેમ લાગ્યું તેમ શુદ્ધ અંતઃકરણથી લખ્યું છે. છતાં અજાણે પણ કોઇનું મન દુભવવા જેવું લખાયું હોય તો તેવું હેતુપુરઃસર નથીજ લખાયું એ જણાવીને અમારી ક્ષમાની યાચના છે. "*

તેમ છતાં દિલગીરભર્યું એ છે કે એમના સામે એ પુસ્તકમાં એક અજ્ઞાત લેખકની બદનક્ષી કર્યાનો આક્ષેપ મૂકવામાં આવ્યો હતો પણ જાણકારોને તો ખબર હતી કે એ આરોપ તદ્દન ખોટો તેમ દ્વેષભર્યો હતો.

ગુજરાતી સાહિત્યનો આધારભૂત સળંગ અને સવિસ્તર ઇતિહાસ ગુજરાતીમાં લખાયો નથી; અને એ વિષે માહિતી મળવા કેટલાક અંગ્રેજ મિત્રોની માગણીને માન આપીને દી. બા. કૃષ્ણલાલ ઝવેરીએ સન ૧૯૧૩ માં Milestones in Gujarati Literature એ નામથી એક પુસ્તક લખ્યું હતું; અને તે એકદમ લોકપ્રિય થઈ પડતાં તેઓ Further Milestones એ નામનું બીજું પુસ્તક લખવાને પ્રેરાયા હતા. પ્રથમ પુસ્તકમાં ગુજરાતી પ્રાચીન સાહિત્યનો ઇતિહાસ આપેલો છે, જ્યારે બીજા પુસ્તકમાં અર્વાચીન સાહિત્યને ચર્ચ્યું છે.

કોઈપણ સારૂં પુસ્તક વાંચવા લઇશું તો તેમાં કંઇને કંઈ દોષ બતાવી શકાશે; એવી કેટલીક ઝીણી વિગતોની ભૂલો પ્રસ્તુત પુસ્તકમાં દાખલ થવા પામી છે; તો પણ ગુજરાતી સાહિત્યનો પરિચય કરવા સારૂ હાલ તુરત એથી વધારે સારૂં, પ્રમાણભૂત અને મહત્વનું પુસ્તક બીજું કોઇ નથી; એ કાંઇ એનું થોડું મૂલ્ય કહેવાય નહિ.

" સાઠીનું સાહિત્ય " લખાવ્યા પછી એ આખા વિષયને સ્પર્શતું, અને સમગ્ર અવલોકન કરતું ગુજરાતી સાહિત્યના ઇતિહાસનું પુસ્તક રચાવવાનો સોસાઇટીનો પ્રયાસ ચાલુ હતો અને એક બે પ્રતિષ્ઠિત વિદ્વાનોને એ કાર્ય ઉપાડી લેવા વિનંતિ પણ કરી હતી. પણ એ જવાબદારીભર્યું અને કંઈક કઠિન કાર્ય હાથ ધરવા એમાંથી કોઇએ ઉત્તેજન આપ્યું નહિ; એ સંજોગમાં સોસાઈટીએ દી. બા. કૃષ્ણલાલનાં આ બે પુસ્તકોનો તરજુમો અને તે એમની પાસેજ કરાવવાનો નિશ્ચય કર્યો અને તે માગણી

* સાઠીનું સાહિત્ય, પ્રસ્તાવના પૃ. ૧-૨.

તેમણે આનાકાની વગર, સ્વીકારી હતી; અને તે ગુજરાતીમાં કરી લખી આપીને ગુજરાતી વાચક વર્ગ પર એમણે મ્હોટો ઉપકાર કર્યો છે, એવું અમારૂં માનવું છે.

સાહિત્યનો ઇતિહાસ આ પ્રમાણે સળંગ લખાવવામાં મુશ્કેલીઓ રહેલી છે, તો તેમાં સહાયભૂત થઈ પડે એ આશયથી આપણા સાહિત્ય-કારોનાં ચરિત્ર વિવેચનાત્મક દૃષ્ટિએ, જાણીતી ઇંગ્રેજી સાક્ષર ચરિત્રમાળાના (English man of Letters Series) ધોરણે લખાવવાનો સોસાઈટીએ પ્રયત્ન કર્યો અને તે યોજનાનુસાર દલપતરામ, નર્મદાશંકર, નવલરામ, ગોવર્ધનરામ, મહીપતરામ, હરિલાલ ધ્રુવ, મણિલાલ નભુભાઇ વગેરે અગ્રગણ્ય સાક્ષરોનાં ચરિત્ર તૈયાર કરી આપવાનું કાર્ય પણ એ લેખકોના જાણીતા અભ્યાસીઓને સોંપાયું હતું.

તદુપરાંત ઇંગ્રેજી સાહિત્યનું સામાન્ય જ્ઞાન મેળવવા સારૂ તેમ એ સાહિત્યના સ્વરૂપ, પ્રકાર અને ધોરણ વિષે ઉપયુક્ત માહિતી ઉપલબ્ધ થાય તે સારૂં ‘ ઇંગ્રેજી સાહિત્યનો ઇતિહાસ ’ અને હડસનકૃત ‘ સાહિત્ય પ્રવેશ ’ Introduction to English Literature એ બે પુસ્તકો લખાવવાની વ્યવસ્થા કરવામાં આવી હતી.

પરંતુ લેખકોએ આરંભમાં તે લખવાનો જે ઉત્સાહ દર્શાવ્યો હતો તે ઓસરી ગયો છે; અને તે સઘળું કાર્ય હાલમાં શિથિલ થઇ પડયું છે.

તોપણ એથી નિરાશ ન થતાં એ દિશામાં સોસાઇટીએ ફરીને પ્રયાસ આરંભ્યો છે; અને એ સાહિત્યનો ઇતિહાસ લખવાનું સુગમ થઈ પડે એ હેતુથી સમગ્ર ઇતિહાસ, સૈકા, યુગ કે વિષયવાર વિભાગમાં વહેંચી નાંખીને, એકલું એકજ પ્રકરણ એ વિષયના વા યુગના નિષ્ણાતને લખી આપવા વિનંતી કરવામાં આવી હતી અને અમને જણાવતાં આનંદ થાય છે, કે એ સઘળા લેખકોએ એ કાર્યમાં ખુશીથી સહાયતા આપવાનું સ્વીકાર્યું છે. વાચક બંધુની માહિતી અર્થે તે આખીય યોજના અત્રે રજુ કરીએ છીએઃ—

ગુજરાતી સાહિત્યનો રેખાત્મક ઇતિહાસ લખાવવાનો કમિટીએ ઠરાવ કરેલો તદનુસાર નીચે મુજબ પ્રકરણો, લેખકોને, તે સામે જણાવેલાં પૃષ્ઠ, મર્યાદા અને પારિતોષિકની રકમ સાથે સોંપવામાં આવ્યાં છેઃ

વિષય	લેખક	લેખ મર્યાદા	પારિતોષિક
ગુજરાતી ભાષાનો આરંભ અને વિકાસ આરંભથી પંદરમા સૈકા સુધીનું પ્રાચીન ગુજરાતી સાહિત્ય.	રા. મધુસૂદન ચિમનલાલ મોદી	રોયલ આઠ પેજી પૃ. ૬૦ થી ૭૫ છાપેલા	રૂ. ૧૨૫
નરસિં મહેતો	રા. નટવરલાલ ઇચ્છારામ દેસાઈ	,, પૃ. ૪૦	રૂ. ૭૫
ભાલણ, ઉદ્ધવ, ભીમ	રા. રામલાલ ચુનીલાલ મોદી	,, પૃ. ૪૦	રૂ. ૬૦
નાકર અને વિષ્ણુદાસ (ગુજરાતીમાં થયેલા મહાભારતના અનુવાદોની સમાલોચના સહિત)		,, પૃ. ૩૦	રૂ. ૫૦
વિષ્ણુભક્તિ સાહિત્ય (ભાગવતના અનુવાદો અને ઉપાખ્યાનોની સમાલોચના સહિત.)	રા. દુર્ગાશંકર કેવળરામ શાસ્ત્રી	,, પૃ. ૩૦	રૂ. ૫૦
શાક્ત સાહિત્ય. (શાક્ત સંપ્રદાયના સિદ્ધાંતોના વિવરણ સહિત) (વલ્લભ, મીઠું, બાપુ જની, રણછોડજી દિવાન વગેરેના સાહિત્યની સમાલોચના સાથે)	દી. બા. નર્મદાશંકર દેવશંકર મહેતા	,, પૃ. ૨૪	રૂ. ૫૦
રત્નેશ્વર	રા. શંકરપ્રસાદ છગનલાલ રાવળ	,, પૃ. ૧૨ થી ૧૬	રૂ. ૨૦
ગુજરાતીઓએ લખેલા ફારસી ગ્રંથો	દી. બા. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી	,, પૃ. ૧૨ થી ૧૬	રૂ. ૨૫
પ્રાચીન ગુજરાતી કાવ્ય સાહિત્યમાં છંદ દેશી અલંકાર વગેરે વિષે	રા. રામનારાયણ વિ. પાઠક અને રા. રસિકલાલ છોટાલાલ પરિખ	,, પૃ. ૨૪	રૂ. ૫૦

પ્રાચીન ઐતિહાસિક કાવ્ય સાહિત્ય	રા. હીરાલાલ ત્રિ. પારેખ	,, પૃ. ૨૦	રૂ. ૩૦
પ્રાચીન વાર્તા સાહિત્ય	રા. મંજુલાલ રણછોડલાલ મજમુદાર	,, પૃ. ૪૦	રૂ. ૭૫
ગુજરાતીમાં સ્ત્રી કવિઓ	લેડી વિદ્યાબ્હેન રમણભાઇ નિલકંઠ	,, પૃ. ૧૬	રૂ. ૨૫
ગુજરાતી કાવ્ય સાહિત્ય માંની તિથિઓ ને વર્ષ	રા. મણિલાલ સામળભાઇ દ્વિવેદી	,, પૃ. ૨૦ થી ૨૪	રૂ. ૦૩
ગુજરાતનો સંસ્કૃત સાહિત્યમાં ફાળો	પ્રિન્સિપાલ આનન્દશંકર બાપુભાઈ ધ્રુવ	,, પૃ. ૨૪	રૂ. ૫૦
ગુજરાતનાં પ્રાચીન લોકગીત અને લોકકથા સાહિત્ય	શ્રીયુત ઝવેરચંદ મેઘાણી	,, પૃ. ૨૪ થી ૩૦	રૂ. ૪૦
ગુજરાતનો હિંદી સાહિત્યમાં ફાળો	રા. ડાહ્યાભાઈ પી. દેરાસરી	,, પૃ. ૧૬	રૂ. ૨૫

"ગુજરાતી સાહિત્યના માર્ગસૂચક સ્તંભો" એ પુસ્તક પ્રકટ થયું ત્યારે Heritage of India Series હિન્દી સંસ્કૃતિ નામક ગ્રંથમાળામાં હિન્દના ઇતિહાસ, સાહિત્ય, તત્વજ્ઞાન વગેરે વિષયોને લગતાં પુસ્તકો પ્રસિદ્ધ થવા માંડયાં હતાં; તેમાં હિન્દી, ઉર્દુ, કાનડી, વગેરે ભાષાના ઇતિહાસ પુસ્તકો છપાયાં હતાં કે છપાવાની તૈયારી થઈ રહી હતી.

એ ધોરણે સોસાઇટીએ આપણી દેશી ભાષાઓ, બંગાળી, હિન્દી, મરાઠી, ઉર્દુ તેમજ સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ લખાવવાનો પ્રબંધ કર્યો; અને તેની એ યોજના ફળીભૂત થઇ છે.

બંગાળી અને હિંદી સાહિત્યના ઇતિહાસ પ્રસિદ્ધ થઈ ચૂકયા છે; મરાઠી સાહિત્યનો ઇતિહાસ એ સાહિત્યના એક માર્મિક અભ્યાસી અને સંસ્કૃતના અધ્યાપક શ્રીયુત રામચંદ્ર આથવલેને અને ઉર્દુ સાહિત્યનો ઇતિહાસ સર મહેબુબમીયાં કાદરીને અપાયાં છે. સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ બંગાળી પરથી લખાઇને મળ્યો હતો; પણ તે પસંદ ન થવાથી કિંથકૃત 'સંસ્કૃત નાટકો 'એ પુસ્તકનો અનુવાદ કરાવવાનું ઠર્યું હતું; અને તે અનુવાદ જુનાગઢ કોલેજના સંસ્કૃતના અધ્યાપક શ્રીયુત નર્મદાશંકર બાળકૃષ્ણ પુરોહિતે ઉત્તમ રીતે કર્યો છે. મૂળ ગ્રંથમાં કેટલીક વિગતની ક્ષતિઓ દાખલ થવા પામી છે, પણ એકંદરે એ પુસ્તક માહિતીપૂર્ણ અને વાચનીય છે, અને સંસ્કૃત સાહિત્યના રસિકોને તે આદરપાત્ર થઈ પડશે.

ઉપર હિન્દી સાહિત્યના ઇતિહાસનો ઉલ્લેખ કર્યો છે, એ પુસ્તક ઉપલબ્ધ સાહિત્ય ઉપરથી શ્રીયુત કિશનસિંહ ચાવડાએ સ્વતંત્ર અને રસિક રીતે યોજ્યું છે અને પ્રો. બળવંતરાયે તેનો ઉપોદ્ઘાત લખી આપીને તેની ઉપયોગિતામાં ઉમેરો કર્યો છે.

બંગાળી સાહિત્યનો ઇતિહાસ મુખ્યત્વે રાયબહાદુર દિનેશચંદ્ર સેનના બંગાળી પુસ્તક પરથી રચાયો છે, પણ તેનું છેલ્લું પ્રકરણ અનુવાદકે પોતે લખ્યું છે. પ્રસ્તાવનામાં તેઓ કહે છે:

"દશમું પ્રકરણ લખવામાં મેં અનેક ગ્રંથોની મદદ લીધી છે. બંગાળી ભાષામાં બહાર પડેલાં એ ત્રણ સાહિત્યના ઇતિહાસને લગતાં પુસ્તકો તથા છેલ્લા અગિઆર વર્ષ થયાં મેં જે કાંઈ એ સાહિત્યને લગતું જ્ઞાન પ્રાપ્ત કર્યું છે તે પર આધાર રાખી મેં એ પ્રકરણ લખ્યું છે. જો કે બંગાળાનું આધુનિક ગદ્ય સાહિત્ય તો એટલું વિપુલ છે, તેમાં એવાં તો પરસ્પર વિરોધી બળો કામ કરી રહ્યાં છે કે જેનો આભાસ મારા જેવા સેંકડો ગાઉ દૂર બેઠેલા પરભાષાભાષી લેખકને નજ આવી શકે, તેમ તે સાહિત્યનો સર્વાંગ સુંદર રીપોર્ટ તૈયાર કરવાનું પણ મારાથી ન જ બને. છતાં મને ખાત્રી છે કે અતિ ઉત્તમ સાહિત્યકારો અને તેનાં અતિ ઉત્તમ પુસ્તકો વિષે હું સૂચન કરવાનું વિસરી ગયો નથી.*"

શરૂઆતમાં એમ જણાવ્યું છે કે સોસાઇટી નવલકથા, નાટક, કવિતા વગેરે પુસ્તકો છપાવવાનું પસંદ કરતી નથી પણ સાહિત્યમાં નવલકથા આજે અગત્યનું સ્થાન લે છે; તે મોટી સંખ્યામાં છપાય છે; અને તેનો વાચક-વર્ગ પણ બહુ બહોળો છે.

મેનેજીંગ કમિટીમાં નવલકથાનો પ્રશ્ન એક વખતે ચર્ચાતાં પ્રિન્સિપાલ આનંદશંકરભાઇએ ઇંગ્રેજીમાંથી કેટલીક ઉંચી કોટિની પણ વિવિધ દૃષ્ટિબિન્દુ-વાળી તેમ સુપ્રસિદ્ધ નવલકથાઓના તરજુમા, નમૂનારૂપે કરાવવા જોઇએ એમ સૂચવ્યું હતું, અને એ દૃષ્ટિએ કમિટીએ ગોલ્ડસ્મીથનું વિકાર ઓફ ધ વેકફીલ્ડ, જ્યોર્જ ઇલિયટનું એડમ બિડ, ડિકન્સનું ડેવિડ કોપરફીલ્ડ, જેન ઓસ્ટિનનું પ્રાઇડ એન્ડ પ્રેજ્યુડીશ, સર વોલ્ટર સ્કોટનું આઇવનહો પસંદ કરી તેના તરજુમા કરી આપવાનું કાર્ય જુદા જુદા લેખક અને લેખિકાઓને સોંપ્યું હતું. તેમાંનું એકજ પુસ્તક "આઇવનહો"નો તરજુમો શ્રીમતી વિમળાગૌરી

* બંગાળી સાહિત્યનો ઇતિહાસ. પૃ. ૧૩-૧૪.

સેતલવાડ કરી મોકલ્યો, તે બહાર પડ્યો છે; બીજા બે પુસ્તકો વિકાર ઓફ વેકફીલ્ડ અને પ્રાઇડ એન્ડ પ્રેજ્યુડીશ, તે સ્વતંત્ર રીતે ગુજરાતીમાં છપાયાં છે, એમ પછીથી જાણવામાં આવ્યું હતું, પણ સોસાઇટીની મૂળ યોજના તો નિષ્ફળ ગઈ છે એમ સખેદ કહેવું પડશે.

સોસાઇટી હસ્તક હાજી મહમદ લોધીઆ નામનું ફંડ છે, તેનો ઉદ્દેશ મુસ્લીમ સંસ્કૃતિ, સાહિત્ય, ઇતિહાસ અને સમાજ સુધારા વિષે પુસ્તકો લખાવવાનો છે. સ્વર્ગસ્થ બુરાનુદ્દીનમીઆંની ભલામણ પરથી સોસાઇટીએ "અયામા"નામનું વાર્તાનું પુસ્તક ઉર્દુમાંથી રચાવ્યું હતું. તેમાં વિધવા વિવાહનો વિષય ચર્ચવામાં આવ્યો છે. એના લેખક મી. ફારૂકી પ્રસ્તાવનામાં જણાવે છેઃ

" જનાબ ખાનબહાદુર શમ્સુલ્ ઉલમા મોલવી હાફિજ નઝીરઅહમદ સાહેબ દહેલવી એલ. એલ. ડી.ના નામથી દરેક કેળવાએલો મુસલમાન સારી પેઠે વાકેફ છે. એઓએ ઉર્દુ ભાષામાં નૉવેલના રૂપમાં ઘણીક રસિક રીતે મુસલમાનોના ધર્મ સંબંધી હકીકતો લખી છે, જે હિંદુસ્તાનના એક છેડાથી બીજા છેડા સુધી હોંસે હોંસે વંચાય છે. એમાંનાં 'તવબતન્નસૂહ', 'મીરાતુલ ઉરૂસ' વગેરેએ તો એટલી ખ્યાતિ સંપાદન કરી છે, કે નામદાર સરકારની ઉર્દુ શાળાઓમાં ટેક્સ્ટ બુક તરીકે તેમનો સ્વીકાર થયો છે. આ અયામાનું પુસ્તક પણ એમનુંજ રચેલું છે.

મુસલમાનોમાં વિધવાવિવાહ સશાસ્ત્ર છે. પણ સેંકડો વર્ષથી હિંદુસ્તાનમાં રહેવાથી હિંદુઓના સમાગમના કારણથી મુસલમાનોમાં વિધવા વિવાહનો ચાલ કેટલેક અંશે બંધ થયા જેવો છે. પણ વિધવાવિવાહની અગત્ય છે તે આ પુસ્તકમાં નૉવેલ રૂપે સમજાવવામાં આવ્યું છે."*

ચાર્લ્સ લેમ્બ લિખિત શેક્સપિયરની કથાઓ એ પુસ્તક વિદ્યાર્થી સમૂહમાં બહુ જાણીતું છે, એ ઢબનું ગ્રીક સાહિત્યમાંના કરૂણરસ પ્રધાન નાટકોની કથાનું પુસ્તક ઇંગ્રેજીમાં લખાયલું હતું તે અને પ્રેમાનંદનાં આખ્યાનો અને ભાસના નાટકોના સાર ગદ્યમાં લખાવા યોજના કરવામાં આવી હતી; તે પૈકીનું એકજ પુસ્તક લખાઇને મળ્યું હતું અને તેનું માન સ્વર્ગસ્થ લવંગિકા મહેતાને છે; એક ભાષાંતર ગ્રંથ તરીકે તે ઉંચી કોટિનું છે, અને એક સંસ્કારી બ્હેનની કૃતિ તરીકે તે વિશેષ આદરપાત્ર છે.

---

* અયામા. પૃ. ૫.

આપણું જુનું વાર્તાસાહિત્ય હજી મુખપરંપરાએ થોડુંઘણું જળવાઈ રહ્યું છે, પણ ખેદની વાત એ છે કે એ લોકસાહિત્ય સંગ્રહવાને અને તેનો ઉદ્ધાર કરવાને આપણા સાહિત્યકારોએ તેમ સાહિત્યસંસ્થાઓએ કશી તજવીજ કરી નથી.

સાઠેક વર્ષપર એક પારસી બિરાદરે ગુજરાત કાઠીઆવાડની વાર્તાઓ સંગ્રહવાનો પહેલ પ્રથમ પ્રયત્ન કર્યો હતો, તે પાછળ એ સંગ્રાહકે પૈસાનો, શક્તિનો તેમ સમયનો પુષ્કળ ભોગ આપ્યો હતો. અને તેનાં પરિણામે તેઓ 'ગુજરાત કાઠીઆવાડની વાર્તાઓ' એ નામથી એ વાર્તાના ત્રણ ભાગ બહાર પાડવાને શક્તિમાન થયા હતા, અને તે એકદમ લોકપ્રિય નિવડ્યા હતા. લાંબા સમયથી એ વાર્તા પુસ્તકોની પ્રતો અપ્રાપ્ય થઇ હતી અને લોકરૂચિ એ પ્રતિ વળતી જોઇને સોસાઇટીને જણાયું કે એ પુસ્તકોની નવી આવૃત્તિ કઢાવવી તે જરૂરનું છે તેથી મૂળ પ્રત હતી તેમ, તેમાં કાંઇપણ ફેરફાર કર્યા વિના, એ ત્રણ ભાગો સસ્તી કિંમતે છપાવવામાં આવ્યા હતા; તે પછી એ આવૃત્તિ પણ ખલાસ થઇ ગઈ છે, એ તેની લોકપ્રિયતા સૂચવે છે, પરંતુ હવે પછી જે આવૃત્તિ કાઢવામાં આવે તેમાં કેટલાક જોડણીના અને બીજા સુધારા સમયાનુસાર કરવા જરૂરના લાગે છે.

બાલસાહિત્ય પ્રતિ સોસાઈટીએ ઝાઝું લક્ષ આપ્યું નથી અને એ પ્રવૃત્તિ છેલ્લા દશકામાંજ પગભર થવા પામી છે; એ પ્રશ્ન વિષે વિચાર થતા કમિટીએ ગ્રીક કરૂણરસપ્રધાન નાટકોની કથાઓ, ભાસનાં નાટકોનો સાર, પ્રેમાનંદનાં આખ્યાનોનો સાર, સિંહાસન બત્રીસીનો સાર-વગેરે ગદ્યમાં વિદ્યાર્થીઓને ઉપકારક થઇ પડે એવાં પુસ્તકો રચાવવા ગોઠવણ કરી હતી. તેમાંની ગ્રીક કરૂણરસપ્રધાન નાટકોની કથાનો ઉલ્લેખ પૂર્વે થઈ ગયો છે. અને સામળભટ્ટની સિંહાસન બત્રીસીનો ગદ્યમાં સાર સદરહુ યોજનાનુસાર હતો.

એ ગદ્યસાર શ્રી. કેશવપ્રસાદ દેસાઇએ બે ભાગમાં રચી આપ્યો હતો; અને એમની લેખનશૈલી એવી મનહર અને સુંદર છે કે વિદ્યાર્થીઓ એ પુસ્તકો હોંસે હોંસે અને રસથી વાંચે છે; અને તેનો બહોળો પ્રચાર પણ થયો છે. તેની ચોથી આવૃત્તિ સચિત્ર કાઢવાનો પ્રયત્ન થઇ રહ્યો છે, એ એક નોંધવા જેવી બીના છે. આ પ્રકાશનનો એક આશય, લેખક કહે છે તેમ, 'એ તો ખરો કે એ વાર્તાઓમાં રસ પડતાં, વાચક મૂળ કાવ્યો વાંચવાને પ્રેરાય; એની રસવૃત્તિ સતેજ થાય.'

" કવિતા અને સાહિત્ય " નું પુનઃ પ્રકાશન કેવા સંજોગોમાં હાથ ધર્યું હતું તેની વિગત ' રમણભાઇ 'વાળા પ્રકરણમાં આપેલી છે, અને અમે માનીએ છીએ કે એ પુસ્તક ફરી પ્રસિદ્ધ કરીને સોસાઇટીએ તેનાં પ્રકાશનની યાદીમાં એક કિંમતી પુસ્તકનો વધારો કર્યો છે.

એ પુસ્તકની નવી આવૃત્તિ કઢાવતી વખતે એ પુસ્તકની સંકલનામાં કેટલોક ફેરફાર કરવો ઇષ્ટ જણાયો હતો. તે વિષે ઘટતો ખુલાસો નવી આવૃત્તિના નિવેદનમાં રમણભાઇએ કર્યો હતો, તેજ અહિં આપીશું:

" કવિતા અને સાહિત્ય"ની પહેલી આવૃત્તિ ખપી જવાથી બીજી આવૃત્તિ કાઢવાની સોસાઇટીએ ઇચ્છા દર્શાવ્યાથી આ આવૃત્તિ સોસાઇટી તરફથી પ્રસિદ્ધ થઇ છે.

પહેલી આવૃત્તિમાં પ્રસિદ્ધ થયેલા એવા મારા કેટલાક નિબંધ આ આવૃત્તિમાં દાખલ કર્યા છે.

વાંચનારની અનુકૂળતા ખાતર આ આવૃત્તિમાં પુસ્તકના જુદા જુદા ભાગ કર્યા છે. તેની ગોઠવણ નીચે પ્રમાણે છે!

ભાગ ૧.	કાવ્યચર્ચા
ભાગ ૨.	સમાલોચના
ભાગ ૩.	ગુજરાતી ભાષાનું બંધારણ અને ઇતિહાસ
ભાગ ૪.	સામાન્ય

પ્રથમ આવૃત્તિમાં જે કેટલાક બીજા નિબંધમાંના વિવેચન તથા ચર્ચા " કાવ્યાનન્દ " ના નિબન્ધમાં ઉદ્દિષ્ટ કરેલાં હતાં તે નિબન્ધો " કાવ્યાનન્દ " થી આ આવૃત્તિમાં જુદા ભાગમાં પ્રસિદ્ધ થયા છે. તેથી ઉદ્દિષ્ટ ભાગ આ આવૃત્તિમાં પહેલા ભાગના પરિશિષ્ટરૂપે પ્રસિદ્ધ કર્યો છે કે એ ભાગ વાંચનારને સુગમતા થાય. "†

તે પછી સોસાઇટીએ એકલું " કવિતા અને સાહિત્ય " નું પુસ્તક જ ફરી પ્રકટ કરીને સંતોષ માન્યો નથી પણ રમણભાઈનાં સર્વ લખાણોનો સંગ્રહ વ્યવસ્થિત રીતે સંકલિત કરીને પ્રકટ કરવાનો પ્રબંધ કરેલો છે, " કવિતા અને સાહિત્ય " ના ચાર ભાગ થયલા છે, અને " ધર્મ અને સમાજ " એ નામથી એક પુસ્તક જુદું બહાર પડેલું છે; અને એવા

† કવિતા અને સાહિત્ય વોલ્યુમ ૧ લું પૃ. ૫-૬.

બીજા બે ભાગ થાય એટલું લખાણ હાથપર છે. રમણભાઇનું સઘળું લખાણ સારી રીતે એડિટ થઈ જનતાને ઉપલબ્ધ થાય એજ આ યોજનાનો ઉદ્દેશ છે.

સામાન્ય રેફરન્સ પુસ્તકોમાં ગ્રંથ અને ગ્રંથકાર પુસ્તક ૧ થી ૪ નો સમાવેશ થઇ શકે અને કવીશ્વર દલપતરામ હસ્તલિખિત પુસ્તક સંગ્રહની સૂચી, જો કે રેફરન્સ પુસ્તક છે તો પણ તે માત્ર પ્રાચીન સાહિત્યના ગણ્યા ગાંઠ્યા અભ્યાસીના ઉપયોગની છે; છતાં સામાન્ય વાચકને તેમાંનો પ્રવેશક આકર્ષક થશે, તેમ તેની ઉપયોગિતાનો અને મહત્તાનો ખ્યાલ તેના લક્ષમાં તે પરથી આવશે. એ સંબંધમાં સવિસ્તર હકીકત એ વિષયના જુદા પ્રકરણોમાં નોંધેલી છે.

સોસાઇટીનો ઇતિહાસ લખાવીને કમિટીએ પાછલી ઘણી ભૂલાઈ ગયલી હકીકતોને પ્રકાશમાં આણી છે, એટલુંજ નહિ પણ સાહિત્ય, કેળવણી, જ્ઞાન પ્રચાર અને સમાજ સુધારાના ક્ષેત્રમાં કેવો અને કેટલો ફાળો સોસાઈટીયે આપેલો છે, અને તેના કાર્યવાહકો કોણ કોણ અને કેવા પુરુષો હતા એનો બહુ રસિક વૃતાંત પ્રાપ્ત થાય છે, પણ એ વિષે અભિપ્રાય આપવાનું અમારે હોય જ નહિં.

સાહિત્ય પ્રકાશનોમાં 'પુરાણ વિવેચન' પુસ્તક છેલ્લું નોંધીએ છીએ; પણ તેથી તેનું મૂલ્ય કોઇ રીતે ઓછું થતું નથી. ઉલટું આ પ્રકારનું વિવેચનાત્મક સાહિત્ય રચવા માટે તેના લેખક શ્રીયુત દુર્ગાશંકર શાસ્ત્રીને ધન્યવાદ ઘટે છે. એ શૈલીનું લખાણ આપણે ત્યાં એ પ્રથમ છે. લેખક સારા સંસ્કૃતજ્ઞ છે, તેની સાથે પ્રાચીન ઇતિહાસ અને પુરાતત્ત્વના વિષયમાં ઉંડો રસ ધરાવે છે; ડૉ. સર રામકૃષ્ણ ભાંડારકરના "વૈષ્ણવ અને શૈવ ધર્મનો ઇતિહાસ" એ પુસ્તકના આધારે એમણે ગુજરાતીમાં એ વિષયને બે ભાગમાં ચર્ચેલો છે, તે પરથી વાચકને એમની વિદ્વત્તા અને બહોળા જ્ઞાનની પ્રતીતિ થશે; અને તેનું પ્રત્યક્ષ પ્રમાણ એમનું 'પુરાણ વિવેચન' નું પુસ્તક જ છે. સામાન્ય રીતે આપણાં પુરાણોના અભ્યાસી જુજજાજ મળે છે, પણ એમણે તે સર્વનું અવલોકન કરીને તેમ ઐતિહાસિક દૃષ્ટિએ તેનું દોહન કરી, એમાંના માનનીય મુદ્દાઓ આપણી સમક્ષ ધર્યા છે, તે સાહિત્ય રસિકોને તેમ એ વિષયના અભ્યાસીઓને મહત્વના તેમ વિચારણીય માલુમ પડશે. આવા અભ્યાસી અને વિચારશીલ લેખકો બહાર આવે, આપણો પ્રાચીન સાહિત્ય, ઇતિહાસ અને સંસ્કૃતિનો પુનરુદ્ધાર કરવા આપણે ભાગ્યશાળી થઇશું.

વિજ્ઞાન વ્યાખ્યાનમાળાની પેઠે સોસાઇટીએ લોકોપયોગી વ્યાખ્યાન-માળા યોજેલી છે; અને તેનો ઉદ્દેશ આપણા સાહિત્ય, ઇતિહાસ, સમાજ-શાસ્ત્ર, કેળવણી, તત્ત્વજ્ઞાન, અને સંસ્કૃતિ એ વિષયો પર ત્રણથી પાંચ વ્યાખ્યાનો સામાન્ય જનતા સહેલાઇથી સમજી શકે એ દૃષ્ટિએ અપાવાનાં છે; અને એ યોજનાની રૂઇએ શ્રીયુત રામનારાયણ પાઠકને "અર્વાચીન ગુજરાતી કવિતા" પર વ્યાખ્યાનો આપવાની વિનંતિ કરી હતી; એ વ્યાખ્યાનમાળા પૈકીનાં ત્રણ વ્યાખ્યાનો ગત્ વર્ષમાં એમણે આપ્યાં હતાં, તે "અર્વાચીન ગુજરાતી કાવ્ય સાહિત્ય" એ નામથી પ્રસિદ્ધ થયલાં છે, તેમાં પિંગળની દૃષ્ટિએ આપણી અર્વાચીન કવિતાની સમીક્ષા કરેલી છે, એ કવિતાના અભ્યાસીને બહુ મદદગાર થઇ પડશે. બીજાં ત્રણ વ્યાખ્યાનો તેઓ હવે પછી આપવાના છે, તેમાં કાવ્યના સામાન્ય સ્વરૂપ વિષે વિવેચન હોઇને, સામાન્ય વાચકને તે રુચિકર અને આકર્ષક થઇ પડશે, એવું અમારૂં ધારવું છે

શ્રીયુત વિજયરાય કલ્યાણરાય વૈદ્યે, 'વાઙ્મય અને તેના પ્રકાર,' શ્રીયુત ગગનવિહારી લલ્લુભાઈ મહેતાએ, પાશ્ચાત્ય સંસ્કૃતિ અને તેનાં પ્રવર્તકબળો અને શ્રીમતી શારદાબ્હેન મહેતાએ, 'સ્ત્રી કેળવણી, પ્રાથમિક, માધ્યમિક અને ઉંચી' એ વિષયોપર, લોકોપયોગી વ્યાખ્યાન આપવાનું સ્વીકાર્યું છે; અને તે વ્યાખ્યાનો કહેવાની જરૂર નથી, તેના નામ પ્રમાણે લોકોપયોગી, થઈ લોકપ્રિય નિવડશે.

કેટલે આપણા ગ્રેજ્યુએટો જેમની કોલેજ અભ્યાસ દરમિયાન લેખન વાચન અને અભ્યાસની વૃત્તિ ખીલેલી છે અને જેઓ વધુ અભ્યાસ કરવાને ઉત્સુક હોય છે તેમને ઉત્તેજન મળે એ આશયથી સોસાઇટીએ યુનિવરસિટી ઇનામ નિબંધોની પેઠે, તેઓ એમના અભ્યાસના પ્રિય વિષયપર પ્રબંધ લખી મોકલે તે સારૂં પારિતોષિક આપવાની વ્યવસ્થા કરી હતી; અને તે માટે નીચે મુજબ નિયમો યોજ્યા હતાઃ—

રૂ. ૨૦૦) ના પારિતોષિકની યોજના

આપણા સાહિત્ય, ઇતિહાસ અને સમાજનો પદ્ધતિસર અભ્યાસ અને તેનું સંશોધન કરવાની વૃત્તિ વિકસે એ હેતુથી કમિટીએ પ્રસ્તુત યોજના ઘડી હતી, તેના નિયમો નીચે પ્રમાણે છેઃ—

મુંબાઈ યુનિવરસિટિનો કોઇ ગ્રેજ્યુએટ અથવા તો ગુજરાત વિદ્યાપીઠનો સ્નાતક, ગુજરાતી સાહિત્ય, ઇતિહાસ, વિજ્ઞાન, અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર,

એ વિષયોમાંના ગમે તે એક વિષયનો સમગ્ર વા તેનાં એકાદ અંગનો પદ્ધતિસર અભ્યાસ અને સંશોધન કરી, આશરે ફુલ્સકેપ ૧૨૫ પાનાંનો ગુજરાતીમાં પ્રબંધ લખી મોકલશે, તે પ્રબંધને સોસાઈટીની પરીક્ષક-કમિટી પસાર કરેથી, સદરહુ પારિતોષિક રૂ. ૨૦૦) નું આપવામાં આવશે.

તેની શરતો

(૧) ઉમેદવારે ડીગ્રી લીધે ૧૦ વર્ષથી વધુ સમય થયલો હોવો ન જોઇએ.

(૨) ઉમેદવારે પોતાનું નામ ન આપતાં, માત્ર સંજ્ઞા-ઉપનામ આપી પ્રબંધ લખી મોકલવો અને પોતાનું નામ અને પૂરૂં સરનામું જૂદા પરબીડીઆમાં સીલબંધ મોકલી આપવું.

(૩) સદરહુ પ્રબંધ પરીક્ષક-કમિટી મંજુર કરેથી રૂ. ૨૦૦) નું પારિતોષિક ફતેહમંદ ઉમેદવારને આપવામાં આવશે અને તે પ્રબંધ પ્રસિદ્ધ કરવાનો પ્રથમ હક્ક સોસાઇટીને રહેશે.

(૪) સદરહુ પ્રબંધ સ્પષ્ટ અક્ષરે સફાઇબંધ લખેલો જોઇશે.

(૫) જે જે વિગતો દર્શાવવામાં આવે તેના સમર્થનમાં આધારભૂત પ્રમાણો નોંધવાં.

(૬) પરીક્ષક-કમિટીનો અભિપ્રાય છેવટનો ગણાશે.

પરિશિષ્ટ ૯

No. 82 of 1912.

AHMEDABAD, OFFICE OF THE
GUJARAT VERNACULAR SOCIETY,

From,

The Honorary Secretary,
GUJARAT VERNACULAR SOCIETY,
AHMEDABAD.

To,

KHAN BAHADUR ADERJI M. MASANI; M. A., B. SC.
Director of Public Instruction,
BARODA STATE, BARODA.

Sir,

In reply to your letter No. 267 of 1912-13 dated 24th October 1912, I have the honour to inform you that the Society has not framed any special and permanent rules for the award of prizes for the writing of books by translations or otherwise.

The procedure is vague in that a Sub-Committee of the Managing Committee called the Book-Committee sends up proposals for getting good and useful books prepared as translations, abridgements, adaptations or original compositions and the Managing Committee then decides upon the books to be written; and thereupon applications are invited by advertisement from persons prepared to write such books. Sometimes the Managing Committee without

any advertisement, selects men of proved merit and entrusts the compilation of certain books to them. And, sometimes, intending authors communicate to the Managing Committee their proposals for writing particular books and the work is entrusted to them if the managing Committee approves of the proposal.

The remuneration to be paid to each writer of these books is mostly fixed after considering the nature and scope of the work and the labour involved in the preparation of the book, more remuneration being paid for original work than for translation.

The Society undertakes printing and publishing of these books, reserving to itself the copy right, the writer being entitled to the honorarium only.

In the beginning of every year book published by the Society in the previous year (not exceeding the price of rupee one each) are presented to life-members and registered libraries of the Society and through them, they reach a large circle of readers.

I have honour,

Sd/- **R. M. N.**

Hon. Secretary.

પ્રકરણ ૨૫

આસિ. સેક્રેટરી

"Age fulfills what youth has wished" Yeats.

આરંભમાં જે ઇંગ્રેજી પંક્તિ ઉતારી છે તે જાણીતા આયરિશ કવિ યિટસના મુદ્રાલેખ (motto) નો અનુવાદ છે અને તેનો અર્થ એવો થાય છે કે યુવકે જે અભિલાષ સેવ્યા હોય છે તે વયે પહોંચતાં પરિપૂર્ણતાને પહોંચે છે. કૉલેજ જીવનમાં સાહિત્યમય જીવન,–મેરી કોરેલીના શબ્દોમાં life literary,–ગાળવાના કોડ સેવેલા તે પુખ્ત ઉમરમાં સફળ થએલા અમને જણાયા છે અને તેમાં અમે અંતર્યામીનો અદૃશ્ય હાથ જ જોઇએ છીએ.

ગુજરાતી ભાષાનો અમારો અભ્યાસ પ્રાથમિક શાળાના પાંચ ધોરણ સુધીનો અને માધ્યમિક શાળામાં અને કોલેજમાં બીજી ભાષા ફારસી હતી; એટલે સંસ્કૃત જ્ઞાનના અભાવે ગુજરાતી ભાષાનો શાસ્ત્રીય અભ્યાસ કરવાનું અમારા માટે કઠિન હતું; અને મ્હોટા લેખક કે સાહિત્યકાર થવાનું અમે કદી ઇચ્છ્યું પણ નહોતું. પરંતુ ન્હાનપણથી એક લગની લાગેલી અને તે વાચનની. અને તેના પ્રતાપે જ અમને પ્રાપ્ત થયલું કર્ત્તવ્ય અમે યથાશક્તિ બજાવવાને શક્તિમાન થયા છીએ. થોડા દિવસ પર મદ્રાસ યુનિવરસિટી સમક્ષ કોન્વોકેશન વ્યાખ્યાન આપતાં શ્રીયુત રત્નસ્વામીએ સાચું જ કહ્યું હતું, કે 'read books of knowledge, for whatever your department of work; knowledge in the subject of your department will be always useful.'*

કૉલેજ અવસ્થામાં ઇંગ્રેજી સાહિત્યનું વાચન અને અભ્યાસ વધતાં, એ પ્રમાણે આપણા ગુજરાતી સાહિત્યનો ઉત્કર્ષ સાધવાના વિચારો સ્ફૂરવા માંડ્યા અને એવામાં સ્વર્ગસ્થ ભાઇ રણજિતરામે "ગુજરાત સાહિત્ય સભા" નવી સ્થાપી હતી તેમાં જોડાતાં, અને ત્યાં એમના નિકટ સહવાસમાં આવતાં એ વિચારોને જોમ મળ્યું હતું. સોસાઇટીનો ૫૦ વર્ષનો છાપેલો વૃત્તાંત તે અરસામાં અમારા હાથમાં આવી ચડ્યો અને તેનું નિરીક્ષણ કરતાં તેનાં કાર્યક્ષેત્રની મર્યાદા અને કાર્યપદ્ધતિ વિષે, સમગ્રપણે સિંહાવ-

*"Hindu" Madras 2nd August 1934.

હીરાલાલ ત્રિભુવનદાસ પારેખ

સન ૧૯૦૯ થી ૧૯૩૩ સુધીનાં વર્ષોમાં સોસાઈટીએ કરેલાં પ્રકાશનો
કુલ સંખ્યા ૧૫૮

(પૃ. ૨૬૫)

લોકન કરતો એક વિવેચનાત્મક લેખ આપણા સુપ્રતિષ્ઠિત માસિક "વસન્ત"માં છાપવા મોકલી આપ્યો હતો. તે સમયે સોસાઇટીના વહિવટ પરત્વે વર્તમાનપત્રોમાં અવારનવાર ચર્ચાપત્રો પ્રસિદ્ધ થતાં હતાં. આ સર્વની અમારા યુવક માનસ પર અસર થવા પામી હતી.

સન ૧૯૦૭માં સ્વર્ગસ્થ ભાઈ ભોગીન્દ્રરાવ મુંબાઇ સેવાસદનમાં જોડાતાં સાહિત્યસભાના મંત્રી તરીકે એમની જગોએ અમે નીમાયલા. તેના અંગે આપણી સાહિત્ય પ્રવૃત્તિ પ્રતિ વિશેષ લક્ષ જવા પામ્યું હતું. બીજે વર્ષે બી. એ.ની પરીક્ષા પાસ કરી; કૉલેજમાં ફેલોશીપ મળી; એ વર્ષે સોસાઇટીએ તેનો હીરક મહોત્સવ ઉજવવાનું ઠરાવ્યું હતું. અમને લાગ્યું કે આપણા પ્રાન્તની, જુની, જામેલી અને સુપ્રતિષ્ઠિત સંસ્થાના કાર્યની આ અવસરે કદર થવી જોઇએ અને એ વિચાર સાહિત્યસભાની મેનેજીંગ કમિટી સમક્ષ રજુ કરી સોસાઇટીને એક માનપત્ર આપવાની વ્યવસ્થા કરી, જેનો વૃત્તાન્ત વિભાગ બીજામાં આવી ગયો છે.

આ સમય દરમિયાન સોસાઇટીમાં જોડાવાનો અમને વિચાર સરખોએ આવેલો નહિ; તેનું કારણ ગુજરાતી ભાષા સાહિત્ય વિષે અમે બહુ થોડું જાણતા હતા એટલુંજ નહિ, પણ તે કાર્ય ઉપાડી લેવાની અમારી અશક્તિ એ પણ મુખ્ય કહેવાય. ઇતિહાસ પ્રતિ પક્ષપાત અને બી. એ;માં ઐચ્છિક વિષય તરીકે ઇતિહાસને પસંદ કર્યો હતો, અને ફેલોશીપ મળવાનું નક્કી થતાં એમ. એ. ની પરીક્ષા સારૂ, આગલે વરસે સર ગ્રાન્ડ લી જેકબ યુનિવરસિટિ પ્રાઇઝ-ઇનામ મળ્યું હતું, તેમાંથી ઇતિહાસ અને અર્થશાસ્ત્રનાં મ્હોટાં ખર્ચાળ પુસ્તકો પણ ખરીદ કર્યાં હતાં.

પરન્તુ જે વાતાવરણમાં અમારી પ્રવૃત્તિ થઈ રહી હતી, તેની કોઈ અગમ્ય અસરને લઇને વા કોઇ ગૂઢ બળથી ખેંચાઇને અમે એમ. એ;ની પરીક્ષા સારૂ ઇતિહાસનો વિષય લીધેલો પડતો મૂકી, ઇંગ્રેજી અને ગુજરાતી એ બે નવા વિષયમાં ઝંપલાવ્યું; તે માટે અમારી પૂર્વતૈયારી કાંઇજ નહોતી એમ નિઃશંક કહી શકીએ. એ પરીક્ષામાં નિષ્ફળતા મળી એ ઉપરની હકીકત જોતાં સહજ સમજાશે, પણ એમાં સંતોષ એટલા પૂરતો હતો કે તેમાં પાસ થવામાં એકંદર માર્કસમાં ૬ માર્કસનો ખૂટકો પડયો હતો, અને ગુજરાતીમાં ૧૦૦ માર્કસ મેળવી શકયા હતા.

ફેલોશીપનું વર્ષ પૂરૂં થતાં કોઇ પણ નોકરીએ લાગી જવું જોઇએ એટલે મુંબાઇમાં સેકન્ડરી ટ્રેનીંગ ટીચર્સ કૉલેજમાં દાખલ થવા અરજી કરી; તેમ એવામાં

સોસાઇટીના આસિ. સેક્રેટરીની જગા ખાલી હતી તે માટે પણ અરજી મોકલી આપી હતી.

જાન્યુઆરીમાં મુંબઇ ગયા અને ત્યાં સેકન્ડરી ટિચર્સ ટ્રેનિંગ કોલેજમા પસંદગી થવાથી અમે દાખલ થયા, અને એક પખવાડીયું રહ્યા પણ ખરા; એટલામાં સોસાઇટીના આસિ. સેક્રેટરી તરીકે નિમણુંક થયાના સમાચાર મળ્યા, એટલે મનની અનેક ગડમથલના અંતે સરકારી ખાતાને છોડી ખાનગી નોકરીમાં જોડાવા અમદાવાદ પાછા ખેંચાઇ આવ્યા હતા.

સોસાઇટીમાં હાજર થતાં પહેલી જ મુલાકાતે ઓન. સેક્રેટરી સાહેબે કામ બતાવ્યું કે સોસાઇટીને સાહિત્ય સંસ્થા તરીકે સરકાર તરફથી નાણાંની મદદ મળે એવી મતલબનો કેળવણી ખાતાના વડાના નામનો પત્ર લખી લાવો; એઓ સાહેબે એ સોસાઇટી તરફથી અરજી આવે એ વિષે ઘટતો વિચાર કરવાનું રૂબરૂમાં કહ્યું છે.

કોલેજના વાતાવરણમાંથી તાજા બહાર નીકળેલા, ઉત્સાહભર્યા પણ બહારની દુનિયાના વ્યવહારથી અજાણ્યા; પરંતુ એ નવા શિક્ષણે એક બક્ષીસ આપેલી છે અને તે પોતાનો માર્ગ અને સાધન શોધી કાઢવાની અને તે પ્રાપ્ત કરવાની શક્તિ–resourcefulness. સરકારી કેળવણી ખાતાના વડાને કેવી રીતે સંબોધવા, પત્રમાં વિષયની શરૂઆત કેમ કરવી; નાણાંની મદદના વિષયમાં શા મુદ્દાઓ ચર્ચવા, વગેરે પ્રશ્નોએ અમને પ્રથમ તો મુંઝવ્યા. એ પહેલી કસોટી હતી અને અમને તે વખતે આકરી પણ લાગી. પરંતુ નાહિમ્મત ન થતાં અમને પરિચિત એવું અને ઘણીવાર ફેંદેલું યુનિવરસિટીનું કેલેન્ડર હાથમાં લીધું અને તેમાં સરકાર સાથે યુનિવરસિટી કેવી રીતે પત્રવ્યવહાર કરતી તે ધોરણ ગ્રહણ કર્યું. અને અગાઉ સોસાઇટી વિષે લેખ લખવામાં ૫૦ વર્ષનો તેનો રીપોર્ટ બહુ ધ્યાનપૂર્વક વાંચ્યો હતો તે આ અવસરે અમને બહુ ઉપયોગી અને મદદગાર નિવડ્યો.

પ્રસ્તુત પત્રનો ખરડો બીજે દિવસે લાલશંકરભાઇને બતાવ્યો; મનમાં ભીતિ રહેતી કે રખેને ઠપકો મળે; તે નામંજુર થાય; પણ તેમાંથી એક ન્હાનીશી ભૂલ માત્ર કાઢી અને તે પત્ર એમણે મંજુર રાખ્યો. એથી અમને કંઇક શાતા વળી અને અમારામાં વિશ્વાસ બેઠો.

આ તો ગ્રાન્ટનાં નાણાંના પ્રશ્નની શરૂઆત થઇ; તે પત્ર મળતાં મે. ડિરેક્ટર સાહેબે સોસાઇટીના કામકાજનો સવિસ્તર વૃત્તાંત મંગાવ્યો. સોસાઇટીનાં કામકાજની રૂપરેખાથી અમે પરિચિત હતા; પણ તેની વિગતોથી

વાકેફગાર નહિ; તેમ છતાં પાછલા રીપોર્ટ વાંચવા માંડયા અને તે પરથી કેટલીક હકીકત વ્યવસ્થિત રીતે સંકલિત કરીને એ આખો મુસદ્દો સોસાઇટીના કામના પૂરા જાણકાર અને અનુભવી ઓન. સેક્રેટરી લાલશંકરભાઈ પાસે રજુ કર્યો. એમણે તો એ મુસદ્દાના બે પેરા વાંચ્યા; અને ત્યાં એક બે નવી બાબતો સૂચવીને એ મુસદ્દો નવેસર લખી લાવવાનું કહ્યું. એમની પદ્ધતિ એવી કે મુસદ્દો પૂરો વાંચે નહિ; તેનો થોડોક ભાગ વાંચે અને કોઇકે સ્થળે સુધારવાનું જણાય ત્યાં અટકે અને પછી પોતાનું દૃષ્ટિબિન્દુ જણાવી તે પ્રમાણે આગળ લખવાનું કહે. આ પ્રમાણે અમારી પાસે ત્રણ ચાર વાર એ મુસદ્દો એમણે ફરી ફરી લખાવ્યો હતો; પણ અમે એમાં જોઇ શક્યા હતા કે એમ કરવામાં એમનો હેતુ અમને તાલીમ આપવાનો હતો. આ કાર્ય કંટાળાભર્યું અને શ્રમવાળું થઇ પડતું. પણ ચિવટપણે અમે તેને વળગી રહ્યા. એથી અમને શિખવાનું પણ ઘણું મળ્યું; અને લાલશંકરભાઇને સંતોષ થયો, એજ અમારે મન અમારા કાર્યની સાર્થકતા હતી. એ પ્રસંગ બીજી રીતે અમારી કારકીર્દિ સાથે તેમ સોસાઇટીના ઇતિહાસમાં યાદગાર રહેશે, એટલા પૂરતો કે સરકારે એ પત્ર સાદર થયા પછીથી સોસાઇટીને વાર્ષિક રૂ. ૫૦૦ની ગ્રાન્ટ બક્ષી હતી; અને ચાલુ વર્ષમાં રૂ. ૧૦૦ વધારી તે ગ્રાન્ટ રૂ. ૬૦૦ની કરવામાં આવી છે.

થોડીક મુદત થઇ એટલે એમણે અમને ગુજરાતીમાં પ્રસિદ્ધ થયેલાં સઘળાં પુસ્તકોની વર્ગીકૃત સૂચી તૈયાર કરવાનું કામ બતાવ્યું. પલાળેલા ઘઉં દળવા જેવું એ કઠિન કાર્ય હતું, જેમાં કાંઈ રસ પડે નહિ.

લાલશંકરભાઇની પ્રકૃતિ એવી ખરી કે તેઓ જે કાંઇ કહે તેનો તરત અમલ થવો જોઇએ; તેમાં મુશ્કેલી હોય તો પછીથી તે વિષે રીપોર્ટ કરવો પણ હુકમનું પાલન તાબડતોબ થવું જોઇએ.

સોસાઈટીનું વહીવટી કામ, પુસ્તકોનું પ્રુફ વાચન, બુદ્ધિપ્રકાશનું સંપાદન કાર્ય, અને ટ્રસ્ટ ફંડોનો નિયમાનુસાર વહિવટ અને તેનાં અંગેની નાણાંની જવાબદારી, એ બધા કાર્યોમાં એટલો બધો સમય વ્યતીત થતો કે અન્ય કાર્ય માટે ભાગ્યે જ ફુરસદ મળે; એ સિવાય અવારનવાર કોઇ કોઈ સોસાઈટીના કે અન્ય કામસર મળવા આવે, તેમને પણ સાંભળવાના ને સંતોષવાના હોય; અને આ કામનું દબાણ ઓછું ન હોય એમ સોસાઇટી હસ્તક એક વા બીજી જાહેર પ્રવૃત્તિ આવી ઉભી હોય, તેમાં પણ કામની જવાબદારીનો હિસ્સો હોય જ.

પરંતુ ગમે તે કારણ હો, લાલશંકરભાઈના હાથ નીચે કામ કરવામાં અમને રસ પડતો અને તેમાં રાહત પણ રહેતી; તેઓ વળી એક શિખાઉને પાવરધો કરવો હોય, એવી રીતે નવી નવી પ્રવૃત્તિઓમાં અમને પરોવી પલોટતા હતા. ત્રણ વર્ષમાં એમની પાસે અમે જેટલું દુનિયાદારીનું જ્ઞાન અને અનુભવ પ્રાપ્ત કર્યા તેટલું પછીના સમયમાં મેળવી શકયા નથી.

પહેલે વર્ષે સોસાઇટી હસ્તક કોરોનેશન ફંડનું કામ આવ્યું હતું; અને બીજે વરસે દુકાળ પડતાં સોસાઈટીનો સ્ટાફ તે કામમાં જોડાયો હતો.

ઉપરોક્ત ગુજરાતી પુસ્તકોની સૂચીનું કામ અમે ચાલુ વહીવટી કાર્ય સાથે સંભાળી શકીએ એમ નહોતું, તેથી તે પડતું મૂકાયું, પણ તેને સ્થાને બીજે વર્ષે સોસાઇટીનાં પ્રકાશનોની સૂચી, વિષયવાર અને સવિસ્તર યોજી તેનો ઉપયોગ કરવાનું સુતરૂં થઇ પડે એ કારણસર, તેનું વર્ગીકરણ લેખક-વાર અને કિંમતવાર કરી તેમ ઇનામ લાયબ્રેરીમાં મંજુર થયેલાં પુસ્તકો જુદાં તારવી કાઢી બતાવ્યાં હતાં; અને સોસાઇટીનું લાઇબ્રેરીનું કેટલોગ છપાતું હતું, તેમાં રેફરન્સની સુગમતા સારૂ લેખકોની નામાવળી તેમ પુસ્તકોની કક્કાવારી દાખલ કરી હતી.

ત્રીજે વર્ષે દુકાળનું હિસાબી કામ ચાલુ હતું, લાલશંકરભાઇની તબીયત લથડી હતી; છતાં નવી પ્રવૃત્તિ તરીકે સોસાઇટીનાં સંગ્રહમાંનાં હસ્તલિખિત પુસ્તકોની યાદીનું કામ તે પછી આરંભ્યું હતું.

પણ એ પ્રવૃત્તિઓ એવી કે મગજને ઝાઝી તસ્દી આપવી પડે નહિ; ઓફિસનું ચાલુ કામ થતું જાય, અને ઉપર દર્શાવેલું કામ પણ આટોપાતું જાય. લેખન કાર્ય સોસાઇટીમાં થઇ શકે એવી નિરાંત જ હોતી નથી. કાંઇક કામમાં ચિત્ત પરોવાય કે તેમાં એક વા અન્ય કાર્ય નિમિત્તે વિક્ષેપ પડે. વાચનનો શોખ હોય તો થોડુંઘણું વાંચી શકાય. લેખન કાર્ય તો અવકાશે ઘેર જ કરવાનું હોય અને તે પણ જે કાંઈ જરૂરનું માથે આવી પડ્યું હોય તેજ હાથમાં લેવાતું હતું.

સન ૧૯૧૨ ના ઓકટોમ્બરમાં લાલશંકરભાઇનું અવસાન થયું. તે પછી સોસાઇટીના તંત્રમાં લાલશંકરના વિમાના પૈસાના અંગે, જો કે તેનું ખરૂં કારણ અંગત રાગદ્વેષ હતો, ખટરાગ ઉભો થયો; અને અમારી સ્થિતિ પણ તેમાં બહુ કફોડી અને વિષમતાભરી થઇ પડી હતી. સાહિત્ય સેવાના મનોરથો ગંજીફાના પાનાના મહેલની પેઠે તુટી પડયા હતા અને તેથી અમે

એટલા હતાશ થયા હતા કે સન ૧૯૧૯ માં સોસાઇટીમાંથી નિવૃત્ત થઈ સ્વતંત્રપણે પત્રકારિત્વના ધંધામાં જોડાવાનો નિર્ણય સુદ્ધાં કર્યો હતો.

પણ કહેવત છે તેમ નિરાશાનાં વાદળમાં આશાનાં કિરણો છૂપાં ઢંકાયેલાં હોય છે.

સન ૧૯૨૦ માં સોસાઇટીના પ્રમુખ તરીકે દી. બા. કેશવલાલભાઈ પસંદ થતાં એ નિરાશાના દિવસો જતા રહ્યા, અને કમિટીની સહાયતા, સહાનુભૂતિ અને સંમતિથી પ્રતિ વર્ષ કોઇને કોઇ નવું કાર્ય કે પ્રવૃત્તિ ઉપાડી લેવા અમે શક્તિમાન થયા હતા, તેનો સમગ્ર વૃત્તાંત આ ઇતિહાસમાંથી મળશે અને એજ અમારા કાર્યનો રીપોર્ટ છે. અમે તો અંગ્રેજી કવિ કલો (Clough) ની નીચેની પંક્તિમાં માન્યું છે:

'Serve in thy post, be faithful and obey.'

સોસાઇટીનો ઉદ્દેશ ફળીભૂત કરવામાં અમે થોડી પણ તેની સેવા કરી શક્યા છીએ એમ આ વિભાગના વાચન પછી વાચકની પ્રતીતિ થશે તો એ જ અમારે મન મ્હોટો સંતોષ છે, અને તેમાં અમે કૃતાર્થ થયા એમ સમજીશું. સોસાઇટીદ્વારા ગુજરાતના અગ્રગણ્ય વિદ્વાનો અને મહાજનોના ગાઢ પરિચયમાં આવવાનો સુયોગ પ્રાપ્ત થયલો છે તેને અમે અમારૂં અહોભાગ્ય માનીએ છીએ. આપણા શાસ્ત્રકારોએ સત્સંગનું મહાત્મ્ય કંઇ ઓછું વર્ણવ્યું નથી.

સોસાઇટીના કાર્યક્રમ વિષે કેટલીક સૂચનાઓ અમે કોલેજમાં ભણતા હતા ત્યારે કરી હતી, અને સોસાઇટીમાંની અમારી કારકીર્દિ દરમિયાન એમાંથી અમે શું શું કરી શક્યા અથવા તે દિશામાં કેવો પ્રયત્ન કર્યો તે જોઇ શકાય તેટલા સારૂ એ લેખ, વિભાગ ૨ માં અમે ફરી છાપ્યો હતો.*

સોસાઇટીનો ઉદ્દેશ સાહિત્યનો વિકાસ અને અભ્યુદય, કેળવણી અને જ્ઞાનપ્રચારનો છે. આમાંનાં બે અંગો સાહિત્યની અભિવૃદ્ધિ અને જ્ઞાન પ્રચાર અર્થે સોસાઇટી સારી પ્રવૃત્તિ આદરી રહી છે એમ તેનાં વાર્ષિક પ્રકાશનો અને રીપોર્ટ પરથી માલુમ પડશે.

અમે ઇચ્છીએ છીએ કે સોસાઇટી હવે કેળવણીના—ગુજરાતી દ્વારા ઉંચી કેળવણીના પ્રશ્નને હાથમાં લે. એ સંબંધમાં યોજનાપૂર્વક પાંચ કે દસ વર્ષનો કાર્યક્રમ રચવામાં આવે તો કેટલુંક સંગીન કાર્ય થઇ શકે

* જુઓ ગુ. વ. સોસાઈટીનો ઇતિહાસ વિભાગ ૨ પૃ.

એવું અમારૂં માનવું છે, અને તે દિશામાં વિકાસ અને વિસ્તાર માટે હજુ અવકાશ છે. સોસાઇટીએ વળી એવી પ્રતિષ્ઠા બેસાડેલી છે, અને તે એટલું સામર્થ્ય ધરાવે છે કે ગુજરાતી દ્વારા ઉંચી કેળવણીનો પ્રશ્ન જો તે ઉપાડી લે તો તેમાં તેને અવશ્ય સફળતા મળે; અને અત્યારના સર્વ સંજોગો એ કાર્યને અનુકૂળ પણ છે.

અખતરારૂપે પુખ્ત વયના સ્ત્રીપુરૂષના વર્ગ સ્થાપવા સોસાઇટીએ ત્રીજે વર્ષે ઠરાવ કર્યો હતો પણ દેશમાં વ્યાપી રહેલા અશાંત અને ઉદ્વિગ્ન વાતાવરણને કારણે તે ઠરાવનો અમલ કરવાનું મુલતવી રાખવું પડયું હતું. એમાં શિક્ષણ સારૂં સાહિત્ય, ઇતિહાસ, અર્થશાસ્ત્ર, આરોગ્ય, નાગરિકના ધર્મ વગેરે વિષયોનો સમાવેશ કર્યો હતો અને તેનો આશય જેમનું જ્ઞાન અધવચથી અટકી પડયું હોય, અથવા જેઓ એ વિષયનો વધુ પરિચય કરવા ઇચ્છતા હોય તેમને ૧૦ થી ૧૨ વ્યાખ્યાનમાં એ વિષયનું સામાન્ય અને ઉપયોગ પુરતું જ્ઞાન આપવાનો પ્રબંધ કરવો અને વ્યાખ્યાતા તરીકે એ વિષયના નિષ્ણાતોને પસંદ કરવા. પણ એ યોજનાની એટલેથી સમાપ્તિ થવી જોઇતી નથી. જેમ સંસ્કૃત પાઠશાળામાં સાહિત્ય, વેદાંત, જ્યોતિષ, વ્યાકરણ, ન્યાય વગેરેનું શિક્ષણ આપવાની વ્યવસ્થા છે તે મુજબ જેઓ વર્નાક્યુલર ફાઇનલ પરીક્ષા પાસ કરી આગળ ગુજરાતીદ્વારા વધુ શિક્ષણ મેળવવાને ઇંતેજાર હોય અથવા તો ત્રીજા વર્ષમાં પાસ થયેલો સ્કોલર એકાદ વિષયમાં ગુજરાતીદ્વારા વધુ અભ્યાસ કરવાને ઉત્સુક હોય તેમના શિક્ષણ માટે સોસાઇટી ગુજરાતીની પાઠશાળા સ્થાપે, તે ઇચ્છવા યોગ્ય છે અને તે દ્વારા ગુજરાતી ભાષા સાહિત્યના વિકાસ અને ખીલવણીમાં ઘણું કરી શકાય એવા અભિપ્રાયના અમે છીએ.

ગુજરાતી ભાષા સાહિત્યનો અભ્યાસ વધારી શકાય અને તેને ઉત્તેજન મળે એ આશયથી પૂર્વે સોસાઇટીએ એમ. એ; માં ગુજરાતીનો વિષય લઇને ફતેહમંદ થનાર ઉમેદવારને રૂ. ૨૦૦) નું ઇનામ આપવાનું જાહેર કર્યું હતું અને ત્રણ ગૃહસ્થોને તે ઇનામ અપાયાનો ઉલ્લેખ બીજા ભાગમાં કરવામાં આવેલો છે. બી. એ., ના વર્ગમાં ગુજરાતીના અભ્યાસને સ્થાન મળ્યા પછી અમને જણાયું કે એ વિદ્યાર્થી બી. એ; ની પરીક્ષામાં ઉત્તીર્ણ થયા પછી એમ. એ; ની પરીક્ષા સારૂ એજ વિષયનો અભ્યાસ કરે તેને સારૂ માસિક રૂ. ૨૦) ની એક કે બે સ્કાલરશીપો સ્થાપવી. વળી એમ. એ. નો અભ્યાસ કરવા સારૂ યુનિવર્સિટીએ વિજ્ઞાન અને વૈદકની કેટલીક

જાણીતી સંસ્થાઓને તેમાં અમુક વિષયનો અભ્યાસ કરવા સ્વીકારેલી છે, એ *પ્રમાણે સોસાઇટીનો—ગુજરાતી વિષયનું શિક્ષણ આપવા સારૂ યુનિવરસિટી તરફથી સ્વીકાર થાય તો પણ ગુજરાતીના અભ્યાસને ઘણું ઉત્તેજન મળે* અને એ સૂચનાના સમર્થનમાં એવી દલીલ અમે કરી હતી કે ગુજરાત કોલેજમાં ગુજરાતીમાં એમ. એ., નો વર્ગ લેવાને સવડ નથી. દી. બા. કેશવલાલ ધ્રુવ એ કોલેજમાં ગુજરાતીના અધ્યાપક છે અને એમ. એ., ના ઉમેદવારોને મદદ કરે છે. એઓ સોસાઇટીના પ્રમુખ છે; અને સોસાઈટી-નો ગુજરાતી પુસ્તકોનો સંગ્રહ સમૃદ્ધ અને મ્હોટો છે, અને દી. બા. કેશવલાલભાઇની દેખરેખ અને સૂચના હેઠળ એ વિદ્યાર્થીઓ સોસાઈટીમાં અભ્યાસ કરે તો તેમાં એમનો જેમ લાભ રહેલો છે, તેમ સોસાઇટીનું ગૌરવ વધીને તે જે હેતુથી સ્થાપાયલી છે, તે કાર્યને તેથી ઉત્તેજન મળે છે. પરન્તુ કેટલીક વ્યવહારૂ મુશ્કેલીઓ વચમાં નડતા, એ બે પૈકીની એકકે યોજના વ્યવહારમાં આણી શકાઈ નહોતી.

સન ૧૯૧૭માં 'ગુજરાતી ભાષાના વધુ અભ્યાસ, વિકાસ અને અભિ-વૃદ્ધિ અર્થે ગુજરાતી યુનિવરસિટિની યોજના' એ *વિષયપર એક લેખ અમે લખ્યો હતો અને તે કાર્યમાં સોસાઇટી આગેવાની લઇ શકે એમ દર્શાવ્યું હતું. પરંતુ વિદ્યાપીઠ એ શબ્દ સાથે કેટલાકને એમ લાગ્યું કે તેમાં વૈદક, ખેતીવાડી, ઇજીનિઅરીંગ, વિજ્ઞાન વગેરે વિષયોનો સમાવેશ કરવો જોઇએ અને એ કાર્યક્રમ વિકટ, મુશ્કેલીભર્યો અને ખર્ચાળ થઇ પડે અને એવું મ્હોટું કાર્ય રાજ્યાશ્રયે થઇ શકે. અમારો આશય એ લેખમાં મુખ્યત્વે ગુજરાતી દ્વારા ઉંચું શિક્ષણ આપવાની વ્યવસ્થા થવી જોઇએ એ બતા-વવા પુરતો હતો અને અમે હજુ માનીએ છીએ કે શબ્દની પંચાતમાં નહિ પડતાં, ગુજરાતી કોલેજ વા ગુજરાતી પાઠશાળા એવું નામ રાખીને સોસાઇટી ગુજરાતીદ્વારા ઉંચું શિક્ષણ આપવાનું કાર્ય શરૂ કરે તો ગુજરાતી ભાષા સાહિત્યના અભ્યાસને ઘણો વેગ અને બળ મળે. આ અભ્યાસનું મૂલ્ય આર્થિક દૃષ્ટિએ આંકવાનું છે જ નહિ એમ અમારે સ્પષ્ટ જણાવી દેવું જોઇએ.

સોસાઈટીનું પુસ્તકાલય ઉપર જણાવ્યું છે તેમ, મ્હોટું અને સમૃદ્ધ છે પણ એ પુસ્તકાલયમાં ગુજરાતીમાં પ્રસિદ્ધ થયલાં સર્વ પ્રકાશનોનો સંગ્રહ ઉપલબ્ધ હોય અને તેની કાયમ સાચવણી માટે યોગ્ય વ્યવસ્થા

* બુદ્ધિપ્રકાશ સન ૧૯૧૭, ઓક્ટો-ડિસેમ્બર.

થઇ હોય એ અત્યંત આવશ્યક છે, તે માટે ઘટતા પ્રયાસ થઇ રહ્યા છે; એ ' પુસ્તકાલય અને પુસ્તકાલયપ્રવૃત્તિ ' નામનું પ્રકરણ વાંચતાં તરત માલુમ પડશે; પણ તે માટે અત્યારથી તજવીજ થવી જોઇએ, એટલુંજ નહિ પણ તેને સારૂ એક સારા ગ્રંથપાલની નિમણુંક કરવી જરૂરની છે.

જે ધોરણે સોસાઇટી તેનાં પ્રકાશનો આજીવન સભાસદોને અને રજીસ્ટર લાઇબ્રેરીઓને ભેટ આપે છે એથી એનું જ્ઞાનપ્રચારનું કાર્ય સારૂં થાય છે; એ તો તેનો એક માર્ગ છે પણ ગામડે ગામડે વાચનાલયો, પુસ્તકાલયો, ફરતાં પુસ્તકાલયો, બાળપુસ્તકાલયો, અને રેફરન્સનાં પુસ્તકો વગેરે માટે સત્વર ગોઠવણ થવી જોઇએ, અને અમે ઇચ્છીએ છીએ કે સોસાઇટી નવી નિમાયલી પુસ્તકાલય કારોબારી સમિતિ સાથે સહકાર કરી એનો યોગ્ય માર્ગ શોધી કાઢશે.

ગુજરાતમાં પુસ્તકાલય પ્રવૃત્તિનું કાર્ય સોસાઇટી ઉપાડી લે એ સર્વથા યોગ્ય છે અને તે એના ઉદ્દેશમાંહેનું એક કાર્ય છે.

પુસ્તક પ્રચાર અને પુસ્તક વેચાણ સારૂ પણ ઘટતી ગોઠવણ થવી જોઇએ છે. એ દિશામાં પ્રયત્ન જ થયો નથી, તેથી એ પ્રવૃત્તિ કુંઠિત રહેલી છે; પણ આપણા પ્રાંતમાં વાચન શોખ વધતો જાય છે તેથી એને ઉત્તેજન મળવા પુરો સંભવ છે.

સોસાઇટીનાં પ્રકાશનોમાં મોટી ખામી સારાં મુદ્રણ કામની માલુમ પડે છે; તેનાં પ્રકાશનો જુદાં જુદાં છાપખાનામાં વહેંચાયલાં રહે છે તેથી મુદ્રણ કામ એકસરખું અને સફાઇબંધ આવતું નથી; અને અશુદ્ધિ પણ ઘણી રહે છે. તેમજ મુદ્રણ કળાની દૃષ્ટિએ તેમાં સુધારા થવાની જરૂર છે. એ તો સોસાઇટી પોતાનું છાપખાનું કાઢે તો જ બની શકે. પણ તે સારૂં મર્યાદિત જવાબદારીવાળી નવી કંપની સોસાઇટીના આશ્રય હેઠળ સ્થાપવી જોઇએ અને તે નફાકારક થાય એ વિષે અમને શંકા નથી.

કોઇ પ્રશ્ન કરે, આ સઘળાં કાર્યો માટે મ્હોટો સ્ટાફ રાખવો પડે અને તેનું ખર્ચ પણ બહુ વધી જાય.

પુસ્તક વેચાણ અને પ્રેસમાંથી વખતે થોડો ઘણો નફો કરી શકાય પણ સોસાઇટી એ વેપારી મંડળી નથી, એટલે એમાંની ઘણીખરી પ્રવૃત્તિઓ સેવા અર્થેજ રહેવાની અને તેનો ખર્ચ સોસાઇટીએ ઉપાડી લેવો પડે.

પરંતુ એ પ્રશ્નોનો ઉકેલ સેવાભાવી સાહિત્ય-રસિકોનો સેવકગણ સ્થાપીને સારી રીતે કરી શકાય.

સોસાઇટીનું હમણાંનું આખું તંત્ર આસિ. સેક્રેટરીમાં જ કેન્દ્રિત છે; અને તેના હસ્તક નીચે મુજબ ખાતાઓ વા પ્રવૃત્તિઓ છેઃ—

(૧) પુસ્તક પ્રકાશન-નવાં અને જુનાં પુસ્તકો, દર વર્ષે સરેરાશ સંખ્યા ૧૦. (૨) બુદ્ધિપ્રકાશ-આશરે ૫૦ ફરમા, ચાર અંકના; (૩) પુસ્તક વેચાણ અને બક્ષીસ પુસ્તકો આશરે કિંમત રૂ. ૧૦૦૦૦ નાં; (૪) ૧૬૫ ટ્રસ્ટ ફંડોનો વહિવટ, આશરે રૂ. સાડા ૭ લાખનાં; (૫) પુસ્તકાલય; (૬) પ્રૂફ વાચન; (૭) પ્રેમાભાઈ હોલનો વહિવટ; (૮) પ્રકીર્ણ.

એકજ વ્યક્તિનાં હસ્તક આ સર્વ ખાતાઓનો વહિવટ હોવાથી તેનો વિકાસ થઈ શકતો નથી; અને એ પ્રવૃત્તિઓ પુરતી દરકાર વિના યંત્રવત ચાલુ રાખવામાં આવે છે; પણ તેને સંભાળી લેનાર યોગ્ય વ્યક્તિ નિરાળી હોય તો તેનો વિકાસ તેમ ઉપયોગ સારી રીતે સાધી શકાય તેમ વધારી શકાય.

'મુંબાઈ સમાચાર'ના દિવાળી અંક સારૂ સન ૧૯૨૮ માં અમે 'ગુજરાત વર્નાક્યુલર સોસાઈટી-તેના કાર્યક્ષેત્રનો વિસ્તાર અને વિકાસ' એ શિર્ષકથી એક લેખ લખ્યો હતો, તેમાં ઉપરોક્ત સાહિત્ય સેવક ગણની યોજનાનો ઉલ્લેખ કર્યો હતો.+

દેશમાં નવી જાગૃતિ આવી છે; કેળવણીનો પ્રચાર વધતો જાય છે; સાહિત્ય પણ ખીલવા માંડ્યું છે; તેનો પદ્ધતિસર અભ્યાસ થવા માંડ્યો છે; એટલુંજ નહિ પણ સેવાભાવી સાહિત્યના અભ્યાસીઓ અને લેખકો હવે સારા પ્રમાણમાં મળી શકે એમ છે.

સોસાઇટીએ સમયાનુસાર પ્રગતિમાન રહેવું હોય તો તેના ચાલુ વહિવટમાં ઘટતો ફેરફાર કરવો જોઇએ, આજ સુધી આખું તંત્ર એક આસિ. સેક્રેટરી હસ્તક રહેલું છે, તેને જુદા જુદા વિભાગમાં વહેંચી નાખી, એક એક નિરાળી જવાબદાર વ્યક્તિને તે તે વિભાગનો વહિવટ સોંપવો જોઈએ; તો તેમાં કામ સારૂં થશે; એટલુંજ નહિ પણ તે કાર્ય ખીલી ઉઠશે અને દીપશે.

+ જુઓ બુદ્ધિપ્રકાશ, વર્ષ સન ૧૯૨૮, પૃ. ૩૪૪.

ત્રણ કે પાંચ સેવાભાવી સાહિત્ય રસિકો એકજ સંસ્થામાં કામ કરવા એકત્ર થયે તેની પ્રવૃત્તિમાં નવું ચેતન આવશે. એથી વ્યક્તિગત લાભ મળશે; સંગઠિત કાર્યનો લાભ મળશે; પરસ્પર સહકારથી કેટલાંક નવાં અને મહત્ત્વનાં કાર્યો ઉપાડી શકાશે. સંઘબળ આ યુગનું પ્રવર્તક બળ છે અને સોસાઈટીનું તંત્ર હવે પછીથી એવા સેવાભાવી સાહિત્ય રસિક સેવકગણથી ચાલે એમ અમે ઇચ્છીએ છીએ. પરમાત્મા તે આશા ફળીભૂત કરો, એજ અંતિમ પ્રાર્થના.

સમાપ્ત

પરિશિષ્ટ ૯

૧૫૨૮૮

સન ૧૯૦૯ થી ૧૯૩૩ સુધીનું સોસાયટીની પ્રગતિનું માપસૂચક રેખાચિત્ર

પરિશિષ્ટ ૯

સન ૧૯૦૯ થી ૧૯૩૩ સુધીનું સોસાઇટીની પ્રગતિનું માપસૂચક રેખાચિત્ર

અંદરની ફોટોપ્લેટ તથા પૂઠું છાપનાર • કુમાર પ્રિન્ટરી અમદાવાદ